
# હાથે લોઢું...
# હૈયે મીણ



સ્વ. શ્રી માનભાઈ ભટ્ટનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશનની
જીવનઘડતર પ્રકાશનશ્રેણીની ૪૩મી ભેટ

# હાથે લોઢું, હૈયે મીણ

(સ્વ. શ્રી માનભાઈ ભટ્ટનું સંક્ષિપ્ત જીવનચરિત્ર)

લેખિકા : મીરા ભટ્ટ

સ્નેહી શ્રી..................................................

'શિશુવિહાર' ભાવનગરના પ્રણેતા સદ્ગત શ્રી માનભાઈ ભટ્ટનું જીવનઘડતરમાં ઉપયોગી પ્રેરક સંક્ષિપ્ત જીવનચરિત્રનું આ પુસ્તક આપને અને આપના કુટુંબને ઉપયોગી નીવડો એવી શુભેચ્છા સહ .....

સપ્રેમ

**મંગળભાઈ પી. પટેલ**

**મૂકેશ એમ. પટેલ**

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**

૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',

સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,

**અમદાવાદ - ૩૮૦ ૦૧૩**

ફોન નં. : ૨૭૫૫ ૧૫૬૪, ૨૭૬૮ ૨૩૧૦

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન

જીવનઘડતર પ્રકાશનશ્રેણીનું તેતાલીસમું પુસ્તક

# હાથે લોઢું, હૈયે મીણ

(સ્વ. શ્રી માનભાઈ ભટ્ટનું સંક્ષિપ્ત જીવનચરિત્ર)

* લેખિકા : મીરા ભટ્ટ

* © મીરા ભટ્ટ

* પ્રકાશન-વર્ષ : ફેબ્રુઆરી, ૨૦૦૭

* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
મૂકેશ એમ. પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદુપયોગ

* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન : ૨૬૬૦ ૦૯૫૯

* ડિઝાઈન : નીલેષ દવે, ફોન : ૨૬૫૭ ૯૭૫૫

* આવરણ-મુદ્રણ : ઉમા ઑફસેટ, ફોન : ૨૫૬૨ ૬૩૨૪

* લેસર કંપોઝ : મીનળ ગ્રાફિક્સ, ફોન : ૨૭૯૧ ૦૫૧૮

* મુદ્રક : ઉદય ઑફ્સેટ, ફોન : ૨૫૬૨ ૧૯૬૭

# ભીંત ફાડીને ઊગેલો પીપળો

## લેખિકાની પ્રસ્તાવના

આમ તો જીવન એ જ મારા માટે, પરમ રસનો વિષય. જીવન મને સતત ખેંચતું રહ્યું છે. જીવનના વિવિધ આવિર્ભાવ જાણવા-સમજવા, ઝીલવા હું સતત ઉત્કંઠિત રહું છું. જીવન એ પૃથ્વી પરની મારી પહેલી નિસબત છે.

એટલે જ પૂજ્ય માનભાઈના જીવન વિશે લખવાની વાત આવી ત્યારે તરત અંદરથી હોંકારો ઊઠ્યો. માનભાઈનું મારા પર ઋણ એ તો વળી ગૌણ બાબત. નિર્વ્યાજ પ્રેમે એમણે મને નવડાવી છે. પણ માત્ર એ પ્રેમ ખાતર નહીં, સતત લાગતું હતું કે એમના જીવન વિશે લખાવું જોઈએ. સંતોનું જીવન તારક હોય છે, ત્યારે માટીમાંથી માનવ થયેલા આવા માનવોનું જીવન પ્રેરક હોય છે. ચારિત્ર્ય-ઘડતરનો ભરપૂર મસાલો એમાંથી મળી શકે તેમ હોય છે.

પરંતુ મોટો અંતરાય તો એ જ હતો કે માનભાઈ પોતે જ આવું કશું લખાય તે માટે સંમત ન થાય. અગાઉ પ્રયત્ન થયેલો ત્યારે એ લખાણ અગ્નિને સમર્પિત થયેલું. પરંતુ ત્યાર પછી છૂટા લેખો દ્વારા એમના જીવનને રેખાંકિત કરવાના પ્રયાસો થયા ત્યારે એમને થયું કે જીવનકથાને નામે કપોલકલ્પિત વાતો લખાય એ કરતાં પોતે જ એક વાર બધું લખી નાંખે તો અધિકૃતતા સચવાય. પોતાના જીવનની ઝીણી ઝીણી બાબતો પણ એમણે લખી નાંખી, પણ એ બધી સામગ્રી ભંડકિયામાં ભરેલા માલ જેવી. એના પર મહેનત કરવી પડે.

સગપણે માનભાઈ મારા મામાજી થાય પણ ઘણી વાર મારો પરિચય માનભાઈની દીકરી તરીકે અપાતો રહ્યો છે. હું પરણીને ભાવનગર આવી ત્યારે તેમનો મને પ્રથમ પરિચય થયો. પરંતુ થયું એવું

કે હું ત્યારે સીધેસીધી, હિમાલય જેવડા ઉત્તુંગ વ્યક્તિત્વવાળા સંત પાસે વર્ષો સુધી રહીને અહીં પહોંચેલી, એટલે નાના નાના ડુંગરો મારી આંખોમાં વસવાનું નામ જ ન લે. કેટલાંય વર્ષો પછી 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં' - આ કડીનું રહસ્ય મારી સમક્ષ ખૂલ્યું. માનભાઈ જેવા મને સાવ સામાન્ય લાગતા હતા, આવા અનેક ડુંગરો મને દેખાતા નહોતા, કારણ કે મારી જ આંખોમાં તરણું પડી ગયેલું. પણ જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ બહારથી બરછટ, વ્યવહારમાં શુષ્ક અને સખત દેખાતા કર્મઠ માણસની ભીતરનું લીલુંછમ રણ દેખાયું ત્યારે ખ્યાલ આવ્યો કે પોતાને હંમેશાં 'લોઢાકૂટ મજૂર' તરીકે ઓળખાવતા આ લોખંડી પુરુષના લોહત્વમાં જે ગુલાબીપણું છે, તે ભડકે બળતા રાતાચોળ અગ્નિનું નહીં, પણ એને ફૂટેલી કૂંપળનું છે. એમના હૃદય સુધી પહોંચાયું, ત્યારે પથ્થરમાં ખીલેલા ફૂલની સુગંધ અનુભવાઈ. મકરંદભાઈ દવેએ ક્યાંક ટાંક્યું છે તેમ, 'હાથે લોઢું, હૈયે મીણ' - માનભાઈનું જ વર્ણન હોય તેવું લાગે.

ભાવનગર વિષેના એક લેખમાં, ઘણાં વર્ષો અગાઉ મેં એક વાર લખેલું કે, અમારા ભાવનગરનું રખોપું બે 'શંકર', બે 'ઇન્દ્ર' અને એક 'રામ' કરે છે. 'શંકર' એટલે સ્વ. મૂળશંકરભાઈ અને આ માનશંકરભાઈ, ઈન્દ્રદ્વય એટલે સ્વ. જયેન્દ્રભાઈ અને શ્રી મહેન્દ્ર મેઘાણી, અને એકલવીર 'રામ' તે સ્વ. આત્મારામ ભટ્ટ. આમ માનભાઈના જાહેર જીવનની આછી પાતળી રૂપરેખાથી અંકાયેલી સાર્વજનિક છબી મારા મનમાં હતી, પરંતુ એમનું યથાર્થ દર્શન તો પેલું જાદુઈ ભંડકિયું ફંફોસ્યું ત્યારે જ થયું.

માનભાઈનું જીવન અને એમનો કાર્યકલાપ આપણી સમક્ષ જીવનનાં કેટલાંક પાયાનાં તથ્યો ઉજાગર કરે છે. સાવ સામાન્ય, સર્વસાધારણ માણસ પોતાના જીવનમાં અસાધારણ કર્મપુંજ ખડો કરી

દે છે. અને વળી પાછો એ બધી કર્મણ્યતાને બાજુ પર સેરવી દઈ પોતે સાવ નિસ્પૃહ-નિજાનંદી રહી શકે છે, એ એમની વિરલ કમાણી છે. કોઈક મજાકમાં કહી નાખે છે કે માનભાઈનું શિશુવિહાર એટલે 'દાતણની ચીર ફેંકી અને ઊગી ગયો વડલો' જેવું છે. આ વાત બરાબર નથી. આજે વ્યાપી ગયેલા વડલા પાછળ માનભાઈના ચારિત્ર્ય-ઘડતરની ગુપ્ત ગંગા વહે છે, તે ધ્યાનમાં ન આવે ત્યાં સુધી ભાઈનો પરિચય અધૂરો જ રહી જાય છે. આ બધી નિષ્પત્તિ એમની દીર્ઘ જીવનસાધનાની નીપજ છે.

બીજું આ તથ્ય ધ્યાનમાં આવે છે કે એમનું વ્યક્તિગત અને સામાજિક એમ બેઉ જીવન એ અગાઉથી દોરી રાખેલી બ્લ્યુ-પ્રિન્ટ પર રચેલી ઇમારત જેવું જીવન નથી. અગાઉથી કંડારેલી કેડી પર ચાલી જતું નકશેકદમ જીવન નથી, બલકે વૃક્ષની જેમ આ જીવનની પોતાની 'નિજ લીલા' છે, એનો પોતાનો એક છંદ છે અને એ છંદે છંદે આપોઆપ આ વૃક્ષને શાખા-પ્રશાખા, ફૂલ-પાંદડાં અને ફળ બેસતાં રહ્યાં છે. એમનું જીવન એક organic growth ની જેમ ઊગ્યું છે, એમના જીવનવિકાસમાં ચેતોવિસ્તારનું પ્રાગટ્ય જોવા મળે છે. એ રીતે જોઈએ છીએ તો માનભાઈ ભારે દગાબાજ (!) લાગે છે. એ વાવે છે તમાકુ અને પામે છે કેરી, એવા ઘાટ ઘડાય છે. એમના જીવનમાં કેટલાંક સાચાં-ખોટાં થયાં હશે, મૂલ્યહ્રાસ, આત્મવંચના બધું જ થયું છે, પરંતુ આ બધાંને અંતે - સત્યનું જે સાચું દર્શન એમને થાય છે, એ સત્ય જ એમની જીવનનૌકા માટે તારણહાર બની જાય છે. સત્યનું આ ભાન એમનાં તમામ મૂળ ધોઈ નાખે છે અને એમને આગમાંથી પસાર થયેલા સુવર્ણની જેમ તેજસ્વી બનાવે છે. એમનું જીવન જોતાં આ તથ્ય આપણા અંતરમાં પણ દૃઢપણે અંકિત થઈ જાય છે કે સત્યથી સર્વોપરી બીજું કોઈ મૂલ્ય નથી.

આજે સમાજસેવાને પણ શાસ્ત્રીય રૂપ આપી એને એક ઢાંચામાં

ઢાળવાના પ્રયત્નો ચાલે છે, તે ભલે ચાલે, સમાજને કદાચ એનાથી પણ ફાયદો થશે, પરંતુ પૃથ્વી પર માનભાઈ જેવી વ્યક્તિઓ પણ પેદા થતી રહેશે, જેમને કોઈ બીબામાં ઢાળી નહીં શકાય, જેમને નકશેકદમ પર ચાલવાનું કહી નહીં શકાય. એ લોકો પોતાની રીતે અને પોતાની શરતે જ જીવવાના અને વિહરવાના. આવી વ્યક્તિઓના સ્વચ્છંદી સ્વૈરવિહારમાંથી જ શિશુવિહારો પ્રગટ્યા કરવાના. આવી વ્યક્તિઓને નિર્બંધ મોકળાશ મળે એટલું જ સમાજે જોવું રહ્યું, પણ કોઈ સંજોગોમાં આવી મોકળાશ ન મળે તો પણ એ ચૈતન્ય એટલું બધું પ્રાણવાન હશે કે સંઘર્ષ કરીને પણ એ પોતાનો રસ્તો શોધી લેશે.

ભાઈ પોતે કહે છે તેમ એમની સફળતા-નિષ્ફળતા, સિદ્ધિ-અસિદ્ધિ એ તમામ એમના જીવનની નીપજ છે. કોઈ ધર્મગ્રંથો કે શાસ્ત્રોનાં ઊંડાં અધ્યયન એમણે કર્યાં નથી, પરંતુ સહજ જીવનદૃષ્ટિ ખીલે છે અને અપાર કર્મોના દરિયા એ ખેડે છે અને છતાંય એ કર્મોથી તેઓ લેપાતા નથી. એમને મન પ્રવૃત્તિ એ તો એમના આંગણે ખુદ ઈશ્વરે બંધાવેલું પારણું છે, જેમાં દીકરી ઝૂલી રહી છે. પ્રવૃત્તિ એમના માટે પુત્રી સમી છે. દીકરીને ભણાવી-ગણાવી તૈયાર કરી યોગ્ય કાળે વિદાય કરવી, એટલો જ આપણો ધર્મ છે. પ્રવૃત્તિ સાથેનું વળગણ કાપી શકવા પાછળ માનભાઈની આ નરવી જીવનદૃષ્ટિ છે. આ જીવનદૃષ્ટિને કારણે જ, અનેકાનેક પ્રવૃત્તિઓમાં પરોવાયેલા હોવા છતાં એ નિજાનંદમાં મસ્ત રહી શકે છે.

આમ, અનેક ક્ષેત્રોમાં માનભાઈની જીવંતતા પ્રગટ થતી જોવા મળે છે. એ જેવું છે તેવું બધું સ્વીકારી લેવાનું પરંપરિત માનસ એમનું નથી. પોતાને સાચું લાગે તેટલાનો જ સ્વીકાર થાય છે, એટલે એમનું જીવન એક ધબકતું જીવન છે. એ કદીય કરમાતું કે વાસી થતું જોવા નથી મળતું, એનું કારણ આ જ છે કે એ ખુલ્લા છે અને આવતી પ્રત્યેક પળને

એ જીવી જવા માગે છે. માનભાઈ એ 'સર્વગુણસંપન્ન વ્યક્તિ છે અને એમનો કોઈ ખૂણોખાંચરો આપણને વાગતો નથી'- એવું તો કોઈ કેવી રીતે કહી શકે ? તેમ છતાંય પોતાનામાં પલટો લાવવાનું જે ખુલ્લાપણું વર્તાય છે, તે ગુણને કારણે એ 'સામાન્ય'માંથી અસામાન્યતા ભણીની ઘણી બધી આગળની કક્ષામાં નીકળી જાય છે.

હવે તો પૂ. માનભાઈ આપણી વચ્ચે નથી. હવે તો સળગી ચૂકેલી ધૂપસળીની માત્ર સુગંધ છે. એમના અંતિમ પર્વની પળેપળનો કાફલો કેવળ પરમાત્મા ભણી વહેતો સૌ કોઈએ નિહાળ્યો. પરમ તરફનું એમનું અંતિમ પ્રયાણ એમના જીવનમંદિરનો અમૃત-કળશ છે. એ કળશનાં દર્શન કરીને પણ ધન્યતા અનુભવી શકાય છે. આવા માનવનું જીવન આલેખવાનું સૌભાગ્ય મળ્યું તેને ઈશ્વરી કૃપા ગણી માથે ચઢાઉં છું.

શિશુવિહાર દ્વારા પ્રગટ થયેલું 'હાથે લોઢું, -હૈયે મીણ' પુસ્તક એકાદ વર્ષમાં જ અપ્રાપ્ય થઈ ગયું. ત્યાર બાદ 'સુવિચાર' દ્વારા એની સંક્ષિપ્ત આવૃત્તિ 'મજૂરમાંથી મહાજન'રૂપે છપાઈ છે. હવે આ નવી સંક્ષિપ્ત આવૃત્તિ શ્રી મંગળભાઈ પટેલ દ્વારા પ્રગટ થઈ રહી છે. સુગંધનો દરિયો ચોમેર પ્રસરાવવાના એમના આ સત્કૃત્યને સુયશ પ્રાપ્ત થાઓ, એ જ મંગળકામના. જોગાનુજોગ ઑગસ્ટ ૨૦૦૭થી જુલાઈ ૨૦૦૮ દરમિયાન સ્વ. માનભાઈનું શતાબ્દી-વર્ષ ઉજવાઈ રહ્યું છે, તેવા મંગળ ટાણે આ પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે. એનો અદકેરો આનંદ છે. એમનાં ચરણોમાં મારી આ જ શ્રદ્ધાંજલિ !

**ગણેશચતુર્થી - ૨૦૦૬** **- મીરા ભટ્ટ**

૭૩, રાજસ્થંભ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા - ૩૯૦ ૦૦૧
ફોન : ૦૨૬૫ - ૨૪૩૨૪૯૭

# અનુક્રમણિકા


૧. પુત્રનાં લક્ષણ પારણામાં ........ ૭
૨. સમાધાનની શોધમાં ગૃહત્યાગ ........ ૧૩
૩. પરિવારનાં મંડાણ ........ ૨૦
૪. લોઢું કૂટનારા મજૂરરૂપે ........ ૩૭
૫. 'આનંદ-મંગળ મંડળ'ના નેજા હેઠળ ........ ૭૩
૬. સ્વરાજ્યની લડતમાં ........ ૮૨
૭. શિશુવિહારનો વિશાળ વડલો ........ ૯૬
૮. વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ ........ ૧૩૭
૯. ઢળતી સંધ્યાના વિવિધ રંગો ........ ૧૪૪
૧૦. અંતિમ પર્વ ........ ૧૫૪


# અર્પણ

**સામાન્યમાંથી સર્વમાન્ય બની**

**પથ્થરમાં પણ ફૂલ ખીલવી**

**માનવતાની કેડી કંડારનારા,**

**માનભાઈની હેડીના**

**સૌ જીવન-શિલ્પીઓનાં ચરણોમાં**

**સાદર-સપ્રેમ**

# ૧

# પુત્રનાં લક્ષણ પારણામાં

માનભાઈ દેખાવે એક સાવ સામાન્ય, સર્વ સાધારણ માણસ લાગે, પહેલી નજરે જ નહીં, વર્ષો સુધી એમના અંગે આ જ અભિપ્રાય ઘૂંટાતો રહે, પરંતુ જેમ જેમ એમને નજીકથી દેખતાં ઓળખતાં થઈએ, તેમ એમનામાં રહેલી કેટલીક વિશિષ્ટતાઓ, કેટલીક લાક્ષણિકતાઓ અસામાન્ય બનીને સામે આવીને ઊભી રહે. આમેય એમના દેહની ઊંચાઈ છ ફૂટથી વધારે ઊંચી તો છે જ, ઘણા બધા લોકો વચ્ચે એ જુદા તરી આવે, પરંતુ એમનું આંતર વ્યક્તિત્વ પણ અનેકોમાં જુદું તરી આવે એવું આગવું છે.

૧૯૦૮ની ૨૮મી ઑગસ્ટ, શ્રાવણ માસની ભાદરવી અમાસ અને બુધવારે તળાજામાં આ માનશંકર ભટ્ટનો જન્મ. પિતા નરભેશંકર અને માતા માણેકબા. પિતાની ફોજદાર તરીકેની સરકારી નોકરી, એટલે છેક બાળપણથી, અઢી વર્ષની નાની વયથી જ ભાવનગરમાં વસતા દાદાજી શ્રી અંબાશંકર ભટ્ટ પાસે રહેવાનું થયું. તેમાં વળી પાંચ વર્ષની વય હતી, ત્યાં માતુશ્રીનું અવસાન થયું, એટલે મા-વિહોણાં ત્રણેય બાળકોનાં ઉછેરની જવાબદારી દાદાજી પર આવી પડી. સૌથી મોટી બહેન અનોપ, ત્યાર પછી માનભાઈ અને સૌથી નાનો પ્રેમશંકર ! બેઉ ભાઈઓનાં હુલામણાં નામ બાબુ-બટુક ! આગળ ઉપર બંદર પર કામ કરતાં સૌ કામદાર મિત્રો સાથે એવાં દિલ મળી ગયાં કે - બાબુભાઈ ઉર્ફે માનભાઈ સૌના વહાલા 'ભાઈ' બની ગયા. એક જણે તો વળી આવું પણ કહી પાડેલું કે 'મા ને ભાઈ' ભેગા એટલે માનભાઈ ! પણ શેરીમાં એ રમતો ત્યારે તો સૌનો 'બાબુડો' જ.

## દાદાના ખોળામાં સંસ્કાર-ઘડતર

એક વાર કોઈ અમલદાર સાહેબનું ધ્યાન ગયું. બે-ત્રણ જગ્યાએ નોકરી અપાવી, છેવટે જમાદાર અને પછી ફોજદાર તરીકે નિમણૂક અપાવી. દાદાજીએ ત્રીસ વર્ષ નોકરી કરી અને ત્રીસ વર્ષ પેન્શન ખાધું. પેન્શન હતું તેર રૂપિયા નવ પાઈ. ટૂંકા પગારમાં પોતાના ચાર પુત્રોને પરણાવ્યા, તેમને ઘર કરી આપ્યાં અને પોતે જેને ઘેર રહે તેને દર મહિને દશ રૂપિયા ખર્ચના આપે. રોજ એક પૈસો તમાકુનો અને બે પૈસા પરચુરણના પોતાની પાસે રાખતા.

નિશાળનો દરવાજોય જોયેલો નહીં, પણ સંસ્કૃત ભાષાનો અભ્યાસ ઊંડો. વાચન ઘણું વિશાળ. ગુજરાતીમાં કાવ્યો રચે, સંસ્કૃત શ્લોકનું ગુજરાતીમાં ભાષાંતર કરે, ફારસીમાં કાવ્યો રચે. જતી જિંદગીએ બંગાળી પણ શીખેલા. બાબુ સહિત બીજાં બે ભાંડરડાંની જવાબદારી ઉઠાવી, પણ બધું પ્રેમભેર પાર પાડ્યું ! છોકરાંઓને તો દાદાજી ભાઈબંધ જેવા જ લાગે ! ગમ્મત-મશ્કરી કરે, જ્ઞાનગોઠડી માંડે, ક્યારેક ફરવા પણ લઈ જાય અને ગાંઠિયા-ચટણી ખરીદી વિકટર સ્કવેરમાં નાસ્તાપાણી પણ કરાવે. છોકરાઓને તરતાં પણ શીખવી દીધું. છોકરાઓ સાથે 'સાચા માનવધર્મ' વિષે હંમેશાં વાતો કર્યા કરતા. બાબુ પાસે 'સત્યપ્રકાશ' બે વખત વંચાવેલું. છોકરાઓને કશું ન સમજાય તો એવી કુશળતાપૂર્વક સમજાવે કે હૈયે વાત વસી જાય ! વાચનનું આ વ્યસન દાદાજી પાસેથી નાનપણમાં જ બાબુને વારસામાં હસ્તગત થઈ ગયું.

## ઘર એ જ પાઠશાળા

આવા દાદાજી નઈ તાલીમના કોઈ પ્રખર કેળવણીકાર તરીકે પંકાયેલા નહોતા. તેમ છતાંય બાળકોના ઘડતર માટે એમણે 'કામ' અને

‘શ્રમ’ને જ માધ્યમ બનાવ્યાં. વળી, બાળકોને કામ ચીંધી દઈ પોતે સાહેબગીરી કરે તેવું નહીં, બલકે જેવી રીતે મા પોતાની દીકરીને કશુંક શીખવવા માટે જાતે કામ કરતી જાય અને શીખવતી જાય, એ રીતે દાદાજી પણ જીવનવ્યવહારનાં એકેએક કામ પોતે કરતા જાય અને બાળકોને શીખવતા જાય. સાત વર્ષની વયે તો આ ત્રણેય ભાંડરડાંને દાળ-ભાત-શાક-રોટલી-ખીચડી-ભાખરી રાંધતાં આવડી ગયેલું. નાનપણથી જ સ્વાશ્રય અને જાતમહેનતના પાઠ બાબુ-બટુકની જોડીને એવા મળ્યા કે એમના સમસ્ત જીવન પર આ બે મૂલ્ય આકાશની જેમ છવાઈ ગયાં. રસોઈ એટલે જ રસવંતી બાબત, પછી જીવન લુખ્ખું રહે જ કેવી રીતે. એક એક કામમાં ઝીણી ચીવટ અને ચોકસાઈ ! ચૂલો સળગાવવો હોય તો ક્યારેય બીજી દીવાસળી સળગાવવાનો વારો ન આવવો જોઈએ, તેમાંય વળી વપરાયેલી સળી પણ સાચવી રાખવાની, જેથી બીજું કાંઈ સળગાવવું હોય તો કામ લાગે. બહાર આગ ન જાય તે માટે બહાર બળતાં લાકડાં પર પાણી છંટકોરતા રહેવાનું. લોટ છાપામાં જ ચળાય, જેથી લોટનો કણ પણ નકામો ન જાય. શાક સમારવામાં પણ દરેક શાકે જુદી રીત !

એ જમાનામાં ઘરમાં લાદી નહોતી, એટલે ગાર કરવી, ખડી પલાળીને ધોળ કરવાનું પણ શીખી લીધેલું. નાનપણથી જ કોઈ કામ સ્ત્રીનું અને કોઈ પુરુષનું - એનો ભેદભાવ નહોતા.

## વાચન દ્વારા સંસ્કાર-ઘડતર

દાદાજી પૌત્ર પાસે રોજ રાતે ઇતર-વાચન કરાવતા. માત્ર શાળાકીય પુસ્તકો નહીં, પણ એ જમાનાનાં સસ્તું સાહિત્યનાં ચારિત્ર્ય-ઘડતર કરે તેવાં ઉત્તમ પુસ્તકોનું સૂતાં પહેલાં વાચન કરાવતા.

માનભાઈને નિશાળનું ભણતર લગીરે પલ્લે ન પડ્યું, પણ આ બધા વાચનને કારણે પાસ થવા જેટલા ગુણ ભેળા થઈ જતા. રોજ સાંજે

મિત્રને ત્યાં સંબંધી-મિત્રો ભેગા થતા, આંગણમાં પાણી છંટાવી ખાટલા નાંખી બેઠક જામતી, ત્યારે ક્યારેક એમની સમક્ષ કશુંક વાંચી સંભળાવવાનો પ્રસંગ ઊભો થતો. સાંભળીને સૌ ખુશ થઈ કહેતા, 'માળો છે હજી નાનકડો ટેણકો, પણ વાંચવામાં તો જાણે મોટો કથાકાર પંડિત હોય એવો લાગે છે.' - પછી છોકરાને કાંઈક ભાગ આપી, ખુશ કરે.

## સજ્જનોની સોબત

એક વખત કવિશ્રી ખબરદાર ભાવનગર પધારેલા. પાનવાડીમાં એમનો ઉતારો. શાળાએ નક્કી કરેલા સ્વયંસેવકોમાં નંબર ન લાગ્યો તો કાંઈ નહીં, ઘૂસણખોરી કરી મુખ્ય પ્રવેશદ્વાર પર જ ચોકીદારનું કામ સંભાળી લીધું. બસ, મળતર કાંઈ નહીં, પણ કવિશ્રીએ ખુશ થઈ બરડો થાબડ્યો તો જાણે ગોળનો ગાડવો મળી ગયો. એ જ રીતે એક વાર રાષ્ટ્રમાતા કસ્તૂરબા ભાવનગર આવેલાં. કાપડ બજારમાં ઉતારો. એમને લાવવા-લઈ જવા બે ઘોડાની વિક્ટોરિયા ગાડી આવતી. એ ગાડીની પાછળ ઊભા રહી ખાસ સ્વયંસેવક તરીકેની ફરજ બજાવવા મળી. એ હકીકત તો બાળપણનું અણમોલ સંભારણું બની ગયું. એ જ રીતે કવિવર રવીન્દ્રનાથ ટાગોર ભાવનગર પધારેલા, ત્યારે પણ ઘૂસ મારી સ્વયંસેવા સાદર સમર્પિત કરેલી. આમ ભીતર એવું કશુંક પડેલું જે સત્યમ્-શિવમ્-સુંદરમ્ ભણી ખેંચ્યા કરે.

## શેરીનો સરતાજ

શેરીનો બાદશાહ માનભાઈ. એક તો નમાયો છોકરો અને પાછો કામઢો. સૌનાં કામ કરી આપનારો તત્પર ખડો સૈનિક. સૌ હેતપ્રીત રાખે. સૌ સાથે મળીને તહેવારોની જાતજાતની ઉજવણી પણ કરે અને વડીલોનો પ્રેમ મેળવે.

તોફાન પકડાઈ જાય અને વઢ ખાવી પડે તે તો ગળે ઉતારી દેતા,

પરંતુ કોઈ ગાળ-બાળ દઈ જાય, તો તેનો સામો પરચો ચખાડવાનો જ હોય ! કોઈને છોડે નહીં. ભેજું ફળદ્રુપ એટલે નિતનવા નુસખા સૂઝે. બાળપણથી જ નેતાગીરી સામે આવીને વરી ગયેલી.

## ઉત્તમ શાળા, સર્વોત્તમ આચાર્યો

માનભાઈનાં આમ ને આમ, ચાર ધોરણ તો પસાર થઈ ગયાં. હવે દાદાજીનું ધ્યાન દક્ષિણામૂર્તિ તરફ હતું. માસિક દશ રૂપિયા ફી ભરવાનું ગજવાનું ગજું નહોતું, પરંતુ ઋષિતુલ્ય નાનાભાઈ ભટ્ટ પાસે જીવનના ઘડતર અને ચણતરના સંસ્કાર મળે એ લોભે દાદાજીએ હિંમત કરી. ત્યારે છાત્રાવાસ ફરજિયાત હતો. નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ ત્રિવેદી, ફરામજી માસ્તર, અમૃતલાલ દાણી જેવા દિગ્ગજ કેળવણીકારો પાસે ભણવાનું મળે પછી તો સ્વર્ગ કેટલું છેટું રહે ! રોમાંચિત કરે તેવા અદ્‌ભુત વાતાવરણમાં માનભાઈનું મન લાગી ગયું.

દક્ષિણામૂર્તિ પછી ત્રણ-ચાર વર્ષ સનાતન શાળામાં કાઢ્યાં, પરંતુ સાવ રસ-કસ વગરનાં ભણતરમાં લગીરે મન ચોંટે જ નહીં. બધું નિષ્પ્રાણ લાગતું. આવી વિદ્યાદેવી આ પથ્થરમાં પ્રાણ પૂરી શકે તેવી કોઈ શક્યતા જણાતી નહોતી. છતાંય ગાડું ચાલતું રહ્યું. ઇતર પ્રવૃત્તિઓમાં તન-મન વધારે પ્રવૃત્ત રહેતાં, ભેજામાં નવી નવી કરામતો જન્મ લેતી જ રહેતી. ક્યારેક તો અવનવી ચીજો તૈયાર કરી કમાણી પણ કરી લેતા.

એક બપોરે ચેવડો ખાતાં ખાતાં, પડીકાનો કાગળ વાંચવાનું મન થયું. જોયું તો એમાં એક મનગમતી જાહેરાત હતી ! વડોદરાના કળાભુવનમાં ફક્ત ચાર ચોપડી ભણેલાઓ માટે સુથારી-લુહારી-દરજી-વગેરે અનેક ઉદ્યોગોની છથી બાર માસની તાલીમની યોજના હતી. આટલી તાલીમ પછી કમાતા થઈ જવાની શક્યતા હતી. બસ, આટલું વાંચ્યું ત્યાં હૈયે હરખનાં પૂર ઊમટ્યાં. કાગળ ખંખેરી ગડી વાળી

ખિસ્સામાં મૂકી. ઘેર પહોંચી બાપાને વિનવ્યા - આમેય ભણ્યા પછી કામ શોધવાનું જ છે ને ! મને વડોદરા જવા દો, તો વહેલો કામે લાગું !"

પણ બાપાને ગળે વાત કેમ ઊતરે ? છોકરાના તુક્કા સાંભળી હસતાં હસતાં કહે - 'બેટા, આ બધાં કામ કાંઈ આપણા બ્રાહ્મણ-વાણિયા ન કરે. તું એક વાર મેટ્રિક પાસ થઈ જા, પછી જો હું તને પોસ્ટ, પોલીસ કે રેલ્વે ખાતામાં કેવો દાખલ કરાવી દઉં છું !' દીકરો પોતાનાં સપનાંની દુનિયામાં ગળાડૂબ હતો, તો બાપ પોતાનાં સપનાં દીકરાની ઝોળીમાં ઠાલવવામાં મશગૂલ હતા. એ જમાનામાં, બાપા સાથે જીભાજોડી કરવાનો કાંઈ પ્રશ્ન જ નહોતો. દીકરાના મનના હાલ દાદાજી થોડુંક સમજે, પણ જે કાંઈ કરવું તે મૅટ્રિક પાસ થયા પછી - એવો આગ્રહ તો એમનો પણ ખરો જ !

આમ બાપા અને દાદાની બે જુદી દુનિયા વચ્ચે બેઉ ભાઈઓ ફંગોળાતા રહ્યા, પરિણામે મંદિર, મૂર્તિપૂજા, ધ્યાન-ધારણા, જપ-પ્રાર્થના જેવી બાબતોએ ચિત્તમાં ઊંડા સંસ્કાર ન નાખ્યા ! બીજી બાજુ ચાલુ અભ્યાસમાં પણ ચિત્ત ચોંટતું નહોતું, મનને કોઈ જંપ નહોતો. બસ, એટલું સમજાતું હતું કે આ નિશાળ, અભ્યાસ, ડિગ્રી, નોકરી એ બધું મને ન ખપે !

◈ ◈ ◈

# ૨

# સમાધાનની શોધમાં ગૃહત્યાગ

બાપાજીને સાધુ-બાવાની સંગતમાં રસ. એમના બંગાળી ગુરુ રામદાસજી રાણીકામાં કોઈને ત્યાં પધારેલા. બાપાને થયું કે રખડેલ છોકરાને સત્સંગ કરાવું તો કાંઈક ચમત્કાર થઈ જાય. આડું-અવળું મનાવી-પટાવી તેની પાસે ગયા. સામે હીંડોળા પર હારતોરા પહેરીને ગુરુદેવ બેઠેલા. માનભાઈને આવતા જોયા કે તરત ઊભા થઈ સામે લેવા આવ્યા. વાંસે હાથ ફેરવી, પડખે બેસાડી પૂછપરછ શરૂ કરી. આસપાસ ઘેરકું કરીને બેઠેલા લોકો તો ગદ્‌ગદ થઈ ગયા કે છોકરાનાં ભાગ્ય ઊઘડી ગયાં. પછી ગુરુદેવે હાથ જોઈ કહ્યું - વાહ, ખૂબ હોશિયાર છોકરો છે. બસ, મૅટ્રિક થઈ જા, પછી સરસ નોકરી મળશે અને મોટો ઑફિસર થઈશ. બાપાએ જણાવેલી વિગતોના આધારે ગુરુજી ભવિષ્યવાણી ભાખે અને આ બાજુ બંડખોર છોકરો એક એક વાતનો મનોમન પ્રતિકાર કરી ભાવના દૃઢ કરે કે, 'તમે જે કહો છો તે તો હું નથી જ કરવાનો.' હૈયામાં વિરોધની પ્રચંડ આગ ભડકી ઉઠેલી, ત્યાં ભોજનનો સમય થયો. બધા ભાણે બેઠા ત્યાં સંડાસ જવાનો બે આંગળીનો સંકેત કરી ભાઈ પાટલેથી ઊઠી બહાર નીકળી ગયા. સીધા ઘેર પહોંચી, બાપાની પેટી ખોલી, જેટલા પૈસા હતા તે ઉપાડી લઈ પહેરેલ કપડે સ્ટેશને પહોંચ્યા. સાત રૂપિયા હતા. સામે ટ્રેન ઊભી હતી. ક્યાં જવું તે ખબર નહીં, ધોળા જંકશનથી કદી આગળ ગયેલ નહીં. ટિકિટબારીમાં આગળના મુસાફરે સુરતની ટિકિટ માંગી, તો આ બિરાદરે પણ સુરતની ટિકિટ માંગી. સાત રૂપિયામાંથી બે આના પાછા આવ્યા. પેલા ભાઈની પાછળ-પાછળ ડબામાં બારી પાસે જગ્યા મેળવી લીધી. મગજ સાવ ખાલીખમ ! શું કરું છું, ક્યાં જાઉં છું, આગળ ખાઈ છે કે ખીણ, કાંઈ

જ ખબર નહીં, અને ગાડી તો ઊપડી. બાર વાગે ધોળા આવ્યું એટલે સૌએ પોતપોતાના ડબરા ખોલ્યા, પણ ભાઈ શું ખોલે ? સ્વભાવ મુજબ બધાની સેવા કરતા રહ્યા અને સદ્ભાવપૂર્વક મળેલા નાસ્તાને ન્યાય આપતા રહ્યા અને માસી પાસે જાઉં છું ની ડિંગ મારતા રહ્યા.

સુરત આવ્યું. સ્ટેશન બહાર એક બગીચો. ત્યાં રાતે સૂવા આવવાનું વિચારી સીધી બજારે નીકળી પડ્યા. દુકાને દુકાને પૂછે - ‘નોકરની જરૂર છે?’ ઉંમર નાની, મેલાઘેલાં કપડાં - કોણ હા પાડે ? છેવટે એક હોટલના શેઠે ચોકડીમાં રકાબી-પ્યાલા વિંછળવા બેસાડી દીધો. હિંદુઓનાં પિત્તળનાં અને મુસલમાનોનાં કાચનાં કપ-રકાબી ! બેઉનાં સ્ટૅન્ડ જુદાં ! સરસ મજાના ધોઈને હારબંધ ગોઠવી દીધાં. વચ્ચે શેઠજી તપાસ કરવા આવ્યા, તો સહેજે પુછાઈ ગયું - શેઠજી, મને પગારમાં શું આપશો ? બસ, પ્રશ્ન પૂરો થાય તે પહેલાં તો શેઠ વરસી પડ્યા. ભૂંડી ગાળોની હેલી. ‘હજી ચાલ્યો આવે છે ને પગારની માંડે છે ! ભાગ અહીંથી !’ દેશવટે નીકળેલો લાડકવાયો દીકરો આ અપમાન સાંખી ન શક્યો. ખૂણે બેસી ખૂબ રડ્યો ! પણ હવે શું ? તીર કમાનમાંથી છૂટી ગયું હતું. પાછા ફરે તે મરદ શાના ?

## પરભવનું ઋણાનુબંધ

એક ફોટા-ફ્રેમવાળા દુકાનદારને પહેલા મળેલા, ત્યાં જઈ ખૂબ કાકલૂદી કરી - ‘મારું કામ જોઈ, પછી નક્કી કરજો પણ એક વાર હા તો પાડો.’ કોણ જાણે, શેઠને દયા આવી કે શું, પણ માથું ધુણાવ્યું, એટલે સડસડાટ પગથિયાં ચઢી ગયા. શેઠની ગાદી સામે જ કારીગરની બેઠક. પાટિયા નીચે બૂટ મૂકી બેઠક પર બેઠા. બે-ત્રણ મિનિટમાં આસપાસ આંખો ફરી વળી અને એક પછી એક સફાઈ શરૂ કરી. ફાનસનો ગોળો સાફ કર્યો, માટલું વીંછળી પાણી ભરી લીધું, કાચના વેરાયલા ટુકડા ભેગા કરી ઘોડાના ખાનામાં ગોઠવી દીધા. જૂના ફોટા પરની ધૂળ ખંખેરી

નવેસરથી વ્યવસ્થિત ગોઠવી દીધા. શેઠ સાહેબ તો ટગર ટગર બધું જોયા કરે. આમ કરતાં કરતાં સાંજ પડી. દુકાન બંધ કરી ત્યારે શેઠને વિનંતી કરી, તમે પોલીસને ભલામણ કરો તો દુકાનના પાટિયા પર સૂઈ રહું !'' અરે એવું હોય ! ચાલ પહેલાં તો લૉજમાં જમાડી દઉં, પછી મારે ઘેર જ આવજે. પણ ભાઈ વટના ખાં, તે કહે - ના, ના, સવારના વડોદરેથી માસીને ઘેરથી જમીને જ નીકળ્યો હતો, સાથે ભાતું હતું, તે પણ ખાધું છે, અત્યારે હવે જરીકે ભૂખ નથી. પણ શેઠ માન્યા નહીં. લોજના માલિકને કહે આ 'મહારાજ' (બ્રાહ્મણ)ને રોજ બે વખત જમાડજો. અમાસે પૈસા ચૂકવી જઈશ.' માસિક રૂપિયા ત્રીસ ઠેરવ્યા.

મહીધરપુરા નાગર શેરીમાં શેઠનું મકાન. ઘેર પહોંચતાં જ બૂમ પાડી - ઓ કમલિયા ! જો તો, એક મહારાજ લાવ્યો છું ! ''પછી આખું મકાન બતાવ્યું. ત્રણ માળનું મકાન.'' તેમને કહે. નીચે ભોંયતળીયે બા અને ફોઈ સૂએ છે, તારી વ્યવસ્થા પણ ત્યાં થઈ જશે. પણ બહાર સૂવાનો આગ્રહ રાખ્યો એટલે શેઠે વાત સ્વીકારી લીધી.

રાત્રે દશ વાગે પથારીમાં પડતાં જ ઘસઘસાટ ઊંઘ આવી ગઈ ! ન સ્વજનોની યાદ, ન ઘરનો વિયોગ ! હૈયું જાણે સાવ લાગણીશૂન્ય બની ગયેલું, પણ કશુંક અજાણ્યું તત્ત્વ જાણે હાથ પકડી ખેંચી રહ્યું હતું અને પોતે ખેંચાઈ રહ્યા હતા. વહેલી સવારે પાંચ વાગે ઊઠી, ચૂપચાપ બારણું ખોલી, પથારી મૂકી, ડામચિયા પર ઓછાડને વ્યવસ્થિત રીતે ઢાંકી દીધો ! ઉપર ગયા, તો શેઠ-શેઠાણી સૂતાં હતાં. દબાતે પગલે રસોડામાંથી એંઠા ઠામ-વાસણ લઈ વાડામાં જઈ ઊટકી યથાસ્થાને ગોઠવી દીધાં. પછી બહાર ઓટલે જઈ બેઠા.

શેઠાણીએ ઊઠીને બધું જોયું તો આશ્ચર્ય ! તપાસ કરી તો ભાઈસાહેબ ઓટલા પર ! દાદાજીનું શિક્ષણ કામ આવ્યું અને શેઠાણીબા તો આફરીન - આફરીન ! દીકરાને ભેટે તેમ ભેટી પડ્યાં. પછી તો એકડે

એકથી ચિંતા શરૂ કરી અને ભોજન-કપડાં-નિવાસ બધાંની વ્યવસ્થા થઈ ગઈ !

પછી પાછા દુકાને ! ભાવનગરની રખડપટ્ટી દરમિયાન, કાચ કાપવા, ફ્રેમ બનાવવી વગેરે કામગીરીનો પ્રાથમિક અનુભવ મેળવી લીધેલો ! અહીં તક મળી, એક કલાકમાં તો પોતે કુશળ કારીગર છે તેવી છાપ જમાવી દીધી. નસીબ પાધરાં કે જે કાંઈ કરે, તેનાં પરિણામ રૂડાં જ આવે અને 'નિષ્ણાત'ની પદવી સહેજમાં મળી જાય ! થોડા દિવસમાં શેઠનો વિશ્વાસ એવો મેળવી લીધો કે માલિક-નોકરના સંબંધના તાણાવાણા બાપ-દીકરાના સંબંધમાં પલટાઈ ગયા. શેઠને કોઈ સંતાન તો હતું જ નહીં, વળી દુકાન સંભાળે તેવા વિશ્વાસુ માણસની જરૂરિયાત હતી. આમ ઘી જાણે ઘીના ઠામમાં જઈ પડ્યું !

આ બાજુ ભાવનગરમાં, કુંવર રોજના ટાણે નિશાળેથી પાછા ન ફર્યા, એટલે ચિંતા-પૂછપરછ-શોધખોળ શરૂ થઈ ! બીજા દિવસે સનાતન શાળામાં પૂછપરછ કરી તો રહસ્ય ખૂલ્યું કે માનશંકર નામનો કોઈ વિદ્યાર્થી અહીં ભણતો જ નથી. ત્યારે પ્રેમશંકરભાઈએ ભંડો ફોડ્યો કે ભાઈ તો નિશાળે કે દહાડાનો જતો જ નહોતો ! આમ તો નાનો ભાઈ પણ મોટા ભાઈને રસ્તે જ હતો, પરંતુ વાત વધુ વણસે નહીં, એટલે એને તો તાબડતોબ દક્ષિણામૂર્તિમાં દાખલ કરી દીધો ને ત્યાંના સંસ્કારી વાતાવરણમાં પ્રેમશંકરભાઈનું ઉજ્જવળ સચ્ચરિત્ર કંડારાતું ગયું. દક્ષિણામૂર્તિ પછી ગૂજરાત વિદ્યાપીઠ અને ત્યાર પછી શાંતિનિકેતનમાં ગુરુદેવનું સાંનિધ્ય ! અને પછી જર્મનીની યાત્રા! એક અલગ પુસ્તક નિર્માણ થાય તેવું સોહામણું, સુશીલ, ઊજળું રેખાંકન છે પ્રેમશંકરભાઈના મધુર જીવનનું !

મોટા ભાઈની ઘણી તપાસ કરી, પણ ક્યાંય પગેરું ન મળ્યું. ભાગેડુ કુશળ હતો ને ! પરંતુ ઈશ્વરની ઝીણી નજરમાંથી કોણ છટક્યું

છે ! એણે એવી અજબ કરામત કરી કે પોલ ખૂલી ગયું. થયું એવું કે સ્વ. બહેનના કાકાજી અચાનક દુકાને આવ્યા અને માનભાઈને જોઈ અચંબામાં પડી ગયા. ત્યારે શેઠ બહાર ગયેલા. કાકાજી બ્રાહ્મણવૃત્તિ પર નભે, એટલે માંગણું કરવા આવેલા. માનભાઈએ એમને માંડ માંડ સમજાવ્યા અને શેઠને કે ઘેર કશું ન કહેવાની શરત સાથે સોદો કર્યો કે બ્રહ્મભોજનમાં કાકા સાથે જવું પણ દક્ષિણાની રકમ કાકાજીને આપી દેવી.

## અજ્ઞાતવાસ પૂરો થયો

એક જોખમ તો ટળ્યું, પણ ભાવિને કોણ ટાળી શકે ? શેઠના ગુરુ કતારગામ પધારવાના હતા. એક નાનકડી, ઘમઘમ ઘૂઘરાવાળી બળદગાડીમાં શેઠશેઠાણી સાથે, ફળફળાદિ, સેવાપૂજાની સામગ્રી, ભેટ-સોગાદ સાથે કતારગામ પહોંચ્યા. કોઈ પટેલને ત્યાં ગુરુદેવનો ઉતારો હતો. ત્યાં તો હકડેઠઠ ભીડ જામેલી ! મહારાજ એક મોટી પાટ પર બિરાજમાન હતા. શેઠે હારતોરા કર્યા, ચરણોમાં ભેટ ધરી, પ્રણામ કર્યા. પછી ભાઈએ પણ હાર પહેરાવ્યો પણ પેલા સ્વામીજી તો ભાઈ સામે એકીનજરે જોઈ રહેલા, ને બોલ્યા, ''तुम नरभेशंकर का बेटा ?'' માનભાઈએ જોયું. અરે, આ તો રામદાસજી ! હવે ભાગવું કેમ ? સંતાડવું શું ?

બધાના દેખતા સ્વામીજી કહે, ''તારા દાદા-બાપા, ભાઈ-ભાડું કેટલું ધ્રુસકે ધ્રુસકે રડતા હતા. આમ ભાગી જવાય ?'' અને ભંડો ફૂટ્યો કે પોલીસ અમલદારના આ ફરજંદ છે, અને ઘેર સૌ કાગડોળે દીકરાની રાહ જુએ છે ! બધી વાત ખુલ્લી પડી ગઈ એટલે ભાઈ તો વિફર્યા. ગુરુજીનું પોલ એમણે પણ ખોલી દીધું. તમે મારો હાથ જોયેલો. ખોટું ખોટું ભવિષ્ય ભાખેલું, તે બાપાને કેમ ચીંધી ન દાખવ્યું કે હું ક્યાં છું ! સાવ ઢોંગી છો તમે !'' ત્યારે મહારાજ કહે 'તું અહીં સુખી છું, તે મારા જ આશીર્વાદે બેટા !'' એ સાંભળીને તો માનભાઈ બબડ્યા કે 'ઢોંગી-

અબૂધ' જેવાં વિશેષણોથી સ્વામીજીને નવાજી બહાર દોડી ગયા.

પછી સૌ પહેલું કામ શેઠે ભાવનગર બાપાને પત્ર લખવાનું કર્યું. ત્રીસ રૂપિયાનો મનીઑર્ડર પણ કર્યો અને જણાવ્યું કે ''દીકરાની લગીરે ચિંતા ન કરશો. બીજા દીકરાને પણ મોકલી આપશો, તો એના ભણતરની વ્યવસ્થા પણ કરી દઈશ. તમારા દીકરા એ મારા જ દીકરા છે, તેમ સમજશો.'' હવે તો બાપાને પણ દીકરાના સ્વભાવનો તાગ આવી ગયેલો, એટલે વધારે માથાઝીક ન કરી. મુંબઈથી મામા-મામી વગેરે સગાંવહાલાં આવીને રૂબરૂ ભાણિયાની ખબર કાઢી ગયાં એટલે તત્કાળ તો વાત થાળે પડી.

## જવાનીની મૂછો ફૂટી

થોડો સમય ગયો અને અચાનક બાપા પાસેથી એવી એક વાત આવી કે ભાઈનું મન હાલી ગયું ! જવાનીમાં પ્રવેશ થઈ ગયો, મૂછના દોરા તો ક્યારનાય ફૂટી ગયા હતા. બહેનની હારોહાર સામસામાના સાટામાં નાનપણથી જ સગપણ થઈ ગયેલું. હવે બાપાએ કહેવડાવ્યું હતું કે તારાં લગ્ન લેવાનાં છે, એટલે આવી પહોંચો. ઉંમર પ્રમાણમાં નાની, પણ લગનની વાત આવી એટલે મનમાં ગલગલિયાં શરૂ થઈ ગયાં. 'વહુ'ના નામે, ન સમજાય તેવી મોહિની મન પર છવાઈ ગઈ અને એક મહિનાની રજા લઈ ભાવનગર જવા નીકળ્યા. શેઠે બેઉ ભાઈઓ માટે કપડાંલતાં અપાવ્યાં, મિત્રો માટે માનભાઈએ રૂમાલ વગેરે પણ ખરીદ્યા.

રાત્રે ચોકમાં જૂના ભાઈબંધો સાથે બાબુ 'ભાગેડુની પરાક્રમકથા' કહી સંભળાવે ! થોડી આપવડાઈ થઈ જાય, પણ ભાઈબંધો રોમાંચિત થઈ જાય એટલું નક્કી ! બે જણાએ તો મિત્ર પાસેથી પ્રેરણા મેળવી ભાગવાનો પ્રયોગ પણ કર્યો. પણ બાબુભાઈ તો ભાગી જઈ વળી પાછા ઘેર આવ્યા હતા. હવે ભણવાનો તો કોઈ પ્રશ્ન નહોતો, ડિગ્રી મળવાની નહોતી, એટલે જે કામ મળે, તેમાં લાગવાનું હતું. બાપાએ નિલમબાગના

એક નાનકડા પાવર હાઉસમાં કામ અપાવ્યું. ફોજદારનો દીકરો એટલે ત્યાં કોઈ કશું કામ કરવા ન દે. આવું જીવન કર્મવીરને કેમ ફાવે ? પચીસ રૂપિયાનો પહેલો પગાર હાથમાં આવ્યો કે તરત સુરતની ટિકિટ કપાવી. પણ ત્યાં તો પેલા શેઠનું અવસાન થયેલું એટલે પછી સુરતથી વડોદરાની ગાડી પકડી. સ્ટેશન પર મજૂરીની પૂછપરછ કરતાં મજૂરોનો એક દલાલ મળી ગયો. શિવરાજપુર-ચાંપાનેરની મેંગેનીઝ ઓરની ખાણનાં કામે રખાવી દેવા હા પાડી અને એણે બાબુને સાથે લઈ લીધો. સીધા કારખાને ગયા. પતરાના એક ઢાળિયામાં રહેવાનું, સાંજે સૌને ચોખા મળે. મોટા ભાગના મદ્રાસી મજૂરો ! ભાત ખાય અને ગુલામીનું જીવન જીવે ! બાબુભાઈ તો અહીં આવી ભરાણા, પણ પાછી પ્રભુની રહેમ સામે ને સામે ! સ્વપ્નેય ખ્યાલ નહીં અને શિવરાજપુરના સ્ટેશન માસ્તર મામા નીકળ્યા. મામાશ્રીએ ખાણમાં તપાસ કરી, અંગ્રેજ મેનેજર સાથે વાતચીત કરી, દિ' પૂરો ન થયો, ત્યાં ભાગેલા ભાણિયાને પાછો ભાવનગર ભેળો કર્યો.

ભાવનગર પાછા ફરતાંવેંત કુટુંબીજનો સમક્ષ પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી દેતાં મક્કમતાપૂર્વક જણાવી દીધું કે, હવે વ્યવસાય-નોકરી એ પોતે જ શોધી લેશે, મહેરબાની કરીને કોઈએ, કોઈનેય, ક્યાંય પણ ભલામણ ન કરવી. એટલે હવે પોતે જ રસ્તો કાઢવાનો હતો. પોલીસખાતાની દમદમાટીવાળી કે ખુરશી પર બેસી સાહેબગીરી કરવાની નોકરીનું ખેંચાણ લગીરે નહોતું, બસ, રહી-રહીને હથોડા-કોદાળી-પાવડા અંદર બેઠેલા શ્રમિકને બોલાવ્યા કરતા હતા. વળી, હવે તો પરિવારની પણ જવાબદારી હતી ! એટલે હવે તો પાંખોમાં હવા ભરીને આકાશને ખેડવાનું હતું !

◈ ◈ ◈

# ૩

# પરિવારનાં મંડાણ

કહેવાય છે કે નદીનું મૂળ અને ઋષિનું કુળ ન પુછાય ! પરંતુ ગંગા નદી જેટલી મેદાનોમાં રમ્ય લાગે, સંગમસ્થાને ભવ્ય લાગે, તેટલી જ રમ્ય અને ભવ્યાતિભવ્ય એના મૂળ સ્રોત, ગંગોત્રીમાં પણ લાગે. માનભાઈનું પોતાનું વ્યક્તિત્વ જેટલું ભાતીગળ છે, એટલા જ ભાતીગળ વ્યક્તિત્વવાળો એમનો પરિવાર છે. નિરનિરાળી પ્રતિભાઓ પ્રગટી છે એમના પરિવારમાં.

પોતાને તો નાનપણમાં વિશાળ બહોળા કુટુંબનું હર્યુંભર્યું વાતાવરણ ન મળ્યું. પરંતુ દાદાજી એકલાએ જ વિશાળ વડલો બનીને આ ભાંડરડાંને કદીય નમાયાપણું કે ઓશિયાળાપણું અનુભવવા ન દીધું. એક સલામત, મજબૂત અને સર્વ પ્રકારે સુરક્ષિત એવી હથેળીમાં એમનું બાળપણ ઊછર્યું અને જ્યારે પાંખો ફૂટી ત્યારે ઊડવા માટે અફાટ આકાશ સામે પડ્યું છે એનો અહેસાસ દાદાજીએ કરાવી આપ્યો, આ જ મોટી કમાણી ! વહાલૂડા દાદાનો મહામૂલો વારસો !

પિતા નરભેશંકર, નામ પ્રમાણે જ ગુણ ! અત્યંત નિર્ભય, માનભાઈના નિવાસસ્થાન પર ‘નિર્ભય ભુવન’ લખેલું છે, એનો ભેદ આ નામ જાણ્યું ત્યારે ખૂલ્યો. દાદા કરતાં બાપા જુદા. ધરમધ્યાનમાં માને, દેવ-મંદિરે જાય. પોલીસખાતામાં જ આખી જિંદગી ગઈ, એટલે રાજ્યાશ્રય અને રાજભક્તિ લોહીમાં વણાઈ ગઈ હતી. પત્નીનું અકાળે અવસાન થયું, ઉંમર પણ નાની. એ જમાનામાં તો આવા પુરુષોને સ્મશાનમાં જ ચાંદલો થઈ જતો. પણ પોતાને ત્રણ સંતાન છે. બે દીકરા અને એક દીકરી, એટલે એમાં જ સમાધાન સેવી સાંસારિક જીવનનું પૂર્ણવિરામ મૂકી દીધું. બાબુથી મોટી અનોપ ત્યારે અઢી વર્ષની, બટુક

ઉર્ફે પ્રેમશંકર અઢી વર્ષે નાનો ! અને મા જતી રહી પણ ત્રણેય ભાંડરડાંને દાદાની હૂંફ અને વાત્સલ્ય એવાં મળ્યાં કે માના સાંનિધ્યની ખોટ વર્તાઈ નહીં.

## ફોજદારી બાપાનો પ્રખર તાપ

બાપા ઠેકઠેકાણે નોકરી કરે. બેઉ દીકરાઓને મહાત્મા ગાંધીનો રંગ લાગ્યો, તે એમને લગીરે ગમે નહીં. સંતાનો માટે લાગણી તો અપાર, પણ ખાદીનાં કપડાં અને ટોપી જુએ ત્યાં અકળાય. કશું કહે-કરે નહીં, પણ અંદર ને અંદર ધૂંધવાય. એક વાર તો ઉમરાળામાં યોજાયેલી રાષ્ટ્રીય પરિષદમાં, પોલીસ અમલદાર તરીકે વ્યવસ્થા જાળવવાની એમની જવાબદારી, અને માનભાઈની સ્વરાજ્ય-સૈનિક તરીકે સ્વયંસેવકની ભૂમિકા ! કાર્યક્રમ દરમિયાન જ ચાર આંખો મળી ! બારેક વાગે કાર્યક્રમ પૂરો થયો, એટલે બધા જમવા ગયા, ત્યાં બાપ-દીકરો મળ્યા. રોફથી પૂછ્યું - ‘માસ્તર, હું અહીં ઉમરાળામાં વસું છું, તેની તો ખબર છે ને ? હવે હરામનું ખાવું છે કે હક્કનું ?’

‘આપની સાથે’નો જવાબ દીકરા પાસેથી મળતાં જ પોલીસ કચેરીમાં પહોંચી થેલીમાંથી પિતાએ કાચી શીંગ અને ગોળ કાઢ્યાં. બહારથી દૂધ મંગાવ્યું. અને આમ ઘણા દહાડે બાપ-બેટાનું સહભોજન થયું. વિધુર થયા પછી બાપા હાથે જ રસોઈ કરતા. બહારગામ જાય ત્યારે શીંગ-ગોળ ખાઈ લે, કદીય કોઈને ત્યાં, બાપાનો પાટલો ન પડે ! સ્વમાની સ્વભાવ ! ફોજદાર તરીકે એમની છાપ અત્યંત કડક માણસની હતી. કહેવાય છે કે એ જમાનામાં ભાવનગરમાં એ ઘોડા પર બેસીને હરતા-ફરતા. ગુનેગારને ઘોડા પર બેસીને જ ચાબુકથી એવો માર મારે કે પેલો ચાબુકના ઘેરાવામાંથી છટકી જ ન શકે.

પિતાશ્રીની બદલી ભાવનગર સિટી ફોજદાર તરીકે થઈ ત્યારે, દાંતની પીડા ઉપડી. આ માંદગીમાં પિતાશ્રી ભારે અસ્વસ્થ થઈ ગયા.

મન પરનો કાબૂ પણ ગુમાવી બેસતા. દાદાજીને તો ડર લાગતો કે દીકરો ગાંડો ન થઈ જાય ! ખૂબ સેવા ચાકરી કરી, પણ ચાલુ નોકરીએ જ તેમણે દેહ છોડ્યો. મૃત્યુ અગાઉ થોડા સમય પહેલાં બેઉ ભાઈઓએ હૈયું ખોલીને વાતો કરેલી - ''બાપા ! તમે અમારે ખાતર વિધુર જીવન સ્વીકાર્યું, અમારી ખૂબ કાળજી લીધી, અમને પગભર કર્યા, આ બધું તમારા પ્રતાપે અને તમારા આશીર્વાદે ! પરંતુ અમે નવા યુગના વાયરે ચઢ્યા છીએ, એટલે તમારી પાસે જે કાંઈ મૂડી-સંપત્તિ હોય, તેમાંથી અમારે કશું જોઈતું નથી. વળી, આપની જે શ્રદ્ધા-માન્યતા હોય, તે મુજબ રૂઢિપરંપરા અનુસાર, તમે જે કાંઈ કહેશો તે અમે કરીશું, તેની ખાતરી રાખજો.'' દીકરાઓની વાતો સાંભળી બેઉ ભાઈઓને પડખે લઈ બોલ્યા, ''મારી જ અણસમજ હતી. તમારી વાત સાચી છે. મારી પાછળ તમારી રીતે તમે જે કાંઈ વિધિ કરશો, તેનાથી મારી સદ્‌ગતિ જ થશે !'' - આટલું બોલ્યા ત્યાં એમની આંખો અને હૈયું ભરાઈ આવ્યાં. ત્રણેય જણાની આંખોમાંથી શ્રાવણ-ભાદરવાનું પુનિત ઝરણું વહ્યું. પછી દાદાજીને વાત કરી. તેમને પણ સંતોષ થયો, અને પિતાશ્રીનો પણ સંતોષપૂર્વક દેહાંત થયો.

અંતિમ સંસ્કાર પતાવી, ઘેર પાછા ફરી, વધારાનો સામાન નોકર-ચાકર-સેવકોને વહેંચી દીધો. બાપાનાં અંગત ઘોડા-ગાડી હતાં, તે ઓર્ડરલી બનેસિંગને ભેટ આપ્યાં. પૂંજાભાઈ હવાલદાર પિતાજી માટે ફળફળાદિ લાવતા, તેમનું પચાસ રૂપિયાનું બિલ ચૂકવી દીધું. આમ પોલીસખાતાનું સરકારી મકાન સાફ કરીને પાછું સોંપી, પાછા દાદાજીને ઘેર આવી ગયા.

## બારમા-તેરમાનો નિષેધ

પિતા પાછળ કોઈ દાડો કે ક્રિયાકાંડ ન કરવા એવું બેઉ ભાઈઓએ નક્કી તો કર્યું, પણ એને કારણે સગાંવહાલાંના રોષનો જે સામનો કરવો

પડે, તે માટે પણ કમર કસી લીધી. મોટો ભાઈ કહે મારાં લગ્ન તો બાપાએ બે વાર કરાવી આપ્યાં. પણ તું હજી કુંવારો છે. પછી કોઈ કન્યા નહીં આપે. પરંતુ નાનો, પ્રેમભાઈ તો મોટાથીય વધુ મક્કમ ! એટલે બધાં સગાંસંબંધીઓને પત્ર દ્વારા જણાવી દીધું કે - 'અમારા પિતાશ્રીનું અવસાન થયું છે. કોઈ વ્યાવહારિક કે ધાર્મિક ક્રિયાવિધિ કરવાના નથી. આ નિમિત્તે કોઈએ અમારે ત્યાં આવવાનું રહેતું નથી. અમારી ચિંતા પણ કોઈએ કરવાની નથી. અમારા પિતાશ્રીએ અમને યોગ્ય સંસ્કાર આપ્યા જ છે !''

આમ ન થયું બેસણું કે ન કોઈ દા'ડોદપાડો. બાપાએ પોતાના કારજ માટેની રકમ અલગ રાખી મૂકેલી, એ રકમમાંથી બેઉ ભાઈઓએ સેવા-સમિતિ દ્વારા 'સાદું અને સરળ વૈદક' નામનું પુસ્તક છપાવ્યું, બે હજાર નકલો છપાવેલી, તે બધી ખપી ગઈ. ચાર રૂપિયા કિંમત રાખેલી, પણ ફરી છપાવવી પડી. એની પ્રસ્તાવનામાં પિતાજીના ક્રાંતિકારી કારજનો ઉલ્લેખ છે !

પિતા પાછળ આવું લોકોપયોગી તર્પણ એ જમાનામાં કર્યું. લોકો લાડવા ખવડાવી માંદગી વહોરાવે, ત્યારે આ સુપુત્રોએ લોકોને આરોગ્યની વાટ દર્શાવી પિતાને યથોચિત શ્રદ્ધાંજલિ સમર્પી. આ જોઈ, સ્વર્ગમાં પિતાનું હૈયું અનહદ ઠર્યું હશે, તેની લગીરે શંકા નથી !

## ત્રણ ભાંડરડાં

નાનકડી બહેનડી અનોપની (થોડીક વાતો). ઉંમરે બહેન નાની, પણ નાની તોય સ્ત્રીની જાત ને ! મા બનીને ભાઈલાઓને સાચવે. સગી બહેન આ એક જ. પરંતુ પિતરાઈ બહેનો સાથે પણ ભાઈનો ગાઢ ઋણાનુબંધ. એક વાર બંને ભાઈઓને વેણ ઊપડી બસ, ભૂખ લાગી છે, ઝટ ખાવાનું દે ! રોટલા ઊંચે શીકામાં હતાં. ઊંચી થઈને અનોપ લેવા ગઈ, ત્યાં નીચે સળગતા ચૂલાની ઝાળ લાગી ગઈ અને સળગવા લાગી.

બેઉ ભાઈઓએ બૂમાબૂમ કરી મૂકી. બાજુના ઘેરથી કાકીમા દોડતાં આવ્યાં. અનોપ બચી તો ગઈ. પણ બંને સાથળ પર દાઝ્યાના ડાઘ તો રહી જ ગયા. આ બહેનને નાની ઉંમરે પરણાવી દીધેલી. સાસરિયામાં દુઃખ ભોગવી યુવાવસ્થામાં જ બે વર્ષ પછી ગુજરી ગઈ. એની પીડા બેઉ ભાઈઓને સતત પીડતી રહી.

જેમ બહેન હૈયાનો હાર, એ જ રીતે નાનો ભાઈલો પણ માથનો મુગટ ! સામાન્ય રીતે જોવા મળે કે સામાજિક જીવનમાં સફળ માણસ કુટુંબજીવનમાં નિષ્ફળ હોય ! બહાર હજાર આંગળીએ પૂજાય, પણ કુટુંબમાં ઘર કી મૂર્ગી દાલ બરાબર જેવો ઘાટ હોય ! તેમાંય ભાઈને ભાઈ સાથે બને, એ તો નવીનવાઈની વાત જ કહેવાય ! મોટે ભાગે, ભાઈનો મોટો દુશ્મન ભાઈ જ હોય ! પણ આ તો જાણે, રામ-લખનની જોડી, એ રીતે બાબુ-બટુકની જુગલજોડી ! ત્યારે સ્તો, ભાઈના એક જન્મ-દિવસે પ્રેમશંકરભાઈની ઉત્તમ ભેટ અમર લેખરૂપે મળી - માનભાઈ મારો મોટો ભાઈ ! બેઉ ભાઈઓ યથાર્થરૂપે સહોદર નીવડ્યા. બેઉનાં ખોળિયાં જુદાં, સ્વભાવ જુદા, પણ હૈયાં, સમજણ અને શાણપણ સાવ સમાન ! બંનેને હળવાશથી સાથે વાતચીત કરતા, ટોળટપ્પાં મારતા કે હસતા-રમતા ભાગ્યે જ કોઈએ જોયા હશે, પણ અંદરથી અભિન્નતાનું એવું ઝરણું મૂંગું મૂંગું વહ્યા કરે કે જગતની કોઈ તાકાત બેઉને જુદા ન પાડી શકે.

મા વિનાના બેઉ ભાઈ દાદાજીને ખોળે સાથે ઊછર્યા, સાથે જ જાતમહેનત દ્વારા આપકર્મી, સ્વાશ્રયી જીવન જીવતાં શીખ્યા અને દાદાજીના ઉછેરને ઉજાળ્યો. હૃદયથી તો એક ખરા, પણ વિચાર-વહેવારમાં પણ બેઉ એક. મોટા ભાઈ નિશાળે ન જાય, આમતેમ રખડતા ફરી પોતાની રીતે જાત-કેળવણી કરતા રહે, તો નાનો ભાઈ પણ એની પાછળ પાછળ ફરે. મોટો ભાઈ ડરાવે-ધમકાવે, તો સામે નાનો પણ

ધમકી આપે. મને સાથે નહીં રાખો, તો બાપાને બધું કહી દઈશ. પણ આ જ પ્રેમભાઈ મોટા ભાઈ વિષે કહે છે કે, 'ભાઈ એ જ મારાં મા અને બાપ રહ્યા છે.'

પછી બંને ભાઈઓને દક્ષિણામૂર્તિમાં ભણવા મૂક્યા, ત્યાર પછી પ્રેમશંકરભાઈનું જીવનવહેણ બદલાયું. મોટા ભાઈનું આકર્ષણ તો રહેતું જ, પણ બીજી બાજુ શિક્ષણ, સાહિત્ય, કળા જેવા વિષયોમાં મન એવું ઊંડું ઊતરી ગયું કે ભવિષ્યમાં 'બાળક'ને કેન્દ્રમાં રાખી કેળવણીને લગતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એ જ જીવનધર્મ બની ગયો. એ શાળા કરી શકે તે માટે મકાનની શોધ હતી, ત્યાં અનાયાસ એક ઉકેલ નીકળી આવ્યો. દાદાજીએ જે મકાન પિતાને આપેલું, તેને વેચતાં ત્રણ હજાર રૂપિયાની રકમ મળી, તેમાંથી એક હજાર રૂપિયા શ્રી બજરંગ વ્યાયામ શાળાને ભેટ આપ્યા, એક હજાર મહિલા વિદ્યાલયને અને બાકી વધેલા એક હજાર રૂપિયામાંથી વડવા વિસ્તારના મજૂર લત્તામાં, ભાવસારની વાડીમાં બાલમંદિર શરૂ કરવાનું નક્કી કર્યું. નાસ્તા સાથે એક રૂપિયો ફી રાખી, હજાર રૂપિયા પૂરા થાય ત્યાં સુધી ચલાવવું પછી બંધ કરી દેવાના ખ્યાલે જ નવો આરંભ કર્યો.

સૌરાષ્ટ્ર સરકારે આ ગાળા દરમિયાન, મજૂરકલ્યાણ પ્રવૃત્તિ શરૂ કરી અને માનભાઈના બાળમિત્ર શ્રી દેવશંકર બધેકાની મુખ્ય પદાધિકારી તરીકે નિમણૂક થઈ. એમને મજૂર-કલ્યાણ પ્રવૃત્તિ માટે જગ્યાની શોધ હતી. ભાઈએ એ યોજનામાં ત્રણ-ચાર માણસોને સમાવવાની શરતે ઉપાય સૂચવ્યો. અને આમ 'વડવા વિસ્તાર મજૂરકલ્યાણ કેન્દ્ર બાળમંદિર' શરૂ થયું અને પછી તો એ કરચલિયા પરા તથા વિઠલાડી વિસ્તારમાં પણ વિસ્તર્યું.

દરમિયાન, દક્ષિણામૂર્તિ સંસ્થા વીખરાઈ ગઈ. શ્રી નાનાભાઈ આંબલા ગયા, શ્રી ગિજુભાઈ મુંબઈ ગયા અને શ્રી હરભાઈ ત્રિવેદીએ

વાઘાવાડીમાં 'ઘરશાળા' શરૂ કરી. પ્રેમશંકરભાઈને આ સંસ્થાનું સંચાલન સોંપાયું, પછી તો દક્ષિણામૂર્તિના મકાનમાં ઘરશાળા ફેરવાઈ.

દરમિયાન શ્રી મસ્તરામભાઈના સાથ-પ્રોત્સાહનને કારણે પ્રેમભાઈને મહાલક્ષ્મી મિલમાં લેબર વેલ્ફેર ઑફિસર તારીકે નિમણૂક મળી અને ત્યાં એમણે કામદારોની અનેકવિધ સામાજિક સેવાઓ કરી. દૈવવશાત્ આ મિલ માંદી પડી, એટલે પ્રેમભાઈએ શિશુવિહારનું શૈક્ષણિક કામ સંભાળ્યું. ત્યારે સંસ્થા પ્રાથમિક, માધ્યમિક શાળાઓ ચલાવતી થઈ ગઈ હતી, એના નિયામકપદે પ્રેમભાઈ રહ્યા.

પ્રેમભાઈનું કાર્ય આમ શિક્ષણ, બાળસેવા અને મજૂરકલ્યાણ પ્રવૃત્તિઓમાં ઈશ્વરકૃપાએ સારું રહ્યું ! એમનાં લગ્નની જવાબદારી પણ અદ્‌ભુત રીતે પ્રભુએ ઉપાડી લીધી ! શ્રી મસ્તરામભાઈ પંડ્યા શહેરના સુપ્રતિષ્ઠિત, આગળ પડતા અગ્રણી સજ્જનની દીકરી રસીલા સાથે પ્રેમશંકરભાઈના રંગેચંગે લગ્ન ઉજવાયાં.

પછી તો સસરાજીએ જ દીકરી-જમાઈની ચિંતા હાથમાં લીધી અને ઘી ઘીના ઠામમાં પડી ગયું. ભાઈએ પોતાના ગજા મુજબ નાના ભાઈની ચિંતા-કાળજી કરી, નાના ભાઈએ પણ એને પ્રભુપ્રસાદી માનીને જ સ્વીકારી ! વેવાઈનો ખાસ્સો મોટો દરબાર હોય, પણ અચાનક માનભાઈ જઈ ચડે તો ભારે આદર સન્માનપૂર્વક સૌ એમને હૃદયપૂર્વક આવકારે.

ઘણી લીલી-સૂકીમાંથી બેઉ ભાઈઓનાં જીવન ગુજર્યાં, પણ હૈયાની પ્રીતિ સદાસર્વદા લીલીછમ જ રહી. હવે તો બેઉનું સેવાક્ષેત્ર એક જ છે. - શિશુવિહાર ! પ્રભુનાં બે લાડકવાયાં શિશુનાં સમસ્ત જીવનવિહારનું પુનિત ક્ષેત્ર !

# દાંપત્યજીવન

એ જમાનામાં નાનપણમાં જ સગાઈ નક્કી થઈ જાય. અને કાચી વયે જ દીકરીને પરણાવી દે. કાચી-કુંવારી દીકરીનું કન્યાદાન તે મહાપુણ્ય ગણાય ! આમ બાબુનાં લગ્ન પણ નાનપણમાં જ થઈ ગયેલાં. બાલવધૂ ગિરજા પિયરમાં જ હતી અને ઉંમરમાં આવતાં એને સાસરે તેડાવી. આમ ઘરસંસાર શરૂ થયો. નવી આવેલી વહુ પતિની ખૂબ કાળજી રાખે ! સવારે વહેલા ઊઠીને નોકરીએ જતા પતિનું ભાતું તૈયાર કરે અને ઝીણી ઝીણી બધી કાળજી રાખે. પડખે પડોશી પોતાના છોકરાને રોજ મોંપાઠ લેવડાવે. એક વાર ભાઈ સાંભળી ગયા કે ગિરજા પણ રાંધતાં રાંધતાં મોંપાઠ બોલે છે ! પૂછ્યું, ‘‘નિશાળે જઈશ ?’’ પરણેલી સ્ત્રીને આ વાત એ જમાનામાં ગળે કેમ ઊતરે ? પણ ભાઈએ તો એને મહિલા વિદ્યાલયમાં દાખલ કરી, પહેલે દિવસે પોતે જ નિશાળે મૂકવા ગયા. આમ જૂની રૂઢિઓની સામે જ્યાં જ્યાં લડત આપવી જરૂરી લાગે, ત્યાં પત્નીનો સાથ મળતો. એમની બીજી પ્રસૂતિ સાસરે જ કરવાની હતી. એટલે એમનાં મોટાં બાને તેડી લાવ્યાં. ઘરમાં એક જ ઓરડો, એટલે કોથળા-શણિયાં બાંધીને આડશ કરેલી. પ્રભુનું કરવું તે આ બીજી પણ કસુવાવડ થઈ. ત્રીજા દિવસે બાએ કહ્યું કે વહુને આજે જરા તાવ હોય તેવું લાગે છે. મદદ માટે એક બાઈ રાખેલ. ભાઈએ તરત જ હાથ અડાડીને જોયું તો શરીર ધખતું હતું પણ આ બાજુ બાએ તો ઉપાડો લીધો - હાય, હાય. સુવાવડી બાઈને અડ્યો. આવામાં કેમ રહેવાય ? આમ બોલતાં બોલતાં તેઓ નીચે ઊતરી ગયાં. પાછળ જઈને પગે પડીને તેમને ખૂબ સમજાવ્યાં. નીચે રહેવા કહ્યું. માંડ માન્યાં, પણ પછી તો અસ્પૃશ્યો સાથે આભડછેટ રાખવામાં આવે તેવું ભાઈ સાથે કરે. અંતે દવાદારૂ શરૂ કર્યાં, મુલાકાતીઓ પણ વધી પડ્યા. આ બધાની સામે પગાર મહિને માત્ર ત્રીસ રૂપિયા ! કામે ન જવાય, તે દિ’ પડે. પૈસા ખૂટી

પડ્યા. સુધારા કરવા નીકળેલા દીકરા સામે બાપા પણ શેના જુએ ? એકાદ વાર કૃપાપૂર્વક પંદરેક રૂપિયા આપી ગયેલા. પણ એટલાથી શું થાય ? બસો ઉછીના-ઉધાર કરવા પડ્યા, દેવું ન ચૂકવાય ત્યાં સુધી મીઠું છોડ્યું. બાજરાનો લોટ પાણીમાં ડહોઈને પી જતા, પણ અંતરમાં એક જ અભિલાષા કે મરણપથારીએ પડેલી જીવનસંગિની સંતોષ સાથે જાય કે માતૃભક્ત આજ્ઞાંકિત દીકરો એવા પોતાની માતાની સેવા કરે, એવી સેવા મારા પતિએ મારી કરી. ડૉક્ટરોએ આશા છોડી દીધી.

ધીરે ધીરે ચેતન ઓસરતું જતું હતું. અને અંતિમ ક્ષણ નજીક આવી અને બધું ખતમ થઈ ગયું. જનારની પૂરી સેવા કરી. આટલો સંતોષ હૈયામાં સંઘરી અંતિમ વિધિની તૈયારીમાં પડ્યા. પ્રેમભાઈ તો પડખે હોય જ. ન્યાતમાં કાંઈક એવો રિવાજ કે પ્રસૂતા મૃત સ્ત્રીને ખાટલાની પાંગત તોડી તેમાંથી કાઢવી પડે, સીધી ભોંય પર ન લેવાય. પણ તર્ક ન સમજાય, તેવી રૂઢિને કોણ પાળે ? બેઉ ભાઈઓએ એમને નીચે લઈ, કપડાંથી ઢાંકી દીધાં, સગાંવહાલાંએ આ પ્રસંગે પણ જ્ઞાતિના રિવાજ મુજબ વિધિવિધાન કરવાનો પ્રયત્ન કર્યો, પણ ભાઈની મક્કમતા આગળ કોઈનું કશું ચાલ્યું નહીં.

અગ્નિસંસ્કાર થઈ ગયા. પતિના હૈયે તો જાણે ઝંઝાવાત જાગ્યો. એકે આંસુ ન પડે, પણ હૃદય વલોવાઈ જતું હતું. પત્ની જતાં પુરુષ ઘરભંગ થયો ગણાય, ભાઈનુંય ઘર જાણે કકડભૂસ થઈ ગયું !

પત્ની પાછળ દા'ડોદપાડો તો કરવાનો નહોતો. દાદાના નામના પુસ્તકાલય ઉપરાંત નવાં પુસ્તકો વસાવી 'સ્વ. ગિરિજા સ્મારક પુસ્તકાલય'નો રબર સ્ટેમ્પ બનાવડાવી નવું પુસ્તકાલય બનાવી પત્નીને શ્રદ્ધાંજલિ અર્પી.

હવે દેવું ચૂકતે કરવાનું હતું, એટલે ઓવર ટાઇમ શરૂ કર્યો. ભંગારમાંથી નટ, બોલ્ટ, ડાઈ વગેરે કદ પ્રમાણે છૂટા પાડી આપે, તો બે

કલાકના બે રૂપિયા મળતા. બીજે સ્થળે જઈ પાન સાંકળ, નકુચા વગેરે બનાવતા. જેમ-તેમ પાંચ રૂપિયાની વધારાની કમાણીની જોગવાઈ કરી લીધી અને કામમાં રાતદહાડા એક કરી મંડ્યા રહ્યા. બે મહિનામાં દેવું ચૂક્તે કરી નાંખ્યું.

## બીજું લગ્ન

સામાજિક પ્રવૃત્તિઓમાં તો બહેનો પણ સંપર્કમાં આવે. અધ્યાપનના તાલીમવર્ગમાં આવતી બહેનો ઘરની સુઘડતા જોઈ વખાણ કરે ત્યારે દાદા મૂંઝાય. હળવેક રહીને કહે હવે તારો સંબંધ બાંધી દઈએ ! માનભાઈ પણ કહેતા - ''મારે પણ જીવનસાથી તો જોઈએ જ. પણ એકાદ વર્ષ જવા દઈએ.'' પણ દાદાને જુવાનજોધ દીકરાની ભારે ચિંતા. છેવટે ભાઈએ સંમતિ આપી એટલે દાદાજીએ રાજી થઈ છોકરીઓ જોવા માંડી. એક કન્યા પસંદ પડી એટલે ભાઈને જોઈ લેવા ભલામણ કરી. પણ ભાઈને આવી એકાદી મુલાકાતમાં જીવનસાથીનો તાગ મેળવવાની વાત ગળે જ ઊતરતી નહોતી, એટલે દાદાને કહી દીધું બે-પાંચ મિનિટમાં હું રંગરૂપ સિવાય બીજું શું જોવાનો એટલે તમે જે નક્કી કરો તે મારા હિતનું જ હશે. મને એ મંજૂર છે. અને સગાઈના ગોળધાણા ખવાઈ ગયા.

પોતાનો પતિ બીજવર છે, ફોજદારનો દીકરો છે અને શેરીમાં એની કેવી ધાક છે એ વાત પત્નીને કાને પહોંચી જ હોય. વળી પોતે અત્યંત ગરીબ કુટુંબની પાંચ દીકરીઓમાંની એક, વાને શામળી એટલે વર માંડ મળશે એવી લઘુતાગ્રંથિ ઘર ઘાલી ગયેલી, એટલે પહેલેથી જ અંતરમાં ફફડાટ શરૂ થઈ ગયો હશે. માનભાઈના દાંપત્યજીવનનો એક અત્યંત અંગત પ્રસંગ ભાઈએ પોતે જ કહ્યો છે, એમના જ શબ્દોમાં જોઈએ.

''અમારા જમાનામાં સ્ત્રીઓ માટે પતિ એ પરમેશ્વર. પતિનું

ધણીપણું વિખ્યાત કે કોડ ભરેલી કન્યા સાસરે જાય ત્યારે મનમાં ફફડે. તમને આશ્ચર્ય થશે, પણ તમને ખબર છે અમારી પ્રથમ રાત્રીએ હીરાએ પહેલો પ્રશ્ન મને શો પૂછેલો ? મને પૂછે - 'તમે મને મારશો તો નહીંને ?' મેં એને ક્યારેય આંગળીય અડાડી નથી, પણ સ્ત્રીઓના મનમાં પતિ માટે આવી ધાક બેસી જાય એમાં જ એનું ધણીપણું શોભતું ! પહેલેથી જ મને સ્ત્રીઓ પર થતા આવા ત્રાસનું ભારે દુઃખ રહેતું....'

'તો શું તમે ક્યારેય ધણીપણું કર્યું નથી ?' - પ્રશ્ન પુછાયો તો કહે - મેં પહેલેથી જ મારાં સાસુમા પાસે ચોખવટ કરી દીધેલી કે એકમેકના જીવનમાં બેમાંથી કોઈએ ડખલગીરી ન કરવી. હજુ આજે પણ એ મંદિરે લોટો પાણી રેડ્યા વગર મોઢામાં અન્ન ન મૂકે કે ઘરમાં જ્યાં જ્યાં એના દેવ-દેવલાં હોય એને માટે ફૂલોની માળા પરોવતાં રહેતાં હોય, પણ ક્યારેય કોઈ વિરોધ મેં કર્યો નથી. એ જ રીતે, મારા પરોણામાં ભંગી પણ હોય અને મુસલમાન પણ હોય, પણ રસોડામાં બેસાડીને જ એણે લોકોને જમાડ્યા છે !

હીરાબહેન ઝાઝુ ભણેલાં નહીં, સાસરે આવીને એ ભણ્યાં, ભણતર નહોતું, પરંતુ અંધશ્રદ્ધા કે જડતા નહોતી. પોતે પરણીને આવતાંવેંત, ભાઈના સ્વભાવની પિછાણ મેળવી લીધેલી. આમ તો ભાઈનો સ્વભાવ આકરો, પણ એમણે પત્નીને કહી દીધેલું કે તમારે જે કાંઈ કરવું હોય, તેની આડે હું નહીં આવું, પણ તમારેય હું જે કાંઈ કરું તેની આડે નહીં આવવાનું.

માનભાઈના પારિવારિક સંબંધોમાં, પરસ્પરના તાણાવાણાનો કઈ રીતે એકમેકનો અનુબંધ છે, તે તપાસવું અઘરું પડે તેવું છે. દાદાજી સાથે એમનો શ્રદ્ધા-ભક્તિ, સમજણ તથા દોસ્તીનો સંબંધ ! પ્રેમભાઈ સાથે અવ્યક્ત લાગણીનો સંબંધ ! એકમેક માટે બંને ઘણું બધું કરી છૂટે, પણ વ્યવહારમાં જાણે એકબીજાને ઓળખતાય નથી, તેવો નિર્મમ

દેખાવ ! પિતા સાથે તો ઉત્તર-દક્ષિણનો જ નાતો ! દાંપત્યજીવનમાં પ્રથમ પત્ની, ગિરજાબહેન સાથે વ્યક્ત લાગણીના તંતુ જોડાયેલા લાગે, પરંતુ હીરાબહેન સાથે તો નર્યો સગવડિયો સંબંધ જ ભાસે !

છોકરાંઓ પ્રત્યે પણ કાંઈ વિશેષ ધ્યાન ભાઈ ન આપે. હા ફરિયાદ આવે કરે, તો હસ્ત-પ્રસાદી જરૂર આપે, બાકી પોતાના ઘર કે કુટુંબીજનો અંગે ક્યારેય એક કલાક બેસીને સાથે વાતો કરી હોય તેવું બન્યું નથી.

કુટુંબ બહોળું અને આવક ટૂંકી એટલે કરકસરને ત્રીજો ભાઈ બનાવ્યા વગર છૂટકો જ નહોતો. આમેય બંનેના સ્વભાવમાં ભારે ચીવટ એટલે થોડામાં સાદાઈપૂર્વક, સંતોષથી જીવે. બહાર ચૂલા પર દાળ-ભાત-શાકનું મોટું કૂકર મૂકી દે, પછી વઘારવા પૂરંતુ કેરોસીન-ગૅસ બાળે. હીરાબહેન ઘી, ચા, અગરબત્તી, ચંદન, ચ્યવનપ્રાસ જેવી જથ્થાબંધ ચીજો ખરીદી છૂટક વેચી થોડીક કમાણી પણ કરી લે. બધાં સંતાનોને ભણાવી-ગણાવી પગભર કર્યાં. ભાઈ તો બધાંને આઠ ધોરણ સુધી ભણાવી કહી દે કે હવે જે કાંઈ કરવું હોય તે જાતની જવાબદારી પર કરો.

લગ્ન વખતે માનભાઈએ પત્નીને કરિયાવર રૂપે કશું સાથે લાવવા દીધું નહોતું, એટલે એમના પિતાશ્રીએ અમુક રકમ કોઈને ત્યાં વ્યાજે મૂકી દીધેલી, તે ઘણા સમય પછી ચાળીસ હજારમાં પરિણમી જે હીરાબહેનને મળી, તો તેમણે પોતાની બધી દીકરીઓને એ સરખે ભાગે વહેંચી દીધી. શિશુવિહારની વિવિધ પ્રવૃત્તિઓમાં દાતા તરીકે હીરાબહેનનું નામ અનેક વાર ઝળકે. ખૂબ મળતાવડો સ્વભાવ, વાતો કરવા પણ ખૂબ જોઈએ. આવા વ્યાપક સામાજિક અને શિક્ષણાત્મક વાતાવરણમાં રહેવા મળ્યું, પતિ તથા સંતાનો દ્વારા ઊઘડેલી અનેક નવી ક્ષિતિજોનો પરિચય પણ પામ્યાં, એટલે કશી મહેનત કર્યા વગર, માત્ર વાતાવરણમાંથી

જ એ ઘણું ઘણું પામ્યાં. બાકી તો જીવન એવી ચીજ છે, જેમાં ઉછીના-ઉધાર ચાલતાં નથી. પોતાના પગે જેટલું ચાલી પહોંચી શકીએ, તેટલાં જ મંજિલ-મુકામ પોતાનાં.

મુખ્ય વાત એ કે ધણીપણું ન કરવા છતાં, ઘરમાં ભાઈની હસ્તીની જ એવી ધાક બેસી ગયેલી કે કોઈ મોકળા મને કશી વાત જ ન કરી શકે. હીરાબહેન પણ પોતાના પતિને કોઈ વાત સામસામી, સીધી કરી ન શકે. બસ, પરસ્પર અવિરોધી બનીને બેઉ સાથે જીવ્યાં. ભાઈના જીવનમાં આ વાતનો અભાવ કદાચ નહીં સાલ્યો હોય, પણ હીરાબહેનને આ અભાવ સાલ્યો છે, એવું વર્તી શકાય.

છતાંય, પત્નીનું ભાઈને વળગણ નથી, એનો અર્થ એ નથી કે ભાઈને તેમની કદર નથી. ભાઈ કહે છે. હીરાની સર્જનશક્તિ માથું નમાવવા જેવી છે. ૭૮ વર્ષની વયે પણ નવી ભાતનાં કપડાં સીવી આપે. કોઈને ઘેર નવી વાનગી ચાખી આવે, તો ઘેર પહોંચી તરત પોતાનો હાથ અજમાવી, સૌને ચખાડે ! મારાં બધાં બાળકોમાં જે હિંમત અને મુશ્કેલીમાં કદીય હાર ન ખાવાની મક્કમતા છે, તે હીરાનું તેજ છે !

આમ નવો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. ધીરે ધીરે વસ્તાર વધ્યો. ભાઈના જીવન જેવો જ ભાઈનો પરિવાર પણ ભાતીગળ. અવનવી વિશેષતાઓ લઈને શક્તિશાળી સંતાનો પેદા થયાં અને ભાઈનું કુળ ઉજાળે, તેવા કુળદીવડા સિદ્ધ થયા. એક એક સંતાનના જીવનની રૂપરેખા અલાયદું આલેખન માંગે, તેવાં વૈવિધ્યસભર જીવન !

માનભાઈના પરિવારનો અથવા તો એમની પારિવારિક આબોહવાનો એક વિશ્લેષણાત્મક અભ્યાસ કરવા જેવો છે. પરિવાર પ્રત્યે માનભાઈનું જે વલણ હતું તેને કારણે આ ઘરમાં કૌટુમ્બિકતાની સ્વાભાવિક હવાની સહજ અવરજવર ઓછી જણાય.

પોતે દાદાજીની હૂંફાળી ગોદમાં ઊછર્યા, પરંતુ આવી હૂંફ અને

સારસંભાળ એમણે પોતાનાં સંતાનોને આપી હોય તેવું લાગતું નથી. પૈસાટકા આપીને છૂટી જતા હશે તેવું લાગે. બધો બોજો હીરાબહેને એકલે હાથે કેમ કરી પાર પાડ્યો હશે, તેવો વિચાર આવે. ભાઈ પોતે કહે - હું ઘરમાં રહું ખરો, પણ જાણે કોઈ સાથે કશી નિસબત નહીં, વળગણ તો કોઈનું નહીં. કોણ ક્યાં કેટલું ભણ્યા, મને એની કાંઈ ખબર ન હોય. ત્યાં સુધી કે ક્યારેક પ્રસંગે સૌ ભેગા થાય તો મારે ઇન્દાને પૂછવું પડે કે ફલાણીનું નામ શું ? માત્ર નિઃસ્પૃહતા કે ઉદાસીનતા હોય તો એક વાત, પણ અહીં તો પાછો મિજાજી સ્વભાવ હતો. બધું પોતાની રીતે જ થવું જોઈએ. ભાઈ પોતે સંસ્થાના માણસ. સંસ્થાની નિશ્રામાં એમનું જીવન ફૂલ્યુફાલ્યું અને પાંગર્યું. સંસ્થાને ઘર સુધી લઈ આવવાનો આગ્રહ પરંતુ એ સંસ્થાને એમણે પરિવાર પર ઠોકી બેસાડવાનો સંસ્થાને શિસ્ત-અનુશાસન પ્રત્યે અભિગમ દાખવ્યો, પરિણામે કેટલાંક સંતાનોનાં ચિત્ત પર ઘેરા પ્રત્યાઘાત ઊઠ્યા. સંસ્થાના મહેમાનો, સંસ્થાનાં કામો ઘર પર થોપાય, અને વળી પોતાને તો કશું કહેવા-કારવવાનું જ નહીં, વડીલની આજ્ઞા એ જ ઘરનો કાનૂન એટલે 'અમારા ઘરમાં જે સંસ્થાનું કામ કરે તે જ ભાઈને ગમે' અથવા તો 'અમારે તો નોકરી મજૂરી જ કરવાની ને ?' આવા ભાવો પણ ક્યારેક પેદા થતા.

પહેલાં બે સંતાન જ્યોતિ અને જતીનને, નાના હતા ત્યારે ભણવા માટે દક્ષિણામૂર્તિ મૂકેલાં. પોતે તો નોકરીને કારણે બાળકોને મૂકવા લેવા જઈ ન શકે, એટલે બાળમંદિર પાસે જ એક ગૅરેજ લઈ, બાળકો સાથે માને ત્યાં રહેવાનું ગોઠવી આપ્યું. થોડા મોટા થયા, એટલે પાછા શિશુવિહારવાળા ઘરે. ભાઈને તો ઘર-પરિવાર સામે જોવાની ફુરસદ જ નહોતી. બસ, કાંઈ ઊંધુંચત્તું થાય ત્યારે એમનો મિજાજ પ્રગટ થાય ! બાકી બધું છોકરાંની માએ સંભાળવાનું છે. કેટલાક છોકરા પોતાની મેળે પરણ્યા, કેટલાકના લગ્ન હીરાબહેનની વહેવાર સૂઝે થયાં. છોકરાઓ

પોતાની મેળે ખૂબ ભણ્યા અને આજે ખૂબ સુખી પણ છે. પરંતુ ભાઈ માટે તો એ દીકરા-દીકરીઓ પણ દૂરનાં.

સૌથી મોટો દીકરો જ્યોતિભાઈ. આજે એનું નામ વિશ્વમાં પંકાયેલું છે. કુશળ ચિત્રકાળ અને છબીકાર. એના કળાકૌશલ્યે કળાજગતમાં નવી ક્ષિતિજો ખોલી આપી. સુપ્રસિદ્ધ ચિત્રકાર રવિશંકર રાવળ કહેતા કે મોડર્ન ચિત્રકળા અંગે તો જ્યોતિ કહે એ જ સાચું. જ્યોતિભાઈને દેશ-વિદેશના અનેક પુરસ્કારો પણ સાંપડ્યા છે. વડોદરાના ફાઈન-આર્ટ્સ વિભાગમાં પ્રાધ્યાપક તરીકે જીવનભર સેવાઓ આપી, હવે નિવૃત્ત થયા છે.

જ્યોતિભાઈને કન્યા પણ આપબળે સામેથી ચાલીને મળી. ગોવિંદજી શ્રોફ પરિવારની જ્યોત્સ્નાએ પણ ફાઈન આર્ટ્સનો અભ્યાસ કરેલો. આજે પણ વડોદરાની કૉલેજમાં કળાવિભાગમાં કામ કરે છે. જતીનભાઈનાં પત્ની પણ કુશળ ઘરરખુ ગૃહિણી છે. જ્યોતિ-જનુ પછી આવ્યાં. ઇન્દા-કુસુમ. બંને શીલવાન, સંસ્કારી, સુશિક્ષિત કન્યા. ઇન્દાબહેન એમ.એડ્. થઈ પૂ. ચિદાનંદ સ્વામીજી દ્વારા દીક્ષિત થઈ સંન્યસ્ત જીવન ગાળે છે. હાલ શિશુવિહારની શૈક્ષણિક શાખા સંભાળી લીધી છે. કુસુમબહેને પણ એમ.એ.બી.એડ થઈ થોડો વખત ભાવનગરમાં શિક્ષણકાર્ય કર્યું, દરમિયાન શ્રી રાધેકાંતભાઈ સાથે લગ્ન થયાં. અમેરિકાવાસી બન્યાં, ત્યાર પછી હરીશ તે મૅટ્રિકથી આગળ ભણી ન શક્યો, પરંતુ પોતાની મેળે રોટલો રળતો થઈ ગયો. પશુ-પંખી માટે એનું હૃદય એટલું બધું સંવેદનશીલ કે એનું એ જગત જ જાણે અંતરનો માળો ! પશુપંખી અંગેની જાણકારી પણ ખૂબ. એની પાસે કલાકો સુધી પંખીની વાતો સાંભળ્યા કરવાનું મન થાય. એની પત્ની મીના, સ્વાતંત્ર્ય સેનાનીની દીકરી. ત્યાર પછી ઇલા. બી.એ. પછી મૉન્ટેસોરીનું કર્યું, અને જાણીતા કવિ શ્રી નાથાલાલ દવેના ભાણેજ શ્રી મુનિભાઈ સાથે પરણી.

મુનિભાઈ વડોદરા જી.એસ.એફ.સી.માં ડાયરેક્ટર તરીકે ઊંચા હોદ્દા પર કામ કરે છે. ઈલાથી નાનો મૂકેશ અને નાનક પણ વડોદરામાં જ પોતપોતાની આવડત-રુચિ મુજબ કામમાં લાગ્યા છે. મૂકેશ સ્ક્રીન પ્રિન્ટિંગમાં કૌશલ્ય દાખવતાં દાખવતાં સંગીત-રાસ વગેરેનાં આયોજનો કરતો રહે છે. જ્યોતિભાઈ પણ પોતાની કૉલેજમાં નવરાત્રિમાં સીધા-સાદા પારંપારિક ગરબા-રાસ ગોઠવી પ્રાચીન કળાને જીવતી રાખવા મથ્યા કરે છે. મૂકેશની પત્ની વંદના પણ ઘર સાચવતી કુશળ ગૃહિણી છે. નાનક ધીરે ધીરે પોતાનું ગજું કાઢી રહ્યો છે. એમ.એ.,પીએચ.ડી. કર્યું, પછી ભાવનગર એકસેલમાં, વડોદરામાં શ્રમિક સંસ્થાનમાં અને હવે આઈ.પી.સી.એલ.માં પોતાની સેવાઓ આપી રહ્યો છે. સ્વતંત્ર-મૌલિક વિચારક છે, પ્રયોગશીલ છે અને યૌવન સહજ ઉત્સાહ અને ધગશ પણ સેવે છે. પ્રત્યેક કાર્યનાં સામાજિક સ્પંદનો કેવાં ઊઠશે, તેનું મૂલ્યાંકન કરી જે-તે કાર્યને પ્રમાણે છે. માનભાઈના પરિવાર પ્રત્યેના અભિગમને એ પોતાની રીતે મૂલવતો રહે છે, એમાં તથ્યાંશ પણ હશે, પરંતુ પરિવારના એક સભ્યના મૂલ્યાંકનને સમગ્ર પરિવારજનોની મુલવણી માની લેવી, ઠીક ન લાગતાં એની ચર્ચા મેં અહીં છોડી દીધી છે. જાહેર કાર્ય કરતા, સામાજિક સંસ્થાઓ સંભાળતા સેવકો પોતાનાં જાહેર કાર્યનાં મૂલ્યો પરિવાર પર પણ જાણતા-અજાણતા લાદી દે છે. એનું વિશ્લેષણ એ કરતો રહે છે. આખરે આ બધું પાતળા દોરડા પર ચાલતા નટ જેવું અઘરું કાર્ય છે. પારિવારિક જીવન અને સંસ્થાકીય કે સામાજિક જીવન વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખાઓ વચ્ચે જાળવવાના વિવેકની આ વાત છે. એનું સમ્યક્ વિશ્લેષણ થતું રહે એ જરૂરી છે, પરંતુ અહીં એ અપ્રસ્તુત છે.

ભાઈ નાનકની પત્ની નિર્મોહી સ્વભાવે શાંત, સરળ, ઋજુ વ્યક્તિત્વ ધરાવે છે. જાણીતાં ક્રાંતિકારી કવયિત્રી સરૂપ ધ્રુવની એ

અનુજા છે. વડોદરામાં 'જીવનસાધના'ની શાળામાં શિક્ષિકા છે.

હવે તો સંતાનોને ત્યાં પણ બાળકો મોટાં થઈ પ્રગતિશીલ જીવન જીવી રહ્યાં છે. માનભાઈ દાદા-પરદાદા બની ગયા છે. હવે એના જીવનમાં નવા જ ચહેરાવાળી દાદાગીરી પ્રગટ થઈ રહી છે. દાદાજી એટલે ફળ-ફૂલ-છાંયડો આપનારો વિશાળ વડલો ! વડલાએ આપવાનું જ હોય ! છતાંય ભાઈ આજે કાંઈ અણમોલ ધન મેળવી લીધું હોય એવી સંપ્રાપ્તિનો અનુભવ કરી રહ્યા છે.

નાનકડા બીજમાંથી મોટું વૃક્ષ ક્યારે બની ગયું એની સૂધબૂધ પણ ન રહી, અને પોતે જ એ વડલાની ઘટાદાર છાયા હેઠળ વિશ્રામ અનુભવતા થઈ ગયા. માનભાઈનાં અંતિમ પર્વમાં, એના પરિવાર અને સૌ સંતાનો માટે કશી જ રાવ-ફરિયાદ તો નહોતી, બલકે સંતોષ અને કૃતજ્ઞતાની લાગણીઓ ઊભરાયા કરતી. પૂર્વ સંસ્કારો અને આદતવશ પોતાની આ લાગણીઓ ભલે એ વ્યક્ત ન કરતા હોય, પરંતુ અંતરતરમાં પોતાના પરિવાર માટેની અકથ્ય લાગણીઓના સાગરના ઘૂઘવાટા અમને દૂર ઊભેલાને સંભળાતા રહેતા. આ બધાને અંતે, એક જ સર્વોપરી લાગણી રહેતી કે પ્રભુ, આ બધાને લાયક હું તો નહોતો, છતાં તેં મારા પર કેવી અપાર કૃપા કરી !

◈ ◈ ◈

# ૪

# લોઢું કૂટનારા મજૂર રૂપે

૧૯૨૫નો એ કાળ. ભાઈનું જીવન ગજબના ત્રિભેટે આવીને ઊભું હતું ! જીવનનું સોળમું વર્ષ, ભરયૌવનમાં પ્રવેશ ! ચઢતી જુવાની, ફડફડતી પાંખો અને સન્મુખ અસીમ આકાશ અને એ આકાશના સ્વૈરવિહાર સામે ખેંચાયેલા તીરો સમા અંતરાયો ! બીજી બાજુ રાષ્ટ્રજીવનમાં એ એક એવો યુગ હતો, જ્યારે ધરતી પરનાં સૂકાં પાદડાં પણ ઊંચે ઊડીને આભને આંબવા મથી રહ્યા હતાં. ગુલામીમાંથી મુક્ત કરાવવાનો યૌવનને સાદ હતો, તો બીજી બાજુ પરિવારની જવાબદારી ઉઠાવવાનો જીવનધર્મ હતો !

આપકર્મી બનીને વડીલોને જણાવી દીધું હતું કે, 'હવે પોતાની આજીવિકાની ચિંતા પોતે જ કરશે. પોતાના માટે ક્યાંય ભલામણ કરવામાં આવે, ત્યારે પોતે ફોજદારનો દીકરો છે એ વાતનો લેશમાત્ર ઉલ્લેખ ન થવો જોઈએ.'

એમને જોઈએ છે જાતમહેનતનું જીવન ! કશુંક સર્જન થાય, નિર્માણ કરાય, તેવી ઉદ્યોગશીલ આજીવિકા ! છેવટે નસીબ એમને ભાવનગરના બંદર ભણી ખેંચી જાય છે.

ભાવનગર એક નાનકડું બંદર ! ત્યાં વેપાર વિકાસ શરૂ થયો તેવા સમયમાં સમુદ્રનાં પાણીની ઘણી મોટી ભરતી આવતી. ત્યારે સમુદ્રકાંઠે સ્ટીમર લાંગરી શકે એ માટે સ્ટીલની જેટી બાંધેલી હતી. આ ખાડીમાં વેપારાર્થે સેંકડો દેશી વહાણોની અવરજવર થતી અને ઉતારુઓ સહિત માલસામાન ભરીને સ્ટીમરો પણ આવતી જતી.

જૂના બંદર તરીકે ઓળખાતી સ્ટીલ જેટીની ખાડીની પેલે પાર

પૂર્વ દિશાએ બંદરનું વર્કશોપ હતું, જે ફેરી વર્કશોપના નામે ઓળખાતું હતું. ખારાપાટ જમીનના ઉજ્જડ વાતાવરણમાં અવ્યવસ્થિત પતરાના શેડવાળા છાપરામાં ઑઇલ એન્જિનથી ચાલતી થોડી જૂની મશીનરી, બાજુમાં સ્લીપ વે, જ્યાં લુહાર-સુથાર-ફીટર-ટર્નર-રંગરેજ, ડફરા બનાવનારા અને ખલાસી જેવા રોજમદારી કામદારો કામ કરતા હતા.

બાબુભાઈ તો પૉર્ટ ઑફિસરના બંગલે નોકરી શોધવા પહોંચી ગયા. વગર મંજૂરીએ અંદર તો કોઈ જવા જ શેના દે ? પણ મોટર-સાઇકલ પર એક ગોરાસાહેબને અંદર બંગલામાં જતા જોયા, એમની પાછળ પાછળ ગયા, તો સાહેબે અંગ્રેજીમાં પૂછ્યું કે, 'કેમ આવ્યો છે ?' તો ભાઈએ પણ અંગ્રેજીમાં વટથી ફેંક્યું, 'વર્ક મી, આઈ વર્ક, કીપ મી,' જવાબમાં સાહેબે નકારતાં કહ્યું, નો ! નો ! ગેટ આઉટ ! ભાઈ તો પ્લીઝ-પ્લીઝ કરતા રહ્યા. છેવટે ભાઈનું અંગ્રેજી સાંભળી સાહેબ હસી પડ્યા અને બીજા દિવસે સવારે ફેરી પર આવવાનું કહ્યું. એટલે ભાઈએ સાહેબને લશ્કરી ઢબે સ્કાઉટ સલામ ભરી વિદાય લીધી. રાજી રાજી થઈ, ઘેર જઈને પોતાના ગોટપીટ અંગ્રેજીના મહિમાની વાત કરી, સૌ ખડખડાટ હસી, ખુશ થયા.

બીજી સવારે સાડા સાત વાગે ઑફિસમાં પહોંચી ગયા. સાહેબ સમયસર આવી ગયા. માનભાઈને ઑફિસ બહાર બેઠેલા જોઈ વર્કશોપના ફોરમૅન સાથે કારખાને મોકલ્યા, ત્યાં નામ-ઠામ પુછાયાં અને પછી લુહારની કોઢ પાસે આ બ્રાહ્મણના દીકરાને બેસાડી દીધો. કોઢની બાજુમાં વિલાયતી કોલસાના પાંચથી દશ કિલોગ્રામ ટુકડાનો મોટો ઢગલો હતો. એ કોલસાના નાના નાના લીંબુ કે સોપારી જેવડા ટુકડા હથોડીથી ભાંગીને કરવાનું કામ સોંપાયું. કોઢ પાસે ઘણકરી બેઠેલો, તે કોઢ ધમ્યે રાખે. લુહાર કોઢમાં લોઢાને ગરમ કરે. લોઢું લાલઘૂમ થાય એટલે તેને ઘણ મારે, ટીપીને ઘડે. લોખંડ નામની

ધાતુમાંથી વિવિધ ઘાટ ઘડવાની કળા પહેલી વાર જોવા મળી. દિલ ખુશ થઈ ગયું. અજબનો કસબ જોઈ, પહેલી વાર હૈયું થનગન નાચી ઊઠ્યું. જાણે સ્વધર્મ મુજબનું જીવનકાર્ય હાથ લાગી ગયું, એવા સંતોષથી હૈયું ભરાઈ ગયું.

## જ્હૉન્સન સાહેબ સાથે દોસ્તી

આ વર્ષ હતું - ૧૯૨૫નું. પાંચમી ડિસેમ્બરે કામનો શુભારંભ થયો. પેલા અંગ્રેજ પૉર્ટ ઑફિસર પણ પહેલી ડિસેમ્બરે જ કામ પર હાજર થયેલા. આ જ્હૉન્સન સાહેબ અને માનભાઈની દોસ્તી ખૂબ જામી. પરભવનો ઋણાનુબંધ જ લાગે. બેઉનો મૂળ ધંધો મહેનત મજૂરી, એટલે દિલ મળી ગયાં. પહેલાં તો કોલમૅન તરીકે ભાઈને રોજના માત્ર છ આના મળે. ધીરે ધીરે બઢતી મેળવી ફોરમૅન બની રોજના અઢી રૂપિયા કમાતા થઈ ગયા. શરૂ શરૂમાં આકરી તાવણી પણ થઈ. ભાઈના ફોરમૅન તરીકે કામ કરતા કુંવરજીભાઈ સાવ અંગૂઠાછાપ, પણ કામની આવડતમાં ભલભલા ઇજનેરોને પણ પાછા પાડી દે. પરંતુ એમની જીભે સરસ્વતી ! એલફેલ બોલ્યે રાખે ! માનભાઈને પણ 'ભામટો' કહીને જ બોલાવે, ક્યારેક તોછડાઈ દર્શાવે. છેવટે જ્હૉન્સનસાહેબે કુંવરજીને ઠપકો આપ્યો, એટલે ઇતરાજી ચાલુ રહી, પણ તોછડાઈ બંધ થઈ. વાતવાતમાં ગાળો ભાંડવાની ટેવ. બંદરમાં નેવું ટકા કોળી લોકો, જે દારૂ-જુગારના વ્યસની. પણ કામઢા અને કહ્યાગરા પણ ખરા. બાકીના બધા વસવાયાની વચ્ચે જ બ્રાહ્મણ. એક માનભાઈ અને બીજા એક કારકુન.

જ્હૉન્સનસાહેબ પણ સાહેબગીરીથી મુક્ત માનવ હતા. ઑફિસમાં તો ભાગ્યે હાજર હોય, મોટે ભાગે વર્કશોપમાં જ હોય. બધાં કામોનો જાત-અભ્યાસ કરે. કેટલીક વાર તો પોતે સમારકામ કરવા બેસી જાય. લુહાર સામે બેસી ઘણ મારે, હોડકામાં હલેસાં મારે, ક્રેઇન-લોંચ-

ડ્રેઝર બધે કામ કરતાં કરતાં વાતો કરતા જાય અને સૂચનાઓ આપતા જાય. જાતમહેનતમાં કોઈ પણ કામ માટે સૂગ તો નહીં જ, બલકે એ બધાં કામ રસપૂર્વક કરી જાણે. પરિણામે સાહેબ અને મજૂર જેવા ન કોઈ વર્ગ ઊભા થાય, ન આડે કોઈ પડદા નડે.

## બંદર પરના મજૂરોની હાલત

બંદર પર સ્ટીમરને તાણીને લઈ જવા માટેની લોંચ, કાદવ કાઢવાનું ડ્રેઝર. માલ ભરવાના લોખંડના ચાપડા બનાવવાનું તથા બંદરને લગતું સમારકામ અહીંના કારખાનામાં થતું. ખલાસી-કામદારોની સ્થિતિ નબળી, પરંતુ મહેનતુ અને હૈયા-ઉકલતવાળા ખરા ! ત્યારે કામદારોને નોકરીના કોઈ હક્ક-અધિકાર નહીં. ભૂંગળાની વ્હીસલને બદલે બે પાળીના ઘંટ ચાર વાર વાગે. બપોરનું ભાણું કારખાને જ લઈ આવવાનું. પીવાનું પાણી રોજ જૂના બંદરથી લવાતું. ચા-નાસ્તા માટે નૂરા શેઠની ભંગારની દુકાન, જેમાં મહિના દિવસ સુધી ચા-પાન-બીડી-ગાંઠિયા ઉધાર મળે. શેઠ બિચારા મેલાંઘેલાં કપડાંવાળા, પણ સ્વભાવે સારા.

થોડાક અમલદારોનો માનવતાભર્યો વ્યવહાર બાદ કરતાં મોટા ભાગના સાહેબનો મિજાજ તોર, કારકુનોની ખુશામતખોરી, લાગતા-વળગતા તરફ પક્ષપાત, સ્વમાન સાચવી પ્રામાણિકપણે મહેનત કરી છૂટનારા કામદારોની તાવણી ! આવા વાતાવરણ વચ્ચે, મધ્યમ વર્ગમાં ઊછરેલો એક બ્રાહ્મણપુત્ર ભીતરના સાદને ન્યાય આપી આવી ચઢ્યો !

## 'આનંદ-મંગળ' મંડળની સ્થાપના

કેટલી રઝળપાટ અને જહેમતને અંતે મનગમતું કામ હાથ લાગ્યું, એટલે જીવનપુષ્પ જાણે આપોઆપ ખીલવા લાગ્યું. હજુ તો નોકરી પર ચઢ્યે માંડ ચાર-પાંચ દિવસ થયા હશે, પોતાની સાથે કામ

કરનારા શ્રમજીવી મજૂરો સાથે માંડ ઓળખાણ શરૂ થઈ હશે, ત્યાં માનભાઈએ સૌ સાથીદારોનું એક મંડળ ઊભું કરવાનો પ્રસ્તાવ મૂક્યો. પોતાનું ગુજરાન ચલાવવા પ્રામાણિક પરિશ્રમ કરી છૂટવો, પણ ત્યાર પછીના ફાજલ સમયમાં અન્યને ઉપયોગી બનવાની પરમાર્થી પ્રવૃત્તિમાં ફરજભાવે સેવા કરવી અને જનસેવાની કળા ખીલવવા આનંદ કરવો. સમાજ અને દેશનું મંગળ થાય તેવો સાત્ત્વિક આનંદ મેળવવાની વાત હતી, એટલે મંડળનું નામ પાડ્યું - 'આનંદ-મંગળ' મંડળ સૌએ એકી -અવાજે આ વાત સ્વીકારી લીધી અને મંડળના નિષ્ઠાપત્રમાં - 'કોઈ દેખરેખ રાખનાર ન હોય ત્યારે પણ બરાબર કામ કરતાં રહેવું, દિલ દગડાઈ લગીરે ન કરવી'. એ મુખ્ય શરત હતી. 'સેલ્ફ-ઓડિટિંગ'નો જ એક પ્રકાર ! શરૂ શરૂમાં સંખ્યા ૩૨ની થઈ. સભાસદનું નજીવું લવાજમ પણ રાખેલું. સેવાકામે જાય ત્યારે પહેરવાનો એકસરખો પોશાક પણ નક્કી થયેલો. દર વર્ષે નવા મંત્રીઓની વરણી થતી અને આવક-જાવકનો હિસાબ રજૂ થતો. આ બધી ઈ.સ. ૧૯૨૫-૩૦ની વાત ! આ મંડળની કામગીરી દ્વારા માનભાઈએ સૌનો એવો પ્રેમ જીતી લીધો કે નાનામોટા સૌ કામદારોના એ વડીલ પણ વહાલાસોયા 'ભાઈ' બની ગયા.

## બારમાના લાડુ સામે લડત

પણ માત્ર કારખાનું કાર્યક્ષેત્ર બની રહે, તે તો કેમ ચાલે ? સ્વરાજ્યની લડત સાથે સમાજસુધારાની હવા પણ વહેતી થયેલી. સર્વ શ્રી આત્મારામભાઈ ભટ્ટ, દેવશંકર બધેકા, શાંતિલાલ મહેતા જેવા સાથે મળી 'જ્ઞાતિ ન જોઈએ' એ મુદ્દાની ઝુંબેશ ઉપાડી. જોગાનુજોગ એ જ અરસામાં એક યુવાનનું અકાળ મૃત્યુ થયું તો 'મરનાર પાછળ કારજ નહીં' અને 'યુવાન વિધવા ફરી પરણી શકે તેવી છૂટ આપવી' - આ બે મુદ્દા પર પ્રચાર શરૂ કર્યો. મૃત યુવાનના પિતા માવજી દવે રાજ્યના

કામદાર હતા. તેમને આ વિરોધ ગમ્યો નહીં. એટલે વિઠ્ઠલેશ્વરમાં સો-બસોને બદલે પાંચસો બ્રાહ્મણ જમાડવાનો કાર્યક્રમ ઘડ્યો. આ સુધારક મંડળીએ 'બારમાના લાડુ નહીં ખાઈએ' લખેલાં પાટિયા સાથે વિરોધ નોંધાવ્યો, પણ સાદા પોશાકની પોલીસ ગુંડાઓ દ્વારા આ નવલોહિયા જુવાનોને મરણતોલ માર મરાવી, કૂણા કરી નાંખ્યા. બહારથી લાઠીઓનો માર વરસતો હતો, પણ અંદર તો જાણે ખુશી અને કૃતકૃત્યતાનું ઝરણું ફૂટ્યું હતું. પરંતુ વાત આટલેથી અટકી નહીં. માવજી દવે તો દીવાનસાહેબ પાસે પહોંચ્યા. ફરિયાદ કરી. પરિણામે આત્મારામભાઈ અને માનભાઈ બેઉના ખાતાના અધિકારીઓને સૂચના અપાઈ ગઈ કે ખો ભુલાવવા આ બેઉ નોકરિયાતોને તાત્કાલિક નોકરીમાંથી છૂટા કરવા.

બીજા દિવસે, રાબેતા મુજબ, સમય થયે આત્મારામભાઈ તો જકાત ખાતાની નોકરીએ ગયા તો આરબ ચોકીદારે અંદર દાખલ થવા ન દીધા અને કહ્યું, ''તમને નોકરીમાંથી છૂટા કર્યા છે. અહીંથી ચાલ્યા જાઓ.'' એ તો ચાલતા થયા. પછી આવ્યો ભાઈનો વારો.

ત્રીજા દિવસે, માનભાઈ કોલસા ભાંગતા હતા, ત્યાં જહૉન્સન સાહેબે આવીને બધી પૂછપરછ કરી. હકીકત જાણીને તો એ ઊલટા, છૂટા કરનારા પર રાતાપીળા થઈ ગયા અને ચાલ મારી સાથે કહી પોતાની મોટરસાઇકલ પર પાછળ બેસાડી સીધા પટ્ટણીસાહેબના બંગલે લઈ ગયા. બેઉ વચ્ચે અંગ્રેજીમાં ગરમાગરમ ચર્ચા થઈ. છેવટે સાહેબે કહ્યું. આ છોકરો બરાબર કામ કરે છે. કામ અંગે તેનો કોઈ વાંકગૂનો નથી. અને નોકરીમાંથી કાઢવાનો હોય તો પહેલાં મને નોકરીમાંથી છૂટા થવાનું ગમશે. જહૉન્સનસાહેબની જોરદાર રજૂઆત સાંભળીને પટ્ટણીસાહેબે હસીને તેમને જવાનું કહ્યું. જહૉન્સનભાઈને 'ડોન્ટ વરી. કાલે કામે આવી જજે,' કહી વિદાય થયા. થોડી વાર પછી પટ્ટણીસાહેબે

માનભાઈને બધું પૂછી વિગતો જાણી. જવાબથી સંતોષ થયો એટલે આવી ઝંઝટમાં ધ્યાન ન આપવાની સલાહ આપી વિદાય કર્યા.

## મજૂરોના અધિકારો માટે મજૂરમંડળ

અબ્દુલ શેઠના કારખાનામાં કામ કરતાં કરતાં અકસ્માત થવાથી 'આનંદ-મંગળ' મંડળના સભ્ય એવા એક મિત્ર મોહનનો હાથ કપાઈ ગયો. જહૉન્સનસાહેબ સાથે વાત થતાં તેમણે કહ્યું કે એ માણસને કાયદેસર વળતર તરીકે સારી એવી રકમ મળવી જોઈએ. કાયદામાં એવી જોગવાઈ પણ છે.

પરંતુ તપાસ કરી તો આવો કોઈ કાયદો જ ન મળે. છતાંય અરજી કરી અને દીવાન તથા અન્ય અધિકારીઓની પાછળ પડી ગયા. હાથ કપાઈ ગયેલો એટલે બીજો મજૂર તો રાખી લેવામાં આવેલો પરંતુ આની રોજીરોટીનું શું ? બૈરી-છોકરાં ક્યાં જાય ?

બીજા દિવસે ચેન ન પડ્યું એટલે ફૅક્ટરી ઍક્ટ બનવો જ જોઈએ, તે માટે કામદારોને લડત ઉપાડવા આગ્રહ કર્યો. બસ, ભાઈની મંડળી કામે લાગી ગઈ અને ઍક્ટના ગુજરાતી ભાષાંતરથી માંડી સભા-સરઘસ, પ્રચાર-પ્રસાર, ગોદી કામદાર મંડળ બનાવી સભ્યોની નોંધણી શરૂ કરી. મહાજનના વંડામાં સભા રાખી ગુલઝારીલાલ નંદાને આમંત્રણ આપ્યું. મજૂર-જાગૃતિનાં ભાષણો થયાં, લાંબી લડતનો લલકાર થયો અને છેવટે ભાવનગર રાજ્યે 'બોયલર ઍક્ટ' સાથે સાચા સ્વરૂપે 'ફૅક્ટરી ઍક્ટ' કર્યો. આ થઈ ૧૯૩૮ની વાત.

પછી તો આ 'ગોદી કામદાર મંડળ'નો મજૂર મહાજન સંઘમાં સમાવેશ થઈ ગયો, તેમ છતાંય માનભાઈવાળું 'આનંદ-મંગળ' મંડળ તો અનોખું જ હતું, એની ભાત જ જુદી પડતી. હક્ક કરતાં ફરજ પ્રત્યે વધુ જાગૃતિ, સાચું વર્તન, સાચો વ્યવહાર અને પરિપૂર્ણ કાર્યનિષ્ઠાનો

ગાંધીચીંધ્યો સિદ્ધાંત એમણે અપનાવેલો ! નગરનું કરચલિયા પરું પછાત વિસ્તાર ગણાય. ત્યાં વ્યસનમુક્તિ, રાત્રિશાળાઓ, સમાજસુધારણા, રમતગમત, સ્ત્રીજાગૃતિ વગેરે પ્રવૃત્તિઓ પણ માનભાઈની આગેવાની હેઠળ શરૂ થઈ. ત્યાં વસતી કોળી જ્ઞાતિમાં યુવાન સુધારકો ઊભા કર્યા. કારખાનાંમાં મજૂરો વધારે કુશળતાપૂર્વક કામ કરી શકે તે માટે તાલીમવર્ગો શરૂ કર્યા. એક હસ્તલિખિત અઠવાડિક પણ શરૂ કર્યું.

## મજૂર-કાયદા માટે 'ભોમિયો'

૧૯૪૫માં માનભાઈએ 'આપણો ભોમિયો' નામની નાનકડી પુસ્તિકા બહાર પાડેલી, એમાં ભાવનગર રાજ્યમાં કામ કરતા મજૂર વર્ગને રાહત અને સગવડ માટે યોજાયેલા કાયદાઓનું તારણ આપવામાં આવ્યું છે. વીસ પાનાંની પુસ્તિકાની કિંમત બે આના રાખેલી. એમાં ચાર મહત્ત્વનાં સૂત્રો છે.

પશ્ચિમ ભારતમાં આ જાતની સમજવાળો મજૂર સંઘ સૌ પહેલાં, ભાવનગરમાં વિકસ્યો એનું શ્રેય માનભાઈને જાય છે. તેમની સ્પષ્ટ માન્યતા હતી કે મજૂરમંડળો એ માલિકોને દબડાવવા માટેની ફોજ નથી, પરંતુ પોતાની ફરજ શીખવવાની સંસ્કાર શાળા છે. આ જ રીતે, કારખાનાં કે માલિકોનાં મંડળો મજૂરોને કચડાવનારી કે શોષણ કરનારી સંસ્થા છે એમ આપણે રખે માની બેસીએ. એકબીજાના અવિશ્વાસમાંથી અગ્નિ ઝરે છે. દોઝખની દુનિયા પેદા થાય છે. આપણે એ અવિશ્વાસને ધોઈ નાખીએ. પોતપોતાના સ્થાને સૌ શોભીશું અને તેની સુવાસ જનમંડળમાં રેલાવી શકીશું.

આ બધું રાજ્ય કે સરકાર કરે એની રાહ જોતાં બેસી રહેવાય નહીં એવી સમજણ પણ માનભાઈમાં હતી. મજૂરોએ જ સંગઠિત થઈને નવી સંસ્થા ઊભી કરવી જોઈએ. આમેય ભાઈની શ્રદ્ધા ન રાજ્યશક્તિ પર,

ન દંડશક્તિ પર. લોકો પોતાની નૈતિક શક્તિથી પોતાના જોરે જેટલું કામ કરે, તેટલું થાય. એમણે જોયું કે પોતાના ગોદી કામદાર મંડળના નેવું ટકા લોકો કોળી ભાઈઓ છે. એમણે એમનો અભ્યાસ કર્યો કે કોળી જ્ઞાતિના પૂર્વજો મૂળે વહાણવટીઆ, દરિયા ખેડનારા સાહસી લોકોની જમાત. દર શ્રાવણે છોકરાં પરણાવી દે, ઉંમર નહીં જોવાની. અમાસે નિષ્કલંક મહાદેવના દરિયે નહાવા જવાનું, લગ્ન પણ કરવાનાં અને છૂટાં થવાનું હોય તો પણ ત્યાં જ છૂટાં થવાનું રાખે.

## કારખાનાના માલ માટેનું મમત્વ

કારીગરો માટેની કૂણી લાગણી, એમને થતા અન્યાયો નિવારી આગળ ધપાવવા તકો ઊભી કરતા રહેવાની નીતિ બધા અધિકારીઓને અનુકૂળ ન આવતી. તેઓ પોતાનું ધાર્યું નહોતા કરી શકતા, જોહુકમી તો ક્યાંથી ચલાવી જ શકે ? પરિણામે માનભાઈ માટે, ઉપર ઉપરથી સદ્ભાવ રાખે, પણ તાકમાં રહે કે ક્યારે એ સકંજામાં સપડાઈ શકે તેમ છે ! ક્યારેક રજનું ગજ પણ કરી જુએ, પણ ફાવે નહીં. અહીં તો બધાં પૂરેપૂરી શક્તિ ખર્ચીને કામ કરે. દિલદગડાઈનું નામ નહીં, દેખરેખ રાખનાર હોય કે ન હોય પોતાનું કામ માનીને જ સૌ મહેનત કરે. ગોદી બંદર કામદારોનું હોય એવો મમત્વભાવ રાખી સૌ મહેનત કરતા. ભાઈ માટે તો આખો સમાજ જ પોતાનો હતો, તો પોતાનું કારખાનું કે બંદર પારકાં ક્યાંથી હોય ! પોતાની જાત માટે દાઝ હોય, તેટલી દાઝ પોતાના કારખાનાની.

બંદરમાં 'ભાવસિંહજી' નામનું કાદવ કાઢવા માટેનું ડ્રેઝર રદબાતલ ઠરાવી ભંગારરૂપે ભરતીમાં એક બાજુ ચઢાવી દેવામાં આવેલું. પછી તો હરાજીમાં મફતના ભાવે વેચાઈ રહ્યું છે, તેના સમાચાર પાછળથી આ મંડળને મળ્યા. ડ્રેઝર દેખાવમાં ટળી ગયેલું લાગે, પણ અંદરની મશીનરી સરસ હતી. નવા ડ્રેઝરની ખરીદીના દશમા ભાવની

રકમ મરામતમાં વપરાય, તો દુરસ્ત કરી શકાય તેવી હાલતમાં હતું.

બસ, કામદાર મંડળની શાંત લડતની ટહેલ નંખાઈ. પરિણામે હરાજી રદ કરવી પડી. હવે દુરસ્તીનું કામ કોણ સંભાળે ! એ જમાનામાં અંગ્રેજ કંપનીઓ સિવાય બીજું કોઈ આવા કામ હાથ ન ધરે. વિદેશી કંપનીઓને ખબર અપાયા. એલકોક કંપનીનો એક ઈજનેર જાતમાહિતી માટે આવ્યો. એને બધું બતાવવાની જવાબદારી માનભાઈના શિરે આવી. એની પાસે કાગળ પરનો નકશો તો હતો જ, માત્ર અંદર-બહારની ચાલુ હાલત સગી આંખે-સમજવાની અને ખર્ચનો અંદાજ કાઢવાની કામગીરી હતી. આ ઈજનેર ભાઈ, ભાવનગર રેલવે હેડ-ક્લાર્કના સુપુત્ર મુંબઈમાં નોકરી કરતા. એમણે ત્રણેક લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ મૂક્યો. કાગળ પર કશું ટપકાવ્યા વગર, ભાવતાલ જાણ્યા વગર અંદાજ કેવી રીતે કાઢ્યો ? એવા ભાઈના પ્રશ્નમાં એ સહજ નિર્દોષભાવે બોલી ગયા કે આવું મોટું ડ્રેઝર આજે ખરીદો તો ૨૦ થી ૨૫ લાખ રૂપિયા સહેજે થાય, તેને બદલે ત્રણેક લાખમાં એ ચાલતું થઈ જાય તો અમારી કંપનીને કેટલો મોટો લાભ થાય ?

થોડા દિવસોમાં શહેરના મોટા કારખાનેદારની સંયુક્ત અરજી આવી કે આવું કામ પરદેશી કંપનીઓને બદલે અમને સોંપો તો અમે ૧/૪ ભાગમાં કામ કરી આપીશું. આટલી રકમ ડિપૉઝિટ પણ મૂકીશું, જેથી કદાચ મરમ્મત ન થઈ શકે, તો તમને નુકસાન ન થાય.

આ જોઈ ગોદી કામદારોની હિંમત વધી. તેમના વતી કામદાર મંડળે પણ અરજી કરી કે બીજા વિશ્વયુદ્ધ વખતે આ કારખાનામાં જ ઝેડક્રાફ્ટ નામનાં વહાણો બંધાયાં છે. આપણી પાસે બધી સાધનસામગ્રી અને આવડત છે, પંજાબના રિપૅરરો કરતાં ચડિયાતા રિપૅરરો આપણી પાસે છે. તો શું કામ ગોદી કામદારોને આ કામ ન સોંપવું ?

બંદર આખરે તો રાજ્યનું ! બંદરના અધિકારીઓએ નવો તુક્કો

લડાવ્યો. કામ ભલે ખાતા દ્વારા થાય, પણ મરીન મર્કેન્ટાઇલના યોગ્ય ઇજનેરની દેખરેખ હેઠળ જ થાય. આ વાત સ્વીકારાઈ અને કાર્યવાહીની જવાબદારી ભાઈના શિરે આવી. કારીગરોની એક અલગ ટુકડી બનાવી. કામ માટે જરૂરી સગવડોની વ્યવસ્થા પણ કરી નંખાઈ, સુપરવાઇઝરની નિમણૂક પણ થઈ ગઈ. દર રવિવારે મુંબઈથી આવે અને અઠવાડિયા દરમિયાન થયેલા કામનું નિરીક્ષણ કરી, આવતા અઠવાડિયાનું જ બધું પૂછી પૂછીને નોંધ કરે અને તેના પરથી સાપ્તાહિક રિપોર્ટ તૈયાર કરીને મોકલે. ભાઈએ ઑફિસમાંથી એના છેલ્લા રિપોર્ટની એક નકલ ચોરીછૂપીથી મેળવીને ખાતરી કરી કે ભાઈની કહેલી વાતો જ પ્રોગ્રામમાં લખાયેલી હતી. એટલે એક અઠવાડિયે, આવનારા બેઉ અઠવાડિયાંનાં કામની નોંધ માનભાઈને પૂછી-પૂછીને અંગ્રેજીમાં નોંધી લીધી.

ભાઈને પૂછીને જ બધું કરવાનું હોય તો મોટા ઇજનેરનો ધોળા હાથીનો ખર્ચ શા માટે ઉપાડવો ? ભાઈએ શ્રી ઢેબરભાઈને હકીકત જણાવી. પહેલાં તો એમને લાગ્યું કે સૌને બદનામ કરવા આવી વાહિયાત વાત માનભાઈ લઈ આવ્યા છે. ભાઈએ આવતા અઠવાડિયાની નોંધ આપીને કહ્યું કે હવે તમે પોતે જ ઇજનેરસાહેબની નોંધ મંગાવી ખાતરી કરજો અને વાત સાચી લાગે તો રાજ્યનો ખોટો ખર્ચ બચાવી લેજો. ઢેબરભાઈએ એમની રીતે તપાસ કરી લીધી, એમને ખાતરી થઈ એટલે સુપરવિઝન રદ થયું. અને ખોટો ખર્ચ બચી ગયો. પ્રભુભાઈએ રિપૅરિંગનું કામ પણ સુપેરે પાર પાડ્યું. બજેટમાં નહોતું તેવું ડેક ઉપરનું પ્લેટકામ પણ નવેસરથી થયું.

સૌના આશ્ચર્ય વચ્ચે, દોઢ લાખથી પણ ઓછા ખર્ચમાં ડ્રેઝર નવા જેવું તૈયાર થઈ ગયું. સ્લીપ ડોકમાંથી નીચે ઉતારવાની ઉદ્ઘાટન વિધિ માટે મદ્રાસથી શ્રી કૃષ્ણકુમારસિંહજીને ખાસ તેડાવેલા. શ્રી ઢેબરભાઈએ

સૌને ખૂબ અભિનંદન આપી નવાજ્યા અને માનભાઈને સવિશેષ સન્માનરૂપે પુરસ્કાર આપવાના સંકલ્પની જાહેરાત કરી. તે જ ક્ષણે, પુરસ્કારનો વિરોધ કરતાં ભાઈએ કહ્યું - અમે સૌરાષ્ટ્ર રાજ્યના નોકર છીએ. કામગીરીના પ્રમાણમાં સામું વળતર મેળવીએ જ છીએ. અમારી ફરજ બજાવી રાજ્યને સંતોષ આપી શકીએ, તે અમારું સદ્ભાગ્ય જ ગણાય, તેમ છતાંય તમારે રાજીખુશીથી કાંઈ આપવું જ હોય તો સ્લીપરથી ફોરમૅન સુધીના તમામ કામદારોને એકેક પગાર વધારાનો આપો ! પછી તો રિપૅર કામ કરનાર, ન કરનાર સૌને એકેક પગાર-વધારો મળ્યો. સૌની ચડતીમાં ભાઈનો રાજીપો તો હોય જ. એમના માટે તો આ કારીગરનો સંગ એ જ મોટો પુરસ્કાર હતો. 'સંગમાં રાજી રાજી, આપણ એક બીજાના સંગમાં રાજી રાજી' આ - કાવ્ય કડી ભાઈના કામદારો સાથેના સંબંધમાં સાકાર થઈ ગુંજી ઊઠતી, સાંભળવા મળે છે. મજૂરો જાણે ભાઈના માડીજણ્યા ભાઈઓ હોય તેવો ધબકતો સંબંધ જોવા મળે છે.

## વટનો કટકો

પોતાનાં પાસાં સદા સવળાં જ પડે છે, એવી એક શ્રદ્ધા અંતરમાં બેસી ગયેલી, પરિણામે સાહસોમાં ક્યારેક આંધળુકિયા કરી બેસતા., પરંતુ આવી હિંમત અને સાહસભરી વૃત્તિને કારણે બંદરના અમલદારોમાં પ્રિય બની ગયા હતા અને નિષ્ણાત પણ ગણાતા. સંકટ સમયની સાંકળ કોણ ? તો માનભાઈ ! બહારથી મોટી મોટી સ્ટીમરો આવે, એમાં લગભગ તો યુરોપિયન ગોરા સાહેબો જ હોય. તેમની સાથે કામ કરવાની તક ભાઈને મળી, પેલા રાજી થઈને પરદેશી સિગારેટ આપે અને એ તો બહુમાન ગણાય. પણ ભાઈ તો ધૂમ્રપાન કરે નહીં, એટલે સિગારેટને બદલે સર્ટિફિકેટ માંગતા. એ જમાનામાં ભાઈએ આવાં કેટલાંય પતાકડાં ભેગાં કરી લીધેલાં.

જાનની બાજી લગાવીને સાહસો તો કરતા રહેતા, પણ પગારમાં રોજ એક રૂપિયાનું ચાંદરડું મળતું, તેનું તે જ કાયમ હતું. હવે તો બહોળા ઘરબાર વાળા થયેલા. આટલા પગારમાં ઘર કેમ ચાલે ? જહૉન્સન-સાહેબને વાત કરી, પણ પગાર વધારવાની સત્તા એમના હાથમાં નહોતી. એ પણ મૂંઝાય અને ભાઈ અંદરથી ચિંતિત રહ્યા કરે.

એક વાર બંને કેશ હાર્ડનિંગનો પ્રયોગ કરતા હતા. તેમાં લોખંડના ટુકડાને ચામડાથી વીંટી ડબ્બામાં મૂકી ગરમ કરવાનું હોય. ચામડાની રાખ થઈ જાય અને લોખંડની સપાટી સખત થઈ જાય. આ પ્રયોગ દરમિયાન, પગાર વધારાની વાત ચાલી. ભાઈએ તોરમાં ને તોરમાં કહ્યું ‘હવે જો મારો પગાર નહીં વધારાય, તો હું કામ છોડીને બીજે ચાલ્યો જઈશ. મારી પાસે પાર વિનાનાં સર્ટિફિકેટ છે ! તો સાહેબથી બોલી જવાયું ‘એ બધાં સર્ટિફિકેટ આખરે મેં જ અપાવ્યાં છે ને !’

બસ, સ્વમાનને આંચ હાડોહાડ લાગી ગઈ. બીજે દિવસે ભઠ્ઠી પાસે પ્રયોગ ચાલુ હતો, ત્યાં જ બધાં સર્ટિફિકેટ સળગતી ભઠ્ઠીમાં નાખી દીધાં. અને ઑફિસરને જણાવી દીધું કે કાલથી હું કામે આવવાનો નથી !

વટનો કટકો ! ક્યાં કશું મફતનું કે હરામનું ખાવું છે ! ખબર પડેલી કે મુંબઈમાં બી.બી.ઍન્ડ.સી.આઈનું વર્કશોપ પરેલમાં હતું, ત્યાં કામદારોની હડતાળથી સંચાલકો ત્રાસી ગયેલા. એટલે દાહોદ પાસે ફ્રીલેન્ડગંજમાં એક નવું વર્કશોપ શરૂ કરેલું, ત્યાં નવી ભરતી થતી હતી. બસ, ભાઈ તો દાહોદ પહોંચી ગયા. ન કાંઈ રહેઠાણ, ન ઓળખાણ-પિછાણ ! પણ કૂદવા માટે અંધારિયા કૂવા જેવું બીજું કામ નહીં. મનમાં લગીરે ઉચાટ ન મળે. સામેના બંગલમાં ઘૂસ્યા. નોકરી માટે આવ્યો છું, તેવી જાણ કરી. નસીબજોગે સામેની વ્યક્તિ ભાવનગરના જ ડૉક્ટર મહાશય નીકળ્યા. જૂની ઓળખાણો તાજી કરી. ખૂબ રાજી થયા અને તરત જ ફોન કરી ભાઈને દોઢ રૂપિયાની રોજીમાં રાખી લીધા. ચાલો,

મોટું કામ તો પત્યું, હવે ભોજન અને છાપરાની વાત, તે પણ વ્યવસ્થા ડૉક્ટર સાહેબે કરી આપી.

કારખાને ગયા, તો એકદમ આધુનિક યંત્રો, સાધનોથી સુસજ્જ વર્કશોપ ! જેમની ઓરડીમાં સાથે રહેવાનું ગોઠવાયેલું, તે પણ ભાઈની રહેણીકરણીથી પ્રસન્ન થઈ ગયા. ભાઈ એટલે સરસ મજાની, કાર્યકુશળ, ખંતીલી, ચીવટવાળી ગૃહિણી જ સમજી લો ! એમની સાથે રહેવાનું કોને ન ગમે ?

ત્યાં પિતરાઈ ભાઈના લગ્નની કંકોતરી મળી. પંદર દિવસમાં તો રજાનો વિચારેય ક્યાંથી કરાય, પણ પેલા ડૉક્ટર સાહેબની ઓળખાણનો લાભ લઈ ભાવનગર આવ્યા. જહૉન્સન સાહેબને બધી વાત કહી, પોતાનું પગાર કાર્ડ બતાવ્યું, તો કહે - હવે તું અહીં જ રહી જા. તને દોઢ રૂપિયો અહીં ઘરઆંગણે અપાવીશ.' વાત તો માની લેવી પડે તેવી હતી. દિલસોજી દર્શાવતો અને અંતરથી આભાર માનતો પત્ર મુંબઈ લખી, 'કાંઈ થયું જ નથી' એમ ગણી ફરી પાછું બંદરનું કામકાજ શરૂ કર્યું.

પણ પાછી ચટપટી શરૂ થઈ ! મારો તો દોઢ રૂપિયો કરાવ્યો, પણ મારા સાથીદારોનું શું ? નવા દાખલ થનારને બે-અઢિ રૂપિયા રોજી મળે અને વર્ષો જૂના કારીગરો રૂપિયામાં સબડે, આ તે ક્યાંનો ન્યાય ! વળી પાછી એક લડત આદરી. બે જૂના અનુભવી કારીગરો પાસે રાજીનામું મુકાવી. તેમને 'રબર વર્કસ'માં વધારે પગાર સાથે રખાવી દીધા. એટલે ઉપરી સત્તાધીશોનું વચન મળ્યું કે પગાર વધારાના પ્રશ્ને વિચારણા થશે.

ધીરે ધીરે કારખાનામાં જ કામદારોની પોતાની નાનકડી કૅન્ટીન, થોડા દવા-દારૂ-પાટા-પિંડીવાળું પ્રાથમિક સારવારનું કેન્દ્ર અને પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા કરી. સદ્‌વાચન માટે પુસ્તકાલય, બચત મંડળી, ધીરધાર મંડળી પણ સ્થપાઈ, પરિણામે વ્યાજખાઉં પઠાણોના ફેરી પરના આંટાફેરા બંધ થઈ ગયા !

કામદારોનો ઉત્સાહ વધ્યો, કામ વધ્યું, આવડત વધી, એટલે નવાં નવાં યંત્રો પણ આવતાં થઈ ગયાં. કામદારો અને અધિકારીઓ વચ્ચેનું સમજણનું ધોરણ પણ ઊંચું આવ્યું, અનેક પ્રકારના તાલીમવર્ગો શરૂ કરાયા. આમ માનભાઈ અને એમના સાથીદારોના પ્રયાસોથી કારખાનાની જાણે કાયાપલટ જ થઈ ગઈ ! વચ્ચે વચ્ચે સમૂહ ભોજન, પ્રવાસ પર્યટન, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, રમતગમત સ્પર્ધાઓ જેવાં આયોજનોમાં બંદર પરનો નાનો મોટો, બાળકો-બહેનો સમેતનો આખો પરિવાર આનંદમંગળ કરતો રહ્યો. દિવાળીના આગલા દિવસે યોજાતા સ્નેહમિલનમાં પરસ્પર-મુશ્કેલીઓની મોકળે મને રજૂઆત થાય ! ૧૯૪૬માં મકરસંક્રાંતિને દિવસે બંદરનાં બાળકો માટે 'પોર્ટ વર્કમૅન બાળદિન'ની ઉજવણી કરેલી, જેમાં રમત-ગમત, ચિત્ર-પ્રદર્શન ઉપરાંત રાત્રે મનોરંજનમાં વિવિધ નાટકો પણ ભજવેલાં.

પોતે કોલમૅનમાંથી ફોરમૅન બનેલા, પણ હજુય એમની સખત મહેનત છૂટી નહોતી. કામદારોને ન્યાય મળે તે માટે તેમની તેજસ્વી--તીખી કલમ ચાલ્યા કરતી, પોતાની નોકરી જોખમાય એનો ડર લગીરે ન રાખે !

## રાણી વિક્ટોરિયાને હઠાવ્યાં

સૌરાષ્ટ્ર રાજ્ય થયા પછી, પહેલી ધારાસભા માટે રાજકોટમાં વિશાળ ખંડ રૂપે જ્યુબીલી ગાર્ડનનો કોનોટ હૉલ જ સુયોગ્ય હતો. પરંતુ મુશ્કેલી એ હતી કે આ ખંડની વચ્ચોવચ્ચ રાણી વિક્ટોરિયાનું પૂર્ણ કદ કરતાં પણ મોટું આરસનું એક પૂતળું હતું. અગાઉના કાળમાં, એને આ મકાનમાં પહોંચાડવા ખાસ વૅગનમાં, સ્ટેશનથી મકાન સુધીના ખાસ પાટા નંખાવી પહોંચાડવામાં આવેલું. પહેલાં તે પૂતળાનું ચણતર થયું, પછી તેને બરોબર મધ્યમાં રાખીને મૂકવા માટે પાયો બાંધી ખંડ ચણવામાં આવ્યો હતો.

પરંતુ સ્વરાજ્ય પછી પરદેશી રાણીનું આ પૂતળું જ નડતરરૂપ થઈ ગયું. તેને તોડ્યા સિવાય ત્યાંથી હટાવવા નિષ્ણાતોની સલાહ લેવાઈ. છેવટે, પૂનાના એક નિષ્ણાતને બોલાવવામાં આવ્યા. આ પૂતળું ફેરવવું જોખમકારી છે એમ કહી, તેમણે પૂતળા આડે રેશમી પડદો નાખી દેવા સૂચવ્યું. પછી ખંડ નાનો તો થઈ જાય, પણ ખંડની શોભા વધશે, આવી સલાહ પાંચેક હજારનો પુરસ્કાર અને પ્રવાસ ખર્ચ લેનારા મહાનુભાવે આપી.

ગોદી કામદાર મંડળના કામે માનભાઈ ત્યારે રાજકોટ હતા. એમણે આ ચર્ચા સાંભળી, પોતાના સ્વભાવ મુજબ જોરથી ખડખડાટ હસ્યા. મુરબ્બીઓએ ખુલાસો માંગ્યો ત્યારે કહે, ''આ પૂતળું અદ્ધર આકાશેથી તો નીચે ઊતરી આવ્યું નથી, કે નથી ધરતીમાંથી પેદા થયું. માણસોએ જ એને અંદર મૂક્યું હશે, એટલે માણસો જ એને ત્યાંથી હટાવી પણ શકે. મને છૂટ આપો, જોઈતી સગવડ આપો તો હું આ કામ કરી આપવા તૈયાર છું.''

ઘડીભર તો સોપો પડી ગયો. પણ પછી કાંઈ ભરોસો બેઠો હશે એટલે ભાવનગરના પૉર્ટ ઑફિસ ઉપર લખાણ આપ્યું કે માનભાઈને જે સાધન-સગવડ-માણસ વગેરે જોઈએ, એ આપશો, એ જ રીતે રેલવે મૅનેજરને પણ લખાયું કે માનભાઈને જોઈતી બધી સગવડ કરી આપવી. ૧૯૪૮નો ડિસેમ્બર મહિનો હતો.

ખલાસીકામમાં પાવરધા અને આગવી સૂઝસમજ ધરાવતા કામદારોએ ભાઈની દોરવણી મુજબ કામ ચાલુ કરી લાકડાની મજબૂત ઘોડી પર પૂતળાને ઇઠાવી દોરડાની યુક્તિપૂર્વકની આંટીઓ મારી દીધી. ધીરે ધીરે પૂતળું ક્રેન પર ઊંચકી બહાર મૂકી દીધું, ખંડની ડાબી બાજુ કાશ્મીરી નકશીવાળું લાકડાનું પાર્ટીશન હતું, તે સંકેલીને ખૂણે ખસેડી દીધું. ક્યાંય ડાઘ ન દેખાય, એ રીતે વિશાળ ખંડ વાળી ચોખ્ખો ચકચકિત

કર્યો. પૂતળાની દશ-બાર ફૂટની જગ્યા ઊબડખાબડ રહી. બાકી સરસામાન બધું ખસેડી દીધું અને ખલાસીઓનું ખાસ ગાન સાગરસંગીત 'વલભી' ગાવા માંડ્યા. આમ ચાર દિવસનું કામ આ અભણ ખલાસીઓએ એક દિવસમાં પૂરું કરી આપ્યું.

પછી પ્રશ્ન આવ્યો ચુકવણીનો. ભાઈ તો સિદ્ધાંતવાદી. કહે અમે તો સરકારી નોકર ! રોજ એ જે આપે, તે જ અમે લઈએ, ભલે સાથે થોડું ભથ્થું-ભાડું ઉમેરે. વહીવટની કાંઈક ગૂંચ ઊભી થઈ, પરંતુ આખરે તોડ નીકળ્યો અને હજારો ખર્ચાય ત્યાં સેંકડો ખર્ચી સંતોષ થાય તેવું કામ કરી આપ્યું. પોતે દુષ્કર કાર્ય પાર પાડ્યું હતું. છતાંય તેનો ખોટો લાભ ખાટી જવાની વૃત્તિ આ શ્રમિકોમાં નહોતી. ભલે ઝાઝું ભણેલા ન હોય, પરંતુ ભણેલા કેવા ભૂલેલા હોય છે, તેની નાડ પણ પારખી જાણે !

## લઘુ ઉદ્યોગનું મંડળ

જન્મે બ્રાહ્મણ, પણ વૃત્તિમાં ભારોભાર શ્રમનિષ્ઠા ! પરિશ્રમના પરિમલથી આ શ્રમિકનાં દિલદિમાગ એવાં તો તરબતર છવાયેલાં રહ્યાં, કે ભલભલા અર્થશાસ્ત્રીઓ અને સમાજ સુધારકોને ન સૂઝે તેવાં કાર્યો સૂઝતાં રહ્યાં. મૂળ વાત આ કે હૈયે દેશદાઝ હતી. પોતાના માનવબંધુઓને ન્યાય, સુખ-શાંતિ અને વિકાસની ઊર્ધ્વ દિશા કેમ સાંપડે એ જ લાગણી ! કારખાનાને લગતાં, કામદારોને સ્પર્શતાં કામો ઉપરાંત પણ અન્ય કાર્યો કરવા તેઓ સદા તત્પર રહેતા.

ગોદી-કામદાર મંડળ માત્ર પોતાનું સંભાળી બેસી રહે તો તો ખાબોચિયા જેટલો આનંદ મળે ! ભાઈને તો સાગર જેવડો અખૂટ આનંદ જોઈએ ! શહેરના બીજા કારીગરો પણ ઊંચા આવે, તે માટેની ચટપટી ભાઈના દિલમાં થઈ. સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપના પછી ફોન, દરિયાઈ સિગ્નલ ટાવરો, રેલવે વગેરેનો કબજો કેન્દ્ર સરકારે લીધો. પરિણામે કેટલાંક કારખાનાં બંધ થયાં અને કારીગરો બેકાર બન્યા. ખાસ

કરીને રેલવે ક્રૉસિંગ બનાવવાનો ઉદ્યોગ શ્રી કરશનભાઈ પટેલ દ્વારા સુંદર ફૂલેલો-ફાલેલો, પણ એ આમ અચાનક બંધ કરવો પડ્યો.

બેકાર પડેલા કારીગરોની પીડા ભાઈના અંતરમાં પરખાણી અને એમણે ભાવનગરના બાહોશ ઉદ્યોગપતિ, ઉત્તમ નાગરિક શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર દ્વારા કેન્દ્ર સરકાર સાથે આ અંગે વાટાઘાટો ચલાવી. આ વાટાઘાટના ફળરૂપે કેન્દ્રીય રેલવેખાતા તરફથી એક અધિકારી રૂબરૂ મુલાકાતે આવ્યા. પરંતુ બહારથી કારખાનાનો દળદરિયો દેખાવ જોઈ, આગળ તપાસ જ ન કરી, અને પાછા ફર્યા.

પરંતુ ભાઈએ આશા ન છોડી. રેલવે ખાતું વચ્ચે વચ્ચે જરૂરિયાતનાં સાધનો બનાવવા ટેન્ડરોની જાહેરાત કર્યા કરે, પણ એ સાધનોની બ્લ્યુ પ્રિન્ટને ઉકેલતાં કોઈને ન આવડે ! વળી પાછી લખાપટ્ટી કરી પહેલા ત્રણ દિવસના અને પછી એક મહિનાના 'હાઉ ટુ રીડ બ્લ્યુ પ્રિન્ટ'ના તાલીમવર્ગો ચલાવ્યા અને કારીગરો વૈજ્ઞાનિક પદ્ધતિથી કામ શીખે એ માટે વેજિટેબલના કારખાના પાસે 'ફેસિલિટી સેન્ટર' પણ ઊભું કરાવ્યું. વિવિધ ઉદ્યોગોની જાણકારી પુસ્તકો દ્વારા મળે, તે માટે એક પુસ્તકાલય પણ ઊભું કર્યું.

ગામમાં ફરી વિવિધ કારીગરોને કામદાર મંડળમાં સમાવ્યા. જ્યારે જે કારીગરોની અછત ઊભી થાય ત્યારે આ મંડળ કારીગરો પૂરા પાડે. આમાંથી જ ધીરે ધીરે 'સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન' ઊભું થયું.

ગોદી કામદાર મંડળની સ્થાપનાને દશ વર્ષ થઈ ગયાં હતાં, અને બંદર પરના કામદારોના કામનું ધોરણ ઊંચું ગયેલું, પરંતુ એમના પગારો કે રજાના લાભો અંગે કે અન્ય સવલતો બાબતે અનેક અરજીઓ અને હિલચાલ છતાં કશું પરિણામ આવ્યું નહોતું.

દરમિયાન, ગાંધીજીના પુણ્યપ્રતાપે તા. ૧૫-૨-'૪૮ના રોજ સૌરાષ્ટ્રને જવાબદાર રાજ્યતંત્ર મળ્યું. હવે તો જનતાનું રાજ્ય,

પ્રજાસત્તાક સરકાર એટલે લડત ન થાય, હડતાળો ન પડાય આવા ખોટા ખ્યાલોમાં રાચતી અમલદારશાહીએ કામદારોની માંગણીઓને ટલ્લે ચડાવી તુમારી પ્રકરણ લંબાવ્યા કર્યું, ત્યારે કામદારોની ધીરજ ખૂટી ગઈ અને માનભાઈ પણ તુમારનાં કાગળિયાં મોકલી-મોકલીને કંટાળી ગયા. સ્વજન સામે જ બાંયો ચડાવવી ન પડે એટલે લાગતા-વળગતા અધિકારીઓને મળી, અંતે મુખ્ય મંત્રી શ્રી ઢેબરભાઈને મળવાનું નક્કી કર્યું. સાદાઈની મૂર્તિ સમા ઢેબરભાઈએ પ્રતિનિધિમંડળને શાંતિથી સાંભળ્યા કર્યું એટલે છેવટે ૧૫-૧૦-'૪૮ના રોજ વિરોધ દર્શાવવા, એક દિવસની પ્રતીક હડતાળનું એલાન અપાયું. ત્યાર પછી પણ લડત ચાલુ રહી. વધારે ને વધારે કામ કરતા રહી, સામાન-સાધનોની કાળજી રાખી ઉપયોગ કરતા રહ્યા, ખાતાનાં સારાં કાર્યોમાં સંપૂર્ણ સહયોગ આપવાની તત્પરતા દાખવી. પરિણામે તા. ૧-૪-'૪૮થી કામદારોને પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી, પેન્શન, રજા વગેરેના હક્કોનો લાભ આપવા તેમ નક્કી થયું. કામદારો માટે એ દિવસ વિજયના આનંદોલ્લાસનો દિવસ હતો.

## બંદર પર એકચક્રી સામ્રાજ્ય

બંદર પરના કામમાં પણ, કારખાનાને નુકસાન ન થાય એ રીતે અનેકોને કામ કરી આપ્યાં. કોઈને ટેકનિકલ માર્ગદર્શન જોઈતું હોય તો આપે પૈસા મેળવે અને પ્રવૃત્તિઓમાં ખર્ચી કાઢે. ઉપરીને પૂછ્યા વગર કેટલાકને સાધનો પણ ઉધાર આપેલાં અને પૂરું વળતર પણ લીધું હોય. પણ કદીય એક પાઈ પણ પોતાના ખિસ્સામાં મૂકવાની વાત નહીં. પોતે જાણે કારખાનાના સર્વેસર્વા હોય તેવો વટ રાખે. ગિજુભાઈના અધ્યાપનના બસો વિદ્યાર્થીઓ અને ઇન્ડિયન નૅશનલ ફોર્સના ત્રણસો માણસોને ડ્રેઝરની પાછળ બાર્જ બંધાવીને દરિયામાં સફરો કરાવી, પણ ક્યારેય કોઈ ઑફિસરે વાંધો ન ઉઠાવ્યો, બલકે રાજીખુશીથી તમામ

સત્તા આપે. જુદા જુદા વિભાગોના કપ્તાન-ઇજનેરો પણ માનભાઈને માન આપે.

## કામદારોનાં ઘરનાં ઘર

બંદરમાં કામ કરતા નોકરિયાતોનાં પોતાનાં ઘર હોવાં જોઈએ તેવો ૧૯૪૯માં માનભાઈએ એક વિચાર કામદારોમાં વહેતો મૂક્યો. પણ કામદારો સામે મોટો પ્રશ્ન હતો - પૈસાનો ! પરંતુ ફરી ફરી આ વાત ચર્ચાતી રહી, એટલે થોડા કામદારો, ક્લાર્ક તથા સુપરવાઇઝર ભાઈઓએ પ્રશ્ન હાથમાં લીધો, અને ઘર બંધાવવા ઇચ્છનાર લોકોની એક મંડળી બનાવી લીધી. અને ૧૯૫૨માં ગોદી કામદાર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીની સ્થાપના કરી. આ યોજનામાં આનંદ-મંગળ મંડળના સભ્યો પણ જોડાયા ત્યાર પછી જમીન મેળવવામાં તથા ખાતામાંથી લોન રકમ મેળવવામાં માનભાઈ તથા મિત્રોની શક્તિ લાગી અને બધું પાર પડી ગયું અને ત્રણ વિસ્તારમાં મળીને બધાને જુદા જુદા પ્લોટો મળ્યા.

## બાબુરાવ ઍન્ડ કંપની

નાનપણથી જ 'મોટા ભા' થઈને રહેવાની ટેવ પડી ગયેલી. દાદા લાઇબ્રેરીમાં સાથે લઈ જાય, ત્યાં સામયિકોનાં ચિત્રો જોયા કરે, એમાં જાહેરાતો પાર વગરની હોય અને એમાં નીચે લખ્યું હોય કે ('નમૂનો') સેમ્પલ ફ્રીમાં મળશે. એટલે બાબુભાઈ તો નમૂનો મંગાવે. એ જમાનામાં કંપની પોસ્ટથી નમૂનો મફત મોકલે, વળી પાછો પત્ર લખે કે પસંદ પડે તો કેટલો માલ મોકલીએ વગેરે. ભાઈને તો આવા નમૂના ભેગા કરવાનો શોખ ઊપડ્યો. ખાસ્સો સંગ્રહ ભેગો થઈ ગયો. વળી ટપાલી નીચેથી બૂમ પાડી મોટેથી બોલે - 'બાબુરાવ ઍન્ડ કું !' અને ભાઈની છાતી ગજગજ ફૂલે.

બંદરમાં ગયા પછી પણ નાનપણનો આવો છંદ છૂટ્યો નહીં. અંગ્રેજીમાં પોતાના નામનાં લેટરહેડ છપાવેલાં, અને ઑફિસમાં કાગળો ટાઇપ કરાવીને દેશ-વિદેશમાં મોકલે. ધીમે ધીમે ઇંગ્લૅન્ડ વગેરેની મોટી કંપનીઓ સાથે પત્રવ્યવહાર શરૂ થઈ ગયો અને સૂચિપત્રો, નમૂના, માહિતી ભરેલી પુસ્તિકાઓની ફાઈલો ને ફાઈલો ટપાલમાં આવતી થઈ ગઈ. ઔદ્યોગિક શિક્ષણમાં આ બધું સાહિત્ય ખૂબ ઉપયોગી થઈ પડ્યું. ક્યારેક કોઈ મોટા ઇજનેરને પણ ખબર ન હોય, તેવી માહિતી માનભાઈ આપી શકતા.

## સમારંભોનાં રખવાળાં

માનભાઈ આમ કહેવાય પોતે કામદારોના આગેવાન, પણ તેમના 'આનંદ-મંગળ મંડળ'નાં કાર્યોની સુવાસ ભાવનગરમાં ફેલાઈ ગયેલી. નગરમાં ક્યાંય પણ કશુંક મોટું અને ભવ્ય આયોજન હોય, ત્યારે સલામતી, શાંતિ-શિસ્ત-વ્યવસ્થા જળવાય તે માટે 'આનંદ-મંગળ મંડળ'ને દેખરેખ રાખવાનું કામ સોંપાતું. દેશી રાજ્યોના વિલીનીકરણના પ્રશ્ને ભાવનગરના રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજી પૂજ્ય ગાંધીજીને મળવા ગયા ત્યારે બાપુએ એમને ખૂબ માન-આદર આપેલાં અને પાછા વળતી વખતે છેક મોટર સુધી ગયા હતા. કોઈકે પૂછ્યું ત્યારે બાપુએ કહેલું કે, 'હું ભાવનગરની શામળદાસ કૉલેજમાં ભણેલો, એટલે એ મારા રાજા જ ગણાય. એમને મારે યોગ્ય માન-આદર આપવાં જ જોઈએ.' આ રાજવી વાસ્તવમાં આવાં માન-આદરને યોગ્ય પણ હતા.

વિલીનીકરણમાં સૌથી પહેલું રાજ્ય આ રાજાએ જાહેર કરેલું અને પોતાનું રાજ્ય આપી દેવાના પ્રસંગે ખુદ ગાંધીજી પણ હાજર રહેવાના હતા, પરંતુ છેલ્લી ઘડીએ કાર્યક્રમ બદલાતાં, (૧૫-૧-'૪૮ના આ શુભ દિને) તેમના બદલે સરદાર વલ્લભભાઈ પટેલ આવ્યા. આ પ્રસંગની વ્યવસ્થાની જવાબદારી પણ આનંદ-મંગળ મંડળને સોંપાયેલી.

આ જ રીતે, એક વાર વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ ભાવનગર આવવાના હતા, ત્યારે પણ સરકારના સંરક્ષણ ખાતાના આયોજન મુજબની તમામ પૂર્વતૈયારીઓ કરવાની જવાબદારી માનભાઈના આ મંડળને સોંપવામાં આવેલી. જવાહર મેદાનની વચ્ચે એક મોટો મંચ ચણવાથી માંડી, હજારો લોકોને બેસવાની વ્યવસ્થા વગેરે કામ મંડળે કરવાનાં હતાં. આ પ્રસંગે પણ, આ મંડળે સફળ કામગીરી બજાવી, સુયશ પ્રાપ્ત કરેલો. પછી તો લગભગ બધા મોટા સમારંભોની વ્યવસ્થા આ મંડળને જ સોંપી, સૌ નિશ્ચિંત થઈ જતા.

બાપુના અસ્થિ-નિર્વાણ પ્રસંગે, અસ્થિકળશ ભાવનગર આવવાનો હતો ત્યારે પણ વ્યવસ્થાની તમામ જવાબદારી શિશુવિહારને સોંપવામાં આવેલી. પાયાની જગ્યાએ કળશ રાખેલો, તેની રાતભર ચોકી કરવાની જવાબદારી પણ આ મિત્રોની હતી. ભક્તિભાવપૂર્વક અખંડ રામધૂન ચલાવી રાતભર ચોકીપહેરો કર્યો. બીજા દિવસે બપોરે રાજ્યની સોના-ચાંદીની ગાડીમાં જ અસ્થિ બંદર સુધી લઈ જવાનાં હતાં. ઘોડાને બદલે સફેદ સૂતરનાં બે દોરડાં બાંધ્યાં અને નક્કી થયેલા આગેવાનો અને કૉંગ્રેસ સેવાદળના સભ્યોને એ ગાડી ખેંચવાની હતી.

પણ સૌને ભય હતો કે આર.એસ.એસ. વાળા કાંઈક કાંકરીચાળો કરે તો ? અને પ્રભુકૃપા વરસી, તે બળવંતભાઈએ માનભાઈને જ ગાડીમાં બેસી કળશના રક્ષણનું કામ સોંપ્યું. એમને ખાતરી કે આ માણસ પોતાનો પ્રાણ પાથરી દેશે, પણ કળશને ઊની આંચ નહીં આવવા દે. ભાઈ તો જાણે ધન્ય ધન્ય થઈ ગયા. ખોળામાં અસ્થિકળશ રાખીને રથમાં વચ્ચોવચ્ચ બેઠા. બંદર પર અગાઉથી ફૂલો તથા ત્રિરંગા ધ્વજથી શણગારેલી ભાવનગર લોંચ તૈયાર રાખેલી, તેમાં અસ્થિ લઈને આગેવાનોને ઉતાર્યા. બરાબર પૂરી ભરતીનો સમય થયો, ત્યારે લોંચને દરિયામાં લઈ જઈ, બળવંતભાઈને હાથે અસ્થિ-વિસર્જન થયું.

સમારંભો-સરઘસોની રખેવાળીની લાંબી યાદી કરવી પડે એટલા બધા જાહેર-પ્રસંગો આ મિત્રોએ સફળતાપૂર્વક પાર પાડેલા. અનુશાસન-શિસ્ત અને ચોકસાઈ-ચીવટ એ આ મિત્રોની સાચી ઓળખ હતી અને લોકો માટે કાંઈક કરી છૂટવું, એ એમનો જીવનમંત્ર હતો, એટલે અત્યંત લોકપ્રિય સ્થાન સહેજે મળી ગયું.

## નિરાશ્રિત-છાવણી સંભાળી

સ્વરાજ્ય આવ્યું, પણ દેશના બે ભાગલા પડ્યા અને હજારોની સંખ્યામાં લોકોની હત્યા થઈ, અને લાખો માણસોની હેરફેર થઈ. હજારો નિર્વાસિતો પોતાનાં ઘરબાર, વેપાર-ધંધા છોડી હાથે પગે જીવતા ભારત ચાલી આવ્યા. એમની જુદા જુદા શહેરોમાં છાવણીઓ નાખવામાં આવી. તે વખતે શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર રાજ્યના ગૃહપ્રધાન ! ભાવનગરમાં પણ આવી સિંધી હિજરતીઓની સ્ટીમર તા. ૧૩ માર્ચ ૧૯૪૮ના રોજ આવી પહોંચી. અને એમની છાવણીની તમામ જવાબદારી ભાઈના શિરે આવી. 'આનંદ-મંગળ' મંડળના સાથીઓની હૂંફે ભાઈએ સઘળો કાર્યભાર સંભાળી લીધો. પછી તો નિરાશ્રિતોની હૃદય કાંપી ઊઠે એવી સ્થિતિ જોઈ મિત્રોએ સંકલ્પ કર્યો કે જ્યાં સુધી આ પ્રશ્ન પતે નહીં, ત્યાં સુધી અમને લોન સર્વિસ પર સરકાર રાખે.

બંદર પરનાં વિશાળ ગોડાઉનોમાં આ ત્રાસેલા, હારેલા લોકોનાં ટોળેટોળાંના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આશરે પંદરસો લોકોને સરકારે નક્કી કરેલું અનાજ, જીવનજરૂરિયાતની ચીજો સહિત શક્ય તેટલાં સગવડ રાહત આપવાનાં હતાં. નાનાં બાળકોને સવાર-સાંજ દૂધ આપવામાં આવતું.

વહેલી સવારથી કામ શરૂ થઈ જતું. રેશનકાર્ડ મુજબની અનાજની વહેંચણી, પાણીની, સફાઈની, આરોગ્યની વ્યવસ્થા, માંદાની સારવાર, લોકોના પ્રશ્નોના નિકાલ વગેરે આ બધું સતત ચાલતું.

વ્યાયામશાળાના સ્વયંસેવકો રાત્રે ચોકીપહેરો ભરતા. રોજ રાતે બારેક વાગે માનભાઈ છાવણીનું છેલ્લું ચક્કર મારી, ઝીણવટથી નિરીક્ષણ કર્યા પછી જ થોડાક કલાક સૂતા.

આ બધા નિરાશ્રિતો સિંધી હિંદુ, પરંતુ એ લોકોની રીતભાત, રહેણીકરણી, પહેરવેશ વગેરે સાવ મુસલમાન જેવાં, એ જોઈ બધાંને ખૂબ આશ્ચર્ય થાય. એ લોકો પણ કહેતા કે - અમે તો સિંધના મુસલમાનો સાથે એવા ભળી ગયેલા કે દેશના બે ભાગલા થયા, ત્યારે જ અમને ભાન થયું કે અરે, આપણે તો હિન્દુ છીએ ! બહેનો પણ વાતવાતમાં 'અલ્લાહ જાણે ! ખુદાને ખબર '' એમ જ બોલી ઊઠતાં. બધા અંદરખાને સમજતા હતા કે હિંદુ-મુસ્લિમ પ્રજાને કોઈ વેરોઆંતરો નથી ! આ તો બસ, રાજકારણીઓના ગંદા ખેલ છે, જેના કાદવમાં લોકોએ ખરડાવાનું છે !

એકાદ મહિનો પસાર થયો હશે, ત્યાં ૧૩-૪-'૪૮ના રોજ નવાબંદરની જેટી પર એક હજારથી પણ વધારે નિરાશ્રિત ભાઈબહેનો સરસામાનનાં પોટલાં સાથે ઊતર્યાં. વ્યવસ્થા મુજબ આ સૌ માટે પાલિતાણામાં એક છાવણી ઊભી કરવામાં આવી હતી અને એ માટે એક ખાસ ટ્રેનની જોગવાઈ પણ કરી હતી. પહેલાં નિરાશ્રિતોને ચા-નાસ્તા-પાણી અપાયાં, ત્યાર પછી ખાતા દ્વારા થતી તપાસ પણ પૂરી થઈ ગઈ.

દરમિયાન, ભાવનગરની છાવણીના કેટલાક નિરાશ્રિતો નવાબંદર પહોંચી ગયા અને તેમણે હવા ફેલાવી દીધી કે પાલિતાણાને બદલે તમે અમારી છાવણીમાં જ આવી જાઓ, અહીં સારી સગવડ છે. બસ, પછી તો સ્ટીમરમાંથી ઊતરેલા નિરાશ્રિતોએ ટ્રેનમાં બેસવાની જ ના પાડી દીધી. બેત્રણ કલાક સુધી વાતાવરણ તંગ રહ્યું, મહામહેનતની ભારે સમજાવટ પછી એ બધા પાલિતાણા જવા તૈયાર થયા.

બળેલાઝળેલા લોકો, મુસલમાન જુએ ત્યાં તંગ થઈ જાય. વળી

પાછા બધા એકસરખા ન હોય. એમાંય આડોડાઈ કરનારાં અનિષ્ટ તત્ત્વો હોય જ. અંદરોઅંદર એકબીજાની સંપત્તિ હડપ કરવાની વૃત્તિવાળા પણ જડી આવે. બધા સાથે જુદા જુદા વર્તન-વહેવાર રાખવા પડે. નરી નરમાઈ, દયા અને કરુણા ન ચાલે. થોડા આકરા પણ થવું પડે. હૈયે કોમળ રહેવાનું, પણ બહારથી તો શિસ્તપાલનની કડકાઈ દાખવવાની જ. એકાદ મહિનામાં તો ભાવેણાના સિંધી કૅમ્પની વાહ વાહ થઈ પડી અને નિરાશ્રિતોની ભરતી ઊભરાવા માંડી. તેને અંકુશમાં લેવા પરમિટ-ઓળખપત્ર જેવાં માધ્યમો ઊભાં કર્યાં. નિરાશ્રિતોનાં સગાંવહાલાં આવીને રહેવા માંડે, તેમને કાઢે એટલે પાછાં તોફાન થાય. એક વખત તો ભાઈનો નાનકડો તંબૂ જ સળગાવી દીધો. ભાઈ માંદાને જોવા રાઉન્ડમાં નીકળેલા, એટલે બચી ગયા.

વેપારી વર્ગ તરફથી કપડાં-અનાજ-દવા વગેરે આવે, તેનું યોગ્ય વિતરણ કરવાનું રહે. એક બાજુ આવેલ માલની નોંધણી થાય, બીજી બાજુ લોકોની જરૂરિયાતોની યાદી થાય. પાકિસ્તાનમાં રહી ગયેલી સ્થાવર-જંગમ મિલકતના દાવાની નોંધો માટે પગારદાર માણસો રોકેલા.

સૌના ઘા થોડા ભૂલાય, રુઝાય એટલે આનંદપર્વોની ઉજવણી વચ્ચે વચ્ચે કરતા રહેતા. રાસ-ગરબા, રમત-ખેલ, ગમ્મતના કાર્યક્રમો યોજાતા, એટલે ભાઈ સૌના પ્રિય થઈ પડ્યા. 'ગ્રંથ સાહેબ'નું પઠન પણ ચાલતું. કોઈનુંય ન માને, ત્યારે 'આનંદ-મંગળ મંડળ'વાળાનું માનતા થઈ ગયા. અનેકો સાથે કૌટુંબિક ઘરોબો થઈ ગયો. પણ તેવામાં સમાચાર આવ્યા કે ભાવનગરના કૅમ્પ-કમાન્ડર તરીકે કોઈ લાલવાણીની નિમણૂક થઈ ગઈ છે. એ સાહેબે પોતાનું રૅશનકાર્ડ કઢાવ્યું. ભાઈએ એમને રૅશન આપવાની ના પાડી. એટલે ફરિયાદ ઢેબરભાઈ પાસે ગઈ. તો ઉપરથી સૂચના આવી કે એમને સરકારી નોકર તરીકે નહીં પણ નિરાશ્રિત તરીકે આપવામાં વાંધો નહીં. ભાઈ તો તત્ક્ષણ છૂટા થઈ ગયા

અને બંદરે લોઢા કૂટવા ચાલ્યા ગયા. ધારત તો એમના મંડળવાળા સૌને એકેક હજાર સુધીનું વેતન મળત પણ આઠ કલાક નહીં, ચોવીસે કલાકની સર્વિસના બદલામાં બંદરમાં મળતી દોઢથી અઢી રૂપિયા સુધીની રોજી જ એમણે લીધેલી.

કામ આદરવું, છેલ્લું ટીપું ખર્ચીને કામ કરવું અને અંતે કામ છોડવું અને વાત ભૂલી જવી એ તો ભાઈનો જીવનપંથ ! બસ, ચાલતાં ચાલતાં જે પ્રકાશ સાંપડ્યો, તેનો જ નિજાનંદ ! કામનો આનંદ જ એટલો મોટો કે એની સામે બીજાં કોઈ પણ ફળ ફિક્કાં લાગે. 'કરી છૂટવા'નો ઋષિમંત્ર એમણે આત્મસાત્ કરી લીધો છે.

## દાદાગીરી ભારે પડી

બંદર પરની નોકરીમાં ભાઈ ખૂબ કામ કરે, અત્યંત નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વક, પરંતુ ફક્કડ સ્વભાવને કારણે મનમાંની કરવાની અને ગામના કાજી થઈ ફરવાની આદત પડી ગયેલી. વળી પાસાં હંમેશાં સવળાં પડે, એટલે વધુ પડતું આપખુદી અને તોછડાઈભર્યું વર્તન થઈ જતું. પરિણામે, અધિકારી વર્ગ તો કંટાળે જ પણ જેમને પોતાના હાથ હૃદય ગણેલા તેવા સ્વજનો પણ ક્યારેક મોં ફેરવી લે, તેવું થતું. આ બધાનો અંજામ એક દિવસે કુદરતી રીતે જ ખરાબ આવ્યો.

નિમિત્ત બન્યો એક વેરાવળવાળો કિસ્સો. એક વખતે બંદર પરના સૌરાષ્ટ્ર રાજ્યના એક અધિકારી તેના મિત્ર પાસે પોતાની કાંઈ આંતરવ્યથા ઠાલવતા હશે, તે માનભાઈ સાંભળી ગયા. વાતનો સાર એ હતો કે વેરાવળમાં દરિયાકાંઠે મછવાઓ માટે અલાયદો વાડો કરવાનો હતો, તેનો કૉન્ટ્રેક્ટ કોઈ મુસ્લિમ બિરાદરને અપાયેલો. તેમાં નાણાકીય ગેરરીતિઓ થયેલી. આ અધિકારીએ આખી જિંદગી પ્રામાણિકતાપૂર્વક કામ કરેલું, તેના પર પાણી ફરી વળે તેવી સ્થિતિ ઊભી થયેલી.

ભાઈને તે વખતના રાજકીય નેતાઓને અવારનવાર મળવાનું થતું. ભ્રષ્ટાચારના અનેક કિસ્સા તેમના કાને નાખવા જતાં આ પ્રશ્ન અંગે પણ પેટમાં ચૂંથારો ઊભો થયો એટલે ઢેબરભાઈને મળવા જવા વિચારેલું, પણ દરમિયાન બીજા એક ખબરપત્રીને ભાઈએ આ બધી વાતો કરેલી, તે સીધો તરત જ રતુભાઈ-રસિકભાઈને રૂબરૂ મળી આવ્યો. અને ભાઈ ઢેબરભાઈ પાસે જાય તે પહેલાં તો સાગરકાંઠા પર બધે પાણી ફરી વળ્યાં, પ્લૉટનાં માપો પણ ધોવાઈ ગયાં, કશી જ સાબેતી રહી નહીં. પરંતુ બધી વાત છાપે ચઢી ગયેલી, ભાઈનું નામ પણ એમાં સંડોવાયેલું, એટલે પેલા અધિકારી માનભાઈ પર સારી પેઠે ચિડાયા.

તેમણે દિલ્હી મનુભાઈ શાહ સાથે મસલત કરીને મરીન નેવિગેશન ઇન્વેસ્ટિગેશનના ઑફિસર તરીકે કામ કરતા એક પોર્ટુગીઝ અધિકારીની નિમણૂક પૉર્ટ ઑફિસર તરીકે ખાસ લોન-સર્વિસ પર કરાવી, 'ખાતાને સુધારવા, વ્યવસ્થિત કરવા'. ભાઈ મનોમન સમજી ગયા, કે આ ધાડ કોના પર ઊતરવાની છે.

તેઓશ્રી પધાર્યા. તેમનો સરસામાન ગઢેચી બંગલે ઊતરાવ્યો. બંગલે ફ્રીજ વગેરેનું ફીટિંગ કરવા વર્કશોપમાંથી જ માણસો મોકલાવેલા. ભાઈએ ફોરમૅન તરીકે પેલા અધિકારીને જ પૂછ્યું કે આ માણસોનું મહેનતાણું ક્યાંથી મેળવવું ?

પેલા સાહેબ તો રાતાપીળા થઈ ગયા. બીજે દિવસે ઑફિસમાં આવી સૌ પહેલા, પેલા ફોરમૅનની જાણકારી મેળવી. માનભાઈને ઑફિસે બોલાવ્યા. માનભાઈ તો અંદર જઈ, સામેની ખુરશી પર બેસી ગયા, એટલે તરત જ 'સ્ટૅન્ડ અપ' કહી ગુસ્સો કર્યો. ભાઈ કહે - તમે મને બોલાવ્યો અને હું આવ્યો છું. તો સાહેબ મોટેથી કહે - 'અંદર આવતા પહેલાં ટકોરા મારવા જોઈએ ! વગર મંજૂરીએ તું આવ્યો અને વળી પાછો સીધો ખુરશી પર બેસી પણ ગયો ?'

ભાઈ પણ તોરમાં ને તોરમાં બહાર નીકળી ગયા. ઑફિસમાંથી જ કાગળ લઈ બંદરખાતાના વડાને રાજકોટ અરજી કરી. જે પૉર્ટ ઑફિસર દ્વારા જ ઉપર પહોંચવાની હતી. અરજીમાં લખેલું કે બંદરખાતું એ સિવિલખાતું છે, મિલિટરી ખાતું નથી. સામાન્ય ફોરમૅન પણ ખાતાનો અધિકારી જ છે. નવા ઑફિસરે એનું અપમાન કર્યું છે, વગેરે વગેરે.

અરજી વાંચી તેમણે ભાઈને ફરી બોલાવ્યા. તેમણે 'સીટ ડાઉન' કહ્યું, પણ ભાઈ તો અકડાઈમાં ઊભા રહ્યા. એટલે અધિકારીનું અપમાન કર્યું છે, તેની નોંધ લેવા કાગળિયાં કર્યાં. ભાઈએ ફરી અરજી કરી, પરંતુ ફાલતુ કારણો આપી એમણે અરજી નામંજૂર કરી.

## અંતે સસ્પેન્ડ થયા

આમ યુદ્ધનાં મંડાણ શરૂ થયાં. પેલા સાહેબ તો નેવીના ભભકાદાર પોશાકમાં આવે. ઊંચો-કદાવર બાંધો ! એને જોતાં જ બધા કામમાં તલ્લીન થઈ જાય. વચ્ચે કોક પાસે એ ઊભા રહી થોડી જાણકારી મેળવે. પછી કહે - ''अच्छा काम करते हो। तुम को झयास्ती पगार मिलना चाहिए। शाम को दफतर में आना।'' પેલો ઑફિસે જાય અને પહેલાં તો કોરા કાગળ પર એની સહી લઈ લે. પછી એને પૂછે કે ફોરમૅન તારા પર ગુસ્સે થાય છે ? ક્યારેય હેરાન કરે છે ? થોડી વારમાં જવા દે, પછી પેલા સહી કરેલા કાગળ પર, ઠીક પડે તે, અંગ્રેજીમાં ટાઈપ કરાવે. આમ ભાઈની સામે પાર વગરની ફરિયાદો ઊભી કરાવી, ચોરી- લાંચ- રૂશ્વત, હેરાનગતિ, બગાડ જેવા અનેક ગુનાઓના આરોપો પણ એમાં કરાવ્યા. અને પછી ભાઈ પર કેસ કર્યો. પરિણામે ભાઈ સસ્પેન્ડ થયા.

પછી તો ગોદી કામદાર મંડળે જાહેર સભાઓ ભરી મોટા મોવડીઓને અરજીઓ પણ કરી, પણ ઘણાની ઈચ્છા હતી કે ટાઢા

પાણીએ ખસ જતી હોય તો સારું જ છે, એટલે કશું વળ્યું નહીં. માણસોમાં ભય ફેલાવવા મુખ્ય આગેવાન કામદારોની તાત્કાલિક બદલીઓ કરાવી, એટલે સૌ ધરબાઈ ગયા. શિશુવિહાર પર પણ ધાડ પાડી કે બધાં સાધનો બંદરનાં છે, પરંતુ કશું સાબિત ન થઈ શક્યું.

એક વર્ષ આમને આમ નીકળી ગયા પછી વકીલ ઇન્દુભાઈ દવે દ્વારા ફોજદારી કોર્ટમાં ફરિયાદ કરી. એક વાર તો એ ઑફિસરને કોર્ટના પીંજરામાં ઊભો કરવા ભાઈએ નક્કી કરેલું તે ફળ્યું. તેમને આવવું પડ્યું. બસ, ભાઈને તો આટલું જ જોઈતું હતું. એનું ગુમાન તોડવું હતું. પછી તો કેસ સંકેલી લીધો.

નોકરીમાંથી હવે છૂટા હતા. પગાર અડધો થઈ ગયો. બેઉ માણસ પોતે અને આઠ છૈયાં-છોકરાં. આટલામાં પૂરું કેમ કરવું ? અડીયલ તો એ હતા, મનસ્વી પણ પૂરેપૂરા, પરંતુ ક્યાંય એમનો સ્વાર્થ નહોતો, બલ્કે પરગજુ સ્વભાવ સૌ કોઈ જાણે, એટલે કુટુંબમાં કે બહાર કોઈએ એમને દોષ ન દીધો. પરિસ્થિતિ સામે લડી લેવા સૌ કુટુંબીજનોએ કેડ કસી લીધી.

'ભારત રોલિંગ'વાળા શેઠ શ્રી રમણલાલ પોતાને માણસની ખૂબ જરૂર છે, એવો દેખાવ કરી ભાઈને કામ પર લઈ ગયા. બેએક કલાક ત્યાં કામ કરી 'જયહિંદ વર્કશોપ'માં સાંજ સુધી કામ કરે. બંદર કરતાં ઘણી વધારે રકમ, ચારસો રૂપિયા મળવા લાગ્યા. બીજી બાજુ, સરકાર તરફથી નેવી ઑફિસરના વડપણ નીચે એક તપાસ સમિતિ નિમાઈ, તેણે પંદરેક દિવસમાં સોએક જેટલા લોકોની જુબાની લીધી. તેમાં સવારથી સાંજ સુધી ભાઈને પણ ફરજિયાત બેસવું પડે. પછી ભાઈની જુબાની-ખુલાસો પણ માંગે. ભાઈનો તો એક જ જવાબ હોય - 'આ બધું ખોટું જ છે. મને એમાં લેશમાત્ર રસ નથી.' પેલા ઑફિસરે જતાં પહેલા ભાઈને કહેલું આ બધું ધતિંગ જ થયું છે. હવે પ્રભુ સુઝાડશે તેમ કરીશ.

ભાઈએ બચાવમાં એક શબ્દ પણ ન કહ્યો, પણ એમની પાસે વાત આવેલી કે રિપોર્ટમાં માનભાઈને દાખલો બેસે એવી સજા કરવાની ભલામણ થવાની છે.

પણ ભાઈને તો સસ્પેન્ડ થવાથી નરસિંહ મહેતા જેવો 'સુખે ભજશું શ્રી ગોપાળ' વાળો ઘાટ થયેલો. ઘરને બે પૈસા મળતા થયા અને શિશુવિહારમાં ધ્યાન આપી શકાયું.

## વળી પાછું તેડું

ત્યાં વળી અવનવું થયું. પંદરમી ઑગસ્ટે બંદરમાં પૉર્ટ ઑફિસરે ઉત્સવ રાખેલો. ચા-પાણી-નાસ્તાની ગોઠવણ. રમત-ગમતની હરીફાઈ વગેરે પણ ખરું.

આ ઉજવણી ચાલતી હતી, ત્યાં જ એ ઑફિસરને તાર મળ્યો કે તમારે ચાલુ કામમાંથી છૂટા થઈ રીક્રુટિંગ ઑફિસર તરીકે પૂના હાજર થવું. બીજી બાજુ, ભાઈને સત્તાવાર પત્ર મળ્યો કે આવતી કાલથી તમારે કામ ઉપર હાજર થઈ જવું. ભાઈ તો બીજા દિવસથી કામે ચઢ્યા. માનભાઈ માટે માન-આદર ધરાવનારા સાથીઓની પણ બદલી કરવામાં આવેલી, તે બધા પાછા આવ્યા.

પણ આ અનુભવે ભાઈ શીખ્યા કે દુનિયા તો બેધારી તલવાર છે. આજે છાપરે ચઢાવે અને કાલે લાત પણ મારે ! દુનિયા વખાણે કે વખોડે, એમાં કદી તણાવું નહીં. ઈશ્વરને નજર સામે રાખી, નીતિ-સદાચારને વળગી રહેવું !

નોકરી પર હાજર થઈ સૌ પહેલાં અરજી કરી કે જે કાંઈ થયું તે માટે સરકારે દિલગીરી જાહેર કરવી જોઈએ. પરંતુ તે વાત ન સ્વીકારાઈ અને વાત વળી મમતે ચઢી. 'હું સરકારી નોકર છું, કોઈ ગુલામ નથી.' મારી પણ આબરુ છે. મને સસ્પેન્ડ કર્યો તેની જાણ ઢોલ પીટીને કરાઈ,

પણ હવે હું નિર્દોષ છું અને સ્વમાનભેર મને મારા મૂળ કામની જવાબદારી પાછી સોંપાઈ છે એ વાત ગેઝેટમાં તો પ્રસિદ્ધ થવી જ જોઈએ. આવું જો ન કરી શકો તો મારે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવી પડશે.

દર પંદર દિવસે રિમાઇન્ડર મોકલતા રહ્યા અને છેવટે આપેલી મુદતના છેલ્લા અઠવાડિયે તાર કરી જણાવી દીધું કે હું સ્વેચ્છાએ કામ છોડું છું. પછી ન કશી પૂછપરછ થઈ કે ન બીજી હલચલ. એક સંસ્થામાં તેત્રીશ વર્ષ કામ કર્યું, પણ જાણે કશું કર્યું નથી, તેવા ભાવ સાથે છૂટા થયા પછી પેન્શન પેપર પર સહી કરવા બોલાવ્યા. પણ ભાઈએ ના લખી દીધી કે - મારે પેન્શન નથી જોઈતું. બીજા અનેકોને પેન્શન અપાવવા કેટલી લડતો પોતે કરેલી, પણ પોતા માટે વારો આવ્યો ત્યારે વિચારે કે આખી જિંદગીનું આયોજન કરી લેવું જોઈએ, પેન્શનનો કોઈ હક્ક જ ન હોવો જોઈએ.

## નરસિંહ મહેતા જેવો ઘાટ

નિવૃત્તિ લીધા બાદ વળી પાછો આર્થિક પ્રશ્ન ઊભો થયો. મસ્તરામભાઈ, ઇન્દુભાઈ ચાતુર્વેદી જેવા સ્વજનોએ હૂંફ દર્શાવેલી. ઇન્દુભાઈએ તો ‘તમારો દીકરો જ છું, જરીકે સંકોચ ન રાખશો’ એમ આંખોમાં આસું સાથે કહી દીધેલું, પણ ભાઈ ‘જયહિન્દ વર્કશોપ’માં જોડાઈ ગયા. એના માલિક શ્રી વૃજલાલ ડુંગરશી રાઠોડ એટલી બધી સંભાળ રાખે કે પોતાના માટે ફળફળાદિ લે ત્યારે હારોહાર ભાઈને ઘેર પણ પહોંચાડી દે. આ તો રોજિંદી વાત ! પણ એક વખતે વૃજલાલભાઈ ભાઈને ઘેર આવ્યા, ત્યારે કેટલાક મોટા કહેવાય તેવા મહેમાનોને શેતરંજી પર બેઠેલા જોયા. ત્રીજા-ચોથા દિવસે છ નેતરની ખુરશીઓ, ચાર મૂંઢા, એક ચોરસ ટેબલ લઈને કોઈ મજૂર ઘેર મૂકી ગયેલો. ઘણી પૂછપરછ કરી, પણ મોકલનારનું નામ ન મળ્યું, તે ન જ મળ્યું !

તે પછી દોઢેક વર્ષ પછી આવેલા બહારના એક મહેમાનને

ખુરશી-મૂઢા ગમી ગયા. તેમણે ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરી, એટલે ભાઈ એમને એક દુકાને લઈ ગયા. ત્યારે એ વેપારીએ કહ્યું - દોઢ વર્ષ પહેલા મેં જ વજાભાઈની સૂચનાથી તમારે ઘેર ફર્નિચર મોકલેલું ! સંકટ સમયે પ્રભુ કેવી ચિંતા કરતો રહે છે, એના પ્રત્યક્ષ પરચા અવારનવાર મળતા રહ્યા.

પણ યોગક્ષેમ માટે કાંઈક આવક તો જોઈએ જ ને ? એટલે માલિશ કરવાનું નક્કી કર્યું. શ્રી રમણલાલ શેઠને અઠવાડિયે એક વાર સવારે માલિશ કરી, ચણાના લોટે નવડાવે. તેમણે એમના મિત્રોને પણ વાત કરી. માલિશ દીઠ સો રૂપિયા મળે. પરંતુ ભાઈને પૈસા કમાઈ સંઘરો કરવાની વૃત્તિ જ નહીં, જરૂર જેટલા રાખી, બાકીની રકમમાંથી પૂછ્યા વગર શિશુવિહારના આજીવન સભ્યના પૈસા વ્યક્તિના નામે ભરી દેતા.

આ માલિશની વાત શ્રી મણિભાઈ બક્ષી પાસે પહોંચી. તેમનો ભાઈ પર અપાર વાત્સલ્યભાવ. તેમણે શિશુવિહાર માટે તો અનેક વાર સલાહસૂચનો આપેલાં, પણ સ્વાભિમાનપૂર્વક જીવનઘડતરના વ્યવહારો કરવાની તાલીમ ભાઈને પણ અપ્રત્યક્ષરૂપે આપેલ, આવા પિતાતુલ્ય મણિભાઈએ તેમની એક માંદગી પ્રસંગે ભાઈને અમદાવાદ રૂબરૂ બોલાવ્યા. પથારીવશ હતા, એટલે જવાનું જ હોય. કહે - હું જે કહું, તે કરીશ તેવું વચન આપ ! પરાણે વચન લીધું. બીજે દિવસે એના દીકરા મનુભાઈ સાથે સચિવાલય જવાનું થયું. આમ તો એ રજાનો દિવસ હતો, પણ પહેલેથી બધું ગોઠવાઈ ગયું હશે, તે મુજબ રાજ્યના સચિવશ્રી કાગળોની ફાઈલો સાથે બેઠા હતા. ભાઈ સામે એક કાગળ ધરી કહે - સહી કરો ! જોયું તો પેન્શન આપવાની અરજી પર સહી કરવાની હતી. ભાઈએ સહી કરવાની ના કહી ત્યાં મનુભાઈએ કહ્યું કે તમે વડીલ પાસે વચનથી બંધાઈ ગયા છો. એ ન પાળવું હોય તો કાંઈ નહીં, ચાલો પાછા ઘેર જઈએ. મનમાં ભારે ગડમથલ મચી ગઈ. શ્રી કાંટાવાળા પણ

ભાઈની આંતરવ્યથા સમજી ગયા. મૂળ અરજી ફાડી, સ્ટેનો પાસે બીજો પત્ર લખાવ્યો, જેમાં બંને પક્ષે માન સચવાય તેવો આઠ-દશ લીટીનો જ મુસદ્દો હતો. છેવટે ભાઈએ સહી કરી આપી.

ચોથે દિવસે ગવર્નરના સેક્રેટરીનો પત્ર આવ્યો કે પેન્શન મંજૂર કરવામાં આવે છે. બીજી બાજુ ડાયરેક્ટર ઑફ પૉર્ટના પૉર્ટ ઑફિસરને લખેલા પત્રની નકલ પણ ટપાલમાં મળી. પછી તો પૉર્ટ ઑફિસરનો પણ પત્ર આવ્યો કે આપની અનુકૂળતાએ ક્લાર્ક કાગળિયા લઈ તમારે ઘેર આવે. પણ ભાઈએ વિનયપૂર્વક જણાવ્યું કે હું સરકારી નોકર છું. હું જ આવીશ ! - આમ બધી પતાવટ થઈ અને પેન્શન - ગ્રેચ્યુઇટી વગેરેના વીસેક હજાર રૂપિયા એકીસાથે હાથમાં આવી પડ્યા.

આટલી મોટી રકમ હાથમાં આવી, એટલે આઠેય બાળકો માટે હજાર-હજાર રૂપિયા બૅન્કમાં મુકાવી દીધા. શ્રી વજાભાઈના કહેવા મુજબ ત્રણેય પુત્રીઓના લગ્નપ્રસંગના દોઢ-દોઢ હજારની જોગવાઈ રાખી, બાકીના ઋણમુક્તિ માટે ફૂલપાંદડી રૂપે વાપરી નાંખ્યા.

દર મહિને ૧૦૯ રૂપિયા જેટલું પેન્શન મળવું શરૂ થયું. વધીને હવે તે નવસો જેટલું થયું છે. પાંચ-છ મહિને સામટું લેવા જાય. પણ પૈસામાં જીવ જ નહીં. પાસબુકમાં જુએ તો ખબર પડે, પણ હાથમાં શું આવ્યું, તે તરફ ધ્યાન જ નહીં. એક વાર કહે - મને પૈસા ગણવાનો જ ભારે કંટાળો. કોઈ રૂપિયાની થોકડી આપે, તો દશ-પંદર-વીસ સુધી બરાબર ગણું, પછી ગણવાનું નાટક કરી - બરાબર છે, કહી દઉં ! આખી થોકડી ક્યારેય પૂરી ગણી શકતો જ નથી. ફાવટ પણ નહીં અને વૃત્તિ તો જરીકે નહીં ! એક વાર પેન્શનમાં વધારો થયો હશે, પણ ભાઈને તો શેની ખબર હોય ? એક હિતેચ્છુ ભાઈએ તપાસ કરી, દોડાદોડ કરી, પૂરા પૈસા અપાવ્યા.

આ બધું લાંબું પ્રકરણ ચાલ્યું અને એકાદ વર્ષમાં જ જે પૉર્ટ

ઑફિસરે ભાઈના માથે છાણાં થાપ્યાં, તેણે જ પ્રેમપૂર્વક ચા-બિસ્કિટ ખવડાવ્યાનો મધુર પ્રસંગ પણ બન્યો.

પૂનામાં ભાઈના એક મિત્રને ડૉ. દિનશાના દવાખાને દાખલ કરેલ, તેમને મળવા જવાનું થયું. ત્યારે ડૉ. દિનશાનાં પત્ની સાથે પરિચય થયો અને તેમણે મિલિટરી કૅમ્પમાં રહેતા ઇટાલીના એક કળાકારની મુલાકાત લેવા જણાવ્યું. ભાઈ એને મળવા ગયા. મિલિટરી કૅમ્પમાં સરનામા મુજબ પહોંચ્યા તો દરવાજે જ એક લાંબો-પહોળો કદાવર માણસ ઊભેલો, તેને પૂછપરછ કરતાં જણાવ્યું કે પોતે ભાવનગરથી આવે છે ! એ સાંભળતાં જ એ બોલી ઊઠ્યો - अरे, तुम मानभाई हो ? પછી તો એની મેમ અને માને પણ અંદરથી બોલાવી, પરિચય કરાવ્યો કે 'આ માણસ માટે જ મારે ભાવનગર જવું પડ્યું અને ત્યાંથી અહીં આવવું પડ્યું !' પછી તો ચા-નાસ્તો આવ્યાં. આગ્રહપૂર્વક લેવડાવ્યો અને દિલગીરી વ્યક્ત કરી કે તમને ખૂબ હેરાન કર્યા ! પણ સાથોસાથ અણનમ હિંમત માટે ધન્યવાદ પણ આપ્યા. એમની માએ પણ અડધા-પડધા હિન્દી-પોર્ટુગીઝમાં કહ્યું કે, 'મારા પુત્ર માટે પ્રભુને પ્રાર્થના કરજો.'

માનભાઈની બંદર પરની પૂરી કારકિર્દી અનેક બાબતો પર પ્રકાશ નાખે છે. એમ કહી શકાય કે માનભાઈની આ કારકિર્દી એટલે સાગરકાંઠાની દીવાદાંડી.

એક તો, મધ્યમ વર્ગના એક બ્રાહ્મણ યુવાનને આજીવિકા માટે શ્રમજીવી વ્યવસાય પસંદ પડે છે, તે જ એક નવા યુગનું એંધાણ ચીંધે છે. એના ચિત્તમાં શ્રમ માટે સૂગ તો નથી જ, પણ શ્રમ દ્વારા થતાં સર્જનની મહત્તા પણ એ સમજે છે. સામાન્ય રીતે એમ કહેવાય છે કે કારખાનાંઓમાં કાચા માલનો પાકો માલ થાય છે અને વસ્તુઓ refined થઈને બહાર આવે છે, પરંતુ એ પેદાશ કરનારા જે મજૂરો છે

તે Defined થઈને બહાર નીકળે છે. આ વાત 'આનંદ-મંગળ' મંડળના કામદારો ખોટી સાબિત કરે છે. માનભાઈએ પોતે લોઢાકૂટ મજૂર થઈ, પોતાના જીવનને Define એટલે કે ક્ષીણ, સત્ત્વહીન નથી કર્યું, બલ્કે એ શ્રમ થકી ભાઈ વધારે સંપન્ન જ થયા છે. ટેકનિકલ બાબતો અંગેની એમની આંતરસૂઝની એમની પ્રતિભાને જરીકે ઝાંખી નથી પડવા દીધી. માનભાઈ લાચારીથી પરસેવો પાડતા કોઈ વેઠિયા કે બંધક મજૂર નથી. એ તો સ્વેચ્છાપૂર્વક શ્રમનિષ્ઠ જીવનને વરેલા શ્રમિક છે, એટલે પારિશ્રમિક રૂપે એમના શ્રમનું જે વળતર મળે છે, તે એમના વ્યક્તિત્વને વૈભવશાળી બનાવે છે.

પેટ ભરવું છે, પૈસા રળવા છે, પણ આત્મસન્માનના ભોગે કદાપિ નહીં, આ નિષ્ઠા માનભાઈને કદીય લાચાર બનવા દેતી નથી. ઈલિનોર રૂઝવેલ્ટે એક વાર રહેલું કે, તમારી પરવાનગી વગર કોઈ તમને લઘુતાગ્રંથિનો અનુભવ કરાવે તે શક્ય જ નથી !' - આ મુજબ ભાઈ એક અવિચલ મેરુની જેમ પોતાના આત્મગૌરવના રક્ષણ માટે અડીખમ ઊભા છે. દુનિયામાં કોઈની તાકાત નથી કે કોઈ એમને ખોટી રીતે વામણા ઠેરવે.

એનો અર્થ એ નથી કે એ પોતાની મર્યાદા જાણતા-સમજતા નથી. સંસારના તમામ લોકોના માથા પર ટકોરા મારી મારીને મૂલવનારો માણસ પોતાનું પોત પારખી ન શકે ? પોતાનામાં કશુંક મેલું નિરંતર રહ્યું છે, એ વાતની પ્રતીતિએ તો આ માણસને રડાવ્યો છે. સતાવ્યો છે. જેને માન-સન્માન અપાય છે તે તો કેવો કાચો-અધૂરો છે એ હકીકતનું ભાન એને સંકોચી લે છે. કોઈ ગુરુતાગ્રંથિ નથી, એટલે જ એમનામાં લઘુતાગ્રંથિ નથી અને નિર્ભય બનીને પોતાને લાગતા સત્ય માટે અન્યાયને પડકારે છે. ભાઈના આ વ્યક્તિત્વનો પડઘો બંદર પરના તમામ કામદારો પર પડે છે, પરિણામે એક નવા પ્રકારનો પરિવેશ આ

મજૂર જગતમાં નિર્માણ થાય છે.

માનભાઈની મજૂરો સાથેની કામગીરી માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં, વૈશ્વિક સ્તરે કેટલાક પ્રશ્નો ઊભા કરે છે. ગાંધીજીએ વેપાર-વ્યવસાયમાં ટ્રસ્ટીશિપની વાત મૂકેલી. મજૂરો સાથે, હોટલશાહી કે માલિકીપણાનો વરવો વ્યવહાર થાય છે, ત્યારે માનભાઈ પૂછી બેસે છે કે આ તે કોઈ મિલિટરી કૅમ્પ છે કે સમાજની નાગરિકતા ખીલવતી કાર્યશાળા ? માનભાઈની આ દૃષ્ટિ માલિક-મજૂરને જુદા જ પરિપ્રેક્ષ્યમાં લઈ જાય છે, અને એ સંબંધને એક ક્રાંતિકારી પીઠિકા પર લઈ જાય છે. શ્રમ અને મૂડી બેઉના સુભગ સમન્વય દ્વારા ઉત્પાદનના વ્યવસાયને સાચા અર્થમાં ઉદ્યોગ એટલે કે ઉત્‌યોગ, ઊંચા યોગ ભણી લઈ જવાના સંકેત ભાઈની કાર્યપદ્ધતિમાં જોવા મળે છે.

આમ લોઢું કૂટતાં-કૂટતાં, કોલસા ભાંગતાં ભાંગતા ભાઈ માત્ર પૈસા રળતા નથી, પણ જીવનના સાચા અર્થને રળી જાણે છે. પૈસાને એ જીવનમાં એના માપનું સ્થાન આપે છે. પૈસાને માથે ચઢી જવા દેતા નથી, એટલે જ એને ગાવાનું બાકી નથી રહેતું કે, ''ખરી કમાણી કશી ન થઈ હજુ, એના ભણકારા, રહેજો જીવનમાં મારા !'

◈ ◈ ◈

# ૫

# 'આનંદ-મંગળ મંડળ'ના નેજા હેઠળ

આખો દિવસ ફેરી વર્કશોપમાં લોઢાં ટીપીને પ્રામાણિકપણે નોકરી કર્યા પછીના સમયમાં જુદા જુદા લત્તાઓમાં બાળકો માટે ક્રીડાંગણો અને બાળમંદિરો, તથા રાત્રિશાળા પ્રૌઢ-શિક્ષણ વર્ગો વગેરે ચલાવવાનું તથા યુવાનોમાં શિસ્ત અને સંસ્કારોનું સિંચન કરી અંધશ્રદ્ધા, વ્યાવહારિક જડતા, વ્યસન અને ખોટા આડંબરોથી દૂર રહી સાદું-પ્રામાણિક સંસ્કારી જીવન જીવવા માટે જાગૃતિ લાવવાનાં રચનાત્મક કાર્યોમાં ૧૯૩૦ની સાલથી જ 'આનંદ-મંગળ મંડળ'ના મિત્રો રચ્યા પચ્યા રહેતા હતા. ભાઈની સાથે ખભેખભા મિલાવી કામ કરવામાં જ કેટલાક નવજુવાનોનું સુંદર ઘડતર થઈ રહ્યું હતું. શિશુવિહારની જેમ આનંદ-મંગળ મંડળ સાથે પણ ભાઈ એટલા બધા અભિન્ન છે કે માનભાઈ અને આ મંડળની પ્રવૃત્તિઓ એકમેકના પર્યાયરૂપ જ લાગે, ભાઈના જીવનના સિંહભાગ સમું સ્થાન ભોગવે એટલે એને વિગતે જોવી જ પડે.

## નવજીવન બાળમંદિર

૧૯૩૮ની સાલમાં સૌ પ્રથમ એક બાળમંદિર ઊભું કરવાનું નક્કી કર્યું. આની જવાબદારી સંભાળવા માનભાઈના નાનાભાઈ પ્રેમશંકરભાઈ તૈયાર જ હતા. આમ તો પોતે ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થઈ, ત્રણ વર્ષ શાંતિનિકેતનમાં અને જર્મનીમાં પણ બાલ શિક્ષણ અંગેનો ખાસ અભ્યાસ પૂરો કરી તાજેતરમાં જ પાછા આવ્યા હતા. તેઓ ધારત તો ભદ્રવર્ગના વિસ્તારમાં બાળમંદિર ખોલી ઘણા બધા પૈસા કમાઈ શકત, પણ આ તો મોટા ભાઈના ચીલે ચાલનારો નાનો ભાઈ લક્ષ્મણ હતો. ગાંધીચીંધ્યા માર્ગે, સમાજના પાછળ રહી ગયેલા લોકોને ઉપયોગી બનવા માગતા હતા.

આમ કરચલિયાપરા વિસ્તારમાં વોલ્કેટ ગેઇટ સામેની મેડી પર 'નવજીવન બાલમંદિર' ચાલુ થયું.

આ વિસ્તારમાં એંસી ટકા વસ્તી તળપદા કોળી સમાજની. શેરીએ શેરીએ દારૂનાં પીઠાંઓ અને જુગારના અડ્ડાઓ ચાલતા હતા. શહેરનાં અસામાજિક તત્ત્વોની ઓથે થતાં તોફાનો-તકરારોને કારણે આખાય વિસ્તારનું વાતાવરણ હરહંમેશ અશાંત, ડહોળાયેલું, ભયજનક અને ત્રાસભર્યું જ રહેતું. અહીં રહેતા લોકોને ન પીવાનું પાણી મળે, ન દીવાબત્તી ! ગંદકીના ઢગલાઓનો નિકાલ કરવાની કે બિસ્માર રસ્તાઓ સુધરાવવાની વ્યવસ્થા ભાગ્યે જ થતી. આવા વિસ્તારમાં સેવા કરવા કોણ આવે ? અને આવે તો તે ટકી પણ શકે ?

## ફરતું પુસ્તકાલય

પુસ્તકાલયનો મહિમા તો કેટલો ગવાયો છે, ભાઈ પણ ગજબના પુસ્તક પ્રેમી ! એની બેસન્ટના વરદ હસ્તે ભાવનગરમાં એક પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન યોજાયેલું, ત્યારે દાદાજીએ પોતાનાં બધાં પુસ્તકો તે પુસ્તકાલયને ભેટ આપી દીધેલાં. માનભાઈએ પોતાને પણ ઓવરટાઇમની જે રકમ મળતી, તે બધી પુસ્તક પાછળ ખર્ચી, પોતાનું એક નાનકડું પુસ્તકાલય બનાવેલું, જે પાછળથી શિશુવિહારને ભેટ આપી દીધું. 'અંબાશંકર મહાશંકર પુસ્તકાલય'ના રબર સ્ટૅમ્પવાળાં પુસ્તકો ભાઈનાં અંગત પુસ્તકાલયનાં ભેટપુસ્તકો છે.

સમજાય, ન સમજાય તોય વાંચતા રહેવું, સાંભળે, ન સાંભળે તોય સંભળાવતા રહેવું, આ એક ધૂન. પહેલો દીકરો જ્યોતિ થોડોક મોટો થયો એટલે એની બાબાગાડી ધૂળ ખાય. એના પર ૪' x ૨'નું પાટિયું બેસાડી, એમાં ગિજુભાઈનાં પુસ્તકો મૂકી શેરીઓમાં નીકળી પડે. ટોકરો વાગે એટલે છોકરાં ટોળે વળે. કિંમત આપી પુસ્તક લઈ જાય. વાંચી પાછું આપે, ત્યારે રકમ પાછી સોંપી દે ! આઠ મહિના આ ક્રમ ચાલ્યો. માબાપ ખુશ ખુશ ! અને ભાઈને તેનો સંતોષ ! વધુ ને વધુ લોકો વાંચે, એ જ

પુસ્તકની સાર્થકતા. ભાઈ દ્વારા આ પુસ્તક-સાર્થક્ય ખૂબ ઉજવાણું. તેમાંય સાને ગુરુજીનું 'શ્યામની મા' તો એમના કંઠનો નવલખો હાર ! રાત્રે જાહેર દીવાના થાંભલા નીચે કોથળો પાથરી બેસે. એકાદું મેઘાણી ગીત બુલંદ કંઠે લલકારે ! છોકરાં ભેળાં થઈ જાય, પછી અડધો કલાક 'શ્યામની મા'માંથી વાંચી સંભળાવે ! છેવટે ધૂન ગવડાવી, કોથળો સંકેલી, સાઇકલ લઈ ઘરભેળા થાય ! બીજા દિવસે બે ફેરફાર જોવા મળે ! પહોંચે ત્યાં સૌ હાજર, વળી નાના ઉપરાંત મોટા શ્રવણભક્તો પણ હાજર થઈ જાય ! પુસ્તક પૂરું થાય એટલે બીજી શેરીનો વારો. આવી રીતે લગભગ પચાસ પુનરાવર્તન થયાં હશે ! આજકાલ મહેન્દ્રભાઈ મેઘાણીની ગુજરાતભરમાં વાચનયાત્રા ચાલે છે, પણ ભાઈએ તો વર્ષો પહેલાં વ્યાપક-વાચનનો સુંદર સફળ પ્રયોગ કરેલો. વિદેશોમાં વિદ્વાનો માટે Well-read વિશેષણ લાગે છે, ખૂબ વાચ્યું હોય તેવો માણસ, પણ ભારતમાં વિદ્વાન માટે 'बहुश्रुत' વિશેષણ લાગે છે. ખૂબ સાંભળ્યું છે, તેવો શ્રવણપ્રવીણ માણસ ! સંસ્કાર-પ્રચાર માટે ભાઈએ આવા અનેક શ્રવણવર્ગો ચલાવ્યા. વચ્ચે તો માંહ્યલો કથાકાર પણ ડોકિયું કરી ગયો. દુર્ગાબહેનના ડેલામાં શાસ્ત્રી બનીને રામાયણનું પારાયણ પણ કર્યું, પણ કાંઈ જામ્યું નહીં. પણ અંદર બેઠેલો લોકશિક્ષક અવનવાં રૂપે પ્રગટ થયા કરે.

## કરચલિયાપરાના જ્ઞાનમાળી

જેવી રીતે શરીરની અંદર લોહી સતત ફર્યા કરે છે, તો જીવન ચાલે છે, એ જ રીતે સામાજિક જીવનને પણ સતત ગતિશીલ રાખવા અને નિતનવું પોષણ મળતું રહેવું જોઈએ. જેવી રીતે નિત્ય સ્નાન શરીરને સ્વચ્છ રાખે છે, એ જ રીતે નિતનવું વાચન માણસને તાજોમાજો રાખે છે.

માનભાઈને આટલી વાત સમજાઈ ગઈ હતી કે મારા સમાજ પાસે મારે નિત્ય-નિરંતર નવું જીવનભાથું પહોંચાડતા રહેવાનું છે.

આપણા ઝવેરચંદભાઈ મેઘાણીનું આ એક સ્વપ્ન હતું કે લોકો પાસે આવું નિત્ય ભાથું પહોંચાડનારા જ્ઞાનમાળી જોઈએ. તેમનું સૂત્ર હતું કે - જે ગામને પાદર નથી, તે ગામ કુગ્રામ છે, એ જ રીતે જે ગામમાં જ્ઞાનમાળી નથી, તે ગામ કુગ્રામ છે.

ભાઈ આખા ભાવનગરના ભલે જ્ઞાનમાળી ન બન્યા હોય, પણ કમ સે કમ કરચલિયાપરાના જ્ઞાનમાળી તો ભાઈ અમુક વર્ષો બની જ રહ્યા. પછી ભલે સદેહે બધે પહોંચી શકતા ન હોય, પણ પત્રિકા રૂપે જ્ઞાનને નિત્ય વહેવડાવતા રહેવાનું એમને વ્યસન જ પડી ગયું છે !

## બજરંગ વ્યાયામશાળા

સ્વરાજ્ય-ઘડતર માટે એક અદ્‌ભુત પ્રવૃત્તિ દેશભરમાં વ્યાપક રીતે ચાલી, તે હતી - અખાડા પ્રવૃત્તિ ! યુવાનોનાં તન-મન કસાય, જ્ઞાન-કૌશલ્ય વધે અને ઉત્તમ જીવનઘડતર થાય, તે માટેનું આ એક ઉત્તમ માધ્યમ હતું. ૧૯૩૮ની સાલમાં જ આ વિસ્તારનું 'યુવક મંડળ' સ્થપાયું.

કરચલિયાપરાના કાર્યવિકાસ માટે આવી પ્રવૃત્તિઓ વિકસાવવા કોઈ સ્થાનની જરૂરિયાત સૌને વર્તાતી. કેન્દ્ર માટે મોટું સ્થળ તો જોઈએ જ ને ! પ્રેસ રોડ પરની પાળિયા તળાવડી પાછળનું મેદાન સૌના ધ્યાનમાં આવ્યું અને ત્યાં કેન્દ્ર બનાવવાનું નક્કી કર્યું. પછી તો પૂછવું શું ! મેદાન સાફ થયું, તળાવડી પૂરાવા લાગી. રાત્રે આઠથી દશ જુવાનિયા કમ્મરતોડ મહેનત કરતા. ગીતો ગવાતાં જાય, રમતો રમાતી જાય, વાર્તા કહેવાતી જાય અને જાત મહેનત ઝિન્દાબાદ થતી જાય ! થોડા દિવસોમાં સમથળ મેદાન થતાં, તળાવડીની પાળોમાંની જ ધૂળથી મેદાન તૈયાર કર્યું. કાંઠા પર પચાસ જેટલા પાળિયા હતા. વચ્ચે વચ્ચે કોઈ આવી, એ પાળિયા પર સિંદૂર ચઢાવી જતું ! આ પાળિયાનું શું કરવું ? કોઈની શ્રદ્ધાને ઠેસ પહોંચે તેવો નાજુક મામલો હતો. પણ જૂથના ક્રાંતિકારી યુવાનોએ ધરતીમાં જ સમાવી લેવાનો કાર્યક્રમ ઘડ્યો અને રાતોરાત

પાળિયા ઢાળી દઈ ભોં ભેળા કરી લેવાનો કાર્યક્રમ પતી પણ ગયો.

આમ 'બજરંગ વ્યાયામશાળા'ની સ્થાપના થઈ અને એના દ્વારા નાનાં બાળકો માટે અખાડાની પ્રવૃત્તિ શરૂ થઈ. સર્વશ્રી બચુભાઈ, જયમલભાઈ, ઓધવજીભાઈ જેવા નિઃસ્વાર્થ, નિષ્ઠાવાન મિત્રોએ પોતાના ગુણોનો ચેપ અન્યને લગાડી સમાજ-હિત-ચિંતક યુવાનોનું જૂથ તૈયાર કર્યું. એ જમાનામાં ભાવનગરમાં 'ગણેશ ક્રીડામંડળ'નો જયજયકાર હતો, ધીરે ધીરે 'બજરંગ વ્યાયામ શાળા'નો ડંકો પણ ગાજતો થયો. કેન્દ્રમાં એક 'બૅન્ડ-પાર્ટી' પણ તૈયાર કરી, જે લગ્નપ્રસંગે મહેનતાણું લઈ વાજિંત્રો વગાડતી. આ બૅન્ડ-પાર્ટી એવી તો મશહૂર થઈ ગઈ કે લીંબડીમાં પહેલી રાજકીય પરિષદ ભરાણી, ત્યારે ખાસ નિમંત્રણ આપીને બોલાવાઈ. ઉપરોક્ત ત્રિપુટી આ બધાં કાર્યોના આધારસ્થંભ રૂપ હતી. માનભાઈ પાવો વગાડી જાણે ! માત્ર સંગીતમાં નહીં, કેન્દ્રની તમામ પ્રવૃત્તિઓમાં પાવો વગાડી સૌને પ્રેરણા આપવાનું મૂળભૂત કાર્ય એ કરી છૂટતા.

આ વિસ્તારના યુવાનોને મનગમતી પ્રવૃત્તિ મળી ગઈ હતી. અઠવાડિયે એક પૈસો ફી ભરી, સો જેટલા કુમાર-કિશોરો અંગકસરત અને ખેલકૂદની રમતો રમવા આવતા. સામૂહિક ખેલકૂદને પરિણામે યુવાનોમાં એક નવી ચેતના આવી ગઈ. તેમના ઉત્સાહ, ધગશ અને કૌશલ્ય વધી ગયાં. એકતા અને શિસ્તની ભાવના જન્મી, સંઘશક્તિ નિર્માણ થઈ, ધીરે ધીરે વ્યાયામશાળા સ્વાશ્રયી બની. બાલવાડી-બાલમંદિરને માટે સહાય મેળવી તા. ૨૩-૬-૧૯૪૫ના રોજ સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિના દિવસે, ત્યારના કેળવણી પ્રધાન શ્રી હરજીવનદાસ કાલિદાસ મહેતાના શુભ હસ્તે બાલમંદિરના નવા મકાનનું ખાતમુહૂર્ત કર્યું અને ૧૯૪૬માં ગુરુપૂર્ણિમાને દિવસે શ્રી પ્રેમશંકરભાઈના હસ્ત એક ઓસરીએ ચાર ઓરડાવાળા બાળમંદિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ બધી સિદ્ધિઓમાં મુખ્ય શક્તિ માનભાઈની

છે, એવું કોઈ કહેવા જાય તો ભાઈ તરત નમ્ર ભાવે બોલી ઊઠે - એકલો માણસ કશું ન કરી શકે. જે કાંઈ થયું છે અને થઈ રહ્યું છે તે ઉમદા મિત્રમંડળ દ્વારા જ થયું છે ! મારા પડતા બોલ ઝીલનારા જીગરજાન દોસ્તો ન હોત તો આમાંનું કશું જ શક્ય ન બન્યું હોત !

અનુભવ એવો છે કે પાયા ખોદવા કોઈ તૈયાર નથી થતું. ઝાડને ફળ બેસે, પછી પથરા ફેંકી ફળ તોડવા લાંબી કતાર લાગે. આવી સરસ જમીન, આવું ધમધમતું કેન્દ્ર અને નવલોહિયા જુવાનોનું આવું પ્રાણવાન જૂથ ! એટલે ધીરે ધીરે ત્યાં મોટી શાળા બંધાણી, જે આજે 'નગર શિક્ષણ સમિતિ' દ્વારા ચાલે છે. મજૂર કલ્યાણ કેન્દ્ર, સમાજ સુરક્ષા તંત્રના કાર્યકરો પોતપોતાની પ્રવૃત્તિ ચલાવવા કટિબદ્ધ થયા. ૧૯૩૯માં ભાઈને પોતાનું નિવાસસ્થાન કૃષ્ણનગરમાં બદલવાનું થયું, એટલે કાર્યક્ષેત્ર બદલાયું અને ધીરે ધીરે કરચલિયાપરાની પ્રવૃત્તિઓમાં સરકારી રંગઢંગ ભળ્યા. ટૂંકી દૃષ્ટિવાળા રાજકારણીઓએ કામઢા અને નિ:સ્વાર્થ યુવાનોને વેરણછેરણ કરી મૂક્યા, પ્રવૃત્તિની કરોડરજ્જુને જ તોડી નાંખી ! પરિણામે સમય જતાં પહેલાંનું ચેતન ઓસરી ગયું. નિષ્પ્રાણ માળખાની જેમ સરકારી રાહે બધું ચાલતું રહ્યું, પણ ભાઈના જીવનનો તો આ છંદ જ રહ્યો છે કે જ્યાં હોઈએ, ત્યાં શક્તિનું છેલ્લું બુંદ ખરચી કામ કરવું. ઋણાનુબંધ પૂરા થાય એટલે મૌનપૂર્વક આગળ વધવું.

## સ્વામીરાવની સોબતમાં

ભાવનગરની અખાડા પ્રવૃત્તિઓમાં સ્વામીરાવનું નામ આગળ પડતું હતું. એમનું મૂળ નામ સરદાર પૃથ્વીસિંહ, પરંતુ ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવે, એટલે નવું નામ 'સ્વામીરાવ' રાખેલું. પંજાબી બાંધાનું શરીર અને ફાટફાટ થતી જુવાની. ભાવનગરમાં વ્યાયામ-પ્રવૃત્તિ ત્યારે ધીમે ધીમે જોર પકડવા લાગેલી. ભાઈ વગેરે કામદાર મિત્રોને બજરંગ વ્યાયામશાળા તો હતી જ, તેમાં પીલ ગાર્ડનમાં પણ એક વ્યાયામશાળા

ઊભી થયેલી, જેમાં શ્રી ગણેશ વૈશંપાયન કરીને એક મહારાષ્ટ્રના તાર-માસ્તર વિદ્યાર્થીઓને દંડ બેઠક કરાવતા. તેમાં સ્વામીરાવ જેવા ભળ્યા, એટલે સોનામાં સુગંધ ભળી. એ પ્રવૃત્તિ ખૂબ ફૂલીફાલી અને મોતીબાગના એક ખૂણામાં 'ગણેશ ક્રીડામંડળ' નામે વ્યાયામશાળા ઊભી થઈ. આ 'ગણેશ' તે પેલા મહારાષ્ટ્રીયન સજ્જન, નહીં કે પાર્વતીપુત્ર ગણેશજી !

સરદાર પૃથ્વીસિંહની દોરવણી હેઠળ વ્યાયામવીરોની લંગાર પેદા થઈ, દૃઢ મનોબળવાળા, કડક શિસ્તવાળા કાર્યકરોનું જૂથ તૈયાર થયું, તેમાં શ્રી જયમલભાઈ યાદવ, શ્રી બચુભાઈ કામ્બડ, શ્રી બાબુભાઈ ચૌહાણ વગેરેએ મોખરે રહી, પછાત કોમના મજૂર વર્ગનાં બાળકોને તૈયાર કર્યાં, માત્ર કરચલિયાપરા સુધી પોતાની પ્રવૃત્તિઓને મર્યાદિત ન રાખતાં, ભાવનગરમાં ઠેર ઠેર ક્રીડાંગણો અને વ્યાયામશાળાઓ ઊભી કરવામાં મોખરે રહ્યા. કાઉટને આનુષંગિક અનેક પ્રવૃતિતઓનાં પણ મંડાણ થયાં.

## અભ્યાસ મંડળ

શ્રમાધારિત જીવન જીવતા પોતાના સાથીદારો માત્ર સમાજસેવાના કે રાષ્ટ્રીય કાર્યોમાં રચ્યાપચ્યા રહે તે પૂરતું ન લાગતું, એટલે એમના સર્વાંગી વિકાસની દૃષ્ટિએ માનભાઈએ 'અભ્યાસ મંડળ'ની સ્થાપના કરી, વિવિધ વિષયોના જાણકારો દ્વારા સ્વાધ્યાય વર્ગો પણ ચલાવ્યા હતા. છ મહિના સુધી, દર અઠવાડિયે નગરના વિદ્વાનો દ્વારા મનનીય વ્યાખ્યાનો અપાવી, પોતાના મંડળને બૌદ્ધિક રીતે પણ સજ્જ કરેલું. આ વ્યાખ્યાનોમાં શરીરની તંદુરસ્તી, મનની માવજત, રાષ્ટ્રીય પ્રવાહો, મહાપુરુષોની જીવનગાથા જેવાં, જીવનનાં તમામ પાસાંને સ્પર્શે તેવા વિષયો રાખવાની દૃષ્ટિમાં પણ ભાઈનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે.

ભાઈના વ્યક્તિત્વમાં એક 'શ્રમપુરુષ' અને બીજો 'સમાજપુરુષ' નાનપણથી દેખા દેતા આવ્યા છે. ભણતર માટે નિશાળે મૂક્યા, તો મહેનત વગરના વાંઝિયા શિક્ષણમાં લગીરે રસ ન પડ્યો. અનેક

તાવણીમાંથી પસાર થઈ છેવટે અંતરના સ્વધર્મને પિછાણી પોતે જ પોતાનું શ્રમનિષ્ઠ કાર્ય શોધી લીધું. વ્યક્તિગત આજીવિકાના કામની સાથોસાથ, પોતાની આસપાસના સમાજનો સર્વાંગી ઉત્કર્ષ થાય, એ જ ઝંખના રહી. એમનું મસ્તક કદીય ઉપલા વર્ગ સામે નહીં, સૌથી છેવાડે, સૌથી પાછળ, સૌથી વધારે દલિત-પીડિત લોકો માટેની અનુકંપા જ એમનાં સામાજિક કર્તવ્યો નક્કી કરતી.

## મહિલામંડળ

કરચલિયાપરામાં અજ્ઞાનમાં સૂતેલા સમાજને ઢંઢોળ્યો, થનગનતી યુવાશક્તિ જાગૃત કરી, સૌ સ્વમાનભેર જવાબદારીભર્યું પ્રામાણિક જીવન જીવે તે દૃષ્ટિ સાથે અવનવા પ્રયોગો કર્યા. પરંતુ કોઈ પણ સમાજમાં સૌથી પાછળ, સૌથી વધુ સહન કરનારી વ્યક્તિ તો 'સ્ત્રી' છે. એ ધ્યાન બહાર જાય તો આંખવાળા શેના ?

ધ્યાન તો હતું જ, પરંતુ કામ મુશ્કેલ હતું. પ્રવેશ કેમ પામવો, તે જ મોટો પ્રશ્ન ! તેમાંય વળી બાબત પણ નાજુક, મનુષ્યના જીવનનું અત્યંત અંગત પાસું ! અગન સાથેનો ખેલ હતો !

હકીકત આ હતી કે ગરીબોને કારણે મોટા ભાગની કોળી સ્ત્રીઓ પૈસાદારો ને ત્યાં ત્રણસો રૂપિયામાં રખાત તરીકે વેચાતી. દલાલ ત્રણસો રૂપિયામાં લાગઠું પણ કરી દે, અને છુટ્ટું પણ કરી દે. લોહીની આ કમાણીમાંથી દારૂ-માંસ-જુગારની મહેફિલો જામે અને વ્યભિચાર પણ ફેલાય. આ બધી પરિસ્થિતિમાં મરો થાય સ્ત્રીનો. રખાત બને, વ્યભિચાર સેવે કે ઘેર બૈરી બને. બધી ભૂમિકામાં સહેવાનું એને. બધે પુરુષોનું વર્ચસ્વ. ચૂં કે ચાં કર્યા વગર શ્વાસ લેતા રહેવાના.

પછી તો મહિલા મંડળો એક ટૂકડીએ ઘેર ઘેર ફરી 'મહિલામંડળ'ની સ્થાપના કરી અને ત્યાંના ઠાકરદ્વારામાં અક્ષરજ્ઞાન, વાચન, ગૃહવ્યવહાર, આરોગ્ય જ્ઞાન વગેરે કાર્યક્રમો ગોઠવવાનું આયોજન થયું. પરંતુ બીજા દિવસે તો ત્યાં અવનવું થઈને જ ઊભું રહ્યું. બહેનો ત્યાં વર્ગ લેવા

પહોંચી, તો કરચલિયાપરાની મોટી પીઢ ઉંમરની બહેનોએ આ સુધારક બહેનોને ધમકાવી, બીભત્સ ગાળો ભાંડી, ભગાડી મૂકી. મહિલા મંડળ અને કાણે સાહેબ, સહુનો રોષ માનભાઈ પર ઠલવાયો. ભાઈને થયું કે નક્કી કાંઈ દાળમાં કાળું છે ! બીજા દિવસે તપાસ કરી તો મૂળ હાથમાં આવી ગયું. બહેનોને કહ્યું કે હું પોતે ત્યાં હાજર રહીશ, તમે જરૂર ત્યાં પહોંચજો.

બીજા દિવસે, નક્કી કરેલા સમયે મંડળની બહેનો આવી પહોંચી. ભાઈ પણ ત્યાં હાજર હતા. આધુનિક બહેનોની વેશભૂષા, રંગઢંગ ટાપટીપ જોઈ થયું કે પહેલો પાઠ તો અહીં જ ભણાવવો પડશે. ભાઈની ભાષા તો આકરી. કરવતની જેમ બેય બાજુ વહેરતી ચાલે. સમાજને સુધારી નાંખવાના ઉત્સાહ સાથે આવેલી આ બહેનોને આકરી વાણી સંભળાવી ‘તમારાં આ બધાં લટકાં અહીં ન ચાલે. જ્યાં જઈએ, ત્યાંના જેવા થતાં આવડે, તો શિક્ષણ અપાય !’ બહેનો પાછી ફરી, પછી તો સામ્યવાદી મહિલા કાર્યકર શ્રી નિરુબહેન પટેલે આ વાસને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી ખૂબ કામ કર્યું. નિરુબહેનના કામ માટે ભાઈને ભારોભાર આદર. આમેય તે, જે લોકો માત્ર વાતોનાં વડાં તળે, એમના માટે કદીયે ભાઈનું મન ખેંચાય નહીં, એવા લોકોથી એ દૂર જ રહે.

આ મંડળીને માત્ર સમાજસેવા નહોતી કરવી, સમાજ સુધારણા અને મૂલ્ય-પરિવર્તનનું ક્રાંતિકાર્ય પણ કરવું હતું. એટલે સમાજનાં તમામ તત્ત્વોનો સદાસર્વદા સાથ-સહકાર મળી રહે તેવું તો ન જ થાય, બલ્કે ક્યારેક વિરોધ પણ સાંખવો પડે. અહીં પણ એવું જ થયું. પણ કરામત કરી વિરોધી પરિબળોને પણ અનુકૂળ કરવાની હૈયાસૂઝ આ મિત્રોમાં હતી, એટલે કંટક પણ ફૂલ બની જતાં. જરૂર પડે અનિષ્ટ તત્ત્વો સામે પડકાર ફેંકી પ્રતિકાર પણ કરતા.

◈ ◈ ◈

# ૬

# સ્વરાજ્યની લડતમાં

એ દિવસો સ્વાતંત્ર્ય-સંગ્રામના. એમાં એકદમ સીધો-સક્રિય ભાગ ખાસ નહોતા લેતા, વચ્ચે-વચ્ચે પ્રસંગોપાત્ત કામ કરી લેતા. ૧૯૨૧ની આસપાસ, સ્વરાજની લડતમાં સ્વદેશીની ચળવળ જોરશોરથી ઊપડી. વિદેશી કપડાંની હોળી થાય. ઠેર ઠેર સભા-સરઘસ-પ્રભાત ફેરીઓ યોજાય. આ ઝુંબેશમાં નાનાભાઈ ભટ્ટ પણ પોતાની રીતે પ્રચાર-કાર્ય કરે. જીવણલાલ ઍન્ડ કંપનીના સહયોગથી તેઓ જુદા જુદા વિષયોની પત્રિકાઓ છપાવી એનો બહોળો ફેલાવો કરે.

લાખોની સંખ્યામાં પત્રિકાઓ છપાવેલી, તે જમાનામાં પત્રિકાઓ છપાવવી, તે પણ એક ગુનો ગણાતો. ત્યારના દીવાન શ્રી પટ્ટણીસાહેબને આ પ્રવૃત્તિ ન ગમી. તેમનામાં રાષ્ટ્રભક્તિ અને રાજ્યભક્તિ - બેઉનો સંગમ ! એટલે રાજને કાંઈ આંચ ન આવે તે જોતા રહે. એમને આ પસંદ ન પડ્યું એટલે બધી પત્રિકાઓ બાળી દેવાનું નક્કી કરવામાં આવ્યું. દક્ષિણામૂર્તિના કળામંદિરના ખંડમાં આનો સંગ્રહ કરે. મોડી રાતે સર્વશ્રી મૂળશંકરભાઈ, ચંદુભાઈ, વીરસુતભાઈ, વગેરે એ પત્રિકાઓને ધીમે ધીમે સગડીમાં બાળીને રાખ કરે. એક વખતે રાત્રે બાર વાગે માનભાઈ વાઘાવાડી રોડ પરથી પસાર થતા હતા. તેમણે કળાવર્ગના બારણાના કાચ પર કાંઈક લબકઝબક થતું જોયું, એટલે નજીક ગયા. ત્યાં કશુંક બળતું ગંધાતું હતું. એટલે બારણાને ધક્કો માર્યો અને ધબધબાવ્યું ! બારણું ખૂલ્યું અને જોયું તો બધા વડીલો !

સ્વરાજ્યની લડતમાં માનભાઈ છાનાંછપનાં કરતા હતા, તે આ વડીલ મિત્રો જાણે. પ્રસંગોપાત્ત આ મિત્રો પણ તેમનો ઉપયોગ કરતા. એટલે બધી હકીકત જાણી ભાઈએ પત્રિકા વહેંચવાની જવાબદારી

ઉપાડી. એક થેલામાં દસેક પ્રકારની પત્રિકાઓ ભરી અને ચાલતા થયા, પેલા વડીલો પણ ખુશ થયા કે પત્રિકા સાર્થક થઈ. પણ શી મતિ સૂઝી કે ભાઈએ બધું ઊંધું જ કર્યું. અનેક જુદા જુદા સ્થળે, બુકપોસ્ટ દ્વારા તમામ પ્રકારની પત્રિકાઓ રવાના કરી. સરકારી કચેરીઓ, પોલીસ ખાતું, જુદાંજુદાં છાપાંઓને તો ખાસ મોકલી આપી.

પછી તો પૂછવું શું ? ચારે બાજુ હો હા થઈ પડી. તપાસ ચાલી, તો મૂળ ભાવનગરમાં જ છે, તે પકડાયું. પટ્ટણીસાહેબે નાનાભાઈ ભટ્ટને બોલાવી ઠપકો આપ્યો કે તમે મને ના પાડી વચન આપ્યું હતું, છતાંય પાછું ભાવનગરને ભીંસમાં મૂક્યું. નાનાભાઈ પણ મૂંઝાયા. એમણે જે મિત્રોમાં વિશ્વાસ મૂકી કામ સોંપેલું, તેમને સારી પેઠે ખખડાવ્યા. પણ એમની સ્થિતિ તો ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે જેવી હતી. પણ જ્યારે માનભાઈને મળવાનું થયું ત્યારે ભારે અણગમો વ્યક્ત કર્યો. ભાઈએ કહ્યું - લડત જ કરવી છે તો આમ બંધબારણે શા માટે ? ઉઘાડે-છોગ જે કરવું હોય તે કરો ! 'ગાંડી સાસરે ન જાય અને ડાહીને શિખામણ આપે' તેવા ઘાટ હતા. પણ કાચી ઉંમર અને વળી કાંઈ કાંઈ કરી નાખવાના મનોરથો, શરીરમાં પ્રચંડ જોશ ! ચારે બાજુ ખળભળાટ ઊભો કરી દીધાનો આનંદ પણ માણી લીધો. નાનાભાઈ જેવા ગુરુવર્યને પણ મુશ્કેલીમાં મૂકી દીધા.

## ભાંગફોડિયા પ્રવૃત્તિ

૧૯૪૦માં બીજા વિશ્વયુદ્ધના પ્રત્યાઘાતો વિશ્વભરમાં ઊંડા પડી રહ્યા હતા, તેમાં ભારતને પણ એ યુદ્ધમાં પરાણે ખેંચવામાં આવી રહ્યું હતું. ત્યારે ભાવનગર રાજ્યનો બધો વહીવટ એમના દીવાન પ્રભાશંકર પટ્ટણી ચલાવતા. તેમનું દફતર અંગ્રેજી હકૂમતની તરફદારી કરતું, પરંતુ તેમનું દિલ સ્વાભાવિક રીતે ગાંધીજી તરફ ઢળેલું હતું. ગાંધીજીની સાથે તેમણે ગોળમેજી પરિષદમાં ભાગ પણ લીધેલો.

ત્યારે ભાવનગરમાં બંદર ખાતે અંગ્રેજ યુવાનોને તાલીમ આપવા એક હંગામી છાવણી ઊભી કરવામાં આવેલી. આ નવજુવાનોમાં દેશને આઝાદ કરવાની, ફના થવાની તમન્ના હતી. આ સૌ શ્રમિકો ફરજ પરના કલાકો પૂરા કરી, બાકીના સમયમાં છાનામાના અંગ્રેજો સામેના સંઘર્ષમાં કામ આવી શકે તેવાં સાધનો બનાવતા. સ્વરાજ્યની આ લડતમાં આ મિત્રો હવે 'કોમરેડ' બની ગયા હતા.

શરૂ શરૂમાં તો બૉમ્બ બનાવવા માટે નાના નાના ડબાઓનો ઉપયોગ કરતા, પછી એ માટેની ખાસ બનતી લોખંડની મોટી પેટીઓનો ઉપયોગ કરવા લાગ્યા. એક સ્થળે આ પેટીઓ બને, બીજા સ્થળે અંદર ભરવાનો મસાલો બનતો, જે છેવટે માનભાઈ ભટ્ટના 'નિર્ભય ભુવન'માં સંગ્રહિત થતો. દિવસે અંગ્રેજ સત્તાધીશો નીચે 'પેટિયું' રળી લેતા, અને રાતે દરિયે જઈ બૉમ્બ બનાવવાની બાકી રહી ગયેલી કામગીરી પૂરી કરતા. ભારતને છેક પશ્ચિમે આવેલા એક નાનકડા રાજ્યમાંથી ભારતને છેક ઉત્તરે સિમલા, તથા પૂર્વમાં કલકત્તા સુધી આ સાધનો પહોંચી જાય છે, તે વાત દોઢેક વર્ષ સુધી તો છાની રહી.

એક દિવસ રાજકોટ એજન્સીની પોલીસે ફેરી બંદર પર જડતી લીધી. જયમલભાઈ તથા માનભાઈને ઘેર છાપો મરાયો. અગાઉથી ખબર પડી ગયેલી એટલે બધી યંત્રસામગ્રી દરિયાના પાણીમાં ઉતારી દેવામાં આવેલી. આડોડિયાવાસનો 'મસાલો' કોઈક કુખ્યાતના આંગણામાં દાટી દેવામાં આવ્યો હતો, પરંતુ ગંધક-પોટાશ ભરેલી કેટલીક પોટલીઓ પડી હતી, તેને ઘરોમાં છુપાવી દીધી.

આમ તાત્કાલિક સંકટ તો ટળ્યું. પરંતુ આવી ભાંગફોડિયા પ્રવૃત્તિમાં જોખમ તો ડગલે ને પગલે ઊભું થાય. દરેક વખતે 'येन केन प्रकारेण' બચાવ થઈ જતો. એક વાર, ભાઈના નામે મોટું રેલવે પાર્સલ આવેલું, તેની રસીદ ટપાલમાં મળી. તેમાં સાંકેતિક ભાષામાં લખેલું કે

પાર્સલ સંભાળપૂર્વક ચેતીને મેળવવું. પેલા ખોજા મિત્રે ભાઈને સાવધાન કરી દીધેલા કે પાર્સલ લેવા ન જવું, પણ ચટપટી શાંત થોડા જ બેસવા દે ! પાર્સલ તો હાથવગું કરવું જ જોઈએ. રાત્રે સ્ટેશને બુકિંગ ઑફિસમાં જઈ પાર્સલ બરાબર જોઈ લીધું. બીજી સવારે તેના જેવું જ પાર્સલ તૈયાર કરી બુકિંગ માસ્તરને વિશ્વાસમાં લઈ, બદલી નંખાવ્યું. ત્રીજા દિવસે પાર્સલ લેવા ગયા. પાર્સલ લઈને બહાર નીકળતા હતા, ત્યાં પોલીસે હાથ પકડ્યો. ચાર-પાંચ જણે ઘેરી લીધા. પાર્સલનો કબજો લઈ ભાઈને સિક્યોરિટી રૂમમાં લઈ ગયા. પંચ સમક્ષ કાગળો તૈયાર કરી પાર્સલ તોડ્યું. ભાઈ તો ટાઢા કોઠે બધો તમાશો જોયા કરે. પાર્સલમાંથી તો નવા ફૂલસ્કેપ કાગળો જ નીકળ્યા. સૌ હસી પડ્યા પણ પેલો વડો સાહેબ બબડ્યો - કોઈ સાલાએ ખોટી બાતમી આપી સતાવ્યા. પેલા જૂના મૂળ પાર્સલને તો જોયા વગર જ કેરોસિન નાખી સળગાવી દીધું હતું.

## બૉમ્બ પણ બનાવ્યો

આઝાદી મેળવવા દેશની યુવાની હિંસાનો આશરો લે, એ સ્વાભાવિક છે. ગાંધી તો યુગે એકાદો પાકે, બાકી નવલોહિયા યુવાનો તો અન્યાય સામે, જીવ સાટે જીવ લેવાની વાતમાં જ સમજે ! આવી ક્રાંતિકારી ટોળકીઓનો છંદ માનભાઈને પણ લાગેલો. પકડાઈ ન જવાય એ રીતે સ્ફોટક પદાર્થો મેળવે. કૉફી-ઓવલ્ટાઇનના નાના-મોટા ડબાઓમાં આ પદાર્થ ભરે, તેજાબની શીશી બૂચ મારી ઊંધી મૂકે એટલે એ ટાઇમ બૉમ્બ બની જાય. તેજાબને કારણે બૂચ ખવાઈ જાય અને ઍસિડનો ડબાની અંદરના દ્રવ્ય સાથે સંઘર્ષ થાય, એટલે તરત ધડાકો થાય. મોટું નુકસાન કરવું હોય તો ડબામાં લોખંડનાં કટિંગ પણ ભરવામાં આવતા. આ બધી તાલીમ દેવા માનભાઈ એક મહિનાની રજા લઈ મુંબઈ ગયેલા અને ચુસ્ત કૉંગ્રેસી કહેવાતા લોકોને આ ભાંગફોડ કરવાની તાલીમ આપી.

એક વખતે પ્રથમ વર્ગના પાસ સાથે ચર્ચગેટથી પારલાની ટ્રેનમાં બેઠેલા. વચ્ચે જ, બાંકડા નીચેનું એક ડબલું ફાટ્યું. કોઈકે મૂક્યું હશે. મોટો ધડાકો થયો અને એ બાંકડા પર બેઠેલાં એક સગર્ભા પારસી બાનુને પ્રસૂતિ થઈ ગઈ. સ્ટેશન આવ્યું, પોલીસ કોઈને ઊતરવા ન દે. સૌની ચકાસણી થયા પછી જવા દીધા. પણ ત્યારે મનોમંથન ચાલ્યું કે જેની સામે લડત કરવાની છે, તે તો મહેલોમાં મહેફિલો માણે છે, અને અહીં નિર્દોષ માણસોને વેઠવાનો વારો આવે છે, આવી ભાંગફોડનો શો અર્થ ? બસ, આતમરામ જાગ્યો અને ભાઈની ભાંગફોડિયા પ્રવૃત્તિ આપોઆપ છૂટી ગઈ.

## ‘હરિજનબંધુ’નો પ્રચાર

એ દિવસો તો સ્વરાજ્યની લડતના. ગાંધીની આંધીએ આખા દેશને ચકરાવે ચઢાવ્યો હતો. રાષ્ટ્રભક્તિ કે દેશદાઝની કોઈ ચળ ઊપડી આવે તેવી ભાઈની વૃત્તિ નહીં, પણ સાચું કામ અને સાચા માણસ તેમના માટે દીવાદાંડી અને ખોટું કામ અને ખોટા માણસ માટે નફરત ! બાપુની ચળવળમાં સહેજે જે કામ સામે આવે, તે અચૂક કરે, પણ સત્યાગ્રહો કે સભા-સરઘસો અને ‘જેલ ભરો’ના કાર્યક્રમોમાં એ કદીય સામેલ ન થયા. એમને સમાજને પાયામાંથી સ્વરાજ્યને લાયક બનાવવો હતો, એટલે પહેલેથી જ પાયાના કામમાં લાગેલા હતા. છતાંય કટોકટી કાળે ‘હરિજનબંધુ’નો વ્યાપક પ્રસાર પણ કર્યો.

## સાધનશુદ્ધિનો આગ્રહ નહીં

આવી પ્રવૃત્તિઓ સામે પોલીસની ચાંપતી નજર હોય જ. ખોજાવાડનો એક યુવાન રાજકોટ છૂપી પોલીસમાં નોકરી કરતો. તે ભાઈનો મિત્ર એટલે ઘણી છાની બાતમીઓ ભાઈને સંભળાવતો. ભાઈ એ બધી માહિતીઓ સમાચાર રૂપે મિત્રોને કહી સંભળાવે, એટલે ભાઈનું તો કોંગ્રેસી તરીકે મોટું નામ થવા માંડ્યું. પણ ભાઈ તો કદી ચાર

આનાના સભ્ય પણ બન્યા નથી. એ તો કૉંગ્રેસ અને કૉમ્યુનિસ્ટો બંને સાથે કામ કરતા. લેનિન-સ્ટાલિનના ફોટા પણ રાખતા. બંને પક્ષોની પોલ ભાઈ જાણે, પણ પોતાને તો કામ સાથે કામ ! રાજકારણ કે પક્ષાપક્ષી સાથે પહેલેથી જ એમણે સ્નાનસૂતકનો ય સંબંધ જોડ્યો નથી. પહેલેથી જ પોતાની સામાજિક પ્રવૃત્તિ વિશે આટલી દીવા જેવી સ્પષ્ટ સમજણ બહુ ઓછા માણસોએ કેળવી હોય છે. પણ ભાઈમાં કેટલીક વૈચારિક સફાઈ અને કેટલાંક મૂલ્યોનું જતન પાયામાં પડેલું જોવા મળે છે. જેમ કે, રાજકારણ નહીં, પણ લોકોની શક્તિ વધે તેવાં જ કામોમાં પડવું. કોઈની આપખુદી સાંખવી નહીં અને સમાજને સાંખવા પણ ન દેવી. લોકકલ્યાણના કામ માટે સંપત્તિધારીઓનો આશરો ન લેતાં, આપબળે કે લોકબળે કામ ઊભાં કરવાં અને લોકોના સન્માન સામે કોઈ સસ્તા સમાધાનમાં ન પડવું. જ્ઞાતિભેદ, ઊંચ-નીચ ભાવના આ બધું એમના - ક્રાંતિકારી માનસમાં કદી પગપેસારો જ ન કરી શક્યું. જોકે ગાંધીજીના સાધનશુદ્ધિ અને અહિંસાના વિચારોને સોએ સો ટકાથી અપનાવેલા નહીં. જે પાણીએ મગ ચડે, તે પાણીએ કામ કરાવી લેવાનું. મમ-મમ સાથે નિસબત, ટપ-ટપ સાથે નહીં !

એટલે જ ટપાલખાતાના માણસોને ફોડી સરકારી ટપાલો હાથવગી કરતા. આવી ટપાલો ફોડી-ખોલી-વાંચી પાછી બંધ કરી લેવાની કળા પણ હસ્તગત કરી લીધેલી. જે-તે કવરમાંથી કાગળ કાઢી, અંદર 'હરિજનબંધુ'ની નકલ મૂકી પાછું પૅક કરી દે. ટપાલને બદલે 'હરિજનબંધુ' નીકળે એટલે મેળવનારને નવાઈ લાગે, તેની તપાસ પણ ચાલે. પણ ભાઈ ક્યાંય પકડાય નહીં, તેવી સિફતથી કામ કરે. દોઢેક વર્ષ આવી ભૂગર્ભ પ્રવૃત્તિ ચાલી. છેવટે બાપુને આ વાતની ખબર પડી કે તરત એલાન કર્યું કે આવી રીતે હરિજનબંધુ ચલાવવું તે પાપ છે, ત્યાર પછી આ કામ સંકેલાઈ ગયું.

ગાંધીજીનું નામ લઈને કદીય કામ ન કરે, પણ બાપુ માટે અપાર શ્રદ્ધા. કહે - 'બાપુએ કહેલું નથી કર્યું તેનો પસ્તાવો હજીય થાય છે. સાધનશુદ્ધિની વાત માની નથી, એ બાબત હૃદયમાં ખૂંચ્યા કરે છે.' બાપુની સત્ય-અહિંસાની વાત નીકળતાં એક વાર કહે : 'હું સમજાવી શકતો નથી, પણ અંદરથી મને તે સમજાય છે. એક વાર બાપુને મળવા પણ ગયેલો. એમના ખાટલા પાસે જ બેઠો હતો ! કસ્તૂરબા પાસે પણ બેઠેલો. બાપુની ભસ્મનો કળશ ખોળામાં લઈને હું જ બેઠેલો. સાચાખોટાની પરખ મને ખરી, પરંતુ કોઈ પણ રીતે કામ સિદ્ધ કરવામાં માનતો. આખું જીવન મેં દાદાગીરી જ કરી છે.' જીવનના પૂર્વાર્ધમાં ઘણું બધું સાચું-ખોટું કર્યું છે, એની યાદ આવતાં માનભાઈની આંખો આજે ભરાઈ જાય છે. એમને મૂંઝવણ થાય છે કે લોકો મને આટલા બધા આદર-સત્કાર આપે છે, પણ એક વખત મેં કેવાં સાચાં-ખોટાં કર્યાં છે !

## રાજકારણને નવ ગજના નમસ્કાર

હવે સૌરાષ્ટ્રનું સ્વતંત્ર રાજ્ય થયું હતું. પરંતુ સત્તાના રાજકારણની ભાઈને પહેલેથી છોછ. ભાઈ માનતા કે રાજકારણ એ ટેકનિકલ વિષય છે, એમાં જે-તે વિષયના નિષ્ણાત માણસો જ ચાલે. પણ આત્મારામભાઈએ બળવંતભાઈને કહ્યું કે માનભાઈને મજૂર-પ્રધાન બનાવો ! મજૂરોના સંગઠન અંગેની એક સભા શિશુવિહારમાં જ ભરાયેલી, તેમાં પણ માનભાઈ સૌરાષ્ટ્રના મજૂર-પ્રધાન તરીકેની જવાબદારી સંભાળે એવી જોરદાર દલીલ કરી હતી.

પરંતુ એમના ઘરના દરવાજામાં દાખલ થતાં પહેલાં જ તમારે એક પાટિયું વાંચવું પડે કે, ''ભૂતકાળના કે ભવિષ્યકાળના કોઈ ધંધાદારી રાજકારણીઓએ પ્રવેશ કરવો નહીં.'' આવું લખવા પાછળ એમના રાજકારણીઓ અંગેના અનેક કડવા અનુભવોનો સાર પણ ખરો.

સ્વરાજ્ય આવ્યા પછી દેશભરમાં ચૂંટણીના વાયરા વાયા. પહેલી

કે બીજી ચૂંટણીમાં લોકોએ શહેરના સદ્‌ભાવી સજ્જન ઠાકરશી પટેલને ચૂંટણીને રવાડે ચઢાવ્યા. એ પણ શતરંજના પ્યાદા બની ગયા, ભાઈને તો ચૂંટણી માટે પહેલેથી જ નફરત. એ તો માનતા કે ચૂંટણી નહીં, પણ જેમનામાં આવડત, કુશળતા, હોશિયારી હોય તેવા માણસોની પસંદગી થવી જોઈએ. No election, but Selection ! કહેવાય છે કે અંગ્રેજોની હકૂમતમાં મોટી સુધરાઈઓમાં આવા સભ્યોની નિમણૂક થતી, જેમને 'મહાજન' કહી શકાય તેવા માણસોની સલાહકાર રૂપે સામેથી પસંદગી થતી.

જ્યારે આ ચૂંટણીમાં તો રાજકારણીઓનો ખુરશી, વર્ચસ્વ અને વૈભવ જળવાઈ રહે એ જ હેતુ ! પરિણામે હળાહળ જુઠ્ઠાણું, પાર વગરનાં પ્રલોભનો અને લાંચિયાપણા-ભ્રષ્ટાચાર-ખુશામત વગેરે અનિષ્ટ તત્ત્વો ખૂબ ફૂલ્યાં-ફાલ્યાં.

આવા પ્રસંગો અને સ્વાનુભાવોને આધારે મનમાં એવી પાકી ગાંઠ બંધાઈ ગઈ કે આ રસ્તો આપણો નહીં. એક વખતે નગરપાલિકામાં સર્વાનુમતિએ 'લોક ઉમેદવાર' પસંદ કરીને મોકલવાનો પ્રયાસ આરંભાયો, ત્યારે ભાઈ પર ખૂબ દબાણ આવ્યું. ભાઈ જેવો નગરપતિ મળે તો નગરની સિકલ બદલાઈ જાય, એવી ભલીભોળી આશા ! પણ ભાઈ વર્તમાન રાજકારણીનું વરવું રૂપ પામી ગયેલા એટલે મિત્રો કહેતાં કહેતાં થાકી ગયા, અને એ નન્નો ભણતા રહ્યા.

આમેય એમને એકલપંડે કામ કરવાની ટેવ. એમની રીતે કામ કરવું હોય ને સાથે આવે તો તેમનો સાથ ભલો ! સાથીઓને સાચવે પણ ખૂબ, માન-ગૌરવ પણ આપે, પણ પોતાની રીતે કામ થતું રહે ત્યાં સુધીનો જ સાથ ! પહેલેથી જ આવો મનસ્વી સ્વભાવ ! પોતાના ઘરની બહાર 'રાજકારણીઓને પ્રવેશ નથી' - એવા મતલબનું જે પાટિયું મૂક્યું છે, તેવું પાટિયું ભારતભરમાં ક્યાંય મુકાયું નહીં હોય. ગંદા રાજકારણીઓ

પ્રત્યેની એમની આ ચીડમાં ખાટા-મીઠા અનેક સ્વાનુભવોએ પણ ભાગ ભજવ્યો હશે, પરંતુ તેમના વ્યક્તિત્વ માટે તો રાજકારણની આ આભડછેટ તારક જ બની ગઈ. બાકી એમનામાં શક્તિ હતી કે રાજકારણમાં એ પ્રધાનપદું કે નગરનું મેયરપદું તો ભોગવી જ શક્યા હોત, પરંતુ દાનતખોરી એમના માટે દાનવરૂપ હતી, રાક્ષસથી જોજન દૂર રહેવું સારું.

## અક્ષરજ્ઞાનની નિરાળી રીત

પરામાં ૧૧ જગ્યાએ આ રાત્રીશાળાઓ ચાલે. ત્યાં અમુક શિક્ષક અને અમુક વિદ્યાર્થી-એવું નહીં. સૌ શિક્ષક અને સૌ વિદ્યાર્થી. આંક આવડે તે બીજાને એકડા શીખવે, અને પોતે કક્કો - બારાખડી શીખે. જૂની ગામઠી ઢબે બધું ચાલે. મકાનભાડું આપવાનું નહોતું. માત્ર રાત્રે ફાનસ અને એને સળગાવવા ગ્યાસતેલ જોઈએ. બેસવા માટે જૂના કોથળામાંથી સૂતળી છૂટી પાડી આસનિયાં બનાવતાં. તે વેચતા પણ ખરા, વેજિટેબલ કારખાનામાં બનતા ડબાની પતરાંની નકામી કતરણોમાંથી ટોપલી, શીકાં વગેરે બનાવી, વેચી પૈસા ભેળા કરતા.

એક તબક્કે દેશભરમાં પ્રૌઢ શિક્ષણનો પવન ફૂંકાયો. ગાડરિયો પ્રવાહ વહેતો થયો. ભાવનગરમાં પણ વહેતી વાત આવી. કૉંગ્રેસી આગેવાનો આયોજન કરવા બેઠા, ત્યાં કોઈએ સૂચન કર્યું - 'ઓલ્યા માનભાઈને બોલાવો. કરચલિયાપરામાં એ રાત્રિશાળા ચલાવે છે !'

ભાઈ પાસે તો અનુભવની ખાણ હતી જ્યારે આ આયોજકોને તો માત્ર કાગળ પર ચીતરડાં કરવાનાં હતાં. દરેક કેન્દ્ર માટે વર્ષ માટે ગ્યાસતેલનો એક ડબો, ચોકની પેટી અને દશ રૂપિયા આપવાનું મંજૂર થઈ ગયું. અગિયારે કેન્દ્ર પર ''પ્રૌઢશિક્ષણ'નાં પાટિયાં લાગી ગયાં અને ગુજરાતભરમાં ભાવનગરનો જયજયકાર થઈ ગયો. છાપામાં છપાઈ ગયું કે - ભાવનગર પ્રૌઢશિક્ષણ મંડળે કરચલિયાપરા જેવા મજૂર

લત્તામાં અગિયાર રાત્રિ-શાળાઓ સ્થાપી.

પણ એ મંડળના એકેય સભ્ય ક્યારેય કોઈ કેન્દ્ર પર ડોકાયા નહીં. કેન્દ્રો ક્યાં ચાલે છે, તેની પણ એમને ભાળ નહીં. છ મહિના વીતી ગયા પછી માનભાઈ એમની ઑફિસે ગયા - 'તમે અમને કેરોસીન - ચોક વગેરે આપવાના હતા, તે ક્યારે મળશે ? એકાદ વાર કોઈક તો કેન્દ્ર જોવા આવો ! પણ સૌ સ્વરાજ્ય મેળવવાના મહત્ત્વના કામમાં ગળાડૂબ હતા. દફતરમાં ખજાનચી પર ચિઠ્ઠી લખી આપી. ચીજવસ્તુ માટે બે-ચાર વાર ધક્કા ખવડાવ્યા ત્યારે સમજાયું કે તલમાં કોઈ તેલ નથી. નકામા લાલચમાં પડ્યા. પણ દુઃખી શા સારુ થવું ! વર્ગો તો ચાલુ જ હતા. હવે પેલાં પાટિયાંની જરૂર નહોતી, એટલે બળતણ માટે લોકોને આપી દીધાં !

ત્યાર બાદ, સ્વરાજ્ય મેળવ્યા પછી પ્રૌઢ શિક્ષણના ઘણા ખેલ ખેલાણા. માનભાઈ રજેરજ બધું જાણે, સમજે. સૌને આંકડામાં, પ્રમાણપત્રમાં, પુરસ્કારમાં અને કારકિર્દી બનાવવામાં રસ ! સાક્ષર બનીને લોકજીવન કેટલું ઊંચું આવ્યું, તેનો તાગ કાઢવાની કોઈને ફુરસદ નહીં. આવી વાહિયાત બુદ્ધિજીવી જમાત માટે અંતરમાં ભારે તિરસ્કાર છૂટે ! પણ વળી મોટું દિલ રાખી પોતાના કામમાં એવા ઊંડા ડૂબી જાય કે દુનિયાદારી સાથે જાણે કશી નિસબત જ નથી ! પણ ધૂમ ખરચા કરીનેય પરિણામના નામે મોટું મીંડુ દેખાય ત્યારે મનોમન સંતાપ તો ખૂબ થાય, પણ આભ ફાટે ત્યાં થીંગડું દેવા ક્યાં જવું, એમ સ્વીકારી પોતાના કામોમાં ખોવાઈ જાય.

## ઠક્કરબાપાના સાંનિધ્યમાં

ગાંધીજીએ ચીંધેલા અસ્પૃશ્યતાનિવારણ અને આદિવાસી-સેવાના કામમાં પોતાની જાત અને જીવન ખર્ચી નાખનારા શ્રી ઠક્કરબાપા મૂળ ભાવનગરના. તેઓ 'સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી'ના સભ્ય હતા.

પોતાની પાછલી જિંદગીમાં પંચમહાલનું કાર્યક્ષેત્ર છોડી, ભાવનગર પોતાના નાના ભાઈને ત્યાં ખારગેટ વિસ્તારમાં રહેતા. દિવસમાં બે વાર ભાઈ એમના દર્શને અચૂક જાય. ક્યારેક મિત્રો સાથે રાત્રે જાય, ભજનકીર્તન ગોઠવી બાપાનું દિલ પણ બહેલાવે. બાપાને આ જુવાનિયાઓની સેવા માટે અંતરમાં ભારે કદરદાની. બાપાનો તો દેશવ્યાપી પરિચય. જે કોઈ એમને મળવા આવે, તે સૌને કરચલિયાપરાની અને શિશુવિહારની પ્રવૃત્તિ જોવા અચૂક મોકલે.

એક વખત એમના જન્મદિવસે ગોઠવેલા. 'ગીત-ગમ્મત' કાર્યક્રમમાં બધાએ ગીતો ગાયાં. બાપા શાંતિથી સાંભળ્યા કરે. છેલ્લું ગીત એક મિલમજૂર વિષે હતું. તે સાંભળી બાપા કહે આ તો સાવ કાલ્પનિક ગીત છે. તમારે તો તમારા પોતાનાં જ બનાવેલાં ગીતો ગાવાં જોઈએ. કોકનાં ઉપજાવેલાં ગીતો શા માટે ગાવાં ? સંકેત મળ્યો અને ગીતો સર્જાવા લાગ્યાં. એક મિત્રે 'તમ્મરના ભારા'નું બીજાએ 'મીઠાવાળા'નું તો ત્રીજાએ 'પીલુવાળા'નું, તો કોઈકે 'દાતણવાળી'નું ગીત રજૂ કર્યું. આમ વિવિધ કાવ્યોની સરવાણી ફૂટી નીકળી અને બજરંગ વ્યાયામ-શાળા તથા શિશુવિહારનાં બાળકોનાં હોઠે આ ગીતો એવાં ચડી ગયાં કે 'ચાલો ગાઈએ' નામની પુસ્તિકાની અનેક આવૃત્તિઓ છપાવવી પડી. છેલ્લી આવૃત્તિ 'આનંદ મંગળ ગીતાવલી' નામે છપાઈ. શ્રી બચુભાઈ, શ્રી જયમલભાઈ, શ્રી જયદેવભાઈ, શ્રી ભાનુભાઈ રખડુ જીવન છોડી, લોઢાં કૂટતા થયા અને પારસમણિના સ્પર્શે લોખંડ કાંચન બને, તેમ બાપાના સંસર્ગે કવિ-ગાયક બની ગયા અને અનેકોના લાડીલા ગુરુજન બની ગયા. આજે પણ શિશુવિહારમાં કોઈ પ્રસંગ ઉજવાય છે ત્યારે સદ્‌ગત થયેલા આ ગુરુજનોને સૌ એમની જ કૃતિઓની ગીતોભીની સ્મરણાંજલિ આપે છે ! ૧૯૭૨માં 'ત્રિપુટી કાવ્યસંગ્રહ' નામે છેલ્લે સુંદર આવૃત્તિ બહાર પડી છે.

સામાન્યતઃ જેમ જેમ વિસ્તાર વધતો જાય, તેમ તેમ પછાત-ગરીબ લોકોને હડસેલ્યે રખાય, એટલે કૃષ્ણનગરને છેડે પૂર્વ દિશામાં આડોડિયા-હરિજન-વાઘરીઓના જુદા જુદા વાસ થઈ ગયેલા.

ઠક્કરબાપાએ આ વાસમાં સારા સંસ્કારગૃહની પ્રવૃત્તિ કરવા ભાઈ તથા સાથીમિત્રોને આદેશ આપ્યો. આનંદ-મંગળ મંડળે એને શિરોધાર્ય કર્યો. સૌ પ્રથમ જમીન માટેની કાર્યવાહી શરૂ કરી. ૧૦૦૦ x ૧૦૦ વાળા પ્લૉટની જરૂર હતી. સૌરાષ્ટ્ર રાજ્ય પાસેથી મ્યુનિસિપાલિટીને મળે, અને મ્યુનિસિપાલિટી પાસેથી આ મંડળને મળે તેવી અરજી કરી.

જમીન મળી. આગળનો ભાગ વાઘરી કોમ માટે મંજૂર કરાવ્યો. ૫૦ x ૨૫ ઓરડો બંધાવી, રમતગમતનાં સાધનો વસાવ્યાં. દશ ટકા સંસ્થા કાઢે, એ શરતે સમાજકલ્યાણ તરફથી વાર્ષિક બાર હજાર રૂપિયાની ગ્રાંટ મંજૂર થઈ, એટલે સીવણ વર્ગ, નાનું દવાખાનું, પુસ્તકાલય, શૈક્ષણિક ટ્યૂશન વર્ગો, રાત્રી છાત્રાલયો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. અને શિહોરના જાણીતા કટાક્ષ કવિ શ્રી દેવશંકરભાઈ જોશીને પૂરા સમયના સંચાલક તરીકે નીમ્યા. તેમણે નજીકમાં ઓરડી ભાડે રાખી, તદ્દન સામાન્ય પુરસ્કાર લઈ, ત્રણે કોમના સંસ્કારઘડતર માટે આ કેન્દ્ર ચલાવ્યું.

ભાઈ આ કેન્દ્રમાં રોજ એક કલાક જતા. વિદ્યાર્થી ભાઈ-બહેનોની ટુકડીઓ દર વર્ષે ભારતના પ્રવાસે જાય. ત્રણેય કોમનાં અલાયદાં મંડળો બન્યાં. અંતે ગાંધીસ્મૃતિને કેન્દ્રનો બધો વહીવટ સોંપી આ પ્રવૃત્તિને પૂરી કરી. ત્યાંના કામ દરમિયાન, લોકો પાસે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા કરાવેલી. દારૂનાં મૂળ કાપવા સરકારી ઉદ્યોગ મંડળી સ્થાપી મરઘાંઉછેરનો ધંધો ફેલાવવાની યોજના કરેલી.

## દારૂ છોડાવવાનો પ્રયાસ

આડોડિયાવાસમાં લોકો દારૂ ન ગાળે તે માટે પ્રતિજ્ઞાઓ કરાવવામાં છ માસ નીકળી ગયા. લોકોએ સાચે જ, વચન આપ્યું, પરંતુ એમાં ઝાઝા ટકી ન શક્યા. એટલે આ બધાને ઉઘાડા પાડવા એક જાહેર કાર્યક્રમ યોજ્યો. નિમંત્રક આગેવાનોનું ભાવભીનું સ્વાગતપ્રવચન કરીને ભાઈએ જાહેર કર્યું કે - આજથી 'આડોડિયા સહકારી ઉદ્યોગ મંડળી'ની પૂર્ણાહુતિ થાય છે. આજથી અગાઉની જેમ છૂટથી દારૂ ગાળવા - વેચવા તથા પીવાની સૌને છૂટ છે. કહીને સભા બરખાસ્ત કરી. સરકારના પંદર હજાર રૂપિયા, અને મંડળીના સભ્ય-ફીના દશ દશ રૂપિયા પણ પાછા આપ્યા. આજે પણ ત્યાં દારૂનું મોટું બજાર ધમધોકાર ચાલે છે અને વધુ ઉઘાડે છોક ચાલે છે. ત્યાં પોલીસ છાવણી પણ છે. છાશવારે ખોટી રેડો પણ પડતી રહે છે. વારા પ્રમાણે ગુનેગાર ઠેરવી, સજા પણ કરાતી રહે છે. પરસ્પર ભાગીદારીનું આ નાટક ત્યાં નિરંતર ચાલ્યા કરે છે.

દારૂબંધી માટે છપાવેલી પત્રિકાઓ, એ અંગે લાગતા-વળગતા સાથે થયેલા પત્રવ્યવહારની થોકબંધ ફાઈલો કાર્યાલયમાં બંધાયેલી પડી છે. વાવ્યા છતાં નહીં ઊગેલાં અમૂલ્ય બિયારણોની દાસ્તાન આ ફાઈલોમાં સાંભળવા મળે છે ! પણ જીવન એ હારજીતનો જ ખેલ છે, આ વાત સારી પેઠે સમજી ગયેલા ભાઈને કોઈ રાજીપો નથી, કે નથી કોઈ સંતાપ !

ઠક્કરબાપા એટલે દીનદુખિયાના બેલી ! શહેરના આવા ખરી જરૂરિયાતવાળા લોકોની માહિતીની બાપાને હંમેશાં ભૂખ રહેતી. એટલે માનભાઈને પોતાના ભોમિયા બનાવી શહેરના ખૂણેખાંચરે ફરી વળતા. માનભાઈના કામમાં બાપા સર્વોદયનું સાચું રચનાત્મક કામ જોતા. એટલે જ એમની અમીદષ્ટિપૂર્વક, કામને આગળ ધપાવવા ૧૯-૪-૫૦

ના રોજ વણમાગ્યે એક હજારનો ચેક માનભાઈને મોકલતાની સાથે હિન્દીમાં પત્ર લખ્યો.

બાપાની મરણમૂડી તો નગણ્ય, પણ એમાંથી અર્ધોપરાંત મૂડી શિશુવિહારને મળી, તેમાં એ મહાનુભાવનો પ્રેમ જ વ્યક્ત થાય છે. એમના અવસાન બાદ, બે વર્ષે દિલ્હીથી અખિલ ભારત હરિજન સેવક સંઘ તરફથી ત્રણ હજાર રૂપિયાનો ડ્રાફ્ટ આવ્યો ત્યારે તેને ભૂલ માની ભાઈએ પુછાવ્યું તો જવાબ મળ્યો કે ''ઠક્કરબાપાની અમને આજ્ઞા હતી કે તેમના સ્મૃતિગ્રંથનો હિસાબ પૂરો થાય ત્યારે તેની બધી રકમ 'શિશુવિહાર'ને આપવી.'' આવા મહાનુભાવોની પ્રસાદીની પુણ્યાર્થ જ શિશુવિહારની અણમોલ સંપદા છે, મહામૂલી મૂડી છે. મહાનુભાવોના આશીર્વાદે જ આ સંસ્થાને સમૃદ્ધ કરી છે. રીતસરના સભ્યો નોંધવા કોઈ ક્યારેય ગયું નથી. સંસ્થાની સુવર્ણજયંતી પ્રસંગે ઇન્દાબહેને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આજીવન સભ્ય બનવા સંકેત કરેલો, તેટલું માફ ! અનેકોની સદ્ભાવના એ જ આ સંસ્થાની કાયમી સદસ્યતા છે !

◈ ◈ ◈

# ૭

# શિશુવિહારનો વિશાળ વડલો

કોઈ મને પૂછે કે ભાવનગરમાં જોવા જેવું શું ? તો તરત એમને કહું કે સાંજે આરતી ટાણે 'શિશુવિહાર'ના પ્રાંગણામાં હાજર થઈ જજો, તો તમારું જીવન ટહુકા કરતું થઈ જશે !

સાચે જ, સાંજના ટાણે શિશુવિહારનાં આંગણામાં બાળકોના કિલકિલાટભર્યા કલરવ સાથેની સૃષ્ટિનો જે ઉઘાડ જોવા મળે છે, તે અનુપમ છે. ! જે રીતે સાંજ પડે વૃક્ષ પર પંખીઓ પાછાં ફરી, દિવસભરની વાતો એકમેકને કહેતાં જે કલરવ ગાન કરે, તેવું શિશુગાન સાંભળવાનું સ્થાન છે, આ શિશુવિહાર !

શિશુવિહારના સંસ્થાપકશ્રીને કોઈ પૂછે કે તમને આ શિશુવિહાર સ્થાપવાની પ્રેરણા શેમાંથી મળી ? તો એ લોઢાકૂટ માણસ ઠેઠ પોતાના બાળપણમાં આપણને તાણી જાય. ''બાપદાદાનાં ઘર સાંકડાં. ઘરમાં રહીએ તો ઘરવાળા કહે, નીકળો બહાર, જાવ શેરીમાં, અહીં દેકારો મચાવો છો તે ! અને શેરીમાં રમવા જઈએ તો રાહગીરો તતડાવે કે રોયાંઓ તમારે ઘરબાર નથી તે અહીં શેરી ગજવવા નીકળી પડ્યાં છો ! જાવ પોતપોતાને ઘેર ! આમ ઘરમાં ને શેરીમાંથી હડસેલાઈ ન્યાતબહાર થતાં બાળકો માટે મોકળા મને, કશી રોકટોક વગર પેટ ભરીને રમ્યાં કરવાનું, ધમાચકડી મચાવવાનું સ્થાન હોવું જ જોઈએ, એવો નિર્ધાર નાનપણથી જ થઈ ગયેલો, બસ, આ જ છે શિશુવિહાર સ્થાપવા પાછળની મૂળ પ્રેરણા.

માનભાઈ પોતાને માટે કાયમ 'લોઢાકૂટ મજૂર' શબ્દ વાપરે. લોકો પણ તેમને કડક, શિસ્તના આગ્રહી, લોખંડી પુરુષ તરીકે પિછાણે, પણ બહારના આ લોખંડી કવચ પાછળના અંતરતમમાં ઊગેલા

ગુલાબની મહેક જેમણે માણી છે, તેમણે જ ભાઈને સાચી રીતે પિછાણ્યા છે. ભાઈનું વ્યક્તિત્વ નાળિયેર જેવું છે. બહારનું કવચ સખત, દુર્ભેદ્ય, કઠણ; પણ તોડીને અંદર જુઓ તો માખણ સમુ મૃદુ કોપરું અને મધમીઠું જીવનજળ !

આ અલગારી ફકીરના હૈયામાં ભીતર પ્રેમની એક પાતાળગંગા વહે છે તેનો સ્પર્શ તો ક્યારેક થઈ જાય છે, પરંતુ એમના આ પાતાળી ઝરણાંને અસીમ આકાશને અડી આવવાની ઝંખનાની પાંખો પણ ફૂટી છે, એ જ્યારે જાણીએ ત્યારે સ્તબ્ધ થઈ જવાય છે.

માનભાઈએ પોતાના વસિયતનામામાં લખ્યું છે કે હું દેહદાન આપવાનો નથી. આ દેહને બાળવાનો છે. મ્યુનિસિપાલિટી કે પોલીસવાળા શિશુવિહારમાં દેહને બાળવા ન દે તો પણ મારા મૃત્યુ પછી મારા શરીરની રાખને ગંગા નદીમાં પધરાવવાની જરૂર નથી. મારી રાખ, અહીં જ, શિશુવિહારના મારા આ આંગણામાં જ બધે વેરજો. જ્યાં સેંકડો બાળુડાંની પગલીઓ રોજેરોજ પડતી હોય છે. ધબધબાટી બોલાવતાં એ પગલાંના ધબકારે મારી રાખ પણ ધબકતી રહેશે !

ઈશ્વરે આ માનવમાં ગજબનો સંગમ રચી જાણ્યો છે. એક તરફ પથ્થરદિલ જણાતો લોઢાકૂટ મજૂર અને બીજી બાજુ એક સ્વપ્નસેવી કોમળ કવિ ! કહેવાય છે કે માણસ જ્યારે કેવળ પોતાના હાથનો ઉપયોગ કરી મહેનત કરે છે, ત્યારે એ મજૂર બને છે; એ માણસ જ્યારે શ્રમ કરવામાં હાથ સાથે એનું ભેજું પણ ભેળવે છે, ત્યારે તે મજૂરમાંથી કારીગર બને છે અને એ શ્રમમાં હાથ, ભેજું અને ત્રીજું હૈયું પણ જ્યારે ભળે છે, ત્યારે પેલો કારીગર કળાકાર બની જાય છે.

ભાઈ માત્ર મજૂર કે કારીગર નથી, એ તો છે કળાકાર ! જીવન-કળાકાર, જીવન-શિલ્પી. એમણે જીવન જીવી જાણ્યું છે. જીવનમાં સંઘર્ષ છે, સખ્તાઈ છે, કઠોરતા અને કડકાઈ છે, તો બીજી બાજુ કોમળતા,

મૃદુતા, સૌમ્યતા, સૌજન્ય પણ જીવનનાં જ વરદાન છે. ભાઈના વ્યક્તિત્વમાં જીવનનાં આ બેઉ પરસ્પર-વિરોધી ભાસતાં પાસાં સાકાર થયાં છે. એક અંગ્રેજ તત્ત્વચિંતક વ્હિટમેને લખ્યું છે કે - I contradict myself, do I ? I do. I contain multitudes. માણસ પોતે જ વિરોધાભાસોનું સર્જન છે. આમ ભાઈમાં, એક બાજુ લોખંડ ટીપતો, કોલસા ભાંગતો મજૂર બેઠો છે, તો બીજી બાજુ બાળકો માટે હૈયું પાથરી દેતું માતૃત્વ પણ બેઠું છે. એક તરફ એમણે 'શ્રમ' માંથી 'શ્રી' એટલે કે શોભા નિર્માણ થાય તેવું આદર્શ શ્રમિકનું જીવન જીવી જાણ્યું, તો બીજી બાજુ, પૃથ્વી પરનું સૌથી વધારે સુકોમળ, સમર્પિત, એવું માતૃહૃદય પણ ખીલવી જાણ્યું ! આમ ભાઈનું જીવન એટલે 'મજૂરમાંથી કળાકાર' તરફની, 'શ્રમ'માંથી 'શ્રી' ભણી લઈ જતી જીવનયાત્રા ! ભાઈના વ્યક્તિત્વમાં જે પમરાટ ફેલાયેલો વરતાય છે, તેમાં આ પરિશ્રમના પરિમલ અને માતૃહૃદયના મઘમઘાટનો સુભગ સમન્વય છે !

સરદાર વલ્લભભાઈ કહેતા કે સ્વરાજ્ય મળે પછી એકેએક ગામના પાદરે ક્રીડાંગણ તો હોવું જ જોઈએ ! જાણીતા થિયૉસોફિસ્ટ શ્રી હરજીવનદાસ કાળિદાસ મહેતા પણ ભાઈને મળ્યા ત્યારે કહેતા હતા કે તેઓ કરાચીમાં હતા ત્યારે બ્રિટિશ સરકારે દરેક વૉર્ડમાં એક ક્રીડાંગણ હોવું જ જોઈએ, તેવું આયોજન કરેલું. આ વાતમાંથી પણ ભાઈને પ્રેરણા મળી. ૧૯૩૨માં દરિયાની ખારની જમીનમાં બજરંગ વ્યાયામશાળામાં પ્રથમ ક્રીડાંગણ શરૂ કરી લીધેલું, ત્યાર પછી ૧૯૩૮માં 'શિશુવિહાર'ની સ્થાપના થઈ ! કૃષ્ણનગર વિસ્તારમાં, પ્લૉટ નંબર ૪૯૬ જાદવજીભાઈ મોદીનો હતો. આ સ્થળે કોઈ સાધનો તો નહોતાં. માનભાઈ અને મિત્રો હૂતુતુ અને ખોખોની રમતો રમવા લાગ્યા. એ જમાનામાં બાળકો કે કિશોરો જ રમતા, પણ મોટેરાઓને રમતા જોઈ લોકો જોવા ટોળે મળતા. પછી તો આ પ્લૉટ નાનો પડવા લાગ્યો. એ વખતે હાટકેશ્વર મહાદેવના મંદિર પાસે પાણીનો જમનાકુંડ હતો. માનભાઈના ઘરથી જમનાકુંડ

સુધીની બધી જ જમીન ખુલ્લી, પણ ખાડાટેકરાવાળી હતી. એમાં ખૂબ પથ્થરો અને કાંટા-ઝાંખરાં હતાં. ગામનાં મરેલાં કૂતરાંને અહીં દાટવામાં આવતાં, આવી આ ખરાબાની ઉકરડા જેવી જમીન હતી. આનંદ-મંગળ મંડળના મિત્રોએ શિશુવિહારનું રમત-મેદાન તૈયાર કરવા વિચાર્યું. દોઢેક એકર જમીન પસંદ કરી. પચાસેક વર્ષ પહેલાં, ભાવનગર શહેરના છેવાડે હરિજનવાસની નજીકની ઉબડખાબડ જમીન ! જમનાકુંડનો ૪૦ ફૂટ ઊંડો અને ૨૦૦ ફૂટ પહોળો ખાડો ! એ ખરાબાની જમીનને પહેલાં તો સમથળ કરવી પડે. દાડિયા રાખી કામ કરાવતાં તો ભાઈને કદી આવડે જ નહીં. જાતમહેનત કરી, હાથ-બાવડાં વાપરી પરસેવો પાડે તો જ પોતાપણું જાગે એટલે બજરંગ વ્યાયામશાળાના સૌ સાથીદારો, ઉપરાંત વિસ્તારમાં રહેતા શ્રમિક વર્ગે સ્વેચ્છાએ જમીન સમથળ કરવાનું કામ સ્વીકાર્યું.

જમનાકુંડના આ મેદાનમાં બાળકો રમે એટલે રાજ્યના માણસોને થયું કે આ જગ્યા તો રાજ્યની છે, આ લોકો ધીરે ધીરે પડાવી લેશે, એટલે એમણે બાળકોને ત્યાં રમવા નહીં આવવાનો હુકમ સંભળાવી દીધો. વાત ભાઈ પાસે પહોંચી. ત્યારે તો એ કશું બોલ્યા નહીં, પણ થોડા જ દિવસોમાં છોકરાઓને એક નાટક શીખવાડ્યું અને નામદાર મહારાજા-સાહેબ જ્યારે આ જગ્યા જોવા આવ્યા, ત્યારે બાળકોએ આ નાટક ભજવ્યું. નાટકમાં રમતા છોકરાઓ, દીવાન અને રાજા - એટલાં પાત્ર હતાં. દીવાન આવીને છોકરાઓને ધમકાવે છે અને જતા રહેવાનું કહે છે. છોકરાઓ રાજા પાસે જાય છે ત્યારે રાજાસાહેબે દીવાનને કહ્યું કે છોકરાઓને રમવા દો. છોકરાઓએ કહ્યું કે આ વાત અમને આ કાગળ પર લખી આપો. નાટક પૂરું થયું, પછી માનભાઈ પેલી ચબરખી લઈ મહારાજા પાસે ગયા અને મહારાજાએ આ જગ્યા બાળકો માટે આપી દેવાનું જાહેર કર્યું.

૧૯૩૯ સવંત ૧૯૯૫ના કારતક સુદ પડવાના દિવસે (બેસતા વર્ષે) આ સ્થળે હીંચકો નાંખી નાના ક્રીડાંગણના શ્રી ગણેશ પણ કર્યા.

રોજ સાંજે થોડી વાર સૌ રમે અને થોડી વાર જમીન સરખી કરે. ત્યાં એક હીંચકો અને એક લપસણું નંખાવ્યાં. નાનાંમોટાં બાળકો રમવા લાગ્યાં. કિશોરોની શિસ્તબદ્ધ તાલીમ શરૂ થઈ. જયદેવભાઈ કતાર લે. માનભાઈ પણ કતારમાં ઊભા રહી કસરત કરે, રમતોમાં ભાગ લે. ધીમે ધીમે કરતાં એક ઓટલો બાંધ્યો અને વધુ સાધનો પણ વસાવતા ગયા. જોતજોતામાં શિશુવિહાર ક્રીડાંગણ બાળકોમાં જાણીતું થવા માંડ્યું.

ત્યાં અચાનક એક દિવસ સુધરાઈ તરફથી માનભાઈને નોટિસ મળી કે આ જગ્યા તમે ગેરકાયદેસર પચાવી પાડી છે એટલે કાયદેસર પગલાં લેવાશે. જવાબમાં ભાઈએ લખ્યું, ''બાળકોને સર્વાંગી તાલીમ આપવાનું કામ તમારું છે, તે અમે કરીએ છીએ, તેમાં ગુનો શેનો ! અમને ના પાડો છો તો લ્યો, તમે જ સંભાળો !'' વાત ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી સુધી પહોંચી અને માનભાઈને નીલમબાગ પેલેસ પર હાજર થવાનું કહેણ આવ્યું. એ જમાનામાં આવું તેડું આવે, એટલે સૌ થર થર કાંપે. સાધનો-જમીન બધું સોંપી દેવાની વાત મિત્રોએ કરી, પણ ભાઈ તો સિંહનો બચ્ચો ! છાતી કાઢીને પહોંચ્યા રાજમહેલે. દરબારી ખાતા તરફથી ફરિયાદ થઈ કે રાજ્યની જમીનનો ગેરકાયદેસર કબજો લઈ માનશંકરે ત્યાં સંસ્થા ઊભી કરી છે ! મહારાજાએ માનભાઈને પૂછ્યું - 'આ વાત સાચી છે ?' તો માનભાઈ કહે 'હા બાપુ ! સાવ સાચી વાત છે !'

'તમારા પિતાશ્રી તો રાજ્યના વફાદાર ફોજદાર હતા અને કાયદાનું રક્ષણ કરતા હતા. તેમના દીકરા થઈ, કાયદા બહારનાં કામ કરો છો ?' - મહારાજાએ પૂછ્યું.

'બાપુ, હું તો રાજ્યનું કામ કરું છું.' કહી બધી વાત વિગતે

સમજાવી. ત્યારે મહારાજા કહે - તમારી કહેલી વાત માની ન લઉં ! નજરે બધું જોઉં પછી નક્કી કરું !

મહારાજા સાહેબ પોતે પધારવાના છે, એ સમાચારે સૌ સાબદા થઈ ગયા. ઉપર પાણીના છંટકાવ થયા. ખૂણે-ખાંચરે સફાઈ થઈ ગઈ. આ બાજુ શિશુવિહારમાં પણ તડામાર તૈયારીઓ શરૂ થઈ ! મહારાજા સાહેબની બેઠક-વ્યવસ્થા, તોરણો-ચાકળાનો શણગાર, કઈ કઈ કવાયાતોનું નિદર્શન કરવું તેનો કાર્યક્રમ વિચારાયો. પોલીસ રોજ છૂપા વેશે આવી, ચાંપતી નજરે બધું નિહાળી અહેવાલ મોકલાવે. આ બાજુ મંડળના મિત્રો મૂંઝાય કે ગજા બહારનો તો દંડ નહીં થાય ને ? આમ અંદર ફફડાટ અને બહાર કશુંક કરી દેખાડવાની ધગશ હતી.

ધીરે ધીરે, મહારાજાને આવવાનો દિવસ આવી પહોંચ્યો. બે કલાક અગાઉ પોલીસો અને અધિકારીઓ આવી ગયા. અંતે મહારાજા આવ્યા. પ્રવેશદ્વારે જ કેટલી જમીન દબાવી છે, તેનો શું દંડ કરાય, આગળ શું આયોજન વિચારાયું છે વગેરે કૃષ્ણકુમારસિંહજીએ જાણી સમજી લીધું. પછી અંદર પધાર્યા કે તરત જ બજરંગ વ્યાયામશાળાનાં બાળકોએ બૅન્ડથી સલામ ભરી, પછી કસરતોનું નિદર્શન કર્યું. ત્યાર બાદ, શિશુવિહારની પ્રવૃત્તિઓનો ટૂંકો અહેવાલ અપાયો અને આગળના આયોજનની થોડીક વાતો થઈ. પછી ગંભીર મુદ્રામાં મહારાજાએ ટૂંકું-ટચ પ્રવચન કર્યું. - ‘‘માનશંકર અને એના માણસોએ અહીં જે કામગીરી બજાવી, તેથી મને આનંદ થયો છે. રાજ્યની પડતર જમીનનો આવો સરસ ઉપયોગ થયો છે તે જોઈ રાજ્ય આ જમીન ‘શિશુવિહાર’ને દાનમાં આપે છે અને આ માટે વધુ જમીન જોઈએ તો કાલે માનશંકર મને મળી જાય !’’

દંડને બદલે દાનની વાત સાંભળીને શ્રોતાઓ તો દિગ્મૂઢ થઈ ગયા. આ તે હકીકત છે કે સપનું, તેની વિમાસણ થઈ. પછી મહારાજા

મલકાયા, ત્યારે સૌના જીવ નીચે બેઠા અને સૌએ એમને તાળીઓના ગગનગાજી ગગડાટથી વધાવી લીધા. ચોમેર આનંદ ફેલાયો. સામૂહિક શુભ સંકલ્પનો કેવો પ્રબળ પ્રભાવ પડે છે, તેનો સાક્ષાત્કાર થયો.

પછી તો રાજ્યે શિશુવિહારને એટલી મોટી જગ્યા આપી કે એની ચોમેર વાડ કરવાના પૈસા શિશુવિહાર પાસે નહોતા. જમીન વધી, એટલે પ્રવૃત્તિઓ પણ વધી. વધુ હીંચકા, વધુ લપસણાં, વધુ રમતગમતો, મોટું કુસ્તી-ઘર, પુસ્તકાલય, ટેકનિકલ તાલીમવર્ગો, સંગીત-શિક્ષણ, પ્રાથમિક સારવાર તાલીમ કેન્દ્ર, સ્કાઉટિંગ, નાટક-રાસ-ગરબા, સામાજિક રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, 'વેસ્ટમાંથી બેસ્ટ' નીપજાવવાના વર્ગો, ચિત્ર, સીવણ, ભરતગૂંથણ વગેરે જેટલી જીભે ચઢે તેટલી પ્રવૃત્તિઓએ પોતાના પગ અહીં પસારવા માંડ્યા. સુંદર રમકડાં-ઘર પણ છે.

મહારાજાએ જમીન દાનમાં આપવાની જાહેરાત તો કરી દીધી, પણ જમીન શિશુવિહારના નામે ચઢે તે પહેલાં તો દેશમાં સ્વરાજ્ય આવી ગયું અને રાજ્યોનું વિલીનીકરણ થઈ ગયું. શ્રી બળવંતભાઈ મહેતા ત્યારે ભાવનગરના મુખ્યમંત્રી. ભાઈએ તેમને અનેક અરજીઓ કરી, પણ કોઈ હિલચાલ થાય નહીં. એક વખતે કૃષ્ણકુમારસિંહજી રસ્તા પરથી પસાર થવાના હતા, ત્યારે સડકની વચ્ચોવચ્ચ માનભાઈ બેસી ગયા. રાજવીએ પૂછપરછ કરી અને ખબર પડી કે રાજ્ય તરફથી અપાયેલી જમીન હજુ સુધી શિશુવિહારના નામે ચઢી નથી, ત્યારે તેમણે મુખ્યમંત્રીને 'વડીલ બંધુશ્રી' નામે સંબોધી પત્ર દ્વારા જમીન શિશુવિહારના નામે ચઢાવવા તાકીદ કરી. અંતે ૯૯ વર્ષના પટાથી શિશુવિહારને જમીન મળી.

શિશુવિહારના પ્રતીક-ચિહ્નમાં નીચે ફૂલના અધિષ્ઠાન પર ઊંચે આકાશ સામી વીંઝાયેલી મક્કમ બંધ મુઠ્ઠી છે. આ પ્રતીકમાં પણ માનભાઈના વ્યક્તિત્વનાં બે મહત્ત્વનાં પાસાં પ્રગટ થાય છે. નીચેનું ફૂલ

એટલે વાત્સલ્યથી છલોછલ છલકાતું માતૃહૃદય અને આકાશ ભણી વીંઝાયેલી મુઠ્ઠી એટલે નિબંધ ગગનવિહાર, આડે આવતા અંતરાયો સામે મક્કમ-નિર્ધારપૂર્વકનો પ્રતિકાર !

કોઈકે ભાઈને પૂછેલું કે, 'તમે શિશુવિહારના પ્રતીકમાં ઉગામેલી મુઠ્ઠી કેમ રાખી છે ? ત્યારે ભાઈએ માર્મિક જવાબ આપેલો - ''જ્યારે જમનાકુંડનો ખાડો પૂરી શિશુવિહાર સ્થાપવા માટે રાજવી કૃષ્ણકુમારસિંહજીની સવારી સામે 'જે કાંઈ વિરોધ કરવો પડે તે કરી લેશું, પણ બાળકો માટે ક્રીડાંગણ તો કરીને જંપીશું' આવી પ્રતિકારની ભાવના સાથે ત્યારે જે બંધ મુઠ્ઠીવાળા હાથ આસમાનમાં ઊંચે ફંટાયા, ત્યારે થયું કે બસ, આવી હવામાં ઊંચે ઊઠતી મક્કમ બંધ મુઠ્ઠીમાં જ કામ કરવાની નૈતિકતા છે, પછી તો એ સાબિત પણ થઈ ગયું અને આમ એ શિશુવિહારનું પ્રતીક પણ બની ગયું.

હકીકતમાં 'હવામાં ઉગામેલી બંધ મુઠ્ઠી' એ ભાઈના જીવનનું પણ પ્રતીક-ચિહ્ન છે ! એમનું જીવન એટલે મૂલ્યોનાં જતન માટે આવી અનેક વાર ઉગામાવાયેલી બંધ મુઠ્ઠીઓનો સરવાળો ! વળી બંધ મુઠ્ઠી એટલે બાવડાની તાકાત અને નીચે ઝલકાતાં ફૂલ, એ રમતાં-હસતાં નાનાં બાળ !

પાંચ-છ દાયકા પહેલાં, આમ એક લોઢાકૂટ મજૂરી કરનાર શ્રમજીવીએ ખાડા-ટેકરા અને ખરાબાની જમીનમાં સહિયારો પરસેવો રેડીને લોખંડનો એક હીંચકો વાવ્યો, અને જોતજોતામાં તો ત્યાં હીંચકાઓનું વન ઝૂમી ઊઠ્યું. વન ખરું, પણ પંખીઓના કલરવ સાથેનું વન. પછી તો હીંચકા ને દોસ્તી લપસણા સાથે, અને લપસણાને ગોઠડી ઊભી સીડી સાથે ! આજે દશકાઓથી ભાવનગરનું શૈશવ શિશુવિહારમાં હીંચકે છે, ભાવનગરનું કૈશોર્ય લપસણે લપસે છે, ભાવનગરનું યૌવન શિશુવિહારની કસરતશાળામાં મગદળ ફેરવે છે, ભાવનગરનું શિષ્યત્વ

વિવિધ જ્ઞાન-કળા શીખે છે, ભાવનગરનું પ્રૌઢત્વ વાચનાલયના દાદરા ધીમા ડગલે ચઢે છે અને સાથોસાથ દિવ્યજીવનના પાઠ પણ ભણે છે ! અહીં બાળકો માટે રમત છે, તો માંદા માટે દવા પણ છે, સેવા કરતાં આવડે તે માટેના વિવિધ અભ્યાસવર્ગો પણ છે અને સૌની કાયમી દોસ્તી શિશુવિહાર સાથે બંધાય, તે માટે 'શિશુવિહાર પત્રિકા' પણ છે અને વિવિધ પ્રકાશનો પણ છે !

ક્રીડાંગણમાં લગભગ સવાસો હીંચકા ઉપરાંત અનેક લપસણાં, સિંગલબાર-ડબલબાર, મલખમ, રોમનરિંગ, વેઈટ લિફ્ટિંગ, મગદળ વગેરેથી સમૃદ્ધ ક્રીડાંગણ સવારના પાંચથી સાંજના સાત વાગ્યા સુધી સૌ બાળકો માટે ખુલ્લું રહે છે.

## ક્રીડાંગણ-માસ્ટર

શ્રીમદ્‌ભાગવતમાં સર્વાધિક મનોહર અને આકર્ષક ભાગ કયો, એવું કોઈને પણ પૂછો, તો જવાબ મળશે કે નંદકુંવરની બાળલીલા. 'શિશુવિહાર'નું ક્રીડાંગણ એ ભાગવતકથાના બાળકાંડ જેવું સ્થાન ભોગવે છે. ઉપર ઉપરથી એમ લાગે કે ક્રીડાંગણ એટલે નાનાં બાળકોને રોકેલાં કે છાનાં રાખવા માટેનું સાધન છે, પણ વાસ્તવમાં ક્રીડાંગણનાં નાના નાના હીંચકા અને લપસણાં સહિતનાં સૌ સાધનો બાળકોનાં તન-મનના વિકાસની ઉત્તમ સીડીઓ છે. પાટી પર ન લખી શકાય, પાઠ્યપુસ્તકો દ્વારા પ્રગટ ન કરી શકાય, વર્ગખંડોમાં આવી ન શકાય એવી વિરલ કેળવણી આ ક્રીડાંગણમાં બાળક આપોઆપ મેળવી લેતું હોય છે. બાળકના ચારિત્ર્ય-ઘડતરનું આ એક ઉત્તમ ક્ષેત્ર છે.

અંગ્રેજી શાસનકાળમાં, સૌ પ્રથમ સ્વ. જમશેદજી મહેતાએ પોતાના ખર્ચે કરાચીમાં એક હીંચકો, લપસણું અને ઉચ્ચાલનવાળું ક્રીડાંગણ ઊભું કરી બાળકો માટે શિક્ષણના એક ઉમદા માધ્યમની ક્ષિતિજ ખોલી આપી હતી. ત્યાર પછી તો કરાચીની સુધરાઈએ દર વર્ષે

જુદા જુદા વૉર્ડમાં એકેક ક્રીડાંગણ કરવાનો ઠરાવ પસાર કરી જમશેદજીને ‘ફાધર ઑફ મ્યુનિસિપાલિટી’નું બિરુદ આપ્યું હતું.

ભાવનગરના શિશુલોક તરફથી ‘‘મધર ઑફ ભાવનગરર્સ ચિલ્ડ્રન’’ ‘ભાવનગરનાં શિશુઓની મા’નું પ્રઘોષણ કર્યા વગરનું, બિરુદ માનભાઈને ક્યારનુંય મળી ગયું છે. રોજ સાંજ પડે, શિશુવિહારમાં દાખલ થતાં જ બાળકોરૂપી મધમાખીઓનો જે મધપૂડો જોવા મળે છે, તે જ માનભાઈને મળેલ સુમધુર મધુચંદ્રક છે.

અનુભવ વધતાં માનભાઈ સમક્ષ ક્રીડાંગણનું એક શાસ્ત્ર જ નિર્માણ થઈ ગયું. અનેક સ્થળોએ ક્રીડાંગણ ઊભાં કરવાની એમણે પ્રેરણા જ નહીં, શક્ય તેટલી સહાય પણ આપી. રેલવેના દરેક જંકશને, પોલીસ-લાઇન વગેરે સ્થળોએ ક્રીડાંગણો સ્થપાયાં. ઓછામાં ઓછા ખર્ચે મજબૂત અને ટકાઉ સાધનો કેવી રીતે ઊભાં કરવાં તેની ડિઝાઇનો સાથે ‘ચલો ક્રીડાંગણ’ નામનું હિન્દી પુસ્તક તૈયાર કર્યું. પૂનાની આવી પ્રવૃત્તિ પણ રૂબરૂ જોઈ આવ્યા. કુલ એક હજાર આઠ ક્રીડાંગણનો પ્રત્યક્ષ કૃતિ-જાપ માનભાઈ જપી ચૂક્યા છે.

પહેલાં તો માનભાઈ અને મિત્રોએ જ ક્રીડાંગણનો કાચો નકશો તૈયાર કરેલો. તેમાં સીવણવર્ગના એક રંગીલા વિદ્યાર્થીએ રંગીન નકશો દોરી આપ્યો, તેથી ખુશ થઈને ભાઈએ એને ચિત્રકળા અંગેનું અંગ્રેજી પુસ્તક ભેટ આપ્યું, એ પરથી એણે અમેરિકન ઢબે યંત્ર-ચિત્રો તૈયાર કર્યાં, પછી ટ્રેસિંગ પેપર પર, કપડાના ટુકડા પર ચિત્રો તૈયાર કર્યાં. એના પરથી પ્રિન્ટ-બ્લૉક, બ્લ્યુ પ્રિન્ટો તૈયાર થઈ ! આ બધાંને પરિણામે, નાનકડો અમરતિયો, એક અચ્છો અમૃતલાલ ડ્રાફ્ટમૅન બની ગયો.

ભાઈની આ જ ખૂબી છે. પ્રવૃત્તિ ક્યારેક ગૌણ બની જાય અને માટીમાંથી માનવ સર્જાઈ જાય ! સાચા કેળવણીકારની આ જ શિક્ષણ-દૃષ્ટિ હોય છે !

સંસ્થાના જ એક કાર્યકર સ્વ. ઓધવજી મુજપરાના સક્રિય સહકારથી ''चलो क्रीडांगण'' નામનું એક પુસ્તક તૈયાર કરાવ્યું. પરંતુ આ પુસ્તક છાપવા પૈસા ક્યાંથી લાવવા ? લોખંડની જૂની મશીનરી હરાજીમાંથી વેચાતી લીધી, તેમાં તેરસો રૂપિયા નફો થયો. ભેગી કરેલી માહિતીનું હિન્દી રૂપાંતર શ્રી શામજીભાઈ જમોડ પાસે કરાવ્યું અને ચિતળિયાભાઈ પાસે પ્રસ્તાવના લખાવી. 'ક્રીડાંગણ'ની સત્તાવાર માહિતી આપતું આ પ્રથમ પુસ્તક પ્રસિદ્ધ થયું.

સાધનો બનાવવા માટે, પ્રભુકૃપાએ શ્રી વૃજલાલ ડુંગરશીનો ગયા જન્મનો ઋણાનુબંધ જ જાણે કામ આવ્યો. એમના કારખાનામાં જાતજાતના પ્રયોગો કર્યા, અને ૪૦૦ રૂપિયાથી માંડીને પચાસ હજાર રૂપિયા સુધીનાં ક્રીડાંગણો તૈયાર કરી આપવામાં ભાઈ નિમિત્ત બન્યા. શિશુવિહારનો ડંકો વાગી ગયો. આજે પણ આવાં સાધનો બનાવી આપવા દૂર દૂરથી ઑર્ડરો આવે છે.

## રાત્રિ-શિબિરો

બાળકોનું ચારિત્ર્ય-ઘડતર, એ માનભાઈની પ્રથમ નિસબત. પરંતુ કદીય સીધું, ઔપચારિક કે શાબ્દિક શિક્ષણ નહીં આપવાનું. જે કાંઈ શીખવવાનું તે પ્રત્યક્ષ ઉદ્યોગ દ્વારા, આચરણ દ્વારા, સહજીવન દ્વારા ! આચાર જેવો કોઈ આચાર્ય નથી અને જીવન જેવી કોઈ શાળા નથી. એટલે શિશુવિહારના પ્રારંભના દિવસોમાં જ, વૅકેશનના દિવસોમાં માનભાઈએ બાળકો સાથે રહેવાનું નિમિત્ત ઊભું કરી દીધું. બાળકોના રાત્રિશિબિર યોજાય. બાળકો સાંજે પોતાનું ટિફિન અને બિસ્તરો લઈને ખુલ્લા મેદાનમાં ભેગા થાય. સાંજે પાંચ વાગે સૌની હાજરી પુરાય. શિબિર-સંચાલકો પણ છ - સાડા છ વચ્ચે આવી જાય, ભાઈ તો હોય જ. શરૂમાં બાળકોને ડ્રીલ, કસરતો, રમતો, સાયંપ્રાર્થના અને પછી સમૂહ-ભોજન ! આરંભના આ બે કલાકમાં જ બાળકો એક

જ ડાળનાં પંખી બની કિલ્લોલતાં થઈ ગયાં હોય ! ભોજન પછી ઘરગથ્થુ રીતભાત, ચીજવસ્તુઓ વ્યવસ્થિત અને જાળવીને કેમ રાખવી, તેનું માહિતી સાથે જ્ઞાન આપવામાં આવતું. પછી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગીતોની રમઝટ, નાટકો, રમૂજો, વગેરે ચાલે. બેત્રણ મોટા કાર્યકર સાથે બેત્રણ વિદ્યાર્થીઓ આખી રાત જાગી રાત્રિ અભ્યાસ અને સૂતેલાની સંભાળનો કાર્યક્રમ વારા પ્રમાણે કરે. સૂતેલા સૌની બરાબર કાળજી લેવાય. કોણ ગલોટિયાં ખાય છે, કોણ ઝબકી જાય છે, કોણ પાણી-પેશાબ માટે ઊઠે છે, કોનાં ઓઢવાનાં ખસી જાય છે, કોનાં નસકોરાં બોલે છે વગેરેનું અવલોકન કરી નોંધ રખાય.

## શ્રમ-મંદિરનો પાયો

વર્ષો સુધી આવા શિબિરો ચાલ્યા. મોટા થઈ, મહત્ત્વની જવાબદારીઓ સંભાળતા ઊંચા હોદ્દાના લોકોને પણ બાળપણની આ શિબિરો સાંભરે. મુંબઈવાસી સદ્‌ભાગી શ્રી મણિભાઈ બક્ષીનાં સંતાનોએ તો ચારેક વર્ષ સુધી આ શિબિરોમાં ભાગ લીધો. એક વાર ભાઈને બિરદાવતાં કહે - આવા શિબિરો કાયમ ચાલવા જોઈએ.

ત્યારે ભાઈએ અડચણ રજૂ કરી કે સરસામાન મૂકવા જેટલુંય છાપરું નથી. કાયમ શિબિર કેમ કરવા ? સામેથી તેમણે પૂછ્યું, ‘કેટલો ખર્ચ થાય ?’ ભાઈ કહે, ‘૨૫’ x ‘૭૫’નો એક શેડ બાંધીએ તો આઠેક હજાર એના અને બે હજારનાં સાધનો વસાવીએ, તો થઈ રહે. મણિભાઈ ઊઠીને અંદરના ઓરડામાં ગયા. પાછા આવીને કહે - ‘લો, દશ હજારનો ચેક, કામ શરૂ કરો.’

પણ પ્રત્યક્ષ આયોજન થયું, તો ખરચો પંદર હજારે પહોંચે. પણ ભાઈ પોતે જ કારીગર અને પાછા જક્કી ! લીધી મમત ઝટ ન મૂકે. થોડા દિવસમાં થાંભલા, આડાશ, બારીબારણાંસહિત આખું છાપરું આઠ હજારમાં ઊભું કરી દીધું. પણ ભોંયતળિયાનું શું કરવું ? પડકાર સામે

આવી ઊભો રહે ત્યારે ભાઈનું શેર લોહી ચઢે. અહીં ક્યાં પેટ માટેની કડાકૂટ હતી ? પહોંચી ગયા જાહેર બાંધકામ ખાતા પાસે. ચીફ એન્જિનિયર શ્રી ઉપેન્દ્ર ભટ્ટને મળી કાંઈક રસ્તો કાઢવા કહ્યું. ત્યારે ખુલ્લી ગટરો બંધ કરી ભૂગર્ભ ગટરો બાંધવાનું કામ ચાલતું હતું. ઉપેન્દ્રભાઈએ ગટર ઉપરના મોટા લાંબા પથ્થરો કાઢી લેવાની છૂટ આપી ! મજૂર ભાઈઓનો જ શ્રમયજ્ઞ યોજાયો અને અર્ધા પથ્થર બજરંગશાળામાં અને અર્ધા પથ્થર શિશુવિહાર પહોંચાડ્યા. બેઉ માજણી બહેનો ખરીને !

નરમ ગારો કરીને પથ્થરો ભોંય પર સીધા ગોઠવ્યા પછી વાટા કર્યા. પચાસ વર્ષ પછી પણ આ શેડ હજી આજે પણ એટલો જ મજબૂત અને સહીસલામત છે. એક પણ પથ્થર કે લાદી તૂટી કે હાલી નથી. આખી રચના સૌના પરસેવામાંથી નિર્માણ થઈ હતી, એનો આનંદ અવર્ણનીય હતો.

આવી જાતમહેનતને વધાવવા, મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના વરદ હસ્તે ઉદ્‌ઘાટન વિધિ ગોઠવાયો ! અઢારશો પાદરનો ધણી, મોટો રાજા, ત્રણ તારક, પાંચ તારક હોટલ જેવા આલીશાન ભવનોના ઉદ્‌ઘાટન માટે પણ તૈયાર થાય કે કેમ તે પ્રશ્ન, પણ અહીં જ્યાં શિશુની રજ પૂજાતી હતી, ત્યાં હોંશે હોંશે આવી પહોંચ્યા અને છાપરાનું વિધિવત્‌ ઉદ્‌ઘાટન થયું.

શેડ તૈયાર થઈ ગયા પછી, સુથારી-લુહારી-ઇલેક્ટ્રિકલ, પ્લમ્બરિંગ, ટીનસ્મિથ વગેરે કામોનાં ઓજારો વસાવી તાલીમ વર્ગો શરૂ કર્યા. એક વર્ષની તાલીમ નક્કી કરી. મહિને આઠ આના ફી. રાત્રે આઠથી દશ વર્ગ ચાલે. કોઈ ખમતીધર સંસ્થા તો હતી નહીં કે મોટા પગારદાર શિક્ષકો રોકાય ! બસ, મિત્રોનું જ ટીમ વર્ક ! સૌને ભાઈમાં વિશ્વાસ અને ખભેખભા મિલાવીને સામે આવી પડેલું કામ પાર

પાડવાનો આનંદ, એ જ વળતર !

વરસેક પૂરું થયું હશે, ત્યાં મણિભાઈ બક્ષી બીજા બે હજાર રૂપિયા આપવા આવ્યા. પણ ભાઈએ પહેલા દશ હજારમાં ચલાવીશું તેવો શબ્દ આપેલો, એટલે વધારાની રકમ ન લેવાય, (એમ કહીને અડી ગયા). મણિભાઈએ બધો સાજસરંજામ, કામકાજ અને હિસાબો જોયા તો સાચે જ, દશ હજાર રૂપિયામાં બધી જરૂરિયાતો ઊભી કરી દેવામાં આવી હતી. અઢળક નાણું ખર્ચીનેય કોઈ સંસ્થા મકાન, સ્ટાફ અને સાધનોની આવી વ્યવસ્થા ન કરી શકે, તે માત્ર એક વાર દશ હજાર ખર્ચીને ઊભી થઈ ગઈ ! માનવામાં ન આવે, તેવી વાત ! પણ સહિયારો સાથ અને સાજું-સાબદું હૈયું-શું નથી કરી શકતું ? એનો આ ચમત્કાર હતો. ભાઈને તો બધામાં પ્રભુકૃપાનો વરસાદ જ અનુભવાતો. એની કૃપા થકી ભાઈ ભીના ભીના અને શિશુવિહાર પણ હર્યુંભર્યું લીલુંછમ !

પોલિટેકનિક કે અન્ય ઉદ્યોગશાળાઓમાં ઉચ્ચ કક્ષાની તાલીમ પામેલા શિક્ષકો સિદ્ધાંતો શીખવતા રહે, બિચારા નવાસવા વિદ્યાર્થીના પલ્લે કશું પડે નહીં, બંને એકબીજા માટે માથાના દુખાવારૂપ થઈ પડે. જ્યારે આ વર્ગોમાં તો પ્રત્યક્ષ કામ કરનારા કારીગરો જ સ્વાનુભવના નિચોડ રૂપે સીધી-સાદી સરળ ભાષામાં સમજણ આપે એટલે વિદ્યાર્થીને સીધો કોળિયો સડસડાટ ગળા હેઠળ જ ઊતરી જાય અને ઘડીકમાં બધું પચી પણ જાય. અને પ્રત્યક્ષ ચીજ-વસ્તુરૂપે નમૂનાના ઘાટ પણ ઉતારી દે.

જોનારા બધું જોઈ શકે. ઘણાં વર્ષો પહેલા, શ્રી મણિભાઈ બક્ષીએ અમરેલીમાં કળાકારીગરીના શિક્ષણ માટે એક ટ્રસ્ટ બનાવેલું પરંતુ ત્યાં કંઈ કામ થયું નહીં તેથી તેમણે આ ટ્રસ્ટની બધી જ રકમ શિશુવિહારને ભેટ આપી. પછી તો શિશુવિહારના ઉદ્યોગમંદિરનાં પાકાં મકાનો થયાં, મશીનરી વસાવી અને મોટા પાયા પર કામ ચાલતું થયું. પણ, પેલા રાત્રિ

શિબિર અને શિક્ષણપદ્ધતિ તો એનાં એ જ.

પછી તો ખબર પડી કે સૌરાષ્ટ્ર રાજ્યે તમામ જિલ્લાઓમાં આવાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો શરૂ કરાવી દીધાં છે. પણ વળી પાછાં એ બધાં કેન્દ્રો બંધ પણ પડ્યાં છે. એવી જાણ થતાં એક તપાસ સમિતિ નિમાઈ, જેમાં સર્વશ્રી રતુભાઈ અદાણી, ચિતરંજન રાજા અને કલેક્ટર શ્રી જમનાદાસ શાહ હતા.

ફરતાં ફરતાં સમિતિ ભાવનગર પહોંચી. શિશુવિહારના તાલીમ કેન્દ્ર પાછળ જ આ સરકારી કેન્દ્ર સ્થપાયું હતું. પણ એના વિષે કોઈને કશી ખબર જ નહોતી. ત્યાં તપાસ કરી રસ્તે પસાર થતા હતા, ત્યાં શિશુવિહારમાં 'શ્રમ મંદિર' એવું પાટિયું જોયું. જિજ્ઞાસા વશ અંદર આવ્યા. બધે ફરીને જોયું. બધી વાતો સાંભળીને ખુશ થયા અને બસ, પાકેલું ફળ હસ્તગત કરી લેવાની વાત ફરી એક વાર આવી ઊભી રહી. અમારા કેન્દ્રને અહીં ફેરવી નાંખવા દો ! એ કેન્દ્રની બધી સાધન-સામગ્રી તમને સોંપીશું. બીજાં કેન્દ્રનાં સાધનો પણ તમને અપાવવાનો પ્રયત્ન કરીશું. શ્રી મણિભાઈ તથા કારોબારી સાથે ચર્ચા-વિચારણા કરી. પ્રસ્તાવનો હેતુ શુદ્ધ અને લોકહિત માટે હતો, એટલે ના પાડવાને કોઈ કારણ નહોતું. બે-ચાર દિવસમાં જ કેન્દ્રનો કબજો સરકારી કેન્દ્રને સોંપી દેવાયો અને સરસામાન, સ્થાવર મિલકત વગેરેની નોંધ સરકારી ચોપડે ચઢી ગઈ. બધું પતી ગયું, પરંતુ મકાન ભાડે આપ્યું છે, એ અંગેનો જે દસ્તાવેજ થવો જોઈએ, તે જ રહી ગયો ! સંત તુકારામ બેન્કના મૅનેજર બને તો શું થાય ? ભાઈની પણ આવી જ ગતિ-મતિ હતી ! મહિના દિવસમાં તો બૃહદ મુંબઈ રાજ્યની રચના થઈ, અને સૌરાષ્ટ્ર રાજ્ય તેમાં ભળી ગયું પછી તો ઘણી લખાપટ્ટી, અરજી વગેરે કર્યે રાખ્યું, પણ મુંબઈ રાજ્યે નામુકરર થઈ બધી જ બાબતોની ઘસીને ના પાડી દીધી.

આમ રાંકનું રતન લૂંટાઈ ગયું, શિશુવિહારનું આખું કેન્દ્ર જ

પચાવી પડાયું. આ ગૂંચ ઉકેલવા મથામણો ચાલુ હતી, ત્યાં વળી એક ઉપાધિ વધી. ગુજરાત સરકાર સમક્ષ રજૂઆત કરી, તો તેણે ઠરાવ કર્યો કે આ યોજના પંચાયત દ્વારા ચાલે, સરકાર સો ટકા ગ્રાંટ આપે અને પંચાયતનું સહકારી ખાતું વહીવટ ચલાવે. આ બધું થયું, પણ જમીન, મકાન, સાધન-સરંજામ અંગે સાવ મૌન ! બધું જ ગુમાવવાનો વારો આવ્યો. હવેલી લેતાં ગુજરાત ખોવા જેવો ઘાટ ! પોતાના હાથે જ પોતાના પગ પર કુહાડો મારવાની પીડા જે જાણે તે જાણે ! પછી તો મ્યુનિસિપાલિટી પાસેથી જમીનનો કબજો સરકારને અપાવવા શિશુવિહારને જ વચ્ચે પડવું પડ્યું. શિશુવિહારના જમીનના નકશામાંથી એટલી જમીન કાયદેસર બાદ કરાવવી પડી અને ૧૯૬૫માં પૂ. શ્રી રવિશંકર મહારાજના વરદ હસ્તે વિધિસર અર્પણવિધિ કરી ! પોતાનું માથું પોતે જ ઉતારી આપવાની પીડા ! પણ જાહેર કામોમાં આવા ઘા ખમવા પડે, ઝેરના કટોરા ઘોળી ઘોળીને જ પીવા પડે !

શરૂ શરૂમાં તો સરકારી કેન્દ્ર સારું ચાલ્યું. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાઈ. સ્ટાફ વધ્યો, ઉત્પાદન પણ વધ્યું. ઊપજ વધે એટલે કરવેરા નંખાય, પણ આ તો સરકાર માબાપ, તેણે ઠરાવ કર્યો કે વધુ ઉત્પાદન બંધ કરો અને સો એ સો ટકા રકમ ખર્ચાઈ જાય તેવો પ્રબંધ કરો. ખોટી દિશા પકડાઈ અને પછી તો બધું ખાડે ગયું. ભાઈ તો 'પ્રભુ-ઈચ્છા બળવાન !' કહી જનક મહારાજની જેમ એક પગ આગમાં, અને બીજો બહાર રાખી નિઃસ્પૃહતા કેળવવા મથે, પણ આ બધું સાવ પડોશમાં જ, રોજ જોવાનું ! ક્યારેક જીવ બળે, હૈયે સંતાપ જાગી ઊઠે ! પણ સર્જન અને વિસર્જનની તો ભાઈના જાહેર જીવનમાં જુગલબંધી હોય, તેવું અનુભવાય છે. કણ કણ કરી બધું ઊભું કરે અને અંતે બધું કૃષ્ણાર્પણ !

## ટેકનિકલ વર્ગો

એકાએક મોટી પ્રવૃત્તિ બંધ પડી, ચોવીસ કલાક ગુંજતું શ્રમમંદિર

બીજાને સોંપાઈ ગયું, એટલે એકદમ ખાલીપો પૂરવો દુષ્કર હતો. અંતરમાં ભારે વિહ્વળતા અનુભવાતી. પણ મિત્ર-સમોવડા મણિભાઈ પૂછે હવે શું કરશો ? પ્રત્યુત્તરમાં ભાઈનો ગ્લાનિમુક્ત શાંત ચહેરો જોઈ, નવી યોજના મૂકવાની હિંમત કરી. ભલે અહીં આપણે કારીગરો ઊભા ન કરીએ. પરંતુ વિજ્ઞાનયુગમાં સૌ બાળકોને ટેકનિકલ જાણકારી તો આપવી જ જોઈએ. થોડુંક પ્રાયોગિક શિક્ષણ પણ આપવું. આમ વળી એક નવી યોજના આવી, તેને ચલાવવા નાણાં પણ આવ્યાં, મકાન પણ બંધાવ્યું, સાધનસામગ્રી, પુસ્તકાલય બધું વસાવાયું.

વર્ષો સુધી, ટેકનિકલ વિષયોનાં ટૂંકા ગાળાના વર્ગો ચલાવ્યા બાદ, વર્તમાન પ્રમાણપત્ર લક્ષી વલણને કારણે આ પ્રવૃત્તિ મંદ પડી. છેવટે માંગરોળમાં 'પ્રયાસ' સંસ્થા દ્વારા ગ્રામીણ ટેકનોલોજી-તાલીમ શરૂ થઈ એટલે તમામ સાહિત્ય અને સાધન ભેટમાં આપી દીધાં. હવે શિશુવિહારમાં ઇલેક્ટ્રિકલ તાલીમ અંગેના સામાન્ય જ્ઞાનના વર્ગો અવિરતપણે ચાલે છે.

## વ્યાયામ-શાળા અને સ્કાઉટ-ગાઇડ

શિશુવિહારને બાળકોના સર્વાંગી વિકાસમાં રસ છે, જેમાં બાળકોનું આરોગ્ય એ તો શિરમોર છે. માનવના સ્વસ્થ વિકાસ માટે 'વ્યાયામ' અનિવાર્ય છે. જન્મ થતાં જ આ વ્યાયામ આપોઆપ થતો રહે છે. મનુષ્યના જીવનમાંથી બાળપણના ખેલકૂદની બાદબાકી કરો તો બાકીનું જીવન મીઠા વગરની રસોઈ જેવું બેસ્વાદ બની જાય ! એટલે ક્રીડાંગણ ઉપરાંત રમત-ગમતની પ્રવૃત્તિ એ શિશુવિહારની મુખ્ય પ્રવૃત્તિ છે. જીવનમાંથી બાળપણ વિદાય લે, હીંચકા-લપસણાં, લખોટા-દોરડાં ક્યારે છૂટી ગયાં તેની ખબર પડે તે પહેલાં કિશોરાવસ્થાની જરૂરિયાત શિશુવિહાર પૂરી પાડે છે. કિશોરોને હૂતુતુ-ખોખો, લંગડી જેવી મોકળા મેદાનની રમતો રમવાની જોગવાઈ તો અહીં છે જ, સાથોસાથ જીવનમાં

શારીરિક કૌવત, ખેલદિલી અને સ્વયંશિસ્ત કેળવાય તે માટે સ્કાઉટ-ગાઇડ પ્રવૃત્તિ પણ ચાલે છે. અત્યાર સુધી લગભગ છ હજાર કિશોર-કિશોરીઓએ અહીંથી જીવનની આ પાયાની તાલીમ મેળવી હશે.

આ પ્રવૃત્તિમાં ચાલુ રમતગમતો, કવાયત ઉપરાંત અવારનવાર શિબિર, પ્રવાસ-પર્યટન, તથા રાજ્ય અને દેશભરની રેલીઓમાં ભાગ લેવાની પ્રવૃત્તિઓ પણ ચાલે છે. આઠેક રાજ્ય રેલીઓમાં સતત પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગવર્નર શિલ્ડ પણ પ્રાપ્ત કર્યાં છે. સો જેટલા સ્કાઉટ-ગાઇડે પ્રેસિડન્ટ સ્કાઉટ-ગાઇડનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે.

વિદ્યાર્થીઓ માટે વર્ષો સુધી રાત્રીવર્ગો પણ ચાલતા રહ્યા, જેમાં બાળકો ઘેરથી સાંજે જમી કરી આવે, સાથે પ્રાર્થના કરે અને પછી બે કલાક પોતાની મેળે સ્વાધ્યાય કરે અને જરૂર પડે તો મોટેરા પાસેથી માર્ગદર્શન પણ લે. ઝાડ ઉપર એક નાનકડી અભ્યાસ-ઓરડી એવી સુંદર બંધાયેલી કે ઘરડાખખ થઈ ગયેલા દેહધારીને પણ ઉપર ચઢી, એકાદ પુસ્તકના અભ્યાસમાં ખોવાઈ જવાનું મન થાય !

## પુસ્તકાલય - વાચનાલય

શિશુવિહારના ખાંચામાં દાખલ થતાં જ, દૂરથી અર્ધચંદ્રાકાર કમાન પર મોટા અક્ષરે વાંચવા મળે છે - ગોખલે જ્ઞાનમંદિર ! મહારાષ્ટ્રના આ 'ગોખલોજીનો' ગોલખો અહીં ક્યાંથી ? માનભાઈના એક મિત્ર, સ્વ. કરશનદાસ ચિતલિયા, મુંબઈ-પૂનામાં જાહેર પ્રવૃત્તિઓ ચલાવે, એમણે પોતાના નિવૃત્તિકાળમાં, આ પુસ્તકાલયનો પાયો નાંખ્યો, એને સુસ્થિર બનાવવા આર્થિક મદદ પણ કરતા રહ્યા. તદુપરાંત, મહેન્દ્ર મેઘાણીના 'લોકમિલાપ' દ્વારા પણ અસંખ્ય પુસ્તકોનું ઝરણું સતત વહેતું રહ્યું છે. દાનવીર શ્રી રતિલાલ ગોસળિયાએ પુસ્તકાલય માટે અલાયદું મકાન પણ બંધાવી આપ્યું છે.

હરતા-ફરતા પુસ્તકાલયથી માંડીને અત્યારના લગભગ બાર-તેર હજારની સંખ્યામાં પહોંચેલાં પુસ્તકોનું 'ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલય' ચાલે છે, જેમાં સંસ્કાર-ઘડતર કરે તેવાં ઘણાં સામયિકો પણ આવે છે.

તદુપરાંત, 'ડૉ. શિવાનંદ અધ્વર્યુ આધ્યાત્મિક પુસ્તકાલય' પણ છે, જેમાં વિવિધ ધર્મોની જાણકારી તથા આધ્યાત્મિક માર્ગદર્શન પૂરાં પાડે તેવાં અસંખ્ય પુસ્તકો છે.

આ બંને પુસ્તકાલયોમાં હોય તેવાં પુસ્તકો ભેટમાં મળી જાય તો અહીં નિરર્થક સંઘરો ન કરતાં, નગરની સિવિલ હૉસ્પિટલ, જેલ, યુનિવર્સિટીના તથા અન્ય પુસ્તકાલયોને ભેટ આપી દેવાય છે. વાળંદોની દુકાનોમાં સામયિકો મોકલાવી દેવાય છે, જેથી એનો વધુમાં વધુ ઉપયોગ થાય.

વળી, ટેકનિકલ વિષયો તથા વ્યાયામ-આરોગ્યને લગતાં અલગ અલગ પુસ્તકાલય પણ છે. ક્રીડાંગણ વિભાગમાં સ્કાઉટ-ગાઇડ પ્રવૃત્તિનાં કીમતી પુસ્તકોનું પુસ્તકાલય પણ છે.

## મોંઘીબહેન - બાળમંદિર

શિશુવિહાર જેવું પ્રાંગણ હોય અને પ્રેમશંકરભાઈ જેવી પ્રેમમૂર્તિનું સાંનિધ્ય હોય, આવા બાળમંદિરમાં દાખલ થવાનું મોટેરાંને પણ મન થઈ જાય.

આ બાળમંદિરની સ્થાપના ૧૯૫૭માં થયેલી. શ્રી મોંઘીબહેને આ બાળમંદિર ચલાવવાની જવાબદારી લીધેલી, પણ પાંચ-છ મહિના કામ કર્યું, અને તેમનું અવસાન થયું એટલે એમની સ્મૃતિમાં 'મોંઘીબહેન બાળમંદિર' એવું નામાભિધાન થયું.

ત્યાર પછી આ બાળમંદિર ઇન્દાબહેને ચલાવ્યું. અને પછી તો

પ્રેમશંકરભાઈ જ આવી ગયા. બાળમાનસના જાણકાર અને બાળશિક્ષણના પ્રણેતા મેડમ મૉન્ટેસરીની પદ્ધતિથી આ બાળમંદિર ચાલે છે. પ્રેમશંકરભાઈની તો પોતાની આગવી પ્રેમ-પદ્ધતિ છે, જે એમને એમના પોતાના જ કોઠામાંથી પ્રાપ્ત થઈ છે. બાળકો સાથે માણસ કેવો ખોવાઈ જઈ શકે, તેનો સાક્ષાત્કાર કરવો હોય તો બાળવર્ગમાં પ્રેમભાઈને જોવા, ઇન્દાબહેનના કાકા એવા પ્રેમશંકરભાઈ હવે તો સૌના 'કાકા' થઈ ગયા છે.

## તહેવારોની ઉજવણી

શું બંદર પરના નોકરિયાત જીવનમાં કે શું ત્યાર પછીના નિવૃત્ત જાહેર જીવનમાં. લોકશિક્ષણ એ જ મુખ્ય લક્ષ્ય રહ્યું. આમેય ભારતની પ્રજા ઉત્સવપ્રિય પ્રજા. ઉત્સવો ઊજવવામાં લોકો ઘેલાઘેલા થઈ જાય. નવરાત્રિના નવે દિવસની રાતો શિશુવિહારમાં રાસગરબાથી ગુંજતી રહેતી. હોળી-પ્રાગટ્ય પણ શિશુવિહારના પ્રાંગણમાં જ થાય. ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દ્વારા આ કામ સરસ રીતે સિદ્ધ થતું.

સ્વાતંત્ર્ય-દિન અને પ્રજાસત્તાક-દિનની ઉજવણીમાં 'આનંદ-મંગળ મંડળ'નું સ્થાન હંમેશાં સર્વોપરી રહેતું આવ્યું છે. બંદર પરના પહેલા ઉત્સવમાં, તો બંદરના મિત્રો સાથે સાઇકલ પર બે બોટ રિદ્ધિ-સિદ્ધિ બનાવી, ભરદરિયે મોજામાં હોડકું ચાલે એ રીતે જમીન પર ફેરવી બતાવી, ત્યારે તો સૌ આભા બની ગયા. સાઇકલ દેખાય જ નહીં, એ રીતે એને ઢાંકી દઈ ઉપર હોડકું ગોઠવી દીધેલું.

બીજા એક પ્રસંગે, મોટા ખટારા પર ૩૦ x ૧૫નું બે માળનું મકાન દર્શાવેલું. વિષય હતો, બાળવિકાસ યોજના. આ મકાનના આંગણામાં ક્રીડાંગણ ઊભું કરેલું, જે આજે શિશુવિહારના મુખ્ય પ્રવેશદ્વાર સામે જ નિદર્શનરૂપે પ્રત્યક્ષ હાજરાહજૂર છે ! આમ ક્યારેક

હોડકાં, ક્યારેક ક્રીડાંગણ, ક્યારેક વહાણ-આવી જાતજાતની કરામતો કરતા. એક વખતે જૂના ભાવસિંહજી ટ્રેઝરનું મોડેલ કર્યું અને એનું અમદાવાદમાં નિદર્શન કર્યું તો એ ભંગારને પણ પ્રથમ ઇનામ મળ્યું. સુભાષ બોઝનો કાળ હતો, ત્યારે બધા સ્કાઉટોને સુભાષ-સૈનિકના પોષાકમાં તૈયાર કરેલા. ત્રિરંગી ટોપીઓ, તાવડીને માથે સાત કુલડીઓ સ્થિર રહે તે માટે નીચે રબર પટ્ટો કરેલો. આ બધું જોઈ, લોકો દંગ રહી જતા.

વેશભૂષામાં તો અવનવી કલ્પનાઓ સાકાર થાય. બધાની કલ્પનાના ઘોડાઓને ત્યારે જાણે પાંખ ફૂટે ! એક વાર ભાઈ પોતે નાતાલના સાન્તા ક્લોઝ બનેલા. હાથલારીની બેય બાજુ આકાશપરીની બે પાંખો, આગળ બે હરણાં અને પાછળ સૂરજદેવ ! બંને હરણાંની લગામ પકડી, લારીના હૂકમાં કમરપટ્ટો લટકાડી બે હરણાંને સાન્તા ક્લોઝ ખેંચે ! અંદર નાનાં ભૂલકાંઓને સફેદ વસ્ત્રોમાં તૈયાર કરી બેસાડેલાં.

## સાથે રમીએ, સાથે જમીએ

શિશુવિહારનો એક સુંદર ઉપક્રમ છે. સહભોજનનો ! હજુ આજ સુધી એ સફળ રીતે સુચારુ રૂપે, સરસ રીતે ચાલ્યો આવે છે ! શિબિર હોય કે નેત્રયજ્ઞની પૂર્ણાહુતિ હોય, પૂનમ હોય કે ભાઈ જેવાનો જન્મદિવસ હોય, સૌને સમૂહભોજન ભાવે અને ફાવે. ભોજનમાં કાંઈ લાડવા-શીખંડ ન હોય ! પોતપોતાને ઘેરથી જ ડબરો ભરી આવવાનો, એકાદી વાનગી શિશુવિહાર તરફથી પીરસાય, પણ સાથે જમવાનો જ આનંદ, એટલે સ્તો આપણા ઋષિજીને પણ મંત્ર રચવો પડ્યો "ૐ સહનૌ ભુનક્તુ" સાથે રમીએ જ નહીં, સાથે જમીએ પણ ખરાં !

આવી અનુપમ સંસ્થાના ઉપક્રમે જ, જગતમાં અજોડ એવું

બાળકોનું 'વાનર-સંમેલન' યોજાયું, જેની વિવિધ ટુકડીઓના નેતા હનુમાન-અંગદ-જાંબુવાન હતા. આ સંમેલનમાં બાળકોએ ઠરાવ કરેલો કે - અમને રમવાની જગ્યા આપો. ભણવા માટે માર ન પડે તેવી નિશાળ અને હરવા-ફરવા માટે સુંદર બાગ-બગીચા આપો, સંમેલનના અંતે પાંચેક હજાર જેટલાં બાળકોને ભાવનગરથી શિહોરના ગૌતમેશ્વર સુધી લઈ જવાની એક ખાસ 'વાનર-ગાડી' (રેલગાડી)ની વ્યવસ્થા પણ રાજ્યના રેલવે-તંત્રે કરી આપી.

## પ્રાથમિકશાળા અને વિનયમંદિર

બાળપ્રવૃત્તિમાં શિક્ષણની પ્રવૃત્તિ વહેલી-મોડી આવીને ઊભી જ રહે. બાળમંદિર તો શરૂ થઈ ગયું હતું, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પણ કાળક્રમે ચાલુ થઈ ગઈ. એકથી સાત ધોરણ માટે 'દિવાળી છગનલાલ નવજીવન બાળશાળા' અને આઠથી અગિયાર ધોરણ માટે 'પ્રણવ બક્ષી વિનય મંદિર'ની સ્થાપના થઈ. શ્રી મણિભાઈ બક્ષીના પૌત્ર 'પ્રણવ'ની સ્મૃતિમાં આ શાળાનું નામાભિધાન થયું. પ્રેમશંકરભાઈ નિયામક પદે રહ્યા.

માનભાઈનાં સુપુત્રી શ્રી ઇન્દિરાબહેન ભાંગ્યાનાં ભેરુ સમાન છે. શિશુવિહારની પ્રત્યેક પ્રવૃત્તિની પશ્ચાત ભૂમિમાં એ પડછાયાની જેમ કામ કરે. બાળમંદિર ચલાવવા મૉન્ટેસોરીનો અભ્યાસ કરી આવ્યાં, સ્કાઉટ ગાઇડ પ્રવૃત્તિ માટે તાલીમ પણ લઈ આવ્યાં અને આ ચાલુ નિશાળો ચલાવવાની લાયકાત તો એમની પાસે હતી જ. બી. એડ્, એમ. એડ્. એમણે કર્યું જ હતું, એટલે વિનય મંદિરના પ્રિન્સિપાલ તરીકે એમણે જવાબદારી સંભાળી લીધી. સોનામાં સુગંધ ભળે એમ, શિક્ષક તરીકે શ્રી મહેશભાઈ એસ. ભટ્ટ પણ જોડાયા અને શિશુવિહાર તથા આ વિનયમંદિરના સંયુક્ત ઉપક્રમે અનેક કાર્યક્રમોની સુંદર જુગલબંધી વર્ષો સુધી ચાલતી રહી.

પરંતુ સરકારી ગ્રાંટ આવી, નિષ્ઠાવાન શિક્ષકોને બદલે નોકરીના માનસવાળા શિક્ષકો ઊભરાતા, ધીરે ધીરે વાતાવરણ બદલાવા માંડ્યું. માનભાઈ તો આવા ચીલાચાલુ શિક્ષણ પાછળ પોતાની શક્તિ વેડફવા કદીયે તૈયાર ન થાય. શિક્ષણ અંગેના એમના વિચારો ક્રાંતિકારી હતા, એટલે શિક્ષકોએ પોતાનું અલાયદું ટ્રસ્ટ બનાવી, નિશાળ ચલાવવાની માંગણી મૂકી તો શિશુવિહારે બધો વહીવટ એમને સોંપી માગણી સ્વીકારી લીધી. શાળાનાં મકાન તો શિશુવિહારનાં હતાં, પણ એ કોઈ ખાલી પાછાં સોંપી દે, એવી નૈતિકતાની તો આશા ન જ રખાય, એટલે એ મકાનોમાં ચીલાચાલુ શાળા ચાલુ રાખવા માટે પણ મને-કમને તૈયાર થવું પડ્યું.

આમ શાળાઓનું પ્રકરણ પોતે જ સંકેલ્યા જેવું થયું. શાળામાં કામ કરતા કેટલાક શિક્ષકોને આજે પણ શિશુવિહાર અને માનભાઈ માટે માન અને મમત્વ છે, પરસ્પર શિક્ષકોમાં કોઈ ગૂંચ પડે તો માર્ગદર્શન માટે ભાઈ પાસે જ સૌ આવે છે, પરંતુ અગાઉના નૈષ્ઠિક શિક્ષણની જે સુગંધ હતી, તે સમેટાઈ ગઈ !

## જ્યોતિ મંડળ

શિશુવિહારની સ્થાપનાની સાથોસાથ, ‘જ્યોતિ મંડળ’ના નામે, સુજ્ઞ, સુધારાવાદી, સમાજ-સેવિકા બહેનો દ્વારા ૧૯૩૯માં જ મહિલામંડળની પ્રવૃત્તિ પણ શરૂ થઈ ! સમાજનો અડધોઅડધ હિસ્સો, સ્ત્રીઓનો ! સમાજનું અર્ધાંગ પાછું પડી જાય, તો સમાજ કદીય ઊંચો ન આવે ! જ્યોતિમંડળની બહેનો સામાજિક પ્રશ્નો ઉકેલે, સહકારી હાટ ચલાવે, વિવિધ ઉત્સવ-પર્વો ઊજવે, અને બહેનોને સ્વાશ્રયી બનાવવા સીવણ જેવી તાલીમ પણ આપે. સીવણનો સંચો એ તો પરિવારનું કલ્પતરુ, કરકસરભર્યું જીવન જીવવાનું અમોઘ શસ્ત્ર છે. માત્ર બહેનોએ શું કામ, ભાઈઓએ પણ એ શીખવું જ જોઈએ ! ધંધાદારી રીતે કોઈ

આ વ્યવસાયને અપનાવે તો પણ સ્વમાનભેર સ્વાવલંબી જીવન જીવી શકે. દર વર્ષે, લગભગ બસો વ્યક્તિઓ આ ઉદ્યોગ દ્વારા પગભર બને છે. સીવણ વર્ગ માટે મણિભાઈ બક્ષીએ અલાયદું મકાન જ બંધાવી આપ્યું છે, જેમાં સીવણ-ભરત ઉપરાંત વિવિધ હસ્તકળાના વર્ગો પણ ચાલતા રહે છે.

## સંગીત-વર્ગ

કહેવાયું છે કે -"नादाधीनम् जगत् सर्व" આખું જગત નાદાધીન છે. મનુષ્યના જીવનમાં જ્યારે સૂર-સાધના પ્રગટ થાય છે, ત્યારે ઊર્ધ્વારોહી યાત્રાની અનેક ક્ષિતિજો ખૂલી જાય છે. બાળકો આવા સંગીત દ્વારા પોતાનાં ચિત્તતંત્રને સુસંસ્કારી અને સૂરીલું બનાવી શકે, તે દૃષ્ટિએ શિશુવિહારમાં સંગીતની આરાધના માટે સંગીતના વ્યવસ્થિત તાલીમવર્ગ પણ ચાલે છે.

સંગીતની સુમધુર ઉપાસનાના માધ્યમ બન્યા છે પ્રજ્ઞાચક્ષુ શ્રી દર્શકભાઈ ઓઝા. ૧૯૭૬થી સાતત્યપૂર્વક આ સાધના ચલાવી રહ્યા છે. આ પ્રવૃત્તિનું ગુજરાત રાજ્ય બૃહદ્ સંગીત-સમિતિ-અમદાવાદ સાથે પણ જોડાણ છે, એટલે પરીક્ષાઓ ઉત્તીર્ણ કરનાર વિદ્યાર્થીને સરકારમાન્ય પ્રમાણપત્રો પણ મળે છે. અત્યાર સુધી લગભગ બે હજાર જેટલા સંગીતપ્રેમીઓએ આવાં પ્રમાણપત્રો મેળવ્યાં છે.

## કલા વર્ગ

આરંભમાં રજનીકાંત કનાડા નામના એક યુવાનને ચિત્રકળાના ક્ષેત્રમાં પ્રોત્સાહન આપી આગળ વધારીને, ચિત્રકામને જ વ્યવસાય બનાવવામાં શિશુવિહાર સહાયભૂત થયું. તેમણે શિશુવિહારને જ નિવાસસ્થાન બનાવી ચિત્રવર્ગો વર્ષો સુધી ચલાવ્યા. તેમનું અકાળે અવસાન થતાં ચિત્રકળા તેમજ અન્ય કળા-પ્રવૃત્તિઓ ઇન્દાબહેન

ચલાવે છે. ચિત્રશિક્ષક ભરતકુમાર પંડ્યાનો સહયોગ આ કળાકેન્દ્રને શ્રી રતિલાલ ગોસળિયા તરફથી પચીસ હજાર રૂપિયાની ઉદાર સહાય મળવાથી ૩૦-૯-'૮૯ના રોજ વિખ્યાત ચિત્રકાર અને કળાગુરુ શ્રી સોમાલાલ શાહના વરદહસ્તે ઉદ્‌ઘાટન થયું, જેમાં છ થી ચૌદ વર્ષની વયનાં બાળકોની સર્જનાત્મક શક્તિ ખીલવવા વિવિધ હસ્તકળા "From waste-best" કચરામાંથી શ્રી નીપજાવવાની કળા પણ શીખવાય છે.

## રંગભૂમિ

'આનંદ-મંગળ મંડળ', ગોદી-કામદાર-મંડળ, બજરંગ વ્યાયામ મંડળ અને 'શિશુવિહાર-પરિવાર' આ ચારેય સંસ્થાઓ એકમેક સાથે એટલી બધી ઓતપ્રોત છે કે કઈ વ્યક્તિ કઈ સંસ્થાની, તે કહેવું મુશ્કેલ થઈ પડે. એકમેકના પર્યાય સમી આ સંસ્થાના સભ્યો સમાજ-ઘડતરનાં વિવિધ કામોમાં એટલા બધા તલ્લીન હતા કે કોઈને નામ-પ્રતિષ્ઠા-પદ કે પૈસા નામની ચીજોનાં નામઠામ જ ખબર નહોતાં. રાષ્ટ્ર સામે જે પડકાર આવીને ઊભો રહે, તેને ઝીલી લેવો એ જ આ મિત્રોનું જીવન હતું.

આવા વિવિધ પડકારોને ઝીલતાં કેટલાંક નાટકો પણ આ મિત્રોએ તૈયાર કરેલાં. ૧૯૪૬-૧૯૪૭ દરમિયાન, આ નાટકો પોતે ઠેર ઠેર ભજવી લોક માનસ ઘડવાનો પ્રયત્ન કર્યો હતો. આ નાટકોમાં કેટલાંક ભાઈએ પોતે જ લખેલાં.

શિહોરના થિયેટરમાં બે શો કર્યા, તેમાંથી જે રકમ મળી, એમાંથી શિહોરમાં જયહિન્દ વ્યાયામશાળા ઊભી કરી.

પરમમિત્ર છોટુભાઈએ તો વિવિધ પાત્રોના વિવિધ વેષો પણ તૈયાર કરી આપ્યા. મોતીબાગના અખાડામાં આઠેક દિવસ સુધી ભાઈના વિવિધ વેશપરિધાન સાથે અભિનય ખેલ ચાલ્યા. એકાદ બે વાર

ધંધાદારી નાટકશાળામાં પણ નાટક ભજવી આવ્યા. આમ ને આમ શોખ પોષાતો રહ્યો, જે છેવટે શિશુવિહારની રંગશાળામાં પરિણમ્યો. શિશુવિહારના રંગમંચ પર ઉત્તમ કોટિના કલાકારો દ્વારા સર્વોત્તમ નાટકો ભજવાયાં છે ! ત્યારે ભાવનગર શહેરમાં આવું મોકળું મેદાન અને વિશાળ રંગમંચ એકે ન મળે ! એટલે અનેક નાટકો, મુશાયરાઓ, રાસ-ગરબા, શૈક્ષણિક સંસ્થાઓના વાર્ષિક મેળાવડા અહીં યોજાતા. પ્રખ્યાત સંગીત-બેલડી નિરુપમા-અજિત શેઠ, પંકજ મલિક, અભિનય-સમ્રાટ પૃથ્વીરાજ કપૂર, પ્રખ્યાત નૃત્યકાર પ્રિયદર્શન હેમંતસિંહ ચૌહાણ, રાજસ્થાનના શ્રી સમીર જેવા અસંખ્ય કળાકારો તથા યંગક્લબ જેવી સંસ્થાઓની કળા અહીં પ્રગટ થઈ. ભાવનગરમાં એક છાપ ઊભી થઈ ગઈ કે સાંસ્કૃતિક કાર્યક્રમ તો શિશુવિહારના ! ખૂબી એ કે, બીજાં સ્થળોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં ગૂંડા લોકોની વિકૃત મનોદશા પ્રગટ કરવાથી ધાંધલ-ધમાલ મચી રહેતી, પણ અહીં માનભાઈના નામનો એવો જાપ્તો કે કોઈ સિસોટી વગાડવાની પણ હિંમત ન કરે ! એવો કોઈ ભટકાઈ જાય, તો સિસોટી મોંમાં જ રહી જાય,

નાટકોનાં રીહર્સલમાં ભાઈનું પૂરું માર્ગદર્શન મળે. 'માટીજાયા'થી માંડી 'ધરા-ગુર્જરી'નાં બધાં પાત્રોને સાહજિક અભિનય શીખવતા ભાઈ આજે પણ ઘણાને યાદ છે. ગુજરાતના અકડુ, મિજાજી અને અલગારી નાટ્યકાર ચં. ચી. મહેતા એક વાર આવેલા. શિશુવિહારના ઓટલા પર ચઢી કહે – માનભાઈ, આટલો ઊંચો રંગમંચ બનાવો અને તેના પર મારું 'ધરા ગુર્જરી' ભજવો. મારા પર તમારો પૂરો હક્ક ! જરૂર પડે બોલાવજો ! આમ ભાવનગરનું પહેલું ઓપન ઍર થિયેટર શિશુવિહારના પ્રાંગણમાં બન્યું. રંગભૂમિ પર ધરાગુર્જરી, માનવીનાં મૂલ, શ્રાવણી જેવાં નાટકો પણ ભજવાયાં, નાટ્યશાસ્ત્ર અને કળા અંગેનાં અનેક પુસ્તકો પણ અહીંના પુસ્તકાલયમાં વસાવાયાં છે.

# વિવિધ પ્રકાશનો દ્વારા વિચાર-પ્રસાર

દાદાજીએ વાચનનો શોખ એવો તો ઊંડો લગાવેલો કે લોકોને હરહંમેશ નિતનવું વાચન પીરસતા રહેવાનો એક છંદ જ પેદા થઈ ગયો, પોતે વાંચે, વાંચી સંભળાવે, પુસ્તકાલયો ઊભાં કરે. આ બધું તો સમજાય, પણ પંડને પૈસે નિતનવી પત્રિકાઓ છાપતા રહી, લોકોને રોજ લહાણી કરવી, આ તો બાદશાહી શોખ ! પણ શું થાય, ગજવામાં પૈસો ન હોય, પણ ભેજામાં તરકીબો તો છે ને !

બંદરની ઑફિસમાં, ગફૂરમિંયા ફાઈલો બનાવવા મોટા લેજર-પેપર કાપે, તેની બાજુની બે અઢી ઇંચની પટ્ટી કાપી ફેંકી દેતા. સુથારનું ધ્યાન બાવળિયે એમ ભાઈએ કચરાપટ્ટીમાંથી આ પટ્ટીઓ ઉપાડી, એની નાની નાની પત્રિકાઓ તૈયાર કરી. ખારગેટનું કૃષ્ણપ્રેસ આઠ આનામાં હજાર પત્રિકાઓ છાપી આપે. પોતે જ પોતાની રીતે લખાણ તૈયાર કરે. નેત્રયજ્ઞ વખતે તો પ્રચાર માટે ડેમી ૧/૮ની સાઇઝની હજારો પત્રિકાઓ વહેંચે.

ગોદી કામદાર મંડળમાં એકહથ્થુ શાસન ચલાવતાં કામ તો ચાલ્યા કરતું, પરંતુ અંદરખાને ભય તો રહેતો જ કે ગમે ત્યારે અહીંથી જવાનો વારો આવશે. ત્યારે ભવિષ્યમાં છાપખાનું ઊભું કરવાનાં સપનાં પણ આવતાં. પોતાના એક મસિયાઈ ભાઈને અમદાવાદ પ્રેસકામનો અનુભવ લેવા મોકલ્યો. એણે તો પાટણના એક પ્રેસનો સોદો પણ કરી નાંખ્યો. પાટણ ગાયકવાડી ગામ, ગામ બહાર કોઈ સામાન લઈ જવાની છૂટ નહીં. ઘડીક મૂંઝાણા તો ખરા, પણ કાંઈક યુક્તિ-પ્રયુક્તિ કરી માલ ભાવનગર ભેળો કર્યો. પછી બે-ત્રણ મકાનોમાં પ્રેસ બદલ્યા કર્યું, લાખના બાર હજાર જેવો ઘાટ થયો, પણ નોકરી ચાલુ હતી એટલે લાજ રહી ગઈ. નોકરી દરમિયાન, દસેક હજાર રૂપિયાની મૂડી બચાવેલી, તે બધી આ યોજનામાં રોકાઈ ગઈ. વહીવટ બધો મસિયાઈ ભાઈ કરે. પણ

ફાવ્યા નહીં.

પત્રિકાનો લોભ છૂટતો નહોતો, અને પ્રેસ તો પ્રેત બની છાતી પર ચઢી બેઠું. પછી પોતાનું પ્રેસ રાખવાના મોહમાંથી છૂટી સંસ્થાની પ્રકાશન-પ્રવૃત્તિમાં ઊંડા ઊતર્યા અને શિશુવિહારની અનેકવિધ પ્રવૃત્તિઓમાં 'પુસ્તક-પ્રકાશન' તથા 'માસિક-પત્રિકા' અગ્રપદે રહ્યાં.

માનભાઈના કારખાનાની અનેક પેદાશોમાં વિવિધ પત્રિકાઓ-ચોપાનિયાં એ મુખ્ય પેદાશ ગણાય તેમ છે. આ પત્રિકાઓનો પણ એક વિશિષ્ટ-સંચય છપાવવા જેવો છે. એક વાર આજના જુવાનિયાઓની દુઃખદાયક પરિસ્થિતિ જોઈ, મન અત્યંત ત્રાસી ગયું. અંતરની વાત કહેવા જાય, પણ જે કહેવું છે તે સુપેરે કલમમાં ઊતરે નહીં, એટલે તરત ગુજરાતના જાણીતા કવિ શ્રી મકરંદ દવેને લખી નાંખ્યું કે યુવાનોના રુવે-રુંવાં ઊભાં થઈ જાય એવી સરસ કવિતા લખી મોકલો. ત્યારે મકરંદભાઈએ લખી મોકલ્યું, જે અનેક યુવાનો સુધી પહોંચ્યું.

આવો જ શોખ સુવચનોનો. ૧૯૩૯માં સ્થપાયેલા શિશુવિહારના પાટિયા પર પોતે જ સરસ મજાનાં સુવાક્યો રોજ નવાં નવાં લખે. એની પણ ડાયરી બનાવે અને પછી કોઈ સારા શિક્ષકને આપી દે. ક્યાંક સારી સામગ્રી વાંચવા મળે, તો કાર્ડ પર ઉતારી લે. આવાં ઘણાં કાર્ડ તૈયાર થયાં એટલે એમાંથી 'વીણેલા મોતી' નામે પુસ્તિકાઓ છપાવી, સંગીત શિબિર કરી, અરુણ ભટ્ટે ગાયેલાં ગીતોને 'વહેતાં ગીતો' રૂપે પ્રગટ કર્યું.

લલિતકળાની સાથોસાથ યંત્રવિદ્યાનાં પ્રકાશનો પણ કર્યાં. સિદ્ધાંતોથી ભરેલાં મોટી પંડિતાઈનાં સમજવાં અઘરાં પડે તેવાં પુસ્તકો નહીં, પણ સ્વાનુભવની કહાણી કારીગરોના હાથે જ કઢાવે અને છપાવે એટલે એ પાઠકો માટે એવી સુબોધ અને રુચિપૂર્ણ બને કે લોકો એને ખૂબ ખરીદે. કારખાનામાં લેથ ઉપર કામ કરનાર કારીગર પાસે તેમના જ નામે ટર્નર અંગેનું એક પુસ્તક છપાવ્યું, જેમાંની ઘણી વિગતો પોતે જ

સંપાદિત કરેલી. આ પુસ્તકને કારણે એમને છ માસ માટે તાલીમ લેવા કલકત્તા મોકલાયા અને ઇન્સ્ટ્રક્ટરમાંથી સુપરવાઇઝર બની જવાની તક મળી. જ્યારે ભાઈને મળે ત્યારે અડધા થઈને વાત કરે, એટલો ઉપકાર ભાઈનો માને ! પણ ભાઈનું કામ તો આ જ કે ઠેર ઠેર નીસરણીઓ ગોઠવી દેવી. ચઢનારા ચઢી જાય એટલે પોતાનું કર્યું સાર્થક !

બંદરના લાઇટ હાઉસ પર પહેલી વાર વાયરલેસ સેટ ગોઠવાયો, જે મધદરિયે ચાલતી સ્ટીમરો સાથે વાતચીત કરી શકે. તેના સંચાલકને રેડિયો અંગેની પુસ્તિકા લખી આપવા કહ્યું, ત્યારે પેલો બિચારો કહે - એવું બધું મને ક્યાંથી આવડે ? મારું એ ગજું નહીં. પછી તો ભાઈ જ્યારે ત્યાં રાઉન્ડ મારવા જાય ત્યારે રેડિયોના મિકેનિઝમ અંગે જાતજાતના પ્રશ્નો પૂછી જવાબ મેળવી લે, પછી પોતે જ એની નોંધ તૈયાર કરી લે. બધું જાણી લીધા પછી એ જ નોંધ તેને વાંચી સંભળાવી, ઘટિત સુધારા કરી દીધા અને એના નામે જ પુસ્તિકા છપાવી. આ જ રીતે વેલ્ડિંગ અંગે પણ પુસ્તિકા છપાવી ભાવનગરના દરેક વેલ્ડિંગ કારખાનાને પહોંચાડી. એક રીતે જોઈએ તો પરિચય ટ્રસ્ટની એક 'પરિચય-પુસ્તિકા' જેવો જ આ પ્રૉજેક્ટ કહેવાય ! આ બધો શ્રી માનભાઈ ભટ્ટનો ભવ્યાતિભવ્ય વન મેન શો છે.

વેલ્ડિંગ અંગેનું પુસ્તક તો એમણે પોતે જ સ્વાનુભવના આધારે લખેલું, પણ કલકત્તાની એક ઇન્ડિયન ઑક્સિજન ગૅસ કંપનીના સૉલિસિટરની નોટિસ આવી કે તમે અમારા પુસ્તકમાંથી ઉતારા કરી તમારા નામે છપાવી ગુનો કર્યો છે, હવે અમે કાનૂની રાહે પગલાં લઈશું વગેરે વગેરે !

ભાઈએ સામે લખ્યું - મેં તમારું પુસ્તક સ્વપ્નમાં પણ દીઠું-વાંચ્યું નથી. મેં તો મને અને મારા સાથીદારોને જે અનુભવો થયા, તેના આધારે જ કોઠાસૂઝથી લખ્યું છે. તેમાંનાં ચિત્રો અનેક કંપનીઓએ આપેલાં

ચિત્રો પરથી ટ્રેસ કરેલાં છે. પણ તમારાથી જે થાય તે કરી લેજો.

દરમિયાન, ઇન્ડિયન ગૅસ એજન્સીની લંડન શાખાનું સરનામું અડફેટે ચઢી ગયું. એમને અંગ્રેજીમાં આ અંગે પત્ર લખ્યો, તો એણે આ વિષયનું અઢીસો પાનાનું એક અંગ્રેજી પુસ્તક ભેટ મોકલી આપ્યું. ત્યાર બાદ પ્રગટ કરેલ ઇલેક્ટ્રિક વેલ્ડિંગ પુસ્તિકાનું હિન્દી-ઉર્દુ રૂપાંતર પણ છપાયું. પણ એમાં પણ ભાઈએ એક શરત મૂકી કે પહેલી આવૃત્તિ ફક્ત આઠ આનામાં વેચવી. પછી તો ભાઈની પુસ્તિકાનું અંગ્રેજી ભાષાંતર કરવાની સંમતિ પુછાવી ભાવનગરના જ શ્રી મનસુખ પંડ્યાએ અંગ્રેજી કરી આપ્યું. પાંચસો રૂપિયા રૉયલ્ટીના મોકલવા અંગે પત્ર આવ્યો, તો ભાઈએ સામે લખ્યું - આટલી રકમ ઉમેરી પુસ્તકની કિંમત ઓછી રાખજો, એટલે મને મારો પુરસ્કાર મળી ગયો !

આમ શિશુવિહાર દ્વારા લોકશિક્ષણની દૃષ્ટિએ જ્ઞાનગંગોત્રી સમી લગભગ બસો જેટલી પુસ્તિકાઓ સમય-સમય પર પ્રગટ થતી રહી છે. 'લસણ-ડુંગળીનું પુનઃજીવન', 'આંખોની સાર-સંભાળ', 'તંદુરસ્તી તમારા હાથમાં' જેવી પુસ્તિકાઓ હજારોની સંખ્યામાં વેચાઈ. ફરી-ફરી છાપવી પડી છે. એ જ રીતે મીરા ભટ્ટનું વૃદ્ધો માટેનું 'જીવનસંધ્યાનું સ્વાગત' પણ લાખેકની સંખ્યામાં વેચાયું એટલું જ નહીં, ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા એ પુરસ્કૃત પણ થયું.

પુસ્તક-ચોપાનિયાંના પ્રકાશન ઉપરાંત 'શિશુવિહાર' નામની માસિક પત્રિકા પણ વર્ષોથી ચાલે છે, જેમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી ઉપરાંત સારા લેખોનો સંચય પણ હોય છે. વર્ષો સુધી, 'આપણી આંખો' નામનું માસિક પણ પ્રેમશંકરભાઈના સંપાદન સાથે પ્રગટ થતું રહ્યું. તદુપરાંત સંસ્થાના અને સુવર્ણ-રજત-જયંતી-ઉત્સવ પ્રસંગે વિશેષ સોવિનિયર પણ પ્રગટ કરવામાં આવ્યાં હતાં. વચ્ચે બે વર્ષ તો પ્રૉજેક્ટર દ્વારા સારી સારી ફિલ્મો દેખાડવાનું આયોજન પણ કરેલું.

## બુધ - સભા

સાહિત્ય-સંગીત-કળા વિહોણો માનવ પૂંછડા વગરનો પશુ કહેવાયો છે. આ સંસ્થા તો સાચા મનુષ્યો નિર્માણ કરનારી સંસ્થા છે. એટલે સંસ્થામાં સાહિત્ય-પ્રવૃત્તિરૂપે છેલ્લાં વીસેક વર્ષથી ગુજરાતી સાહિત્યના પ્રખર વિવેચક શ્રી તખ્તસિંહ પરમારના સંચાલન-સંયોજન હેઠળ એક 'બુધ-સભા' પણ યોજાય છે, જેમાં દર બુધવારે નામી-અનામી, જૂના-નવોદિતો સાહિત્યકારોની કૃતિનો આસ્વાદ સૌ સાથે મળી માણે છે. વચ્ચે વચ્ચે વિશેષ સાહિત્યકારોનાં વ્યાખ્યાન તથા માન-સન્માનના સમારંભો પણ યોજાય છે.

સાહિત્યમાં વળી પુરુષ શું અને સ્ત્રી શું ? તેમ છતાંય નવોદિત કવયિત્રીઓને પ્રોત્સાહન આપવા દર વર્ષે સ્વ. ભાગીરથીબહેન મહેતા કાવ્યસ્પર્ધાના આયોજન દ્વારા બહેનોની ઉત્તમ કૃતિને પ્રોત્સાહક ઇનામો અપાય છે, બહેનોના કાવ્યસંગ્રહનું પ્રકાશન પણ થાય છે.

વર્ષો પહેલાં, ભાવનગરના તમામ કવિઓનો સન્માન-સમારંભ રાખી તેમની કાવ્યકૃતિઓનો 'ફૂલકલગી' નામે અને ત્યાર બાદ બુધ સભામાં મળેલ રચનાઓમાંથી 'નીરક્ષીર' નામે સંગ્રહો પ્રગટ થતાં રહે છે.

## વિવિધ પ્રવૃત્તિગૃહો

## રાઇફલ ક્લબ

ભાવનગરના હિલ-ડ્રાઇવ વિસ્તારમાં વસતા ગૃહસ્થોએ 'રાઇફલ ક્લબ'ની સ્થાપના કરી, તો શિશુવિહાર પણ કંઈ કમ નથી એવા મિજાજથી અહીં પણ ભાઈ દ્વારા રાઇફલ ક્લબ શરૂ કરવામાં આવી. શરૂઆતમાં છોકરાઓને ત્રણ ફૂટ લાંબા અને બે ઇંચ ડાયામીટરના ધોકા આપીને રાઇફલ ડ્રીલ કરાવતા. પછી તો કલકત્તાથી બાર રાઈફલો

મંગાવી. પાછળના મોટા મેદાનમાં શુટિંગ કોઠો પણ બંધાવી, પોલીસ ખાતાના જ રક્ષક દળના પ્રશિક્ષક મારફત પદ્ધતિસરના તાલીમવર્ગો વર્ષો સુધી ચલાવ્યા. થોડા વખત માટે તો એવું થયું કે પોલીસખાતાને પણ શુટિંગ તાલીમ આપવા માટે ક્યાંક બહાર જવાનું હોય, ત્યારે શિશુવિહારનાં સાધનો લોન પર લઈ જતા. પછી તો 'થ્રી નોટ થ્રી' ગન પણ તાલીમાર્થે મળી. પાંચેક વર્ષ સારું ચાલ્યું, ત્યાં એક કાયદાબાજ ડી.એસ.પી. આવ્યા, તેમણે વસવાટના ક્ષેત્રમાં તાલીમ કેન્દ્ર ઊભું જ ન કરી શકાય, તેવો આગ્રહ સેવ્યો. ખૂબ પ્રયત્નો કર્યા, પણ અંતે ક્લબને સમેટવી પડી. ડમી રાઈફલો થોડો વખત ચાલી, પછી તો એય ધૂળ ખાતી પડી રહી ! કલકત્તાથી આવેલાં તમામ સાધનો શહેરની જૂની રાઈફલ શુટિંગ ક્લબને ભેટ આપ્યાં, પછી તો ત્યાં પણ બધું સમેટાઈ ગયું અને બધો સરસામાન ક્યાં ગયો, પ્રભુ જાણે !

## ઠક્કરબાપા અતિથિગૃહ

ઘર હોય, ત્યાં મહેમાનો આવે જ. મહેમાનોની આગતાસ્વાગતા એ તો, પાયાનો ગૃહસ્થ ધર્મ ! શિશુવિહાર પણ એક મોટો પરિવાર અને મોટું ઘર છે. અનેકવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન-માર્ગદર્શન આપવા વખતોવખત વિશિષ્ટ મહેમાનો આવતા જ રહે. એમને રહેવા-ઊઠવા-બેસવા-જમવાની વ્યવસ્થા હોવી જ જોઈએ. એટલે ગોખલેના ભારત-સેવક-સમાજના સભ્ય શ્રી કરસનદાસ ચિતલિયાએ આર્થિક સહાય આપી પોતાના ગુરુભાઈ ઠક્કરબાપાના સ્મરણાર્થે આ મકાન બાંધાવવાનો વિચાર મૂક્યો, તેમાં સ્વ. શ્રી મણિલાલ બક્ષીએ સહાય કરી અને સુંદર અતિથિગૃહ બંધાવી આપ્યું.

આ અતિથિગૃહની ઉપર જ ૪૦' x ૪૦'નું 'ગોવિંદ ભવન' છે, જ્યાં રમકડાંની લાઇબ્રેરી છે. ગોવિંદભાઈ સંસ્થાના મૂક કાર્યકર, વર્ષો સુધી નિઃસ્વાર્થ સેવા બજાવી તા. ૧૫-૧૨-'૮૨ના રોજ અવસાન

પામ્યા ત્યારે પોતાના કરકસર અને સાદાઈભર્યાં જીવનમાં પૈસો પૈસો બચાવીને એકઠા કરેલા પંદર હજાર રૂપિયા આ સંસ્થાને આપતા ગયા. આવા સજ્જન સેવકના સ્મરણાર્થે આ 'ગોવિંદ ભવન' સર્જાયું છે, જ્યાં દયાના સાગર સમા પૂ. દયારામબાપાએ બાળકો પ્રત્યેના વાત્સલ્ય ભાવને પ્રગટ કરવા 'રમકડાંની લાઈબ્રેરી' આપી છે. મોટેરાંની જિજ્ઞાસા સંતોષવા જેમ પુસ્તકાલય કામ આપે, તેમ બાળકો માટે આ 'રમકડાંલય'નાં રમકડાં એ જ એમની કુતૂહલવૃત્તિને સંતોષી, ગમ્મત સાથે જ્ઞાન પ્રેરે છે!

## દિવ્ય જીવન સંઘ

'શિશુવિહાર' એટલે માનવતાની ક્ષિતિજો વિસ્તારતી સંસ્થા. ફૂલ પોતાની પાંખડીઓ કુદરતી રીતે ખોલતું રહે, એ રીતે સંસ્થાની વિવિધ ક્ષિતિજો પણ સાવ સહજપણે ખૂલતી ગઈ અને મનુષ્યના શારીરિક-માનસિક-બૌદ્ધિક વિકાસની સાથોસાથ આધ્યાત્મિક દિશામાં પગરણ કરાવે એવી વિશ્વવંદ્ય મહાપુરુષ પૂ. સ્વામી શિવાનંદજી પ્રેરિત 'દિવ્ય જીવન સંઘ'ની શાખા પણ આ સંસ્થામાં ખૂલી ગઈ. ઇન્દાબહેનનું આધ્યાત્મિક ક્ષેત્રનું ખેંચાણ, પૂજ્ય ડૉ. અધ્વર્યુ જેવા સંત ગૃહસ્થનું નેત્રયજ્ઞો નિમિત્તે અવારનવાર મળતું સાંનિધ્ય-પરિણામે દિવ્ય જીવન સંઘની પ્રવૃત્તિઓ મહેશભાઈ તથા ઇન્દાબહેનના સફળ સંચાલન હેઠળ શરૂ થઈ, અને સંસ્થાનો વ્યાપ ફેલાયો, અને સંસ્થાનું એક નવું રૂપ પણ પ્રગટ થયું. આ પ્રવૃત્તિને કારણે, ભારતભરના અનેક સંતોનાં વ્યાખ્યાનો યોજાય છે. પૂજ્યપાદ સ્વામી ચિદાનંદજી, સ્વામી શ્રી તદ્રૂપાનંદજી તથા અનેકાનેક સાધુ-સંન્યાસીઓની ચરણરજ આ ભૂમિમાં પડી. શિશુવિહારના પર્યાવરણમાં જપ-યજ્ઞો-સંકીર્તન-ભજનો વડે આધ્યાત્મિક સ્પંદનો સર્જાતાં રહે છે અને હજારો શ્રોતાગણોને અવારનવાર એકઠાં કરવાના અસંખ્ય સમારોહો ઉજવાતા રહે છે. માત્ર પ્રાદેશિક જ નહીં, રાષ્ટ્રીય સ્તરનાં સંમેલનો પણ અહીં યોજાયાં અને અનેક ભાવિક જનો

આજે પણ સત્સંગનો લહાવો લે છે અને નવી દિશા પામે છે. શિશુવિહારમાં દિવ્ય જીવન સંઘ થકી નિરંતર યોગાસન-પ્રાણાયામના વર્ગો, હોમિયોપથી ફ્રી કિલનિક, આધ્યાત્મિક પુસ્તકાલય, વિદ્યાર્થીઓ તથા યુવાનો માટેના શિબિરો, પુસ્તક પ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ નિરંતર ચાલ્યા કરે છે જેના પાયામાં માનભાઈ રહેલા છે.

## સ્વયં - પુરસ્કૃત ભાઈ

માનભાઈને 'અશોક ગોંધિયા એવોર્ડ'થી નવાજિત કરવાની વાત આવી ત્યારે ભાઈએ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે આવો પુરસ્કાર ગ્રહણ કરવો એ તો 'તપ' વેચવાનો એક પ્રકારનો માર્ગ ગણાય. મને પોતાને લેશમાત્ર ઇચ્છા નથી. પરંતુ જો શિશુવિહાર સંસ્થાને બિરદાવવાની હોય તો મારાથી તે વિચારની વચ્ચે ન અવાય, કારણ કે આ બધામાં 'હું' હોવા છતાંય 'તે' ક્યાંય નથી.

એ ઍવૉર્ડ અંગે કોઈકે પૂછ્યું કે - તમને કેવી લાગણી થાય છે ? તો કહે - મારી સેવાકીય કામગીરી આવા કોઈ ઍવૉર્ડ માટે થોડી છે ? હું તો ભગવાન જે સુઝાડે છે, તે કામ મારી ભરવાડી શક્તિ મુજબ પૂરું કરું છું. મારાં કામ નિજાનંદ માટે જ હોય છે ! બીજા એક પ્રસંગે કહેલું, 'મને દુન્યવી, બાહ્ય માન-અકરામ સાથે લગીરે નિસબત નથી, બલ્કે મને એની નફરત છે. છતાંય કદરદાનીની વૃત્તિ હોય તો સંસ્થાની કદર કરવી જોઈએ. વ્યક્તિની ગમે તેટલી ઊંચા પ્રકારની આવડત, હોશિયારી કે શક્તિ હોય તો પણ તેની કિંમત પાંચ આંગળીની બાજુમાં ક્યારેય કોઈને છઠ્ઠી આંગળી ઊગી ગયેલી હોય છે, તે કરતાં લેશમાત્ર વધારે નથી. જ્યાં સુધી વ્યાપક જનસમાજના સદ્ભાવનો સક્રિય સહકાર ન સાંપડે, ત્યાં સુધી વ્યક્તિ કશું કરી શકતી નથી.'

આમ પુરસ્કારોની એમને લગીરે ખેવના નથી. ભીતર પ્રસન્નતા, કૃતકૃત્યતા અને ધન્યતાનું એક ઝરણું વહ્યાં કરે છે, એ જ એમને મન

મોટો પુરસ્કાર છે ! ભીતરની આ પ્રસન્નતાને કારણે જ એમનો સતત ચેતોવિસ્તાર થતો રહ્યો છે. હવે તો પરિવારના લોકો પણ સમજી ગયા છે કે ભાઈને 'નિર્ભયભુવન' કે 'શિશુવિહાર' જેવી કોઈ પરિસીમામાં કેદ કરવા મુશ્કેલ છે !

## માનભાઈને મળેલા ઍવૉર્ડો

૧૯૭૦માં શ્રી બાબુભાઈ કારાણીએ Indian Centre for encouraging Excellence ના એક્સેલેન્સ એવોર્ડનો સ્વીકાર કરવા શ્રી મહેન્દ્ર મેઘાણીને વિનંતી કરેલ, પણ તેમણે પોતાને બદલે માનભાઈનું નામ સૂચવ્યું, પણ મહેન્દ્રભાઈ લાખના, તો માનભાઈ સવા લાખના, એ આવા ઍવૉર્ડો થોડા જ સ્વીકારે ? પણ કદરદાન સમાજે કે પ્રતિષ્ઠિત સંસ્થાઓએ આપવા ઇચ્છેલ ઍવૉર્ડો ભલે ભાઈએ સ્વીકારવાની ના પાડી હોય, પણ એમને એ ઍવૉર્ડો સ્વયંભૂ રીતે, આપોઆપ મળી ગયા છે તે અદ્‌ભુત છે !

ભાઈનું સર્વોત્તમ રેખાચિત્ર દોરવું હોય તો રોજ સાંજે શિશુવિહારના પ્રાંગણમાં ખુરશી પર બેસીને બાળલીલા નિહાળતા હોય તે દૃશ્ય રેખાંકિત થવું જોઈએ. સામે છોકરાઓની ધીંગામસ્તી ચાલુ હોય, દોડંદોડા અને પરસ્પર બાઝંબાઝી પણ ચાલતી હોય, વળી સામે હીંચકા-લપસણાં પર પોતાના વારાનો હક્ક સ્થાપિત કરવા ઝૂઝતાં બાળકો પણ હોય અને એ હક્ક જોખમાય ત્યારે હીંચકાનું આવી બને, એ રીતે ઝૂંટાઝૂંટી પણ થતી હોય, ત્યારે કોઈ આવીને ભાઈનું ધ્યાન દોરે કે 'જુઓને ભાઈ, આ છોકરાઓને વઢો, નહીંતર સાધનો તોડી નાંખશે !' ત્યારે ભાઈ એમને ચૂપ કરી દે. આ બધી તોડફોડથી એમના પેટનું તો પાણીય હાલતું જણાતું નથી. એમની નજર સામે તો બાળકોનું હૈયું છે ! બાળકોને આ રીતે બેરોકટોક માણવાની તક મળે ત્યારે એ આમે બેફામ જ વર્તે, પણ આવી તક જ તેમનામાં એક એવી સ્વયંશક્તિ ઊભી કરશે,

જે પુસ્તકિયા જ્ઞાનમાંથી પ્રાપ્ત નહીં કરાવી શકાય. આ છે ભાઈની સમજ ! આ બધી બેફામ બાળલીલા જોઈ એમની છાતી હરખાય છે, પોરસાય છે, ગજ ગજ ઊછળે છે ! આ હરખ, આ 'નિજાનંદ' એ જ ભાઈને મળેલો મોટો ઍવૉર્ડ છે ! પ્રફુલ્લિત સવારે કે સમીસાંજે નહીં, પણ બળબળતા બપોરે, દઝાડી દે તેવા ગરમ લાહ્ય થઈ ગયેલાં લપસણાં પર કોઈ બાળકને લપસતો જુએ અને એને ઘેર જવાનું કહે, તોય એ લપસણું છોડે નહીં અને નન્નાનો ડચકારો ભણ્યા કરે, ત્યારે એ નન્નાના ડચકામાં ભાઈને મોટા એવોર્ડ પ્રાપ્ત થઈ જાય છે. કોઈ અજાણ્યા આગંતુકને બહાર કોઈ કડક જમાદાર બેઠો હોય એવું લાગે, પણ મારા જેવા સામે ધીમા અવાજે કહેતા હોય - કેવાં હડબડ હડબડ દોડતાં આવે છે ! જાણે ગરાસ લૂંટાઈ જતો હોય એવાં રઘવાયાં અને અધીરાં બની વાવાઝોડાની જેમ ધસ્યાં આવે છે.

એક વાર એક બાળક આવ્યું. નખ કપાવ્યા પછી કહે, ''દાદા, આનું શું આપવાનું ?''

તો દાદા, સામે ટીંગાડેલો ધર્માદા - ફંડનો ડબો બતાવીને કહે - આપવાનું તો ખરું, પણ અત્યારે નહીં ! તમારી દશ આંગળીના દશ નખ કપાયા ને, તો મોટા થઈને કમાવાનું શરૂ કરો ત્યારે દશ પૈસા આ સામેના ડબામાં નાંખી જવાના.

બાળકે માથું ધુણાવી સંમતિ આપી, વિદાય થયો. બાળમાનસમાં ચિત્ત પર દૃઢ સંસ્કાર અમીટપણે અંકિત કરવામાં શિશુવિહાર પણ પોતાનો ફાળો નોંધાવતું રહ્યું છે.

## શિશુવિહારનું કાર્યાલય

પાનાં ને પાનાં ભરાય એટલી થોકબંધ પ્રવૃત્તિઓ ચલાવનાર માણસના કાર્યાલયને સાત ઓરડા પણ ઓછા પડે, પરંતુ 'ભાઈ'નું કહો

કે 'શિશુવિહાર'નું કાર્યાલય જોયું છે ? માંડ પંદર ફૂટ બાય બાર ફૂટની નાનકડી ઓરડી, પણ કામ એટલું વ્યવસ્થિત કે બધી વિગતો તૈયાર જ હોય ! રક્તદાન-ચક્ષુદાન કે દેહદાનની પત્રિકાઓ, ફૉર્મ, રજિસ્ટર, કોને જરૂર છે અને તે ક્યાંથી મેળવી શકાશે, તેમનાં નામ-સરનામાંની અપ-ટુ-ડેટ નોંધ તૈયાર જ હોય છે. અડધી રાતેય ફોન આવે કે તરત જ ચોપડો ખોલી, ડૉક્ટરોનો સંપર્ક સાધી ઊપડ્યા જ હોય ! રમતગમતના સાધનોની ડિઝાઇન, ફેબ્રિકેશન, મકાન બાંધકામ, રંગકામ, આયોજન, ચીજ-વસ્તુઓનાં ભાવપત્રક, બીલો, વાઉચર, હિસાબો, પત્રવ્યવહાર જેવાં નાનામોટાં તમામ કામ પોતાને હસ્તક જ રાખે. ફટ દઈને કોઈ પણ વિગત શોધી આપે, અરે, ક્યારેક તો કોઈ આવીને ઊભું રહે કે મારા બાપાની મૃત્યુ તારીખ યાદ નથી રહી, પણ એમણે ચક્ષુદાન કરેલું તે શોધી આપો ને ? તે તરત જ ભાઈ ચોપડો કાઢી તરત જ ચક્ષુદાતાના મૃત્યુદિનની બધી વિગતો કાઢી આપે. આટલી પ્રવૃત્તિ સરકારી સંસ્થા કરતી હોય તો ઓરડો ભરાય તેટલો સ્ટાફ અને જુદા જુદા સાહેબોની કૅબિનોની લાઇન ખડી કરી દેવી પડે. સંસ્થાનું લેટરપેડ પણ ભાઈની કરકસરની ચાડી ખાય. એક બાજુ લખાયેલા નકામા થઈ ગયેલા કાગળોનો વિવિધ ઉપયોગ કરવો, વપરાયેલાં પરબીડિયાંને સિફતથી ખોલી ફરી વાપરી શકાય તેવા નવાં બનાવી દેવાં, એ ભાઈનો નિત્યક્રમ છે !

ભાઈનો સિદ્ધાંત છે કે સંસ્થાએ એના વહીવટ પાછળ બાર ટકાથી વધુ ખર્ચ ન કરવો જોઈએ. શિશુવિહારનાં તમામ મકાનોનાં બાંધકામમાં ક્યાંય પ્લાસ્ટર નહીં મળે ! દરવાજા, બારણાં પણ કરકસરથી ઊભાં કરાયાં છે. વળી, એમના કાર્યકોશમાં 'પછી' શબ્દ જ નથી. ''होती है, चलती है'' એમને ફાવે જ નહીં, એટલે જ એમની પાસે માણસો ટકી ન શકે. એમને કહીએ - તમે હવે થોડાં થોડાં કામો બીજાને સોંપતા જાઓ

તો કહેશે. 'હું ક્યાં કોઈને ના પાડું છું !' પરંતુ સામે કામ થયેલું જુએ નહીં તો કોઈની રાહ જોતા બેસી રહે તો એ 'માનભાઈ' નહીં. 'આજ, આજ, ભાઈ અત્યારે' - આ વાત સાકાર થતી જોવા મળે.

આવડી મોટી સંસ્થા અને પ્રવૃત્તિઓનો મોટો મહાસાગર ! પણ આખી સંસ્થામાં 'બાલમંદિર' જેવા વિભાગો સિવાય ક્યાંય પગારદાર, પૂરા સમયના કાર્યકરો ન મળે. ભાઈ પોતે પગારદાર માણસો રાખવાનું પસંદ કરતા નથી, એમાં એમને પ્રાણતત્ત્વ જ ઊડી જતું હોય તેવું લાગે છે ! એ માણસને કહે કે ટપાલ નાંખી આવો, જો પેલા ભાઈ ટપાલ ખિસ્સામાં નાંખે, તો તરત ભાઈ એ ટપાલ હાથમાં લઈ પોતે જ ઘર સામેના ટપાલના ડબામાં નાખી આવે. મુલતવી રાખવાનું એમને ફાવે જ નહીં. 'કામ સામે દામ' આ એમની કાર્ય પદ્ધતિ છે.

સંસ્થામાં જે કોઈ વર્ગો ચાલે, તે બધા સ્વાવલંબી. વર્ષોથી ચંદુભાઈના અંગ્રેજી વર્ગો ચાલે અને દર્શકભાઈના સંગીતના વર્ગો કે ભરતભાઈના હસ્તકલાકારીગરીના વર્ગો ચાલે છે, પણ વિદ્યાર્થીઓની ફીમાંથી પાંચ ટકા સંસ્થાના વસૂલ કરી જે તે શિક્ષકને જ ચૂકતે કરી આપવાના. બસ, ફંડફાળા કરવાની લાંબી પંચાત જ નહીં.

કાર્યાલય બહાર એક નાનકડી ઋણપેટી રાખવામાં આવી છે એમાંથી દસથી બાર હજારની રકમ જનતા તરફથી મળી જાય, ન નામ, ન ઠામ, ન રસીદ, ન નોંધ ! ભાઈનું સૂત્ર છે - પૈસા વિના દુનિયાને ચાલતું નથી એ સાચું, પણ પૈસાથી જ બધું ચાલે છે તે વાત પણ સાચી નથી.

## કરકસર - ત્રીજો ભાઈ

આજનો યુગ 'વાપરો અને ફેંકી દો,' નો, ત્યારે ભાઈ 'ફરી-ફરીને વાપરો' યુગના ફરજંદ. એમના જેવી ચીવટ અને કરકસર તો એમના યુગના માનવોમાં પણ ન જડે.

એક વાર પણ જોયા હોય તેવા લોકોને તેમનું ટૂંકું બાંડિયું અને ચડ્ડી, અને વળી સાથેની સાઇકલ તો યાદ રહી જ જાય. એક વાર મહેન્દ્ર મેઘાણીને કોઈકે કહ્યું કે હવે ઉંમર વધી રહી છે, ત્યારે સાઇકલને બદલે લુના વાપરતા હો તો ? ત્યારે મહેન્દ્રભાઈએ કહેલું - ભાવનગરમાં જ્યાં સુધી માનભાઈ કે મૂળશંકરભાઈ સાઇકલ પર સવારી કરી ફરતા હોય, ત્યાં સુધી સ્કૂટર વાપરવાનો વિચાર જ કેવી રીતે થાય ? - આ છે પ્રત્યક્ષ આચરણની પ્રેરક શક્તિ !

ભાઈને કોઈએ પૂછ્યું કે તમે આવી ટૂંકી ચડ્ડી કેમ પહેરો છો ? ત્યારે ઇતિહાસ જાણવા મળ્યો કે ભાઈએ સનાતન હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ એક જ પ્રકારના ચડ્ડી-બુશકોટ પહેરે તેવી વાત કરી. આ અંગે વિદ્યાર્થીઓ સાથે સભા પણ યોજાઈ. આ દરખાસ્તનો ઘોર વિરોધ કરતાં વિદ્યાર્થીઓએ કહ્યું કે પહેલા તમે ચડ્ડી પહેરતા થાઓ, પછી અમને કહો ! બસ, ભાઈને આ વાત અડી ગઈ ! ત્યારથી ચડ્ડી-બાંડિયું શરૂ થયાં, તે આજ સુધી પોશાકરૂપે એ જ રહ્યાં છે.

## ઝાડુ વાળનારો જ સંચાલકની ખુરશીમાં

શિશુવિહારનું પ્રાંગણ પહેલાં તો ભાઈ અને સાથીદારો જ સાફ કરતા. પરંતુ વિસ્તાર વધ્યો એટલે પહોંચી નહોતું વળાતું, એટલે એક હરિજનભાઈને વાળવા રાખ્યા. એ ભાઈ વેઠ વાળે, એટલે ભાઈ સૂચના આપે, તે પણ ગમે નહીં. એટલે છેવટે ભાઈએ એને છૂટો કર્યો પણ પછી એ માણસ બીજા કોઈને કામે ચઢવા જ ન દે. ચઢે તો ટકવા ન દે. છેવટે ભાઈએ જ જાતે સફાઈ કામ માથે ઉપાડી લીધું.

એક સવારે, કોઈક નવજુવાન શિશુવિહાર આવ્યો. ચારે બાજુ જોયું તો એક ભાઈ ચડ્ડી બાંડિયું, અને માથે ફાળિયું બાંધી મેદાન વાળે. પેલાએ પૂછ્યું 'માનભાઈ ક્યારે મળે ?'

વાળવાનું ચાલુ રાખતાં પેલા ભાઈ કહે, એ તો ભાઈ મોટા માણસ કહેવાય. મન પડે ત્યારે આવે પણ કામ શું હતું ?

'વર્ગ ભરવા જોડાવું છે.' પેલા ભાઈએ કહ્યું. 'પેલા બાંકડે બેસો, માનભાઈ આવશે એટલે જણાવીશ.' કહી એમણે વાળવાનું ચાલુ રાખ્યું. પેલો જુવાનિયો તો કોઈ મોટર સાઇકલ કે મોટરનો અવાજ આવે એટલે અધીરો થઈ ઊભો થઈને જુએ કે માનભાઈ તો નથી આવ્યા ને ? પછી પાછો આંટા મારવા માંડે !

સફાઈ કામ પૂરું કરી, કચરો એની પેટીમાં નાંખી, હાથ-પગ ધોઈ, સ્વચ્છ થઈ પેલા માણસે ઑફિસ ઉઘાડી.

એની પાછળ પેલો યુવાન પણ અંદર ગયો અને જરા ઊંચા સાદે કહે - હવે માનભાઈને બોલાવો,

ટેબલ સામેની મુખ્ય ખુરશીમાં બેસતા પેલા સફાઈ કરનારા ભાઈ કહે - હું જ માનભાઈ છું ! બોલો શું કામ છે ?

'અરે ભાઈ, આવી મશ્કરી કાં કરો ?' યુવાન પૂરું કહી રહે, ત્યાં 'કાં, કેમ છો માનભાઈ !' કહેતા એક ભાઈ આવ્યા અને વાતે વળગ્યા. પેલાને ખાતરી થઈ કે સફાઈ કરનાર માણસ જ માનભાઈ છે ! એ તો પગે પડી ગયો અને માફી માંગી ! ભાઈએ પછી એને શ્રમનો મહિમા સમજાવ્યો.

## બાળદેવોને નમસ્કાર

માબાપોએ તો જરૂર નોંધ્યું, હશે કે નાનાં બાળક રમકડાંથી જેટલું રમે છે, તેના કરતાં ધૂળમાં રમવાની, માટી ખૂંદવાની, ઝાડ પર ચઢવાની એને વધારે મજા આવે છે. મોંઘાંદાટ રમકડાંનો ઢગલો કરો, અને બીજી બાજુ રેતીનો ઢગલો કરો, બાળકો રેતી ખૂંદવા દોડ્યાં જશે ! પણ હવેના પર્યાવરણ-બગાડના જમાનામાં ચોખ્ખી રેતી અને પાણીના હોજ

લાવવા ક્યાંથી ?

આમ તો ભાવનગરમાં કુલ પાંત્રીસથી વધુ બાલમંદિરો છે, અને ૧૧૦ બાલવાડીઓ જેવી સંસ્થાઓ છે ! પણ ખુલ્લાં મોકળાં મેદાન ક્યાંય નથી. શ્રીમંત માબાપોને ત્યાં મોંઘાંદાટ સાધનો દ્વારા આવી સગવડો ઊભી કરાય છે, પણ એમાં બધા દોસ્તારો ન ભળે તો બાળકને મજા નથી આવતી. શિશુવિહારને પચાસ વર્ષ પૂરાં થતાં હતાં, એ નિમિત્તે આવું કાંઈક નિર્માણ કરવાનો વિચાર ભાઈને સૂઝ્યો.

પછી તો દિવ્ય જીવન સંઘના કાર્યકરો દ્વારા આ વાત તદ્રૂપાનંદજીના શિષ્યો પાસે પહોંચી, એમને આ યોજના ગમી, એટલે ગુજરાતમાંથી રકમ પણ ઊભી થઈ ગઈ ! શિશુવિહારના પાછલા ભાગની નેવું હજાર ચોરસ ફૂટ જમીનમાં દોઢસો વૃક્ષો વાવી, એક નાનકડું વન ઊભું કરી દીધું અને તેને નામ આપ્યું. બાલદેવ વન !

આ બાલદેવ-વનમાં નાનકડા હીંચકા-લપસણાં, ભુલભુલામણી, સીડીઓ-ટેકરા-ફૂવારા ઘર, ઘટાદાર વૃક્ષો, નાની સાઈકલો, દડા, છબછબિયા ઘર, આંખમાં ન ઊડે તે માટે ધોયેલી રેતી ! બાળકો કુદરતના ખોળે એવાં તો ખોવાઈ જાય કે એમને બહાર કાઢવાં મુશ્કેલ પડે !

આમ-શિશુવિહાર, સૌ બાળકો માટે ! પણ આ બાલદેવ-વન વ્યવસ્થા-પૂરતો ખર્ચ લેવાય છે. આટલી નજીવી ફીમાં આવી સગવડ હજુ સુધી બીજા કોઈ નગરમાં ઊભી નથી થઈ. શહેરનાં અનેક બાલમંદિરો વગેરે પોતાનાં બાળકોને લઈ અહીં ઉજાણી કરવા આવે છે. સ્વામીશ્રી ચિદાનંદજીએ એનું ઉદ્‌ઘાટન તથા નામકરણ કર્યું.

◈ ◈ ◈

# ૮

# વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ

માનભાઈના જીવનને કેવળ 'શિશુવિહાર'ની સંસ્થામાં કેદ કરી શકાય તેમ નથી. તેઓ એક જાગૃત જવાબદાર નાગરિક હતા અને પ્રજાજીવનને સાબદું રાખવા સદા તત્પર હતા. ભાવનગરની જનતાની આવશ્યકતાઓને પણ પારખી લઈ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ પણ કરતા રહ્યા. સહજભાવે જે જે પ્રશ્નો સામે આવતા ગયા, તેને ઉકેલવાની દિશામાં એ સદા પ્રવૃત્ત રહ્યા, જેને પરિણામે ભાવનગરમાં અનેક સેવા શાખાઓ ફૂટી.

પોતાની પિતરાઈ બહેનની પ્રસૂતિ વખતે લોહી આપવાનો પ્રસંગ ઊભો થયો ત્યારથી રક્તદાન પ્રવૃત્તિનું નવું સેવા કિરણ ફૂટ્યું. ભાઈના નેતૃત્વ હેઠળ આ પ્રવૃત્તિ એટલી ફૂલીફાલી કે બાણુમાં વર્ષે પણ, રક્તદાનના મેળાવડા થતા હોય ત્યાં વિશેષ અતિથિરૂપે લોકોને માનભાઈને બોલાવવાનું મન થાય. પોતે તો અસંખ્ય વાર રક્તદાન કર્યું જ હોય, પણ પોતાના પરિવારના સભ્યો પાસે પણ અનેક વાર રક્તદાન કરાવાયું. શિશુવિહારમાં સમગ્ર ગુજરાતની સર્વપ્રથમ બ્લડબૅન્ક પણ ભાઈએ જ ચલાવી. પ્રવૃત્તિએ વેગ પકડ્યો એટલે સંચાલન બીજાને સોંપી ભાઈ પોતાની સફર પર ! આવું જ રેડક્રૉસ સંસ્થાનું અને આવું જ ચક્ષુદાન, દેહદાન પ્રવૃત્તિ તથા નેત્રયજ્ઞોનું ! ૧૯૬૮થી દર વર્ષે શિશુવિહારમાં 'પ્રભુકૃપા નેત્રયજ્ઞો'નાં મંડાણ થયાં છે. વીરનગરનાં સંત સ્વ. ડૉ. શિવાનંદ અધ્વર્યુ આ યજ્ઞના પુરોહિત, તેમના ડૉક્ટરોની ફોજ અને માનભાઈના સ્વયંસેવકો ! અનેકોની અંધારામાં ડૂબતી દુનિયાને એમણે ઉજાળી.

ચક્ષુદાન પ્રવૃત્તિ તો પુણ્ય કમાવાની પ્રવૃત્તિ ! ચક્ષુદાતાઓની લાઇન લાગે. એમનાં નામોનું રજિસ્ટર રાખી, જ્યારે આંખ લેવાનો પ્રસંગ આવે ત્યારે ભાઈ પોતે ઊપડે, એમાં રાતદિવસ, ટાઢ-તડકો કશું જોવાનું નહીં. ધીરે ધીરે આ કામનો વ્યાપ એવો વધ્યો કે, દિલ્હી-જોધપુર, મદ્રાસ, મદુરા, મુંબઈ-નવસારી જેવાં સ્થળોએથી ચક્ષુની માંગણી આવવા લાગી. ચક્ષુઓ મોકલવા માટે વિમાનની તથા બસની મફત સેવા પ્રાપ્ત થવા લાગી. જોતજોતામાં તો માનભાઈનું આ કેન્દ્ર સમગ્ર ભારતમાં પ્રથમ હરોળની ચક્ષુદાન-પ્રવૃત્તિનું મથક બની ગયું. કાળક્રમે આ પ્રવૃત્તિ પણ રેડક્રૉસ સંસ્થાને સોંપાઈ. અલબત્ત, ચક્ષુઓ બહારગામ પહોંચાડવાની જવાબદારી તો હજુ ભાઈના શિરે જ છે !

દેહદાન પ્રવૃત્તિમાં તો જાતજાતના અનુભવો આવે. દાતા દાન આપીને દેહ છોડી મૂંગોમંતર થઈ જાય, પછી પાછળ સંતાનોને દેહ આપતાં ક્યારેક જીવ ન ચાલે. ક્યારેક દાતાનું પોતાનું મન મૃત્યુ આવતાં પહેલાં બદલાઈ જાય. અત્યાર સુધીમાં લગભગ ૨૫૫ દેહદાન થઈ ચૂક્યાં છે. મનુષ્યના મૃતદેહ દ્વારા માનવશરીર અંગે વિવિધ સંશોધનો થતાં રહે, એટલે અત્યંત ઉમદા અને કરુણામય કાર્ય ગણાય, પરંતુ આવા દેહ મળવા દુર્લભ. પણ માનભાઈની પ્રેરણાથી ઘણા આવું વિરલ દાન કરવા પણ તૈયાર થઈ જાય. ૧૯૭૫ થી આ પ્રવૃત્તિનો આરંભ થયો છે.

અન્ય સેવા તથા રાહત-કાર્યોમાં ભાઈ અને શિશુવિહાર દુખિયારાના બેલી છે. જીવનની ઝીણી ઝીણી વિગતોની ચિંતા કરી સેવા આપવા એ તત્પર છે. મૃતદેહને સ્મશાને પહોંચાડવાની શબવાહિની પણ એ સજ્જ રાખે છે, જેને જ્યારે જરૂર પડે લઈ જાય. આ જ રીતે, માંદગી વખતે ઊભા સંડાસ, એનીમાનાં સાધન જેવી ચીજોની જરૂર પડે તો એ પણ ઉપલબ્ધ રાખે.

અડ્યાં-અપટ્યાંના તો તેઓ કાયમી બેલી. કોઈને પતિ મારઝૂડ

કરે, કોઈ સાવ નિરાધાર બની જાય, તો ભાઈ થાય તેટલી મદદ કરી છૂટે. એમની પાસે કોઈ ખરાબ દાનત લઈને જાય તો એનું લગીરે ન ચાલે. પણ સાચા જરૂરતમંદો માટે કાંઈકને કાંઈક વ્યવસ્થા તો એ કરી જ આપે !

બધાની સેવા થાય અને સેવા યોગ્ય વૃદ્ધોની સેવા ન થાય, એવું તો કેમ બને ? એક હજાર ટ્રસ્ટ દ્વારા વૃદ્ધાશ્રમની સ્થાપના કરી, પોતે વ્યવસ્થાપક બની સુંદર સંચાલન કર્યું, પછી એ જવાબદારી પણ અન્યને સોંપાઈ.

## આરોગ્યક્ષેત્રે

શિશુવિહારમાં તો સર્વસાધારણ લોકોને આરોગ્યના પ્રાથમિક પાઠ ભણવા મળી રહે તે માટે પ્રાથમિક સારવારના વર્ગો ચાલુ કરાવ્યા જ. તદુપરાંત આંખો માટે નેત્રયજ્ઞોનાં મંડાણ પણ કરાવ્યાં. નેત્રયજ્ઞના પગલે-પગલે ચક્ષુદાન તથા દેહદાનની પ્રવૃત્તિ પણ આદરાઈ. નગરના સાર્વજનિક દવાખાનામાં સ્વૈચ્છિક માનદ સેવા આપનારાઓને ઊઠવા-બેસવા માટે એક ઓરડીની જોગવાઈ કરી આપી. એ દવાખાનામાં દાઝી ગયેલા દરદી માટે અલાયદો વૉર્ડ નહોતો, તો તેની પણ આર્થિક જોગવાઈ કરાવી આપી અને નવો બર્ન્સ વૉર્ડ શરૂ કરાવ્યો. મૃતાત્માના દેહને સ્મશાને પહોંચાડવા સરસ મજાની શબવાહિની બનાવી 'મોક્ષવાહિની' નામ આપી નગરપાલિકાને આંગળી ચીંધી આપી.

આમ જોવા જઈએ તો સમજણા થયા પછી માનભાઈ લગભગ સમાજપુરુષરૂપે જ વિકસતા રહ્યા છે. પોતાના પરિવારને હંમેશાં ગૌણ જ ગણ્યો છે. સમાજને આદર્શરૂપ આપવા જે કાંઈ કરવું યોગ્ય લાગે તેનો અમલ પોતે જ આરંભ કરી દેતા. બીજા કોઈ પણ આધાર રાખવાની વાત નહીં. નીજાધારે જ એકડો ઘૂંટે.

# જન-આધાર એ જ પ્રાણ આધાર

સામાન્યપણે માણસ એના ચહેરા-મહોરાથી ઓળખાય, પણ આ માણસ તો એના બરડા પરથી ઓળખાય. ઊંચી કદાવર કાયા, માથે નાની બાબરી, આંખે ચશ્માં, સાઇકલ પર સવારી અને બરડા પર લાંબું લટકણિયું એના પર લખાણ વાંચવા મળે તો સમજી લેવું કે આ શિશુવિહારના માનભાઈ છે. બરડા પરની એ ભીંત પર વાંચવા મળે.

''ઈશ્વર અલ્લાહ + રામ રહીમ તારાં નામ
સૌને સન્મતિ આપો કૃપાનિધાન

વચ્ચે વચ્ચે એમની સાઇકલ ઊભી રહે. આબાલવૃદ્ધ સૌના હાથમાં નાનાં નાનાં ચોપાનિયાંની લહાણી કરે. ચોપાનિયામાં સરસ મજાની વાતો લખી હોય ! પોતે ક્યાંક સારું વાચ્યું તો તરત થાય 'ગમતાનો કરીએ ગુલાલ !' ક્યારેક પોતે પણ લખે અને બીજા પાસે પણ લખાવે.

પણ પત્રિકાઓ તો આડ-પેદાશનો ધંધો. મુખ્ય પ્રવૃત્તિઓ તો ઘણી બધી ! ગણાવતાં પાનું ભરાઈ જાય તેટલી ! એ બધી ઊભી કરવા, ચલાવવા નાણાં જોઈએ. પણ કદીય સરકાર પાસે હાથ લાંબો કરવા ન જાય. 'લોકો' એ જ એમની સરકાર ! 'લોકો'માં લખપતિ - કરોડપતિ નહીં, પૈસો પૈસો આપી ઝોળી છલકાવી દે તેવા સામાન્ય જન, એ જ એમના આરાધ્ય દેવ ! વળી 'બાવડા એ જ બજેટ' એમ બને એટલાં કામ બાવડાના જોરે જ કરી લેવાની વૃત્તિ ! હાથ તો ના છૂટકે જ લાંબો થાય ! મોટા ભાગે તો સામે ચાલીને જ આ શ્રમોપાસકનું ઘર પૂછતી 'શ્રી' - દેવી આવી પહોંચે !

આવું લોક - ઊઘરાણું કરવા ભાઈ એમના યુનિફૉર્મમાં સાઇકલ પર નીકળે. એમની સાઇકલ પર પણ એક પતરું જડેલું, જેમાં લખેલું -

આ પુણ્યકાર્યમાં ન આપવું હોય તો ઘસીને ના પાડી શકાય, પરંતુ બહાનું કાઢવું તે પાપ છે. શેઠ ન હોય તો ગલ્લામાંથી આપવું તે ચોરી ગણાય. બધું બા-બાપા-શેઠને પૂછીને કરતા નથી. આ તો પુણ્યકાર્ય છે. તમે કાંઈક પુણ્યકાર્ય કરશો તો પાપ લાગશે નહીં. આવા લખાણવાળું બોર્ડ પણ રાખે. ઊભી બજારે હાલ્યા જાય. અનેક સુદામાના તાંદુલ ભાઈને દાનરૂપે મળ્યા છે.

## નગરસેવકની નગરચર્યા

નગરસેવકની ભૂમિકા ભજવવાની તમામ યોગ્યતા આ માણસમાં જોવા મળે છે. નગરની આવશ્યકતાઓને એ આંતરસૂઝથી પામી જાય. ચીને ભારત પર આક્રમણ કર્યું, ત્યારે નગરની સલામતીની ચિંતા સરકાર કે નગરપાલિકા કરે કે ન કરે, પણ ભાઈએ ઠેર ઠેર, લત્તાવાર દાક્તરી સહાયનાં કેન્દ્રો ઊભાં કરી દીધેલાં. ભાવનગરના જાણીતા હાડવૈદ્ય શ્રી કલ્યાણભાઈ કહે – એ દિવસોમાં, અચાનક દાદા ઘેર આવી પહોંચ્યા અને પ્રાથમિક સારવારની પેટી, રાહત માટેનાં અન્ય સાધનો, બે પ્રકારનાં મજબૂત સ્ટ્રેચરો અને બીજો થોડો સરસામાન સાથે લારીમાં ભરી લાવ્યા હતા. સામાન સોંપી, પ્રણામ કરી તરત વિદાય થયા.

નગરની કોઈ પણ સમસ્યા હોય, એના નિરાકરણની ખેવના ભાઈને રહે. ઝૂંપડપટ્ટીઓ પર બુલડોઝર ફેરવાતું હોય, કે વિદ્યાર્થીઓ શાળા છોડી હડતાળિયા બની નગરની બસો બાળતા હોય કે પતંગો પાછળ લખલૂટ ખર્ચો કરી, કાગળ પાછળ જંગલો કપાવવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતા હોય ! આ બધું જોઈ ભાઈની આંતરડી કકળે. પોતાનાથી થાય તેટલું પોતે કરે, કહેવા-જોગ માણસોને કહી કશુંક કરવાની પ્રેરણા પણ આપે. આમ એક જાગૃત નાગરિકની ભૂમિકા ભજવવામાં કદીય પાછા ન પડે. ક્યારેક કહેશે – આ વખતે વીજળીનું બિલ ભરવા ન જશો. ગ્રાહક સુરક્ષા મંડળ પાસે બધા જઈશું અને ખોટાં

બિલોનો જવાબ માંગીશું. આવા જાહેર-પ્રશ્નો અંગેના પત્ર-વ્યવહારની એમની ફાઈલ જોઈએ તો સમજાય છે કે કેવા વિવિધ પ્રશ્નો અંગેની ચિંતા સેવી માનભાઈએ પોતાનો નાગરિક ધર્મ ઉત્તમ રીતે નિભાવી જાણ્યો છે. આવા સાચા - આપ નિયુક્ત નગરસેવકની નગરચર્યા સતત ચાલુ રહે છે.

ગામડે ગયા હોય અને જુએ કે ગામનું અંતર સૂચવવાનું પાટિયું મરાયું હોય, પણ તેમાં માત્ર ગામનું નામ જ લખેલું હોય તો તરત જ લાગતા વળગતા ખાતાંને સૂચના આપી, નવું સૂચન કરે કે નામ-અંતર ઉપરાંત ગામની વસ્તી પણ જણાવાય તો લોકોની માહિતી વધે. ક્યારેક રસ્તે જતાં, નળનું પાણી નકામું વહી જતું જુએ, તપાસ કરે તો કાં તો નળમાંથી કોક કાઢી લીધો હોય, ક્યાંક તો વળી પાઇપ પણ કાઢી લીધી હોય ! તરત જ પત્ર લખી વૉટર વર્કસનું ધ્યાન ખેંચે. ટપાલમાં પૂરતી ટિકિટો ચોડ્યા છતાંય ટપાલ પાછી આવે તો તરત ટપાલખાતાને ફરિયાદ પહોંચી જ હોય !

## આંખે વળગે તેવી વિશિષ્ટતાઓ

માનભાઈ દ્વારા થયેલ તમામ જાહેર-પ્રવૃત્તિઓનું વિશદ વિશ્લેષણ કરીએ તો ખાસિયતો રૂપે આટલા મુદ્દા તારવી શકાય છે.

૧. પ્રવૃત્તિનું કોઈ પણ પ્રકારની રાજકીય, સામાજિક કે ધાર્મિક વાડાબંધી કે પક્ષાપક્ષી સાથે અંશમાત્રનુંય જોડાણ નહીં.

૨. આર્થિક પાસાં માટે ક્યારેય સરકારની કે વિદેશ સહાય કે કોઈ કેન્દ્રિત નિધિ પાસે હાથ લંબાવ્યો નથી. મોટા ભાગે તો લોકોની સ્વૈચ્છિક સહાય પર જ આધાર રખાયો છે. આ સહાયમાં પણ નામ-પ્રતિષ્ઠાના લોભે થતાં દાન કે મૂલ્ય-હાનિનું જોખમ વહોરે તેવાં દાન લેવાનો મક્કમતાપૂર્વક ઇન્કાર થયો છે.

૩. જે કાંઈ પ્રવૃત્તિઓ થઈ તેમાં જ્ઞાતિ, કોમ, પક્ષ, પંથને લેશમાત્ર મહત્ત્વ આપ્યા વગર હેતુમાં 'માનવ' ને જ રાખવામાં આવ્યો છે. દિવ્ય-જીવન-સંઘની પ્રવૃત્તિમાં પણ મુખ્ય દૃષ્ટિ સર્વધર્મસમભાવની જ રહી છે.

૪. પ્રવૃત્તિના લક્ષ્યરૂપે, સમાજનો સૌથી પાછળ રહી ગયેલો વર્ગ જ રહ્યો છે, જેમ કે, બાળક, સ્ત્રી, ગરીબ, દલિત, પીડિત, વૃદ્ધ, બીમાર, અસહાય, અપંગ વગેરે !

૫. કાર્યપદ્ધતિમાં આપખુદીપણું હોવા છતાં, સાથી કાર્યકરોનાં માન-સન્માન, આદર જાળવવાની પૂરી ચીવટ અને જશ લેવાની ઘડી આવે ત્યારે 'વ્યક્તિ નહીં, પણ સમૂહ' જ અગ્રસ્થાને રખાયો છે.

૬. 'નેહરુ પછી કોણ ?' એમ 'માનભાઈ પછી કોણ ?' એવા પ્રશ્નનો ભલે સીધો જવાબ મળે તેમ ન હોય, છતાંય અનેક ઉત્તમોત્તમ કાર્યકરોનું નિર્માણ આ પ્રવૃત્તિઓ દ્વારા થયું છે. અનેકોનાં વ્યક્તિગત જીવનમાં તો અજવાળાં પથરાયાં જ, પણ ઉત્તમ સમાજસેવકોનું નિર્માણ થવાને કારણે સમાજને પણ લાભ મળ્યો.

૭. ભાઈનું જીવન એટલે વિવિધ પ્રવૃત્તિઓનો પહોળો પથારો. પણ આ પ્રવૃત્તિઓ કરવા પાછળની એમની દૃષ્ટિ આગવી છે. તેઓ માને છે કે પ્રવૃત્તિ તો આંગણે પધારેલી વહાલી પુત્રી જેવી છે, એના જન્મનાં વધામણાં - ગીત ગાઈએ, દીકરીને પાળી - પોષી, ભણાવી - ગણાવી, તેજસ્વી તથા આત્મનિર્ભર કરી સમય પાકે ત્યારે વિદાય કરી દઈએ, એ જ રીતે જે કામ સામે આવીને ઊભું રહ્યું તેને પૂરો ન્યાય આપી, શક્તિસભર બનાવી, સ્વાવલંબી કરી આપમેળે ચાલતું કરી આપવું, બસ, આટલો જ એ પ્રવૃત્તિ સાથેનો નાતો !

◈ ◈ ◈

## ૯

# ઢળતી સંધ્યાના વિવિધ રંગો

એક સીધું-સાદું, સતત ઉદ્યમી, નિર્મળ - સરળ, નિઃસ્વાર્થ - નિસંગ વ્યક્તિત્વ કશી ખેવના કે મહત્ત્વાકાંક્ષા વગર, કાળક્રમે ક્રમશઃ કેવી કેવી નવી ક્ષિતિજો ખોલી શકે છે અને સંપર્કમાં આવતા સૌ કોઈનાં હૃદયની પાંખડીઓ ખીલતાં અને ખોલતાં રહે છે એ હકીકત ભાઈના સમગ્ર જીવન પર નજર નાખતાં ધ્યાનમાં આવે છે.

આખા જીવન દરમિયાન, પોતાના તરફ દૃષ્ટિ નાંખી ત્યારે 'હું તો એક લોઢાકૂટ મજૂર, કાસદિયો, ઝાઝા ભણતર વગરનો સામાન્ય ભરવાડિયો માણસ, ક્યારેક પોતાને બળદિયા રૂપે પણ જોયો, પૂજ્ય સ્વામીશ્રી  ચિદાનંદજી મહારાજ, ડૉ. શિવાનંદજી કે સ્વામી તદ્રૂપાનંદજીના સાન્નિધ્યમાં પોતાને 'ચરણરજ' રૂપે મૂલવતા રહે છે, છતાંય આ બધા મહાનુભાવોના કાર્યકલાપોને વંદી પોતે તો 'નિજાનંદ માટે કરાતી' પોતાને સૂઝતી-ફાવતી પ્રવૃત્તિઓમાં જ ગળાડૂબ રહે છે.

એમના અંતઃમનમાં એક પ્રકારની એકલતા અને પછી ધીરે ધીરે એ નિઃસંગતામાં પલોટાતી જોવા મળે છે. ઘણા બધા લોકો પોતાની સાથે રહેવા જોઈએ એવો એમનો આગ્રહ નથી. ફાવે તો તે સાથે આવે, નહીંતર 'એકલો જાને રે' પણ ચાલશે. માન-અકરામ તો કદી ફાવ્યાં જ નથી. સમાજમાં ભલી લાગણી ફૂલે-ફાલે તે માટે 'શિશુવિહાર' તરફથી ભલે માનપાન સત્કાર સમારંભો યોજાતા હોય, પરંતુ પોતાને માન - સન્માન આપવાની વાત તેમના દિલે કદી કબૂલ નથી રાખી, છતાંય સમાજ તો કદર કર્યા સિવાય રહી ન શકે, એટલે નાના-મોટા સમારંભોમાં અનેકાનેક વખતે ભાઈને સન્માનવામાં આવ્યા છે. દરેક વખતે એમની એક જ હઠ રહી છે કે વ્યક્તિનું સન્માન હોય નહીં, માન આપવું જ હોય તો સંસ્થાને આપો, કારણ કે અનેક સાથીઓના સાથ-

સહકાર વગર સંસ્થા ઊભી થઈ શકતી નથી.

## નીતર્યો પ્રેમ વહેતો રહે છે

અગાઉના સંગદિલ, પથ્થર-દિલ મનાતા માનભાઈને હવે પ્રેમની પાંખો ફૂટવા લાગી છે. સેવાના નામે કોઈ મેવા ખાવાની વૃત્તિ રાખે તે એમને લગીરે ન પોષાય, પરંતુ પોતે જ્યારે જુએ કે કોઈ વ્યક્તિ સાચા દિલથી, ત્યાગ-સેવાની ભાવનાથી લોકોનાં કામ કરે છે, ત્યારે એમના પડખે સતત ઊભા રહે છે. ભાવનગરમાં બાળ-મજૂરો માટે કામ કરતી 'શૈશવ' સંધ્યાનું 'પારુલ-ફાલ્ગુન'નું યુગલ ભાઈનો આવો નિર્વ્યાજ પ્રેમ અને વિશ્વાસ પ્રાપ્ત કરવામાં સફળ નીવડ્યું. પારુલ તો તેમની દીકરી જ બની ગઈ છે. વચ્ચે લાંબા સમય સુધી બેઉ દેખાયાં નહીં, તો ફોન કર્યો કે, 'કેમ દેખાતાં નથી? સમન્સ મોકલું ? – નાનકડી દીકરીને લઈ તાજેતરમાં જ મા થયેલી પારુલ મળવા આવી ત્યારે નાનકડી ઢબૂડીને સરસ મજાનું ફ્રૉક પણ મળ્યું ! ભાઈ આવા વહેવારુ થઈ શકે, એનો કોઈને ભરોસો જ ના બેસે ! પણ હૈયામાં હેતની સરવાણીઓ ફૂટે એ રોક્યે થોડી રોકાય ?

એક વાર અમારે ઘેર આવીને કહે – 'લે અરુણ, આ બાંડિયા લૂંગી તું પહેરી ફાડજે.' જોયું તો ભગવા રંગનાં વસ્ત્ર ! આવાં કપડાં પહેરવાનું વિચિત્ર અને થોડું અજુગતું પણ લાગે, પણ ભાઈની પ્રસાદીને કેમ ઠેલાય ? ખૂબ ધોઈ ધોઈને, કઢાય તેટલો રંગ કાઢી, ઝાંખા રંગનાં કરી થોડો વખત શરીર પર ધારણ પણ કર્યાં. પણ ભાઈનો પ્રેમ આવો અવનવો ! ક્યારે મનમાં શું ઊભરાઈ આવે. તેનો કોઈ તાગ ન કાઢી શકે. ઇન્દાબહેન કહેતાં હોય છે કે ઘરની કઈ ચીજ ક્યારે કોને આપી દેશે, કોઈ અંદાજ જ ન રહે. ભેટમાં મળેલી શાલો તો ભેટમાં જ ઓઢાડાતી રહે. આ બધી લીલા પાકી ગયેલી કેરીની રસાળ-મધુર ગાથા છે.

એમને આવતા જન્મ વિષે પૂછીએ તો કહેશે કે મને એમાં ઝાઝી

શ્રદ્ધા નથી. દુનિયામાં અનેક ઉત્તમ પુરુષો પેદા થઈ ગયા, પરંતુ તમામ જીવસૃષ્ટિ પર પોતાનો દોર ચલાવતી એક સત્તા છે, એવું દઢપણે લાગે છે. આ પરમ સત્તા એ જ પરમેશ્વર હોઈ શકે. પણ ધ્યાન-જપ કે નામ-સ્મરણ મારા માટે સહજ નથી થયાં. અમસ્તો સૂતો હોઉં તોય ઝીણી ઝીણી ટેકનિકલ બાબતો સૂઝે કે ફલાણી વસ્તુ આમ કરી હોય તો વધારે સારી બને. બધું વ્યવસ્થિત જ ગમે, એટલે વિચારો પણ એ અંગેના જ આવે. એટલે પૂર્વ કે પુનઃજન્મમાં ખાસ શ્રદ્ધા નથી, પણ જો બીજો જન્મ મળવાનો હોય તો મારી એવી ઇચ્છા ખરી કે હવેના જન્મમાં હું સાત દીકરીની મા બનું અને એમનું એવું સરસ ઘડતર કરું કે એનું સરસ વ્યક્તિત્વ પ્રગટ થાય. સ્ત્રીમાં અપાર શક્તિ છે અને અજોડ કૌવત છે, પણ એને તક મળતી નથી, આપણે ત્યાં તો એને સાવ દબાવી દેવામાં આવે છે. બહેનોની અપ્રગટ શક્તિ પ્રગટ થાય, તેમાં મને ખૂબ રસ છે.

દીકરીઓ પ્રત્યે ભાઈનો પક્ષપાત પ્રગટ થઈ જાય છે. એટલે જ મકરંદભાઈનું 'પુત્રી-જન્મનાં વધામણાં'નું કાવ્ય સેંકડો પત્રિકા દ્વારા પ્રસૂતિગૃહોમાં, શાળાઓમાં ઠેર ઠેર પહોંચાડ્યું. કહે - ડંકો વગાડી - વગાડીને દીકરીના જન્મની ખુશાલી પ્રગટ કરતું આ ગીત બધે પહોંચાડી દેવાની મારી હોંશ છે.

## 'જુવાન ડોસા'નો સત્યાગ્રહ

અગાઉ રાષ્ટ્રીય - સમસ્યાઓ માટે અંગત રીતે સક્રિય થયા હોય,. એવી જૂજ ઘટનાઓ મળે, પણ હવે આ એક નવી ડાળ પણ ફૂટી. સદા જાગૃત, સક્રિય માનસ ! નેવું વર્ષની ઉંમરે ખબર પડે કે સરકાર દ્વારા દેશી મીઠું વેચનારા વાપરનારાને ગુનેગાર ગણીને છ માસથી માંડીને ત્રણ વર્ષ સુધીની દંડની જોગવાઈ થઈ છે, અને આ કાયદાને 'કાળો કાયદો' ગણાવી ગુજરાતભરની સ્વૈચ્છિક સંસ્થાઓ વિરોધ કરી રહી છે, ત્યારે આ પ્રશ્ન અંગે યોજાયેલી પ્રથમ સભામાં જ ભાઈ ઊભા થઈને જાહેર કરે છે કે આજથી મીઠું બંધ ! પછી તો લડતને ટેકો આપવા સમય-સમય

પર જે કાર્યક્રમો જાહેર થાય, તેમાં ભાઈ આગલી હરોળમાં જ હોય. જરૂર પડે તો ધરણાં કરે, સભા ભરે ! બધું જ.

## માંહ્યલો હજુ અણનમ !

હવે આ ઢળતી સાંજ છે, નમતી સંધ્યા છે. શરીરે ભાઈ ઝૂકી ગયા છે, પણ જીવનમૂલ્યો માટે માંહ્યલો હજુ અણનમ અને ટટ્ટાર છે. સત્ય જેટલું ખૂલે છે, તેટલા ઉઘાડનો સ્વીકાર કરી નમ્ર બનીને તેને આત્મસાત્ કરે છે. માંદગી પાછળ મોટા ખર્ચ કરતાં હજુ પણ સ્વજનો ડરે છે. ભાઈને ખબર ન પડે તે રીતે કેટલુંક હાલ્યું પણ જાય છે, પણ સામાન્ય લોકોને ન પોષાય તેવી બાબતોથી દૂર રહેવાનું જ એમને ગમે છે ! આજના યુગમાં પંખાઓ, ફ્રીજ, દૂરદર્શન ધીરે ધીરે સર્વ સાધારણ થતાં ચાલ્યાં, તો ભાઈએ એ બધાનો વિરોધ ન કર્યો, પરંતુ અંદરથી ગમે તો બધું સાદું જ. કહે - મને ખાટલાના ગાદલા પર સૂવું અડવું લાગે, સૂવા માટે નક્કર ભોં ગમે, પણ હવે કેટલાં નાટક કરવાં ?

## ભાઈ પછી શું ?

ભાઈને જયારે આ પ્રશ્ન પૂછવામાં આવે છે કે તમે તમારા પછી કોઈને તૈયાર કર્યા છે ? તો ભાઈ કહે છે ‘આ પ્રશ્ન સાંભળી મને હસવું આવે છે. મને કોણે તૈયાર કર્યો ? પરમકૃપાળુએ જ મારામાં સદ્‌તરંગો પેદા કર્યા, હું તેનો વાવણિયો બન્યો, એ જ રીતે સદ્‌કાર્યની પુણ્ય-પ્રવૃત્તિઓની વાવણી થઈ હશે, એટલે મને દાતાઓ પણ મળી ગયા ! આનંદ ! આનંદ ! હવે ક્ષણભર પછી હું ન હોઉં તો ? એની ચિંતા હું શા માટે કરું ? ભલે ને દીવાસળી મુકાઈ જાય. નિષ્ઠાપૂર્વકનું, નિઃસ્વાર્થી વૃત્તિથી, નિષ્કામ વૃત્તિથી, નિષ્કામ ભાવે સારું વાવેતર થયું હશે તો તે વધુ ફળદાયી નીવડશે જ. અને કશુંક મતિહીન, જાણ્યે-અજાણ્યે પાપમય થયું હશે તો ભલેને વિનાશ પામે ! - મારા માટે તો નિજાનંદ એ જ મોક્ષ છે, અને એ જ છે મુક્તિ ! - ભલેને બધું, પડીને પાદર થઈ જાય ! આ બધું મેં થોડું કર્યું છે ! જેણે આ બધું કરાવ્યું છે તે પૂરું સંભાળશે ! હું થોડો

ઠેકેદાર છું ! હવે આગળ કશું પૂછશો મા ! હું જવાબ નહીં આપી શકું. તમારામાં વધુ આવડત હોય તો જાઓ, જેણે બધું કામ કરાવ્યું, તેને જ જઈને પૂછો !' – આવો પ્રશ્ન જ ભાઈને અધીરા કરી મૂકે છે.

એક વાર નાનકને લખ્યું – સંસ્થાનું શું થશે, એ વિચાર જ અવ્યવહારુ છે. જવાહરની જેમ, જે હોય તે એના વારસદારો સંભાળે, તે વાત જ મૂળમાં ખોટી છે. વારસદાર એ જ થાય કે જે ચૂલાના લાકડાની જેમ તટસ્થ વૃત્તિપૂર્વક જીવન સમર્પણ કરવા માંગતા હોય. આજે બધું ઊલટું છે. જૂના કાળમાં મહાજન, ટ્રસ્ટીઓ ધણી થઈ બેસતા, એટલે આપણે ચૂંટણીપ્રથા રાખી છે. ગેરઉપયોગ ન થાય અને સત્તાવાર કાયદાકીય સંસ્થા બને તે માટે રજિસ્ટ્રેશનનો કાયદો થયો. પરંતુ આ બધું કાયદાકીય રીતે, આપણે તો સંસ્થાને પોતીકી માનીને વળગ્યા છીએ. એના માટે જે કાંઈ થાય તે કરી છૂટવું !

શિશુવિહારની પ્રવૃત્તિ ઇન્દાબહેન કે તમે જ શા માટે સંભાળો ? સૌને સૌને પ્રવૃત્તિ, વિચારો, શોખ જુદા હોય. આ કાંઈ અર્થોપાર્જન માટેનાં બાપદાદાનાં ખેતર કે ધંધાપાણી સંભાળી લેવાની બાબત નથી. અને હોય તો ય જે સંભાળે તેના હેતુ એક હોવા છતાં આચાર-વિચાર-રીત જુદી હોય.

લોકો તો પરિણામવાદી છે અને સદાકાળ રહેવાના. પણ જે ત્યાગભાવનાપૂર્વક નિષ્કામ – નિઃસ્વાર્થ ભાવે કાંઈક કરી છૂટવા માંગે છે. તેણે તો 'કાલે શું થશે ?' ના વિચારને તિલાંજલિ આપી દેવી જોઈએ. એનો અર્થ એ નથી કે બેદરકાર બની, મનસ્વીપણે બધું ચલાવ્યે રાખવું. આવા કામમાં રસ હોય તેમને સર્વ પ્રકારની અનુકૂળતાઓ કરી આપવી જોઈએ, પરંતુ આજે નિઃસ્વાર્થ વૃત્તિપૂર્વક કરી છૂટવાની ભાવનાવાળા મળતા નથી. માત્ર યોજનાઓથી કામ ન ચાલે. યોજનાને અમલમાં મૂકી, પાર પાડનારા લોકો જોઈએ. આ પત્ર ૧૭-૮-૯૫ નો છે.

## સાધકનો જન્મ

તોફાની બારકસ, બંડખોર વિદ્રોહી, પ્રામાણિક મજૂર, ખડો સૈનિક, બાલપૂજારી અને સામાજિક સેવકની વિવિધ ભૂમિકાઓ ભજવતાં ભજવતાં હવે જીવન વળી પાછા એક નવા ક્ષેત્રમાં પ્રવેશી રહ્યું છે. જેમને પૂર્વાર્ધના માનભાઈનો પરિચય હોય તે માની જ ન શકે કે ભાઈ તીર્થાટન કે કોઈક સત્સંગ શિબિરમાં કે હિમાલય-યાત્રા માટે સાધકની ભૂમિકામાં જાય. પરંતુ જે વ્યક્તિનું ચિત્ત ખુલ્લું છે, સિદ્ધાંતો કે સંસ્કારોમાં બંધિયાર નથી, ગમે ત્યારે પ્રાપ્ત થતા નવા સત્યને સ્વીકારવા ગ્રહણશીલ છે, તેમના માટે આ બધું શક્ય છે.

ઈશ્વરની યોજના જ એવી હોય છે કે એ પોતાના સંતાન માટે એની આસપાસ યોગ્ય વ્યક્તિઓ અને યોગ્ય પરિસ્થિતિઓ નિર્માણ કરી આપે છે. માનભાઈની આખી જિન્દગી સમાજસેવાનાં વિવિધ કામોમાં વીતી, ક્યારેય પાછું વળીને ઘડીભર પણ આત્મચિંતન, ધરમ-ધ્યાન કે જપ-જાપ કર્યાં નથી. સમાજનું કામ એ જ શ્વાસોશ્વાસ અને એમાં જ સંતોષ - સમાધાન ! પણ દીકરી ઇન્દાબહેનને નિમિત્તે દિવ્ય જીવન સંઘનો પ. પૂ. સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ, સ્વામીજી તદ્રૂપાનંદજી અને ડૉ. શિવાનંદજી સાથે એવો હાર્દિક સંબંધ બંધાઈ ગયો કે જીવનની નહીં કલ્પેલી ક્ષિતિજો, યથાકાળે ઊઘડતી આવી. બહારની સ્થૂળ પ્રવૃત્તિઓમાં ભલે કોઈ ઝાઝો ફેર પડેલો ન દેખાય, પણ ભીતર એક પરિવર્તન સર્જાતું આવે. આ નૂતન માનભાઈમાં ભીનાશ, કરુણા અને આત્મીયભાવ વધારે સગુણ થયા અને સાથોસાથ ભીતરની નિઃસંગતા પણ વધારે દૃઢમૂલ થઈ.

ડૉ. અધ્વર્યુ સાહેબ સાથે વર્ષોનો નિકટ-સંબંધ, પણ માનવ સેવા કાજેના નેત્રયજ્ઞો અને ચક્ષુદાન પૂરતો. એ બાપુજીના નિમંત્રણને માન આપી ૧૯૭૧ની જૂલાઈની ત્રીજીએ હૃષીકેશ 'સાધના-શિબિર'માં જવા નીકળે, એ ઘટના જ અભૂતપૂર્વ હતી. કારણ કે આ અગાઉ ક્યારેય

પણ, કોઈ પણ જોવા લાયક સ્થળે જવાની વાત આવે ત્યારે ભાઈ એક જ કહે કે ત્યાં નવું શું જોવાનું છે ? એમને એક જ લાગે કે એ બધું અગાઉ જોયેલું જ છે. તેઓ કહે છે આપણે ફલાણે ઠેકાણે જવાનું છે, એવું કોઈ કહે એટલે કોણ જાણે કેમ, મને અંદરથી એમ જ ઊગ્યા કરે કે આ બધું તો મારું જોયેલું જ છે. આખી જિંદગી ભાઈ ખાસ બહાર નીકળ્યા નથી, એટલે ડૉ. અધ્વર્યુ સાથે નેત્રયજ્ઞો માટે ભારતભરમાં જુદે જુદે સ્થળે પર્યટનો થયા કર્યાં. ત્યારે ઉત્તમ પ્રકારની હોટેલોથી માંડીને, બહાર ઓટલા પર સૂઈ રહેવાનું પણ થયું. પણ આ બધા પ્રવાસો દરમિયાન પણ કશું નવું જોવા મળ્યાની ભાવના ન જાગી કે વૈભવશાળી વાતાવરણમાં કશુંક નવું અનુભવ્યાની લાગણી ન થઈ.

કોઈ દેશવિદેશની વાતો કરે ત્યારે પણ પોતે બધું જોયું જ છે, એવા ભાવ સાથે એક પ્રકારની તટસ્થ-અનાસક્ત વૃત્તિ જ મનમાં વ્યાપેલી અનુભવે.

## માત્ર માનવ !

દશકાઓ પર દશકા વીતે છે અને નગરનાં બાહ્ય કલેવરો બદલાતાં જ રહે છે. શિશુવિહાર વિસ્તારમાં પણ ધીરે ધીરે મુસલમાનોનો વસવાટ વધી રહ્યો છે. અને ભલે કોઈ હિંદુ રહેવાસીઓના મનમાં થોડો કચવાટ જાગ્યો હોય, પરંતુ માનભાઈની મનસ્થિતિમાં લવલેશ ફરક નથી. સામે નખ કાપવા આવેલું બાળક હિન્દુ છે કે મુસ્લિમ, તે જાણવાની એમને જરીકે પડી નથી. બાળકને વાગે છે અને પોતે પાટો બાંધે છે, ત્યારે પૂછવા નથી બેસતા કે બેટા, તું હિન્દુ છે કે મુસલમાન ! એમના માટે સૌ માનવ છે અને એમની સેવા કરવી એ જ છે એમનો જીવનધર્મ !

માત્ર શિશુવિહારમાં જ નહીં, શરીર ચાલતું ત્યારે અનેક ઘરો સાથે એમનો ઘરોબો. કોઈ પણ ઘરમાં પહોંચી જાય, તો ભાઈને મીઠો આવકાર મળે. હવે આ લોકસંપર્કમાં સામે આવનારી બહેન બુરખાધારી મુસ્લિમ બાનુ છે, તેનો લગીરે ફેર ભાઈ અનુભવતા નથી. એમના

મનની આ તટસ્થતા, સર્વસમભાવને કારણે જે વિસ્તારમાં જે કાંઈ મુસ્લિમ મજલિસો ભરાય છે ત્યારે મોવડીરૂપે ભાઈને નિમંત્રવાનું મુસ્લિમ બિરાદરો ભૂલતા નથી. કોમી માનસ તો રાજકારણીઓની પેદાશ છે, ભાઈ તો ભૂત-ભાવિના રાજકારણીઓથી જોજન દૂર ભાગનારા નર્યા માનવ છે ! એ કોઈ જ્ઞાતિ, કોમ, પંથ, પક્ષ કે ધર્મના વાડામાં કેદ પુરાવા માગતા નથી, એમને તો માત્ર માનવ બની રહેવામાં જ રસ છે, એટલે જ એક વાર કોઈકે કહેલું કે આપણે એમને ‘માનભાઈ’ને બદલે ‘માનવભાઈ’ કહીએ તો ?

## કેરી પાકી રહી છે

પોતાના માટે કશી આશા-અપેક્ષા રાખ્યા વગર જ પોતાને સૂઝતાં કામોમાં એ ડૂબેલા રહે. ખાવાપીવાની ઝાઝી લપછપ નહીં, એ જ રીતે વિશેષ સગવડોની પણ ખેવના નહીં. ઘર મોટું, પણ ભાઈની ઓરડી ૧૦’ x ૭’ની. એમાં ખૂણા પર વ્યવસ્થિત ગોઠવેલાં ટેબલ-ખુરશી, વિવિધ પત્રિકાઓ-પુસ્તિકાઓ વગેરે સાહિત્યવાળું કબાટ અને ખૂણામાં નાનકડી પાટ ! ભાઈનું શરીર લાંબું, પગ તો બહાર જ લટકે, હાથ પણ પહોળા ન થઈ શકે તેવી સાંકડી પાટ પર વર્ષો સુધી સૂતા. પછી કોઈ મોટી માંદગી આવી ત્યારે માંડ એ પાટને રુખસદ આપી શકાઈ અને થોડી મોટી પાટને અવકાશ મળ્યો. પણ કહીએ ત્યારે કહે ‘શું વાંધો છે આમાં ? શરીર આડું પડી શકે એટલું બસ ! આપણે ક્યાં એના પર રાસડા લેવા છે ?’

જીવનનો કસબી માણસ, પોતાની મર્યાદાઓ પણ સારી પેઠે જાણે. એક વાર કોઈકે સાચું કે દાઢમાં પણ એમને ‘ભાવનગરના ગાંધી’ તરીકે સંબોધ્યા, તો એકદમ આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં અને ગળગળા થઈ બોલ્યા, ‘‘શું બોલ્યા તમે ? ગાંધીનો તો હું એઠાં પતરાવળાં ચાટવાવાળો, ભિખારીને ભૂપ શા માટે કહો છો ?’’

‘મારી વળી જીવનકથા કેમ લખવાની ?’ - એક વાર ગુરુદયાળ

મલ્લિકે રામનારાયણ ના. પાઠકને સૂચવ્યું કે માનભાઈ અંગે લખો ત્યારે જવાબ મળેલો ! ફરી વાર એક મિત્રને વિચાર આવ્યો અને દશેક દિવસ ભાઈ સાથે ગાળી એમની વાતો જાણી, સંસ્થા અંગેની તમામ પ્રવૃત્તિઓનો ઝીણવટથી અભ્યાસ કરી બસો-ત્રણસો પાનાંની હસ્તપ્રત તૈયાર કરી અને માનભાઈને વાંચવા આપી. પણ પ્રસિદ્ધિથી સદાય આઘો ભાગતો જીવ પોતાનાં વખાણ જીરવી ન શક્યો. અસ્વસ્થ થઈ ગયા, રાત્રે સૌ સૂતા હતા ત્યારે જરીકે ખચકાટ વગર પોતાના જીવનચરિત્રને અગ્નિને અર્પણ કરી દીધું.

## કર્મ એ જ યોગ

એવું કહેવાય છે કે સિક્કાની બે બાજુની જેમ માનભાઈ એટલે શિશુવિહાર અને શિશુવિહાર એટલે માનભાઈ ! પરંતુ આ ઉક્તિનો ઉત્તરાર્ધ સાચો છે, પૂર્વાર્ધ સાચો નથી. માનભાઈમાં શિશુવિહાર સમાઈ જાય તેમ છે, પણ શિશુવિહારમાં માનભાઈ પૂરા માય તેવું નથી. એમના જીવનમાં એમણે એટલાં બધાં ક્ષેત્રોની એવી જુદી જુદી કામગીરી કરી છે કે કોઈ સંસ્થા કે કોઈ બંધારણમાં, એમની કારકિર્દીને કેદ કરી શકે તેમ નથી. ઘડીભર પણ જે માણસ નવરો ન બેસે, તેના જીવનમાં કૃતિઓનો કેવો મહાસાગર ઘૂઘવાટા મારે છે, તે જોવું હોય તો તે ભાઈનું જીવન છે.

વહેલી સવારથી કામે લાગે. દિવસ આખો કામમાં જાય, રાત્રે ક્યારેક ચક્ષુદાન-દેહદાન માટે જવું પડે, છતાંય આવનારને કહેતા રહે કે - તમારે કાંઈ કામકાજ હોય તો કહેવું, સંકોચ ન રાખવો ! રાતે દશ વાગ્યા પછી હું સાવ નવરો જ હોઉં છું ! કાંઈ કામ ન હોય એટલે અમથો સૂઈ જાઉં !

સૂવાનું - ખાવા-પીવાનું જાણે કામ જ નહીં ! એટલે જ લોકોએ એમને ‘કર્મવીર’ કહ્યા. પણ આ કર્મોમાં ફળની આસક્તિ એમને ચોંટી-વળગી ન શકી, એટલે એમને ‘કર્મયોગી’ પંથના સાધક કહેવા પડે. નર્યાં

કામોમાં જ ગળાડૂબ રહી, વૃત્તિ વિકાસ તરફથી મોં જ ફેરવી નાંખ્યું હોય તેવું નથી. એક પત્રમાં તેઓ લખે છે - 'વાનપ્રસ્થાશ્રમમાં તટસ્થ વૃત્તિપૂર્વક આનંદથી જીવતર પૂરું થાય એવું પ્લાનિંગ જોઈએ.' આપણે ઘણું જાણતાં હોઈએ, છતાં કશું જાણતાં નથી એમ માનીને સતત અભ્યાસ ચાલુ રાખી, નિરંતર રિયાઝ કરતા રહેવું જોઈએ. મનને ચાલુ વ્યવહારોથી અળગું કરવાની કળા સધાઈ જવી જોઈએ, બાકી છેવટની ઘડીએ બાજી સંકેલવા જઈએ તો સોગઠાંની રમત જેવું થઈ જાય.

બીજા એક પત્રમાં કહે છે - હું સો વરસ જીવીશ, એમ માનીને જ બધાં કામ કરું છું અને કરીશ, પરંતુ તેમ છતાંય જો ઉપરવાળાને મારી બદલી કરવી હશે તો ત્યાં પણ હું રાજી થઈ જઈશ, મને એમાં કશો વાંધો નથી.

તલવાર મ્યાનમાં અકબંધ હોય, એમ ભાઈના ભગવાન ભીતર અકબંધ છે. એમના કાર્યકલાપોની સુવાસ એ ભીતર બેઠેલા આ પ્રભુની જ સુગંધ છે ! એમની પ્રેમ - નીતરતી આંખોનું શીળું તેજ એ આ પ્રભુનો જ ઉજાશ છે !

માનભાઈની કેટલીક વિચિત્રતાઓ પણ છે. બીજાને એ ખૂબ માન આપે, અધિકૃત વ્યક્તિઓના સન્માન માટે સમારંભો પણ યોજે, એમને પ્રતીકરૂપે ભેટ-પ્રસાદી પણ આપે, પણ પોતે ભાઈ સાહેબ ખરે ટાણે જ ક્યાંક અલોપ થઈ જાય. સમારંભ શરૂ થઈ ગયો હોય અને ભાઈની ખુરશી હજુ ખાલી હોય. કોઈ શોધવા નીકળે ત્યારે કાં તો કોઈ બાળકો સાથે ગડમથલ કરતા હોય, કાં જમીન પર પડેલા કાગળો વીણીને કચરાપેટીમાં નાખતા હોય, કાં શ્રોતાજનોનાં જૂતાં હારબંધ ગોઠવતા હોય !

◈ ◈ ◈

# ૧૦

# અંતિમ પર્વ

આખું જીવન લોકો વચ્ચે લોકો માટે જ વીત્યું, છતાંય લોકોથી દૂર ભાગતા હોય તેવું લાગે. છેલ્લા દશકામાં એમની જન્મગાંઠ સામૂહિક રીતે ઊજવાય, એવું સ્નેહીજનોને મન થાય, પણ પંડને એ રીતનું મહત્ત્વ અપાય તે એમનાથી જીરવી ન શકાય. એવા પ્રસંગોથી એ ભાગતા ફરે, શક્ય હોય ત્યાં સુધી એને ટાળતા રહે. 'માનભાઈ' નામનું વ્યક્તિત્વ એનાં કામોથી જે પ્રગટ થતું હોય તે ભલે થાય, પણ શબ્દોના હારડા ગૂંથી કોઈ એમના ગળે પહેરાવવા જાય તો એ જીરવી જ ન શકે. એમની આ વૃત્તિને કારણે જ, એમના જીવનમાં વિવિધ પ્રવૃત્તિઓના અનેક સાથીદારો એમને સાંપડ્યા, પરિચયોનું પણ એમનું ખાસ્સું બહોળું ક્ષેત્ર, અનેકાનેક ગણનાપાત્ર વ્યક્તિઓના નિકટ પરિચયમાં પણ આવ્યા, તેમ છતાંય પોતાનો 'પરમ મિત્ર' કહેવાય તેવું કોઈ નહીં, જ્યાં પોતાનું અંતરતર ખોલી શકાય, ઠાલવી શકાય.

પાછલી વયે શરીર અટકે છે, અથવા તો એમાં કાંઈ ને કાંઈ ઉપદ્રવ થયા કરે છે ત્યારે પોતે જ પોતાની હાલત કેવી સુંદર ભાષામાં વર્ણવે છે. 'આમ તો મારે રૂબરૂ જ આવવું જોઈએ, પરંતુ હવે મારો ઘોડોય અટકયો છે, વટક્યો છે, ધાર્યું કામ આપતો નથી, પણ તેમાં તેનો વાંક પણ નથી. એને ગજા ઉપર રગડ્યો છે, એટલે હવે તેને સંભાળપૂર્વક પ્રભુ ઇચ્છા હોય ત્યાં સુધી સાચવવો રહ્યો.' હવે અગાઉનો આવેગ રહ્યો નથી, પણ વેગ હજુ શમ્યો નથી. પ્રાપ્ત પરિસ્થિતિમાં પણ કામ હજુ એને ખેંચ્યા કરે છે. આકાશમાં વાદળો ઘેરાયાં છે, ગમે ત્યારે વરસાદ આવી શકે એટલે ટાણાસર વૃક્ષો વવાઈ જ જવાં જોઈએ, એટલે માંદગીના બિછાનેથી પણ 'શિશુવિહાર' જવા તૈયાર થઈ જાય છે. કર્મનો નશો હવે

ઊતરી રહ્યો છે, પણ નકરી કર્મમુક્તિ હજી ફાવી નથી. હવે ઇચ્છાઓના ઘોડા દોડતા નથી એ વાત સાચી, પણ સામે કામ આવીને પ્રત્યક્ષ ઊભું રહે છે ત્યારે એને બીજા પર નાંખી દઈ હરીચ્છાને આધીન થતાં શીખવાનું બાકી છે, છતાં ય એમને નજીકથી પિછાણનારા લોકો ઝીણું નિરીક્ષણ કરે જ છે કે ભાઈમાં ઘણો બધો ફરક પડી ગયો છે, અગાઉના આગ્રહો ઢીલા પડ્યા છે, સમાધાન-વૃત્તિ વધતી જાય છે.

તાજેતરની, ઑપરેશન પછીની માંદગીમાં પૂછ્યું કે, 'ભાઈ, હવે કેમ છે ?'

તો કહે, 'આમ તો ઠીક નહોતું, પણ ઓલ્યા આપણા વૈદ છે ને ? કોણ ? અરે, પેલા આત્મારામભાઈના દીકરા, અરુણભાઈ ! એ કેમ છો ?' નામની ગોળી આપી ગયા છે, ત્યાર પછી બધું હેમખેમ છે !

આ 'કેમ છો ?' એ ધ્રુવકુમાર ભટ્ટનું એક કાવ્ય. કોઈ પ્રસંગે અરુણે સંભળાવેલું, તે એમને એવું ગમી ગયું કે લોકોમાં તો પત્રિકારૂપે લહાણી કરી જ, પણ પોતાના આરોગ્ય માટેની જીવનગોળી પણ એને બનાવી દીધી ! કાવ્યમાં કહ્યા મુજબ, ભાઈને હવે આવ્યા-ગયાના કોઈ હિસાબ નથી. એમની ખુશીનો ખજાનો હેમખેમ, અને એમના અંતરનું આકાશ એમ ને એમ છે. એ કાવ્ય જ ભાઈની બાકી રહેતી વાત સમજાવી દે તેવું છે. ખૂબ જાણીતું ગીત છે.

૧૯૯૮ની ભાદરવી અમાસ. ૯૧ વર્ષ પૂરાં થયાં. હમણાં હમણાં જ લાંબી માંદગીમાંથી બેઠા થયા છે. હજુ બહાર હરવા-ફરવાની છૂટ નથી. પ્રૉસ્ટેટની તકલીફ છે, ઑપરેશન જ કરવાનું હતું, ત્યાં બીજી બીમારીએ દેખા દીધી, એટલે તાત્કાલિક ઑપરેશનની માંડવાળ થઈ. પણ જિંદગીમાં પહેલી વાર આટલો લાંબો શય્યાવાસ ભોગવ્યો. ઑપરેશન માટે વડોદરા દીકરા-દીકરીને ત્યાં જવાનું થયું, લાંબું રોકાણ થયું એ એક અર્થમાં Blessings in disguise, છદ્મવેશે આશીર્વાદરૂપ

જ નીવડ્યું.

અગાઉનાં પ્રકરણોમાં ઠેર ઠેર ભાઈના નિઃસ્પૃહ સ્વભાવનું વર્ણન થયું છે. પરંતુ આ છેલ્લી માંદગીએ એમણે એક નવું દર્શન કરાવ્યું. દીકરા-દીકરીઓ સાથે કશા કામકાજ-પ્રવૃત્તિ વગર આટલું લાંબું પહેલી વાર રહેવાનું થયું, તો પરસ્પરના મન આડે ઊભેલાં ઝીણાં ચીર હઠી ગયાં અને સંતાનોના નિઃસ્વાર્થ પ્રેમ અને સારસંભાળની છાપ ચિત્ત પર એવી ઊઠી કે સંતાનો સતત યાદ આવે અને આંખોમાંથી આંસુ વહે ! અત્યાર સુધી તો એમ હતું કે - મોટા જ્યોતિએ નામ કાઢ્યું છે તે ઠીક છે, પણ બાકીના તો સમજ્યા મારા ભાઈ ! પણ ત્યાં જોયું કે પેલા નાનકા મુકેશિયાએ પણ કેવું ગજું કાઢ્યું છે કે તેના એક બોલે વડોદરા જેવા શહેરનો નામાંકિત દાક્તર હાજર થઈ જાય ! અને ઇલાના વેવાઈ ! કોનાં નામ લેવાં અને કોનાં ન લેવાં ? સંતાનોએ લોકોના પ્રેમાદર જીત્યા છે, અને તેય બાપના ખભા પર બેસીને નહીં, પણ બાપની જેમ આપકર્મી બનીને ! બસ, આવું ઘણું નજર સામે તરવરે છે અને ૯૧ વર્ષની પૂર્ણાહુતિનો દિવસ પ્રેમાશ્રુમાં તરબોળ થઈ જાય છે !

બીજા દિવસે પૂછ્યું - કેવો ગયો જન્મદિવસ ? તો કહે - અરે, ભારે મૂંઝવણ થઈ ! મને તો જન્મદિવસે ઘેર રહેવાની ટેવ જ નહીં, વર્ષો સુધી, મુરબ્બી મસ્તરામભાઈને પગે લાગી આવું અને મારો જન્મદિવસ ઉજવાઈ ગયો એમ માનું ! પણ કાલે તો બધાની વચ્ચોવચ્ચ ! આટલી બધી સદ્‌ભાવના અને આટલો બધો પ્રેમ !

અજ્ઞાતવાસ એમને હજીય રહી રહીને પોકાર્યા કરે છે. જિંદગીના પૂર્વાર્ધમાં પરિવાર-જનો આડે એવો લોખંડી પડદો ઊભો કરી દીધો કે કોઈ સંબંધ સાચા પરિચયના ક્ષેત્રમાં પ્રવેશી જ ન શકે. હવે લોખંડ તો બધું ઓગળી ગયું, બધાં સ્વજન હવે પ્રિયજન બની સાવ નિકટ હૃદયસ્થ બની રહ્યાં છે, ત્યારે પણ અપરિચયનો અજ્ઞાતવાસ ખેંચ્યા કરે છે ! આમ

તો માણસ પોતે પોતાનાથી પણ અપરિચિત જ હોય છે, કદાચ સ્વરૂપનો સાચો પરિચય પામવા જ આ અપરિચયનું આકર્ષણ હશે !

પણ એટલી વાત તો સો ટચના સોના જેવી સાચી છે કે ભાઈ નિત્ય-પરિવર્તનશીલ મનુષ્ય રહ્યા છે. એમના જીવનમાં બદલાવ માટેની મોકળાશ હંમેશાં રહી છે. એ કોઈ વ્યક્તિ, વિચાર કે વાદમાં ક્યારેય કેદ નથી થયા. એમનું જીવન વહેતું જીવન છે, નિત્ય વિકસતું પ્રાણવાન જીવન છે ! એ ખુલ્લા છે, મોકળા છે, દિલદાર છે અને એમના માટે 'માનવ સર્વોપરી છે', એ હકીકત જ આપણને એમની સાથે જોડી આપે છે. ભાઈનો અનેકાનેક વ્યક્તિઓ સાથેનો પ્રેમસભર સંબંધ - એ પણ એમના જીવનની કમાણી છે.

તેમ છતાંય, જીવનના આ અંતિમ પર્વમાં પણ આ લોઢાકૂટ માણસને નવી કૂંપળ ફૂટી રહી હોય તેવો ભાસ થતો રહે છે. ક્યારેય એમ લાગે કે માનભાઈના જીવનવિકાસનું હવે Saturation Point, ગલનાંક આવી ગયો છે અને આગળની દિશાનો હજી 'બ્રેક થ્રૂ' થઈ નથી રહ્યો. પરંતુ આ વાત પણ ખોટી હોઈ શકે, માનવજીવનમાં અપાર સંભાવનાઓ પડી હોય છે અને અત્યાર સુધીના એમના જીવનમાં નવી નવી ક્ષિતિજો ખૂલવાની હકીકતો જન્મી છે. છેલ્લાં વર્ષોમાં એમણે વર્ષોવર્ષ ઊંચા કૂદકા લગાવ્યા, પરંતુ અંતિમ પર્વમાં તો તેમણે રોજેરોજ ઊંચી ને ઊંચી છલાંગો લગાવી એવું અનુભવાયું. 'साजन के घर' જવા જાતને સજાવવાની આ પૂર્વતૈયારી હોય તેવો અનુભવ આવતો.

એ દિવસોમાં રોજ ગીતાના એક અધ્યાયનું પઠન થતું. તે દિવસે અઢારમાં અધ્યાયનું પારાયણ થયું અને ધીરે ધીરે એ અંતિમ પળ આવી પહોંચી. જેવું મંગળમય જીવન હતું, તેવું જ મંગળમય મૃત્યુ હતું. સ્વજનો-આપ્તજનોની મૌન ઉપસ્થિતમાં ૨૦૦૨ની બીજી જાન્યુઆરીના રોજ, બપોરે બાર વાગે પૂજ્ય ભાઈએ અંતિમ શ્વાસ મૂક્યો. આ અંતિમ

ઘડીની તૈયારી એમણે ક્યારનીય કરી લીધી હતી. સ્વમુખે જ જે સૂચનાઓ તેમણે લખાવી તદ્‌નુસાર સાંજે છ વાગે અંતિમ ગતિવિધિ થઈ. એ સૂચનાઓ આ મુજબની હતી.

## ''કરલે સિંગાર ચતુર અલબેલી સાજન કે ઘર જાના હોગા'' આશય

સંસાર-વ્યવહારમાં પેદા થયેલા માશૂકને આખર આશકને મળવાનું હોય છે. એટલે જન્મથી જ નિર્વાણ સુધી અનેકવિધ એવી તૈયારીઓ કરીએ કે જેનાથી કુદરતે પ્રાપ્ત કરાવેલ ઉપયોગિતા આશકને અર્પણ કરી શકાય. આ હેતુ હોવા છતાં દુન્યવી મોહમાયાને કારણે અકલ્પનિય લોકોના સ્નેહ, સદ્‌ભાવ, પ્રેમ અને સભર લાગણીઓથી ઓતપ્રોત થયેલા હોય ને અંતિમ વિદાય વેળાએ અકલ્પનિય દુઃખ થાય તે સ્વાભાવિક છે. વિયોગનું દુઃખ થવું જ જોઈએ. એટલા માટે જ અસાર કહેવાતો સંસાર અવિરત ચાલે છે, બાહ્ય દેખાતા વિયોગના દુઃખ સાથે માલિકને મળવાનો મનમાં થનગનાટ - તનમનાટ - પણ હોય છે. હવે મારી પણ એ જ સ્થિતિ હોવાથી મારી અનેકવિધ પ્રકારે સેવા કરી રહેલ છે તેઓને વિનમ્ર વિનંતી છે, કે......

૧. ચેતનાથી દેહ છૂટો પડે ત્યારે તેને મેં સંગ્રહેલ ચડ્ડી, મારા અંતિમ ધ્યેયને અનુલક્ષીને લખાયેલ પહેરણ અને ગાંધી-ટોપી પહેરાવવાં ત્યાર બાદ વ્યાવહારિક રીતરસમ ઉકેલ્યા બાદ મારા મૃતદેહને શિશુવિહાર સ્ટેજમાં ઓટલા ઉપર સુવડાવવો. તેને બાપુની પ્રસાદી રૂપ સાચવેલ ખાદીના કપડાથી ઢાંકવો.

૨. શિશુવિહારમાં ઉત્તર દિશામાં જ્યાં દર વર્ષે હોલિકા પ્રગટાવીએ છીએ એ જગ્યા ઉપર અગ્નિસંસ્કાર માટેની તૈયારી કરવી.

૩. અગ્નિસંસ્કારમાં સુખડનો અથવા કીમતી લાકડાનો ઉપયોગ

કરવો નહીં.

૪. સંપૂર્ણ આ મૃતદેહનો નાશ થયા પછી પાણી છાંટવાને બદલે આપમેળે જ રાખ ન થાય ત્યાં સુધી એમ જ રાખવો. આ રાખમાંથી હાડકાંઓ વીણીને યોગ્ય જગ્યાએ ખાડો કરી તેમાં નાખવાં એને તેમાં કોઈ સારા વૃક્ષનું વાવેતર કરવું.

૫. રાત્રીના શરીરની થયેલ ભસ્મ વીખરાય ન જાય એ માટે તેના પર પતરું ઢાંકી રાખવું અને બીજી સવારે રાખનો-ભસ્મનો શિશુવિહારના તમામ ખુલ્લાં સ્થળોએ છંટકાવ કરવો. જેથી મારા સ્થૂળ દેહની ભસ્મ ઉપર અસંખ્ય બાળકો ખેલકૂદ કરી આનંદપ્રમોદ પામે.

૬. દુન્યવી રીતરિવાજ મુજબ મૃતદેહધારી ફોટાઓને હારતોરા પહેરાવવામાં આવે છે, ખોટા ગુણ-ગાન ગાવામાં આવે છે. તે પ્રથા બંધ કરવી તેમ જ ભવિષ્યમાં પણ આ માનભાઈ નામના દેહધારીને નામે કોઈ પણ જગ્યાએ નામનિશાન ન રહે તેવી કાળજીભરી વ્યવસ્થા કરવા હું સૌને વિનમ્ર વિનંતી કરું છું. ઉપરાંત આ અંતિમ દિવસોમાં શિશુવિહાર સંસ્થાની કોઈ પણ પ્રવૃત્તિ બંધ ન રહે તેવી પણ કાળજી રાખવા સવિનય વિનંતી છે.

પરમ કૃપાળુ પરમાત્મામાં શ્રદ્ધા છે કે મારી આંતરિક ઈચ્છાને તેઓ પ્રેમથી સ્વીકારીને એક સાચા આશક અને માશૂકના નિજાનંદી પ્રેમને સૌમાં સંપન્ન કરાવશે.

અનેકોનો ગુણાનુરાગી અને ઋણાનુરાગી

**માનભાઈના પ્રણામ**

એમની આ લેખિત છેલ્લી સૂચનાઓ મુજબ અગ્નિદાહ શિશુવિહારમાં જ અપાયો. અંતિમ સંસ્કારમાં જાણે આખું ભાવનગર

હાજર થઈ ગયું હતું. પ્રભુના નામસ્મરણ સાથે ઈશ્વરના એક અદના સેવકનો નશ્વર દેહ ભસ્મીભૂત થયો અને ભસ્મરૂપે શિશુવિહારની ધરતીના કણેકણ પર છવાઈ ગયો.


સ્થૂળ સ્મારકોમાં તો ભાઈ માનતા જ નહોતા. એમને તો છબીઓનો પણ અણગમો હતો. સમાચારપત્રોમાં મૃત વ્યક્તિઓના સમાચાર આપતા જે છબી અપાય છે તેના વિષે પોતે જ છાપામાં એક પત્ર લખી જણાવેલું કે - ''દુન્યવી રીતરિવાજ મુજબ મૃત દેહધારી ફોટાઓને હારતોરા પહેરાવવામાં આવે છે. તે પ્રથા બંધ કરવી તેમ જ ભવિષ્યમાં માનભાઈ નામના દેહધારીને નામે કોઈ પણ જગ્યાએ નામ-નિશાન ન રહે તેવી કાળજી ભરી વ્યવસ્થા કરવા હું સૌને વિનમ્ર વિનંતી કરું છું.''

અંતે પ્રભુનો લાડલો દુલારો પોતાના જીવનને સાર્થકતાનો સુવર્ણકળશ ચઢાવી પરમપિતામાં વિલીન થયો. કવિ ઉશનસે ગાયું છે કે -

તને લઈ જવા આવ્યા છે મારા સૂર
ઉઘાડાં રાખ તારાં બારણાં.....

આ ધન્યાત્માએ પ્રભુતાને પ્રવેશવા પોતાનાં અંતરનાં તથા જીવનનાં તમામ દ્વાર ખુલ્લાં જ રાખ્યાં હતાં. સૌએ અનુભવ્યું કે પરમપ્રભુ શાંત-નિરવ પગલે પધાર્યા અને પોતાના બંદાને હૈયે ધારીને વિદાય થયા.

◈ ◈ ◈




...સગપણે માનભાઈ મારા મામાજી થાય પણ ઘણી વાર મારો પરિચય માનભાઈની દીકરી તરીકે અપાતો રહ્યો છે. હું પરણીને ભાવનગર આવી ત્યારે તેમનો મને પ્રથમ પરિચય થયો. પરંતુ થયું એવું કે હું ત્યારે સીધેસીધી, હિમાલય જેવડા ઉત્તુંગ વ્યક્તિત્વવાળા સંત પાસે વર્ષો સુધી રહીને અહીં પહોંચેલી, એટલે નાના નાના ડુંગરો મારી આંખોમાં વસવાનું નામ જ ન લે. કેટલાંય વર્ષો પછી 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં' - આ કડીનું રહસ્ય મારી સમક્ષ ખૂલ્યું. માનભાઈ જેવા મને સાવ સામાન્ય લાગતા હતા, આવા અનેક ડુંગરો મને દેખાતા નહોતા, કારણ કે મારી જ આંખોમાં તરણું પડી ગયેલું. પણ જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ બહારથી બરછટ, વ્યવહારમાં શુષ્ક અને સખત દેખાતા કર્મઠ માણસની ભીતરનું લીલુંછમ રણ દેખાયું ત્યારે ખ્યાલ આવ્યો કે પોતાને હંમેશાં 'લોઢાકૂટ મજૂર' તરીકે ઓળખાવતા આ લોખંડી પુરુષના લોહત્વમાં જે ગુલાબીપણું છે, તે ભડકે બળતા રાતાચોળ અગ્નિનું નહીં, પણ એને ફૂટેલી કૂંપળનું છે. એમના હૃદય સુધી પહોંચાયું, ત્યારે પથ્થરમાં ખીલેલા ફૂલની સુગંધ અનુભવાઈ. મકરંદભાઈ દવેએ ક્યાંક ટાંક્યું છે તેમ, 'હાથે લોઢું, હૈયે મીણ' - માનભાઈનું જ વર્ણન હોય તેવું લાગે...

- **મીરા ભટ્ટ**